# ઉપદેશમાળા

ભાગ - ૧


પં. ચન્દ્રશેખરવિજયજી


૩૧૪


કમલ પ્રકાશન ટ્રસ્ટ

ઝવેરીવાડ, અમદાવાદ-૩૮૦ ૦૦૧

પ્રકાશક :
**કમલ પ્રકાશન ટ્રસ્ટ**
જીવતલાલ પ્રતાપશી સંસ્કૃતિભવન,
૨૭૭૭, નિશાપોળ, ઝવેરીવાડ,
રિલીફ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૧
ફોન : ૫૩૫ ૫૮ ૨૩
૫૩૫ ૬૦ ૩૩

લેખક-પરિચય :
સિદ્ધાન્તમહોદધિ સચ્ચારિત્રચૂડામણિ
સ્વ. પૂજ્યપાદ આ. ભગવન્ત શ્રીમદ્ વિજય
પ્રેમસૂરીશ્વરજી મહારાજા સાહેબના વિનેય
**પં. શ્રી ચન્દ્રશેખરવિજયજી**

પ્રથમ સંસ્કરણ : નકલ ૨૦૦૦
વિ. સં. ૨૦૫૬, ૧૦-૫-૨૦૦૦

મૂલ્ય : ૩૫-૦૦

ટાઈપસેટિંગ :
ટાઈપોગ્રાફર્સ,
ડી-૨૨, મહાવીર ચેમ્બર્સ, રિલિફ રોડ,
અમદાવાદ-૧. ફોન નં. ૫૫૦ ૪૯ ૨૮.

મુદ્રક :
ભગવતી ઓફસેટ,
૧૫/સી, બંસીધર એસ્ટેટ,
બારડોલપુરા, અમદાવાદ-૪.

ઊમળકાભર્યા હૈયે અમે સ્વીકારીએ છીએ
આપનું સ્નેહભર્યું સૌજન્ય.

પૂજ્યપાદ પં. ચન્દ્રશેખરવિજયજી મ. સાહેબના
પુનઃ મુદ્રિત થનારા પુસ્તકો અને પ્રકાશીત
થનારા નૂતન પુસ્તકોમાંથી આપે આ પુસ્તક
પસંદ કર્યું અને અમને આપના ઔદાર્યને
વ્યક્ત કરતી (વગર વ્યાજની લોન)
બે વર્ષ માટે - આપી.

ખૂબ ખૂબ ધન્યવાદ

**પૂજ્યશ્રી તરફથી આપના પરિવારને
ખૂબ ખૂબ આશીર્વાદ**

- સૌજન્ય -

**શ્રી કુમારપાળ જયેન્દ્રભાઈ પુનાતર
જામનગર**

**દાનવીરો ! બીજા તપોવનમાં આપનું મોટું ઔદાર્ય દાખવો.**

રૂ. એક લાખનું દાન આપીને તપોવનના પ્રવેશદ્વારની સામે ઊભા થનારા વિરાટ-મારબલ ઉપર **જીવનદાતા** તરીકે આપનું નામ લખાવો.

આપનું દાન કલમ ૮૦-જી મુજબ કરમુક્ત રહેશે. **જીવન જાગૃતિ ટ્રસ્ટ** એ નામથી આપનો ચેક કે ડ્રાફ્ટ નીચેના સરનામે મોકલો.


**જી. પ્ર. સંસ્કૃતિ ભવન, ૨૭૭૭, નિશા પોળ,**
**ઝવેરીવાડ, રિલીફ રોડ, અમદાવાદ-૧**
**ફોન : ૫૩૫૫૮૨૩, ૫૩૫૬૦૩૩**

# નવી પેઢીના શિક્ષણયુક્ત સંસ્કરણનો સફળ પ્રયોગ

## બે તપોવન

**પ્રેરક : પૂ. પં. શ્રી. ચન્દ્રશેખરવિજયજી મ. સાહેબ**

**સ્થળ : (૧) નવસારી પાસે ૪૬ વીઘા, સ્થાપના ઇ.સ. ૧૯૮૩, જૂન, ધો. પાંચથી દસ.**

**(૨) સાબરમતી પાસે ૩૬ વીઘા, સ્થાપના. ઇ.સ. ૧૯૯૪, જૂન, ધો. પાંચથી બાર**

### સુંદર : સુદૃઢ શિક્ષણ વિભાગ

ભારતીય પ્રજા-ખાસ કરીને તેની નવી પેઢ-ઉપર પશ્ચિમની ઝેરી જીવનશૈલીનું વાવાઝોડું કાતીલ વેગથી ઘસતું રહ્યું છે.

આમાંથી નવી પેઢીને ઉગારી લેવા માટે **બે તપોવનોનું ધરતી ઉપર અવતરણ થયું છે.**

મેકોલે શિક્ષણ અત્યન્ત બેઘાઘંટુ હોવા છતાં; સંસ્કરણ ક્ષેત્રે 'શૂન્ય' આંક ધરાવતું હોવા છતાં એનો ગાળીઓ ભારતીય પ્રજાના ગળે એવો ભીંસાવાયો છે કે તેનાથી - ક્રોડો સંતાનોના જીવનનો અમૂલ્ય સમય બરબાદ થવા છતાં તે અનિવાર્ય અનિષ્ટ તરીકે પ્રજાની સાથે બરોબર એકરસ થઈ ગયું છે.

આથી તપોવનને એ શિક્ષણ સ્વીકારવું પડ્યું છે. તેના વિના સંસ્કરણનો વેલો ચડવો લગભગ મુશ્કેલ બન્યો છે. છતાં તપોવનના સંચાલકોની એવી ભાવના ખરી કે તેને દૂર કરાય તો સારું.

બાકી આજે તો શિક્ષણ-વિભાગને પણ વધુ ને વધુ સુંદર અને સુદૃઢ કરવાની ફરજ પડી છે.

**આથી જ અહીં :**

**(૧) ધો. પાંચથી અંગ્રેજી વર્ગો ફરજીયાત છે.**

**(૨) ધો. પાંચથી બાળકો અંગ્રેજીમાં ધારાવાહી રૂપે બોલી શકે તે માટેના ખાસ વર્ગો લીંગ્વીસ્ટીક લેંગ્વેજ લેબોરેટરી તથા સ્પોકન ઇંગ્લીશ રાખવામાં આવ્યા છે.**

**(૩) કોમ્પ્યુટરનો વિશિષ્ટ કોર્સ કરાવાય છે. ટૂંક સમયમાં કોમ્પ્યુટર - સેન્ટરો ખોલવામાં આવશે.**

## આઈ. એ. એસ કક્ષાની વિશિષ્ટ તાલીમ

સાબરમતી તપોવનમાં ધો. ૧૧, ૧૨ છે તેમાં 'કોમર્સ' સ્ટ્રીમ રાખવામાં આવી છે વળી ત્યાં કોમ્પ્યુટરનો એકદમ વિશિષ્ટ કોર્સ કરાવાય છે.

ધો. બારમાંથી નીકળેલા તેજસ્વી વિદ્યાર્થીઓને આઇ.એ.એસ. કક્ષાના અધિકારીઓ બનાવવાની તાલીમ ચાલુ થઈ છે. સંભવત : આ તાલીમ દિલ્હી-વિદ્યાલયોમાં આપવામાં આવશે. એવો સ્પષ્ટ ખ્યાલ છે કે જો ધર્મરક્ષા અને રાષ્ટ્રરક્ષા કરવી હશે તો આ તાલીમ પામેલા આપણા માણસો વિના ચાલી શકશે નહિ.

**પણ સબૂર !**

આ બધુ શિક્ષણ તેને જ ફળે જે 'માણસ' હોય. જેને પરંપરાગત મૂલ્યો પ્રત્યે આદર હોય; અને જે પરંપરાગત વ્યવસ્થાઓનો તથા ચાર પુરુષાર્થની અહિંસક સંસ્કૃતિનો કટ્ટર પક્ષપાતી હોય.

આ પાયા વિનાની પેલી ઇમારત તદ્દન નકામી છે. વર્તમાનમાં પ્રજાની જે ખરાબ હાલત થઈ છે તેના મૂળમાં આ ભૂલ છે.

**તપોવનમાં `માણસ' તૈયાર કરાય છે. એ માટે ધર્મના પવિત્ર ક્રિયાકાંડોનું ચુસ્તપણે પાલન કરાય છે.**

વળી રોજની પ્રભુભક્તિ વડે બાળકોને એવા પુણ્યવાન્ અને શુદ્ધિમાન બનાવાય છે. જેથી તેમને દુઃખો જોવા ન મળે અને દોષોના સેવનથી ભ્રષ્ટ થવું ન પડે. ના, આવી સફળતાઓ હાંસલ કરવાની શક્તિ મેકોલે શિક્ષણમાં ધરાર નથી.

## મંગલવર્ધની દ્વારા ગ્રામપ્રવાસ

તપોવન પાસે મંગલવર્ધની નામની ગાડી છે. તે બધી વ્યવસ્થાઓથી સુસજ્જ છે. આ ગાડી દ્વારા વિવિધ ધોરણોના તપોવની બાળકો ગામડાઓમાં ૮-૮ દિવસનો પ્રવાસ કરે છે. ત્યાં વક્તવ્યો, નૃત્યો, સ્પર્ધાઓ વગેરે અનેક આકર્ષક આયોજનો કરીને પ્રજાના જીવનમાંથી ભૂંસાતા જતાં સુસંસ્કારોને ફરી જાગ્રત કરે છે. સવાલ જવાબોના કાર્યક્રમ દ્વારા તેમની ગેરસમજો દૂર કરે છે. રામાયણ મહાભારતની કથાઓ કહેવા દ્વારા લોકોમાં પરંપરાગત મૂલ્યોની પ્રતિષ્ઠા કરે છે.

## પર્યુષણપર્વ તાલીમ

તપોવની બાળકોને ચૂંટીને પર્યુષણ પર્વની તાલીમ આપવામાં આવે છે. તેવા કુલ ૪૦ થી ૫૦ બાળકો ૩-૩નાં જૂથમાં વહેંચાઈ જઈને ૧૫ જેટલા ક્ષેત્રોમાં જ્યાં મુનિ ભગવંતો વગેરે પહોંચી શક્યા નથી ત્યાં પર્વાધિરાજની આરાધના કરાવવા જાય છે. તેમનું ધાર્મિક વક્તવ્ય કથાઓ ઉપરની પકડ, ક્રિયાઓમાં શુદ્ધિ, વિધિ અંગેનું સંપૂર્ણ જ્ઞાન, તથા વિનય-વિવેક જોઈને ગામેગામના સંઘો સ્તબ્ધ બને છે.

એવું લાગે છે કે તૈયાર થઈને, જીવંત બનીને, દોડવા લાગેલું તપોવનનું આ 'મોડેલ' જો ઠેર ઠેર ઊભું થઈ જાય તો ભારતીય પ્રજાનું જીવન-સ્તર બધી રીતે ઉન્નત થાય.

તપોવનની 'ફી' એટલી બધી ઓછી કે તપોવનોને દર વર્ષે ૯ થી ૧૨ લાખ રૂ. નો તોટો આવે છે. 'કોર્પસ' કરવા દ્વારા-વ્યાજમાંથી ચલાવીને આ તોટામાંથી ઝટ નીકળી જવાનો પ્રયત્ન ચાલુ છે.

**તપોવનના પ્રેરક પં. ચન્દ્રશેખરવિજયજીનું સ્વપ્ન હતું કે તપોવન દ્વારા વિવિધ ક્ષેત્રોમાં વિભૂતિઓ પેદા કરવી.**

દા.ત. (૧) **રાજકીયક્ષેત્રે સુભાષચન્દ્ર બોઝ કે ચન્દ્રશેખર આઝાદ પેદા થાય.**

(૨) **સંસ્કૃતિરક્ષાના ક્ષેત્રે સ્વામી વિવેકાનંદ પ્રગટ થાય.**

(૩) **ધર્મક્ષેત્રે હેમચન્દ્રાચાર્યજી કે ગૂર્જરેશ્વર કુમારપાળ જન્મ પામે.**

આવી આઠ દસ વિભૂતિઓ પેદા થાય તોય ભયોભયો ! આજના વિષમકાળમાં તો આટલુય ઘણું બધું !

હા, તેમને ખબર છે કે આંબાની કલમ વાવનારને આંબાની કેરીઓ ખાવાનું કે જોવાનું સૌભાગ્ય સાંપડતું નથી. પણ તેનો કોઈ વાંધો નથી.

બીજ વાવવાનું; પહેલી ઇંટ મૂકવાનું સૌભાગ્ય પણ અતિ દુર્લભ છે.

ચાલો, આપણે સહુ - તેમના ભક્તો - તેમનું સ્વપ્ન ધરતી ઉપર અવતારીએ. તેમણે આંખો મીંચી દીધી હશે તો સ્વર્ગેથી આપણે મેળવેલા રૂડાં ફળોને તે જોયા કરશે.

## તપોવનો માટે જાણવા જેવું

* બે ય તપોવનોના દાનને કરમુક્તિ [કલમ ૮૦ જી પ્રમાણે]નો લાભ પ્રાપ્ત છે.
* બે ય તપોવનોના કારક અને પ્રેરક પૂજ્યપાદ પં. ચન્દ્રશેખર વિજયજી મહારાજ સાહેબ છે. તેમની દેખરેખ નીચે સંસ્કરણનો યજ્ઞ ચાલે છે.

| નવસારી-તપોવન | સાબરમતી-તપોવન |
| --- | --- |
| **તપોવન-સંસ્કારધામ** | **તપોવન-સંસ્કારપીઠ** |
| મુ. ધારાગિરિ | મુ. અમીયાપુર |
| પો. કબીલપોર, જિ. નવસારી (ગુજ.) | પો. સુઘડ તા. ચાંદખેડા |
| **'વર્ધમાન સંસ્કૃતિધામ'** એ નામથી દાનની રકમ ચેક કે ડ્રાફ્ટ રૂપે મોકલવી. | જિ. ગાંધીનગર, (ગુજ) |
| ફોન (૦૨૬૩૭) ૫૮૯૫૯, ૫૮૯૨૪. | **'જીવન જાગૃતિ ટ્રસ્ટ'** એ નામથી દાનની રકમ ચેક કે ડ્રાફ્ટ રૂપે મોકલવી. |
| | ફોન (૦૨૭૧૨) ૭૬૨૭૩, ૭૬૩૪૧. |

**તપોવન [નવસારી પાસે]માં ચાલતી પાઠશાળાના પંડિતો તૈયાર કરતી**

## સંસ્કૃત પાઠશાળા

**છેલ્લા સાત વર્ષથી નવસારી પાસે આવેલા તપોવનમાં ધાર્મિક શિક્ષકોને તૈયાર કરતી પાઠશાળા ચાલે છે.**

**પં. ચન્દ્રશેખરવિજયજી મ. સાહેબના** શિલ્પરત્ન **મુનિશ્રી જિતરક્ષિતવિજયજી** તેના માર્ગદર્શક છે. **શ્રાદ્ધરત્ન અમુલખભાઈ** તથા **સુશ્રાવક ભૂપેન્દ્રભાઈ** મુખ્ય પંડિતો છે. ન્યાય, વ્યાકરણ, પંચસંગ્રહ, છ કર્મગ્રન્થ, બે બુકો, પ્રકરણો, કાવ્યો વગેરે ભણાવાય છે.

જેમની આર્થિક સ્થિતિ અનુકૂળતાભરી નથી.તેમને નિઃશુલ્ક પણ ભણાવાય છે. આજ સુધીમાં પચ્ચીસ જેટલા વિદ્યાર્થીઓ પંડિત બનીને વિવિધ પાઠશાળોમાં ગોઠવાયા છે.

નિવાસની સગવડતા વિશેષ હોવાથી જૈનસંઘને આમન્ત્રણ છે કે તે વધુ વિદ્યાર્થીઓને મોકલે.

**દાનવીર સુશ્રાવકોને વિનંતિ છે કે તેઓ પોતાનું વિશિષ્ટ ઔદાર્ય દાખવે.**

# પ્રસ્તાવના

શ્રમણ ભગવાન, દેવાધિદેવ, ત્રિલોકગુરુ, પરમાત્મા મહાવીરદેવના અવધિજ્ઞાની શિષ્ય હતા; આ ઉપદેશમાળા ગ્રન્થના લેખક, શ્રી ધર્મદાસગણિ.

દેવાધિદેવના જીવનકાળના મહાત્માએ કોઈ ગ્રન્થ રચ્યો હોય તો તે આ એક જ ગ્રન્થ છે; ઉપદેશમાળા.

ધર્મદાસ ગણિ એ સંસારીપણે રાજા હતા. વિજયા તેમની રાણી હતી અને રણસિંહ તેમનો પુત્ર હતો.

દેવાધિદેવની દેશનાથી પ્રતિબુદ્ધ થઈને રાજા-રાણીએ દીક્ષા લીધી. ઉત્તમ કોટિની સાધના કરતાં તેમને ગણિપદ પ્રાપ્ત થયું. અરિહંત પરમાત્માના વચનોને સાક્ષાત્ શ્રવણ કરવાથી તેમનો આત્મા વૈરાગ્યના રંગે ખૂબ રંગાયો. સર્વવિરતિના માર્ગે ઝડપી દોટ માંડી. એક દિવસ તે મહાત્માને અવધિજ્ઞાન પ્રાપ્ત થયું.

એમણે ઉપદેશમાળા નામનો પ્રસ્તુત ગ્રન્થ રચ્યો.

આ મહાત્માનો જે સંસારી પુત્ર હતો; રણસિંહ....

કલિ-યક્ષના પ્રભાવમાં આવીને રાજા રણસિંહે ન્યાયનો માર્ગ ત્યાગ્યો. ધર્મથી પણ ચ્યુત થયો.

ભોગવિલાસમાં તે બેફામ બન્યો.

રણસિંહના મામાએ દીક્ષા લીધી હતી. તેમનું નામ જિનદાસ ગણિ હતું.

આ મામા-મહારાજ સાહેબને રણસિંહ ઉપર ખૂબ કરુણા ઉત્પન્ન થઈ. તે સામે ચાલીને તેને પ્રતિબોધ કરવા માટે ગયા.

એક ઉપવનમાં બિરાજીને તેમણે ભાણેજને દેશના આપવાનું શરૂ કર્યું. એ વખતે રણસિંહના પિતા મહારાજ ધર્મદાસ ગણિ પણ ત્યાં યોગાનુયોગ પધાર્યા હતા.

જિનદાસ ગણિએ રણસિંહને પુનઃ માર્ગસ્થ કરવા માટે જોરદાર વૈરાગ્યની ભાષામાં અપૂર્વ બોધ આપ્યો. એમની વૈરાગ્યરસની ધારા અત્યન્ત તીખી પણ હતી. એમણે રણસિંહને કેટલાક કડક ચાબખા પણ માર્યા. હા, એ જરૂરી હતા. એ રણસિંહ ઉપરની નિગ્રહ કૃપા હતી.

અને........ રણસિંહનો માંહ્યલો જાગી ઊઠ્યો. પોતાના કુકર્મો બદલ ખૂબ પશ્ચાત્તાપ થયો. શરમિંદા થઈને તેણે માથું નીચે નાંખી દીધું.

સંસારી પુત્રના બેફામ જીવનને જાણીને સંસારી પિતા ધર્મદાસ ગણિ ઘણા વખતથી બેચેન રહેતા હતા. કોઈ પણ સજ્જન પિતાને સંતાનો ઉન્માર્ગે જાય તે કદી ન રૂચે. તે અત્યન્ત દુઃખી હોય.

ધર્મદાસ ગણિવર ઘણી વાર ઉદ્વિગ્ન પણ થઈ જતા. હા, સંસારીપણાના પુત્ર તરીકેનો મોહ જ અહીં કામ કરતો હતો. આવી મોહદશા મહાત્માઓમાં ન હોવી જોઈએ એ વાત તદ્દન સાચી છે પણ જે મહાત્માઓ હજી વીતરાગપદ પામ્યા નથી તેમની પાસેથી સર્વથા નિર્મોહ અવસ્થાની આશા રાખી શકાય નહિ.

ઉત્તમોત્તમ કક્ષાના અ-વીતરાગ મહાત્માઓને સંજ્વલન-કષાયો તો નિશ્ચિતપણે ઉદયમાં રહેતા હોય છે. એમના ઉદયથી રાગ, દ્વેષ, મોહનું સામાન્ય જોર તો રહે જ.

ધર્મદાસગણિવરને પુત્ર તરફ જે મોહ હતો, તે પ્રશસ્ત મોહ હતો. પુત્રના દુર્ગતિગમનથી તે ચિંતિત હતા. તેને સદ્‌ગતિગામી જોવા ઇચ્છતા હતા. એ માટે તેનું જીવન ધર્મમય જોવા માંગતા હતા.

અપ્રશસ્ત મોહને બાધક કહી શકાય. પ્રશસ્ત મોહને એકાન્તે બાધક ન કહી શકાય.

ધર્મદાસ ગણિવરે પુત્રના હિતાર્થે ઉપદેશમાળા નામના પ્રસ્તુત ગ્રન્થની રચના કરી.

પેલા સંસારી પુત્ર મનક્ મુનિના હિતાર્થે શય્યંભવસૂરિજીએ દશવૈકાલિક સૂત્રની રચના કરી હતી તેમ..

ધર્મદાસ ગણિવરના મનમાં એ ખ્યાલ હતો કે, "આ ગ્રન્થનો સ્વાધ્યાય જો રણસિંહ કરશે તો તેનું નિશ્ચિત હિત થશે. વળી બીજા પણ હજારો મોક્ષાર્થી આત્માઓ આ ગ્રન્થના સ્વાધ્યાયથી આત્મ-હિત સાધશે.

આમ અનેકોનું હિત થશે. અને તેથી કસ્તૂરીની દલાલી કરનારનું જેમ સહજ હિત થઈ જાય તેમ મારું પણ આત્મહિત થશે."

આવા શુભાશયથી એ મહાત્માએ ગ્રન્થ તો તૈયાર કરી દીધો. પણ સાવ ઉન્માર્ગના રવાડે ચડેલો દીકરો આ ગ્રન્થનો સ્વાધ્યાય જ ન કરે તો શું થાય ?

પરન્તુ એક દિ' એ બડભાગી દિવસ આવી ગયો.

પૂર્વે જણાવ્યું તેમ મામા-મહારાજ જિનદાસ ગણિએ રણસિંહને હાથમાં લીધો. તે વખતે ધર્મદાસ ગણિ મહારાજ ઉપસ્થિત હતા. જ્યારે મામા-મહારાજના પ્રયત્નને સફળતા મળ્યાની લાગણીઓ રણસિંહના મુખ ઉપર પિતા-મુનિને જોવા મળી ત્યારે તેમનો આત્મા એકદમ હરખી ઊઠ્યો.

રણસિંહના આત્માનું લોઢું હવે બરોબર તપ્યું હતું. તરત જિનદાસ ગણિ મહારાજે રણસિંહને કહ્યું, " હવે એક જ કામ કર. તારા પિતા-મુનિએ ઉપદેશમાળા ગ્રન્થની રચના કરી છે. આ ગ્રન્થનો પ્રત્યેક શ્લોક તારા આત્માનું ઓજસ વધારી મૂકનારો થશે. તું તેની ધારણા કરતો જા. અને પૂરો કંઠસ્થ કરી લે. પછી રોજ તેનો ભાવપૂર્વક પાઠ કરજે. આ માટે હું તને સહાયક બનીશ. તને શક્તિ પ્રમાણે ગાથા સંભળાવીશ; તેની ધારણા કરાવીશ અને એકદમ પાકી કરાવીશ.

તે વખતે રણસિંહના સંસારી માતા સાધ્વી વિજયાશ્રી ત્યાં ઉપસ્થિત હતા. તેમણે તે વખતે રણસિંહને અતિશય સ્નેહ બતાડીને આ વાત ઉપર ભાર મૂક્યો.

અને..... ધાર્યું નિશાન પાર પડી ગયું.

રણસિંહ રાજા નીતિમાન રાજા થયો. રણસિંહ રાજા કટ્ટર ધર્માત્મા રાજા થયો. છેલ્લે સ્વપુત્રને રાજ્ય ઉપર સ્થાપીને સંયમધર્મની વાટ પકડી લઈને આત્મહિત સાધી લીધું.

તેમના રાજવી પુત્રે દાદાએ રચેલી ઉપદેશમાળાનો યથાયોગ્ય ભરપૂર પ્રચાર કર્યો.

ત્યારથી માંડીને આ ગ્રન્થ ઉત્તરોત્તર વધુ ને વધુ વિસ્તરતો રહ્યો છે. માંડવગઢના મંત્રીશ્રી પેથડ રાજદરબારે જતાં અને આવતાં – હાથી ઉપર બેસીને - આ આખા ગ્રન્થનો મુખપાઠ કરી લેતા.

આ ગ્રન્થ કેટલો અદ્ભુત છે ? તે કલમથી જણાવી શકાય તેમ નથી. તેનું પઠન-મનન કરવાથી જ તે સમજાશે. પ્રત્યેક શ્લોક – કોઈ વૈરાગ્યથી તો કોઈ શાસ્ત્રીય પદાર્થથી ભરેલો છે.

જો જીવ ભારેકર્મી ન હોય તો આ ગ્રન્થનું મનન તેને થોડાક જ ભવોમાં મોક્ષના દ્વાર ખખડાવતો કરી મૂકે.

હવે હું મારી વાત કરું.

મને અતિશય ગમે છે; જિનશાસન, જૈનસંઘ અને જિનવાણી.

તેને વફાદાર સર્વવિરતિધર સાધુઓ અને સાધ્વીજીઓ.

હું આંતર-ગુણવિકાસની બાબતમાં ભલે સાવ ભિખારી છું પણ તેની શ્રીમંતાઈ ધરાવનારાઓનો હું માશુક છું.

મારા શિષ્યો બહુધા મારી તાલીમના કારણે સરેરાશ ઉત્તમ કોટિનું સંયમ-જીવન જીવી રહ્યા છે. આથી તેઓ પણ મને ખૂબ ગમે છે. અમે બધા જ્યારે મોટી સંખ્યામાં ભેગા રહીએ છીએ ત્યારે વાચના, સ્વાધ્યાય અને સંયમધર્મના પાલનના ઝાકઝમાળને કારણે જાણે કે અમે અપૂર્વ આધ્યાત્મિક આનંદ અનુભવતા હોઈએ છીએ.

પૂર્વે અધ્યાત્મસાર, ઉપદેશ રહસ્ય, પંચાશક, પંચવસ્તુક, ઉપદેશપદ વગેરે ગ્રન્થો ઉપર મેં વાચનાઓ આપી. તે પછી મેં જ તેનું લખાણ કર્યું. કમલ પ્રકાશન ટ્રસ્ટે તે પુસ્તકોરૂપે પ્રગટ કર્યું.

છેલ્લા કેટલાક સમયથી ઉપદેશમાળા ગ્રન્થ ઉપર વાચનાઓ ચાલી. હવે હું તેને અક્ષરદેહ આપી રહ્યો છું.

મારી પાસે એવી કોઈ તપ, જપ વગેરેની વિશિષ્ટ સાધના નથી. પણ મને લેખનકાર્ય ખૂબ ગમે છે. રોજના ૪૦-૫૦ પાનાં લખવા એ મારે મન રમત વાત હોય છે. આથી હું ૨૪૦ જેટલા નાના-મોટા પુસ્તકો લખી શક્યો છું.

લેખનની પ્રવૃત્તિમાં મન, વચન અને કાયા - ત્રણેય એકાકાર બને છે.

તેનો તે નવકાર, જ્યાં તેની તન્મયતા. મારા માટે મન્ત્રાધિરાજ શ્રીનવકાર લેખન-પ્રવૃત્તિ બનેલ છે.

પણ સબૂર, ગુરુકૃપાના પ્રચંડ પ્રભાવથી છેલ્લા બે માસથી (૨૦૫૬ના માગસર માસથી) હું દેવાધિદેવ પરમાત્મા અરિહંતદેવની નજીક સરકવા લાગ્યો છું. હવે મને 'અરિહંત' પદ પુષ્કળ ગમે છે. પરમાત્મ-ભક્તિની સાથોસાથ જે અરિહંતની મૈયા હતી; જેણે અનંતાનંત અરિહંતોને જન્મ આપ્યો છે તે જીવ-કરુણાને પણ હું અતિશય સ્પર્શવા લાગ્યો છું. આથી જ વારંવાર મારી આંખોથી અશ્રુની ધાર વહેતી થઈ છે.

ભક્તિ અને મૈત્રીનો સંગમ મારામાં થયો છે. હું ધન્ય બની ગયો છું. કેમકે હવે 'શુદ્ધિ' હાથવગી બની છે.

ભક્તિ + મૈત્રી = શુદ્ધિ.

જે પદાર્થને હું મારા આત્મામાં ભાવિત કરી શકું છું તે પદાર્થને અન્ય જીવોમાં - મારા શિષ્યો વગેરેમાં - સંક્રાન્ત કરી દેતાં મને બહુ સમય લાગતો નથી.

હાલમાં હું અને મારો શિષ્યગણ ભક્તિ-મૈત્રીથી વધુ ને વધુ ભાવિત થવા લાગ્યો છે. કાલ એવી આવી શકશે જેમાં પ્રવચનો દ્વારા વહેતાં મુકાતા આ પદાર્થોને સેંકડો યુવાનો આત્મસાત્ કરી લેશે.

ઓહ, જો તેમ થશે તો જૈનસંઘના મુખ ઉપર કોઈ અદ્ભુત લાલી પ્રગટેલી જોવા મળશે.

મૂળ વાત ઉપર આવું.

ઉપદેશમાળા ગ્રન્થનો પ્રત્યેક શ્લોક અદ્ભુત છે; અપ્રતીમ છે; અપૂર્વ છે; અવર્ણનીય છે.

મારા સ્વર્ગીય ગુરુદેવની મારા ઉપર અનરાધાર કૃપા વરસવા લાગો. શેષ સકળ સર્વવિરતિધર મહાત્માઓ અને યોગીઓની મારી ઉપર કૃપા વરસો.

સમસ્ત જૈનસંઘના તમામ આરાધકોની મારી ઉપર શુભેચ્છા ઊતરો.....

જેથી મારી કલમમાં ઓજ અને તેજ ઉત્પન્ન થાય. જ્યારે ખૂબ ઝડપથી નવી પેઢીમાંથી ધર્મનો હ્રાસ થવા લાગ્યો છે, ત્યારે ઉત્તમ કોટિના વૈરાગ્યવાહી ગ્રન્થોની ખૂબ જરૂર છે; જેના વાંચનથી હજારો આત્માઓ ધર્મનું તત્ત્વ પામે, જીવનમાં ઉતારે.

યુદ્ધના ધોરણે આ કામગીરી કરવાની જરૂર દેખાય છે.

લેખકો માથું નાંખીને આખો દિવસ લખ્યા કરે.

ચિંતકો સતત ચિંતન કરે.

વ્યાખ્યાનકારો અનુપ્રેક્ષા-સ્વાધ્યાય કરીને અપૂર્વ પદાર્થો પામીને શ્રોતાઓની સમક્ષ મૂકે.

સ્તવનકારો ભક્તિરસ ભરપૂર સ્તવનોની રચના કરે.

કથકો કથા કરે.

લેખકો લેખ લખે.

કોઈ શક્તિમાન નવરો ન બેસે. પશ્ચિમના લોકોએ આપણો ખાત્મો બોલાવી દેનારું યુદ્ધ જાહેર કરી દીધું છે (War is declared) તો આપણે આ પડકારને 'કેસરીઆ' કરીને પણ ઝીલી લઈએ. આપણો વિજય એટલા માટે નિશ્ચિત છે કે આપણી સાથે પંચપરમેષ્ઠી ભગવંતોની મહતી કૃપા છે; અરિહંતદેવની આજ્ઞાપાલકતાનું પ્રચંડ સૂક્ષ્મબળ છે.

વિપક્ષ પાસે માત્ર સ્થૂલબળો છે. ભૂસું ભરેલા ચાડિયાથી ચકલીઓ ડરે; સૂક્ષ્મના સ્વામીઓ કદાપિ નહિ.

જિનાજ્ઞા વિરુદ્ધ લખાયું હોય તો અંતઃકરણથી ક્ષમા માગું છું.

૨૦૫૬, મહા સુદ પાંચમ
૧૦-૨-૨૦૦૦ દશા પોરવાડ સોસાયટી,
પાલડી, અમદાવાદ-૭

લિ. ગુરુપાદપદ્મરેણુ
પં. ચન્દ્રશેખરવિજય

અવધિજ્ઞાનયુક્ત શ્રીધર્મદાસગણિમહારાજ વિરચિત

# શ્રી ઉપદેશમાળા વિવેચન

**नमिऊण जिणवरिंदे इंदनरिंदच्चिए तिलोअगुरू ।**
**उवएसमालमिणमो वुच्छामि गुरूवएसेणं ।। 1 ।।**

(૧) દેવેન્દ્રો અને નરેન્દ્રોએ જેમને પૂજ્યા છે.

(૨) જેઓ ત્રણ લોકના ગુરુ છે.

**અર્થ :** તે શ્રીજિનવરોને નમસ્કાર કરીને ગણધર આદિ ગુરુઓથી પ્રાપ્ત થયેલા બોધના અનુસાર હું આ ઉપદેશમાળા કહું છું.

**વિવેચન :** "મહાતપસ્વીઓ, મહાજ્ઞાનીઓ અને ગણધરદેવોથી પૂજાએલા એવા પરમાત્મા" એમ ન કહેતાં જેઓ ભોગના સ્વામી છે અને ભોક્તા છે તેવા દેવોના રાજાઓ અને માનવોના રાજાઓથી પૂજાએલા એવા પરમાત્મા." એવું શા માટે કહ્યું હશે ? આનાથી ભોગનો મહિમા વધી ન જાય ?

ઉત્તર એ છે કે ભોગના ત્યાગી એવા પરમાત્માને ભોગના ત્યાગી એવા મહાત્માઓ પૂજે એ બહુ મોટી વાત નથી. જે ભોગમાં રમે છે, રહે છે; રગદોળાય છે એવા ક્રોડોપતિઓ, અબજોપતિઓ, આખા જંબૂદ્વીપના માલિકો, અનેક રાણીઓના કે દેવીઓના સ્વામીઓ જો આખા ભોગના ત્યાગીના, સાવ અકિંચનના ચરણોમાં આળોટી જતાં હોય; પોતાનું લલાટ તેમનાં ચરણે ઘસવા માટે ધક્કામુક્કી કરતા હોય ત્યારે એમ લાગે કે અરિહંતદેવનું આંતર ઐશ્વર્ય કેટલું ઝાકઝમાળભર્યું છે !

અરિહંતદેવોનો આંતર-વૈભવ કેટલો ઉત્કૃષ્ટ હશે કે ભોગના સમ્રાટો એનાથી અંજાઈ જાય છે; એમના ચરણોમાં લેટી જાય છે. પોતાના ભોગરસના ભોગવટા બદલ એકદમ શરમાઈ જાય છે !

આ શ્લોકમાં અરિહંત પરમાત્માને 'ત્રિલોકગુરુ' પદથી નવાજ્યા છે. આ પદ એવું છે જેમાં પરમાત્માની સર્વોચ્ચ ત્રણ વિશિષ્ટતાઓ સમાઈ જાય.

ત્રણ લોકના ગુરુ તે જ આત્મા બનવાને પાત્ર છે જે સત્યવાદી હોય.

સત્યવાદી તે બની શકે જેણે રાગ, દ્વેષ અને મોહ(અજ્ઞાન)નો તમામ આત્મપ્રદેશોમાંથી ખાત્મો બોલાવી દીધો હોય.

જીવ જ્યારે પણ અસત્ય બોલે ત્યારે કાં રાગથી, કાં દ્વેષથી અથવા મોહ (અજ્ઞાનતા)થી બોલે. જો આ ત્રણ દોષ ખતમ થઈ જાય તો અસત્યવાદિત્વ અસંભવિત બની જાય. અરિહંત પરમાત્માના તારક આત્માએ આ ત્રણ દોષોને સાધના દ્વારા પૂરા ખતમ કરી નાંખ્યા હતા. એમની બધી સાધના મોહનીયકર્મની તમામ પ્રકૃતિઓને મૂળમાંથી સર્વથા ઉખેડી નાંખવા અંગે હોય છે. ક્ષપકશ્રેણી દ્વારા આ સિદ્ધિ પ્રાપ્ત થાય છે.

તારકનો આત્મા રાગી મટીને વીતરાગ થાય છે.

તારકનો આત્મા દ્વેષી મટીને વીતદ્વેષ બને છે.

તારકનો આત્મા મોહી મટીને સર્વજ્ઞ અને સર્વદર્શી બને છે.

આ સ્થિતિને પામેલા આત્માઓ સહજ રીતે સત્યવાદી બને છે. હવે એમને ભૂલમાં પણ જૂઠું બોલવાનું સંભવિત નથી. સાધનાના કાળમાં આ સત્યવાદિત્વ હાંસલ નહિ થયું હોવાના કારણે તારક આત્માઓ મૌનમાં રહે છે. રખે ક્યાંક અજ્ઞાનદશાથી ખોટું બોલાઈ જાય; ખોટું સમજાવાઈ જાય. આમ થતાં કેટલાય આત્માઓ તેમને અનુસરીને અવળા રસ્તે દોરવાઈ જાય.

તારક આત્માઓ જેવું સત્યવાદિત્વ હાંસલ કરે છે કે તરત દેશનાદાન શરૂ કરે છે. જીવનકાળમાં લાખો-ક્રોડો આત્માઓનો ઉદ્ધાર કરે છે.

જે વીતરાગ (અને સાથોસાથ વીતદ્વેષ) બન્યા; જે સર્વજ્ઞ બન્યા અને જે સત્યવાદી બન્યા તે ત્રિલોકના ગુરુ બન્યા. હા, તે જ ત્રિલોકગુરુ બની શકે.

જે વીતરાગ સર્વજ્ઞ સત્યવાદી પરમાત્મા છે તેમને જો તીર્થંકર નામકર્મનો ઉદય થાય તો તેઓ તીર્થંકર બને. આથી દેવોના રાજાઓ અને માનવોના રાજાઓ પણ તેમના ચરણો ચૂમે. તે પરમકૃપાલુના ચોત્રીસ અતિશયોમાંથી ઓગણીસ અતિશયોના ઉદ્ભાવનમાં દેવો પોતાની શક્તિ કામે લગાડે. એ રીતે ત્રિલોકગુરુ પરમાત્માની ઉત્તમભક્તિનો લાભ લે.

આ શ્લોકમાં ગ્રન્થકારશ્રીએ પોતાના ગુરુદેવને યાદ કરીને કહ્યું કે, "જે રીતે મારા પૂજનીય ગણધરાદિ ગુરુદેવોએ મને ઉપદેશ આપ્યો છે તે રીતે હું

ઉપદેશમાળા ગ્રન્થ રચીશ. ના, મારા ઘરનું એમાં કશું નહિ ઉતારું."

આ છે; જૈનશાસનનું ગુરુ-પારતંત્ર્યરૂપ પ્રાણ-તત્ત્વ. આના વિના જિનશાસન ટકી શકે નહિ. આથી સાચા અર્થમાં જે શ્રમણો છે તેઓ સ્વપ્નમાં ય ગુરુદ્રોહ કરવાનો વિચાર કરી શકતા નથી.

જ્ઞાનીઓએ ગુરુપારતન્ત્ર્યને જ સમ્યગ્દર્શન કહ્યું છે; સમ્યગ્જ્ઞાન કહ્યું છે; સમ્યક્ચારિત્ર કહ્યું છે.

પચાસ હજાર કેવળજ્ઞાની શિષ્યોના ગુરુ ગૌતમસ્વામીજી પણ જો ગુરુમય હતા તો બીજા શિષ્યોની તો શી વાત કરવી ?

જે શ્રમણો આ બાબતમાં થાપ ખાય છે, તેઓ જિનશાસનને હાનિ પહોંચાડે છે. તેઓ અતિ ગંભીર ભૂલ કરે છે.

શ્રમણો માટે વ્યવહારદ્રષ્ટિએ સૌથી મોટું પાપ બ્રહ્મચર્યવ્રતના ખંડનનું પાપ ગણાય છે. પણ એનાથી ય મોટું પાપ ગુરુદ્રોહ છે. કેમકે ગુરુ સર્વવ્રતમય છે. તેમનો દ્રોહ એટલે સર્વવ્રતોનું ખંડન. આ એટલું ભયાનક પાપ છે કે તેનું સેવન જો જરાક ઉગ્રતાથી કરાઈ ગયું તો આ ભવમાં જ તેનો પરચો મળ્યા વિના રહેતો નથી.

અબ્રહ્મ-દોષનો પરચો હજી આગામી ભવો સુધી ઠેલાય પણ ગુરુદ્રોહનો પરચો આ ભવમાં ફેંસલો મારી દે.

ગુરુપારતન્ત્ર્યને ગુરુકૂલવાસ કહ્યો છે. તેને જ બ્રહ્મચર્યનું પાલનસ્વરૂપ કહેલ છે.

આટલું જાણ્યા પછી કોઈ પણ શ્રમણે ગુરુદ્રોહ કદી કરવો ન જોઈએ. આ પાપ જિનશાસનની ચાલી આવતી વિશુદ્ધ પરંપરા ઉપર કુઠારાઘાતરૂપ છે. જિનશાસનના વિચ્છેદના પ્રયત્નરૂપ છે.

હાય, આથી વધુ હિચકારું પાપ બીજું કયું હોઈ શકે ?

આગળ ઉપર ગ્રન્થલેખકશ્રી આ અંગે ઘણી સુંદર વાતો કરવાના છે.

* * *

**जगचूडामणिभूओ उसभो वीरो तिलोअसिरितिलओ ।**
**एगो लोगाइच्चो एगो चक्खू तिहुअणस्स ।। 2 ।।**

**અર્થ :** ભગવાન શ્રી ઋષભદેવ જગત રૂપ મસ્તકના મુગટ છે; તો ભગવાન શ્રી મહાવીરદેવ એ મસ્તકના તિલકરૂપ છે. એક સૂર્ય છે; તો બીજા ચક્ષુરૂપ છે.

**વિવેચન :** કોઈ ગ્રન્થ નિર્વિઘ્ને પાર પડે તે માટે આરંભમાં મંગલ કરવામાં આવે છે. આ ગાથામાં આ અવસર્પિણીના ચોવીસ જિનેશ્વરદેવોમાંના પહેલા અને છેલ્લા જિનેશ્વરદેવનું સ્મરણ કરવારૂપ મંગલ કરવામાં આવ્યું છે.

કોઈ પણ ધર્મ હોય; મંગલ તો પરમાત્માના સ્મરણથી કરાય તે શ્રેષ્ઠ ગણાય.

જિનશાસનમાં અરિહંતદેવનો અપ્રતીમ ઉપકાર ગણાય છે. "ચૌદ રાજલોકના સર્વ જીવોને - મારું ચાલે તો - મોક્ષ ભેગા કરી દઉં. સર્વ દુઃખોમાંથી અને સર્વ દોષોમાંથી સર્વદા (હમેશ માટે) અને સર્વથા (જડમૂળથી) છોડાવી દઉં."

પ્રત્યેક તારકના આત્માએ પોતાના છેલ્લેથી ત્રીજા ભવમાં આ ભાવનાને ભાવી છે. એમની આ કરુણા સર્વત્ર વ્યાપી છે. દુઃખો અને તેમના ઉત્પાદક દોષોથી ખદબદતા અને ખૂબ દુઃખી થતાં જીવોને જોઈને તેમનો આત્મા દ્રવી ઊઠ્યો છે : હચમચી ગયો છે. આ સ્થિતિમાંથી કરુણા પ્રગટી છે.

આ કરુણાને કારણે એમને જે તીર્થંકર નામકર્મનો બંધ થયો તેના ઉદયમાં તે કૃપાલુઓએ જગતને મોક્ષભેગા કરવાનું કાર્ય - જિનશાસનના નાવ દ્વારા - ઉપાડી લીધું છે.

તારક આત્માઓ વીતરાગ બને; સર્વજ્ઞ બને પછી તેમને કશું કરવાનું રહેતું નથી. તેઓ કૃતકૃત્ય બન્યા છે. દેશના પણ દેવાની રહેતી નથી. પણ તીર્થંકર નામકર્મનો ઉદય, જાણે કે તેમને પરાણે ફરજ પાડે છે કે, "તમારે દેશના દેવી જ પડશે. તે વિના હું [તીર્થંકર નામકર્મના દલિકો] તમારા આત્મા ઉપરથી ખસનાર નથી. તમે લાખ ઉપસર્ગો સહો તો પણ.

આ કારણે જ કૃતકૃત્ય એવા ભગવાનને દેશનાદાન કરવાનું થાય છે. અરે, આ તો બહુ સારું થયું કે સાધનાકાળ દરમ્યાન બધાં ઘાતીકર્મોનો ખાત્મો બોલાઈ ગયો ત્યારે અઘાતીકર્મો તે હુમલાથી ઉગરી ગયા. તેમાં તીર્થંકરનામકર્મ પણ ઉગરી ગયું. જેણે પરમાત્માને દેશના આપવાની ફરજ પાડી; એથી આપણને 'જિનશાસન'ની પ્રાપ્તિ થઈ.

અરિહંતદેવના તારક આત્માએ જગતના જીવો ઉપર અનરાધાર વરસતી કરુણાથી જ્યારે તીર્થંકરનામકર્મની નિકાચના કરી ત્યારે ધર્મમહાસત્તા કહે છે કે, "હે તારક પરમાત્મા ! આપની કરુણાને સાકાર કરો. એ દેશનાદાન વિના શક્ય નથી તો દેશનાદાન કરો.

જગતના જીવો ઉપરની શ્રેષ્ઠ કરુણા તેમને સમ્યગ્જ્ઞાનનું દાન કરવા દ્વારા જ છે. ધનદાન, અભયદાન વગેરે સઘળા દાનના પ્રકારો જ્ઞાનદાનથી હેઠ છે.

આ શ્લોકમાં દેવાધિદેવ પરમાત્મા આદિનાથને સૂર્ય સમાન કહ્યા કેમકે અઢાર કોટાકોટિ સાગરોપમના કાળ સુધી રહેલાં મિથ્યાત્વભાવના અતિ ગાઢ અંધકારને તેમણે ભેદ્યો છે.

સૂર્ય સિવાય અંધકારને કોણ ભેદે ?

આ કાર્ય પરમાત્મા મહાવીરદેવે કર્યું નથી. તેમના જન્મ સમયે તો પરમાત્મા પાર્શ્વનાથનું શાસન પૂરબહારમાં ચાલતું હતું. પરમાત્મા મહાવીરદેવના માતાપિતા પરમાત્મા પાર્શ્વનાથ ભગવંતના શાસનના શ્રાવક અને શ્રાવિકા હતા.

પરમાત્મા મહાવીરદેવે લાખો આત્માઓને સમ્યગ્દર્શનની આંખો આપી છે. જેમની આંખો મિથ્યાત્વથી બંધ પડી હતી કે જાણીને આંખો બંધ રાખી હતી તે ઘુવડ જેવા - છતે સૂર્યે અંધારે અથડાતાં - જીવોને પ્રભુએ ચક્ષુદાન અવશ્ય કર્યું હતું.

આમ બે તારક તીર્થંકરદેવોનું સૂર્યત્વ અને ચક્ષુત્વ સાર્થક બની જાય છે.

આ મંગળભૂત શ્લોકમાં પ્રથમ અને અંતિમ જિનેશ્વરદેવોનું સ્મરણ છે. પરન્તુ आद्यन्ताभ्यां ન્યાયથી તેમની વચ્ચેના બાવીસ તીર્થંકરદેવો પણ મંગલમાં સમાવિષ્ટ થઈ જાય છે.

વળી આ ઉપલક્ષણથી ભૂત-ભાવિ સર્વ જિનેશ્વરદેવો પણ આ મંગલમાં સમાવિષ્ટ થાય છે.

આ જગત્ ઉપર અરિહંતદેવોનો અસીમ ઉપકાર છે. તેમની કરુણા જ એવું જણાવે છે કે તેમણે આપણા હિતની કેટલી બધી ચિન્તા કરી હતી !

જ્યારે તેઓ 'તીર્થંકર' પદ પામે છે ત્યારે તેઓ ચોત્રીસ અતિશયોથી સંપન્ન થાય છે. તેમાં કેટલાક તો જીવ-કરુણાનું પ્રચંડ કાર્ય કરતા રહે છે. જેમકે સવાસો યોજનમાં મારી-મરકી આદિ ઉપદ્રવો નહિ, દુષ્કાળ આદિ નહિ, જે દેશનાશ્રવણ ઇચ્છે તે તમામ રોગીઓ સમવસરણના વીસ હજાર પગથિયાં સડસડાટ ચડી

જાય; દરેક પશુને તેની ભાષામાં દેશના સાંભળવા મળે; બલિકર્મની વિધિ દ્વારા ઢગલાબંધ જીવોને રોગમુક્તિનું અમોઘ દ્રવ્ય (બલિ) પ્રાપ્ત થાય, એકબીજાને જોતાંની સાથે ક્રોધાન્ધ બનીને ફાડી નાંખનારા જાતિવૈરી જીવોનો વૈરભાવ શાન્ત પડી જાય.. વગેરે.

ટૂંકમાં, સર્વત્ર કરુણાનો ઝરમર ઝરમર વરસાદ વરસ્યા કરે. સહુ તેમાં સ્નાન કરીને અપૂર્વ પ્રસન્નતાને અનુભવે.

જેમની - તમામની એક જ – માતા કરુણા છે; જેઓ સર્વત્ર કરુણા વરસાવીને જીવોને મોક્ષપદની નજીક લાવતા રહે છે, તેવા તારક તીર્થંકરદેવોનું સ્મરણ માત્ર ગ્રન્થરચનાના આરંભમાં શા માટે હોય ? તે તો પ્રત્યેક શ્વાસમાં, પ્રત્યેક ગતિમાં; પ્રત્યેક વિચારમાં એકરસ બનેલું હોય.

ગ્રન્થકાર કહે છે કે દેવાધિદેવ પરમાત્મા આદિનાથ જગતના મુગટ સમાન છે; તો ત્રિલોકના મસ્તકે તિલક સમાન દેવાધિદેવ પરમાત્મા મહાવીરદેવ છે.

એક છે; મસ્તકનો મુગટ.

બીજા છે; મસ્તકનું તિલક.

* * *

**संवच्छरमुसभजिणो छम्मासा वद्धमाणजिणचंदो ।**
**इय विहरिया निरसणा जइज्जए उवमाणेणं ।। 3 ।।**

**અર્થ :** ભગવાનશ્રી ઋષભદેવે સાધનાકાળમાં એક વર્ષ સુધી ઉપવાસ કર્યા તો ભગવાનશ્રી મહાવીરદેવે છ માસના ઉપવાસ કર્યા.

આ દૃષ્ટાન્તોને નજરમાં રાખીને બીજા જીવોએ પોતાના જીવનમાં શક્ય તેટલો વધુ તપ કરવો જોઈએ.

'મહાજનો યેન ગતઃ સ પન્થાઃ' એ ન્યાયને અનુસરીને - મોટા માણસોને પગલે પગલું દબાવવું એ જ યોગ્ય ગણાય.

**વિવેચન :** પૂર્વના શ્લોકમાં તારક અરિહંતદેવનાં સ્મરણરૂપ મંગલ ગ્રન્થકારે કર્યું. આ શ્લોકમાં જિનાગમોની જે સર્વોત્કૃષ્ટ વસ્તુ છે તેનું સ્મરણ કરવારૂપ મંગલ કરવામાં આવ્યું છે.

ઉંચી ચીજ છે રત્નત્રયીની આરાધના. પરન્તુ તેનાથી પણ ઉંચી એક વસ્તુ છે.

રત્નત્રયીની આરાધના કરતાં જો દોષો લાગે તો રત્નત્રયીના પાલનથી મોક્ષ પ્રાપ્ત થતો નથી. એ દોષના ડાઘોને દૂર કરાય તો જરૂર મોક્ષ થાય.

ડાઘને દૂર કરવાનું કામ બાહ્ય અને અભ્યન્તર તપ કરે છે.

ગમે તેટલો ખતરનાક દોષ-ડાઘ કેમ ન હોય ? તેને પણ 'તપ' દૂર કરી શકે છે. ભયંકર કોટિના પાપીઓ - દઢપ્રહારી જેવા - પણ 'તપ'ના પ્રભાવે તે જ ભવે શિવશ્રી પામ્યા છે.

જ્ઞાનીઓએ કહ્યું છે કે નિર્મળ રત્નત્રયી જ મોક્ષ આપી શકે છે. કાળાદિની વિષમતાને લીધે રત્નત્રયીનું આરાધન કરતાં કરતાં નાના મોટા - ઘણા - અતિચારાદિ દોષો લાગી જવાની એક હજાર ટકાની શક્યતા છે. ખેર.... તેથી નિરાશ થવાની જરૂર નથી કેમકે જાલીમ દોષને પણ નિર્મૂળ કરનારો તપ નામનો સાબુ આપણી પાસે છે.

બાર પ્રકારનાં તપમાં છ બાહ્ય તપ છે; છ અભ્યન્તર તપ છે. આમાં છ પ્રકારનો અભ્યન્તર તપ વધુ સામર્થ્યશાળી છે. તેમાંય પ્રાયશ્ચિત્ત નામનો તપ અત્યન્ત બળવાન છે.

પણ અભ્યન્તર તપમાં બળ ઊભરાય તે માટે અનશનાદિ બાહ્ય તપ ઓછો જરૂરી નથી. એનાથી ચિત્તપરિણતિ શાન્ત પડે છે; સમતાને પકડે છે. વિગઈઓ વગેરેનો ત્યાગ થવાથી મન તામસ બની શકતું નથી. એથી મન પ્રાયશ્ચિત્ત વગેરે કરવામાં વધુ તીવ્ર બને છે અને વધુ ઉત્સાહિત બને છે. આવાં કારણોસર અભ્યન્તર તપની સાથોસાથ બાહ્ય તપનું પણ સેવન કરવું જોઈએ.

આ શ્લોકમાં બે તારક તીર્થંકરદેવોએ જે ઉગ્રતમ બાહ્ય તપ કર્યો છે તે જણાવીને ગ્રન્થકારે 'બાહ્ય તપ'ની પ્રધાનતા બતાડી છે. તેમણે આપણને સૂચિત કર્યું છે કે અભ્યન્તરની વિશિષ્ટ કલ્યાણકારિતાને ધ્યાનમાં લઈને બાહ્યતપને જીવનમાં ગૌણ કરી દેવાની ભૂલ કરશો નહિ.

અભ્યન્તર તપના સેવનથી જ મોક્ષ પ્રાપ્ત થાય છે, પરન્તુ તેને બરોબર ધક્કો મારવાનું કામ બાહ્ય તપ કરે છે.

એટલે જ કોકે સાચું કહ્યું છે; **તન જીતે મન જીત.**

બાહ્ય તપોથી દેહ ઉપર કાબૂ મેળવો. પછી અભ્યન્તર તપ એકદમ સરળ અને જીવંત બની જશે.

બાહ્ય તપને 'બાહ્ય' એટલા માટે કહેવાય છે કે તે બાહ્ય એવા શરીરને

લગતો તપ છે. (અથવા બાહ્ય એટલે અજૈન લોકોને પણ ઓછા-વત્તા અંશે સ્વીકાર્ય છે.)

અભ્યન્તર તપને એટલા માટે 'અભ્યન્તર' કહેવાય છે કે તે અભ્યન્તર એવા મન ઉપર અથવા આત્મા ઉપર કામ કરે છે.

મનના દોષો ઉપર વિજય મેળવી આપવાની સાધનામાં તનનાં નિયંત્રણો ખૂબ કામ આપે છે.

અરે, સાધનામાં વિક્ષેપરૂપ બનતાં વાત, પિત્ત, કફ વગેરે દોષોના વૈષમ્યને તો તન ઉપરનું ભોજનનિયંત્રણ દૂર કરે છે; પરંતુ ઝાડો, પેશાબ વગેરેને પણ દૂર રાખીને નિરર્થક બગડતો સમય બચાવે છે.

વિગઈઓના અસેવનથી કે ઉણોદરી કરવાથી શારીરિક જડતા દૂર થાય છે. ચિત્તપ્રસન્નતા પ્રાપ્ત થાય છે.

આ બધું થતાં આત્મસાધના સાવ સરળ થાય છે. ચિત્તને ધ્યાન તુરત લાગે છે. યોગસ્થિતિ સહજ રીતે સિદ્ધ થાય છે.

આથી જ અરિહંતદેવો અભ્યન્તર તપથી વીતરાગ દશા પામી શકે તેમ હતા, છતાં ઘોર બાહ્યતપ કરીને આપણા જેવાને બાહ્યતપની પ્રેરણા કરતા હોય છે કે "અભ્યન્તર તપ જ મહાન છે. બાહ્યતપ બિનજરૂરી છે, એવી ભ્રમણામાં રહેશો નહીં."

ખરેખર તો સાચો નિર્ગ્રન્થ તે જ કહેવાય જે બાહ્ય તપની કઠોર સાધના કરીને દેહને એકદમ કૃશ કરતો હોય : વાસનાઓને સાવ શાન્ત પાડી દેતો હોય.

**देहदुःखं महाफलम् ।**

* * *

**जइ ता तिलोगनाहो विसहइ बहुआइं असरिसजणस्स ।**
**इअ जीअंतकराइं एस खमा सव्वसाहूणं ।। 4 ।।**

**અર્થ :** જો તે ત્રણ લોકના નાથ દેવાધિદેવ પરમાત્મા મહાવીરદેવે હલકા માણસોના જાનથી મારી નાંખે તેવા પુષ્કળ ઉપસર્ગોને સહન કર્યા; તે વખતે અદ્ભુત ક્ષમા ધારણ કરી. તે ક્ષમા તમામ સાધુઓએ રાખવી જોઈએ.

**વિવેચન :** સામાન્યતઃ એવું કહી શકાય કે ઉગ્ર તપની સાથે ક્રોધ જોડાયેલો હોય છે. ગ્રન્થકારશ્રી કહે છે કે અતિ ઘોર તપ કરવા છતાં દેવાધિદેવે ટોચકક્ષાની ક્ષમા પણ ધારણ કરી છે.

સાવ હલકટ માણસો પુરુષોત્તમ એવા પરમાત્માની ઉપર ગમે તે રીતે તૂટી પડ્યા તો ય પ્રભુએ અપૂર્વ ક્ષમા ધારણ કરી !

સામે પક્ષે સાવ નબળાઈ હોય અને પોતે અત્યન્ત બળવાન હોય ત્યારે સામા ઉપર હલ્લો કર્યા વિના કોણ રહે ?

પણ દેવાધિદેવે તો ક્ષમા જ ધારણ કરી. તે હલકા લોકોને મુઠીમાં ચોળી નાંખવાની તાકાત હોવા છતાં એમને આંગળી પણ ન અડાડી.

એક બાજુથી એકલી આગ.

ચંડકોશીઆની આંખોમાંથી આગ.

ગોશાલકના મોમાંથી આગ.

સંગમના કાળચક્રમાંથી આગ.

ગોવાળીઆના ચૂલામાંથી આગ.

અને પરમકૃપાલુ પરમાત્મા ?

સર્વત્ર પાણી.... પાણી..... પાણી.....

હા, સંગમ ન ઠર્યો. બાકીના બધા એ પાણીના ફુવારાઓથી ટાઢાબોળ થઈ ગયા.

ગ્રન્થકારશ્રી શ્રમણોને પ્રેરણા કરે છે કે, "તમે પ્રસંગ ઉપર ક્ષમા ધારણ કરો."

શ્રમણનું એક નામ છે, ક્ષમાશ્રમણ. એટલે ક્ષમા પ્રધાન શ્રમણ.

શ્રમણના દસ મુખ્ય ગુણોમાં ક્ષમાને પ્રથમ ગુણ તરીકે ગોઠવીને તેનું વિશેષ મહત્ત્વ બતાડવામાં આવ્યું છે.

મન્ત્રાધિરાજ શ્રીનવકારના પાંચમાં પદમાં શ્રમણને 'સાહુ' કહીને સહન કરનાર - ક્ષમા ધારણ કરનાર - કહેલ છે.

સાધુને જો ક્રોધ આવી જાય તો પાણીમાંથી આગ પ્રગટી કહેવાય.

જેમ બાર તપમાં 'પ્રાયશ્ચિત્ત' શ્રેષ્ઠ તપ છે તેમ દસ યતિધર્મોમાં 'ક્ષમા' શ્રેષ્ઠ યતિધર્મ છે.

એટલે હવે નક્કી થયું કે જેણે સાચા શ્રમણ બનવું હોય તેણે ગુરુ પાસે શુદ્ધતમ પ્રાયશ્ચિત્ત કરવું જોઈએ અને સદા સહનશીલ બનીને ક્ષમા ધારણ કરવી જોઈએ. આવા સાધુને કલિકાલનો શ્રેષ્ઠ સાધુ કહી શકાય.

* * *

न चइज्जइ चालेउं महइमहावद्धमाणजिणचंदो ।
उवसग्गसहस्सेहिं वि मेरु जहा वायगुंजाहिं ।। 5 ।।

**અર્થ :** સૂસવાટો કરતાં પ્રચંડ વાયુથી જેમ મેરુ ચલાયમાન થઈ શકતો નથી તેમ હજારો ઉપસર્ગોથી મોક્ષમાં જ મતિ ધારણ કરતા મહાન વર્ધમાન જિનેશ્વરદેવ ચલાયમાન થયા નથી.

**વિવેચન :** 'કર્મો કોઈને છોડતા નથી.' એ સત્યનો સાક્ષાત્કાર પરમાત્મા મહાવીરદેવ દ્વારા થાય છે.

પૂર્વના ભવોમાં એવી ગંભીર ભૂલો એમનો આત્મા કરી બેઠો છે કે તેનાથી બંધાયેલા કર્મોને ખતમ કરવા માટે પચીસમા ભવમાં અગિયાર લાખથી વધુ માસખમણને પારણે માસખમણો કર્યા.

તો ય...... કેટલાક કર્મોનો તો ખાત્મો ન જ બોલાયો.

અનાજને પીસતી ઘંટીના દંડાના ભાગમાં આવેલા ખાડામાં જે દાણા રહી જાય એ શેં પીસાય ?

વળી સત્યાવીસમા ભવમાં સાડા બાર વર્ષની અઘોર સાધના કરી. આ સાધના માત્ર ૧૨॥ વર્ષની હતી છતાં એક લાખ વર્ષના માસખમણો કરતાં ઉગ્ર હતી. એક વખત પ્રભુને સાધના ઓછી પડી એટલે તે અનાર્યદેશમાં ગયા; જ્યાંના જંગલી લોકો પ્રભુને ખૂબ ઝૂડે... ત્યાં પ્રભુ શૂળીએ ચડાવાયા. કૂવામાં ફેંકાયા. લાતોથી મરાયા. અરે શું બાકી રહ્યું ?

અવધિજ્ઞાનના બળથી પહેલાં જ જાણીને દેવેન્દ્રે પ્રભુને પ્રાર્થના કરી હતી કે પ્રભુની સાથે તે રહીને કમ સે કમ મરણતોલ ઉપસર્ગો વખતે રક્ષણ કરે.

પણ તેની વાતને દેવાધિદેવે સાવ હસી નાંખી. પ્રભુ સ્વપુરુષાર્થથી કર્મક્ષય કરવા માંગતા હતા.

શૂલપાણિ, ચંડકૌશિક, ગોશાલક, સંગમ, પૂતના અને ગોવાળીઆના ઉપસર્ગો અતિશય ભયાનક હતા. પણ પ્રભુએ બધું હસતે મોંએ સ્વીકારી લીધું.

એમણે કદી કોઈનો સામનો ન કર્યો; સ્વીકાર જ કર્યો.

દરેક આગની જ્વાળાઓ સામે પાણીની ઊછળતી છોળો જ બન્યા. જેમ પ્રતિકૂળતાઓ વધુ મળે તેમ વધુ પ્રસન્ન રહેવા લાગ્યા.

હાય.... અનંતાનંત તીર્થંકરદેવોમાં જે ન બન્યું તે આ પ્રભુમાં બન્યું. તીર્થંકરદેવ બન્યા પછી પ્રભુને લાગટ છ માસ સુધી લોહીના ઝાડા થવારૂપ અશાતા વેદનીય કર્મનો ઉદય થયો. એ વખતે પ્રભુની વય હતી; છપ્પન વર્ષની.

સહુને માટે પ્રભુનો બોધપાઠ છે કે બને ત્યાં સુધી અશુભ યોગો સેવીને કર્મબંધ ન કરો.

જે કર્મબંધ થયો હોય તેના અબાધાકાળ દરમ્યાન તપ વગેરે ધર્મ ઉત્કૃષ્ટ ભાવે કરીને - શૌર્યથી - તે કર્મોને ખતમ કરી નાંખો; જેથી ઉદયમાં આવીને સતાવે નહિ. પણ જો કર્મ ઉદયમાં આવી ગયું અને પૂરી તાકાતથી ત્રાટક્યું તો જરાય અસમાધિ કરતા નહિ. પૂરી સમાધિ સાથે - હસતે મોંએ - તેને સહી લેજો.

કર્મોને શૌર્યથી ખતમ કરો.

સમાધિથી સહન કરો.

ખરી વાત તો એ છે કે અશુભ કર્મોના વિપાક કાળ વખતે સમાધિથી સહન કરવાનું કામ આપણા જેવા આત્માઓ માટે અત્યન્ત અશક્ય જેવું છે, એટલે અશુભ કર્મ બંધાય જ નહિ તેની ખૂબ જાગૃતિ રાખવી જોઈએ. અથવા અબાધાકાળ દરમ્યાન તપશ્ચર્યા વગેરે ધર્મ કરીને તે કર્મોને ખતમ જ કરી દેવાં જોઈએ.

જો દેવાધિદેવની જેમ કર્મો સાથે ખૂનખાર યુદ્ધ કરીને, તેમાં જ્વલંત રીતે વિજયી બનીને જ આત્માને મોક્ષ મળવાનો હોય તો આપણે મોક્ષની આશા છોડી દેવી પડે.

પણ ના, તેમ નથી.

જો ઉત્કૃષ્ટ કોટિના સાધકોના તમામ સુકૃતોની આપણે અહર્નિશ હાર્દિક અનુમોદના કરીએ તો પણ મોક્ષ પામી શકીએ. આપણા માટે તો આ જ સરળ રસ્તો ગણાય.

સ્વદુષ્કૃતોને ખૂબ ધિક્કારો : તિરસ્કારો.

પરસુકૃતોની ભારોભાર અનુમોદના કરો. અરિહંતદેવનું શરણ લઈને....

તો ઝટપટ મોક્ષ થવાની પૂરી શક્યતા છે.

પરમાત્મા મહાવીરદેવને ઉપસર્ગોથી ચલિત કરવાની ભીષ્મ પ્રતિજ્ઞા સાથે સંગમક દેવ ત્રાટક્યો હતો. એ અભવી જીવ હતો. એની ક્રૂરતા પરાકાષ્ટાએ

પહોંચી હતી. કાળચક્રનો પ્રયોગ જો સાંભળવામાં આવે તો કદાચ છાતી ફાટી જાય.

પણ મેરુથી પણ વધુ નિશ્ચલ દેવાધિદેવને 'ઉફ' એટલો ઉંહકારો પણ ન થયો.

પોતાના દુઃખો બદલ તેમને કશું ય ન થયું પણ હવે સંગમકનું શું થશે ? કેવો અનંત સંસારે ભટકશે ? તે વિચારતાં કૃપાલુદેવની આંખોમાં ઝળઝળીયાં આવી ગયા. એમનું મન રડી ઊઠતાં બોલી ઊઠયું, "આખા સંસારને તારવાની ભાવનાવાળો હું સંગમકને સંસારમાં ડુબાડી દેવામાં નિમિત્ત બની ગયો !"

* * *

**भद्दो विणीयविणओ पढमगणहरो समत्तसुअनाणी ।।**
**जाणंतो वि तमत्थं विम्हयहियओ सुणइ सव्वं ।। 6 ।।**

**અર્થ :** એકદમ સરળ, અત્યન્ત વિનયી, પ્રથમ ગણધર, ચૌદ પૂર્વ સહિત સમસ્ત દ્વાદશાંગીના ધારક ગૌતમસ્વામીજી અર્થને જાણવા છતાં વિસ્મિત હૃદયવાળા થઈને પ્રભુને અર્થ પૂછે છે; અને પ્રભુએ ફરમાવેલો સઘળો અર્થ ઉત્કંઠિત થઈને સાંભળે છે.

**વિવેચન :** કોઈ પૂછે કે અહંકારની ભયાનક ખાઈમાં પડેલો; ત્યાંથી નમસ્કારના પહાડની ટોચ ઉપર ચાલી ગયેલો આત્મા કોણ ? ઝટ કહેવું કે, ગણધર ભગવંત ગૌતમસ્વામીજી.

એ પોતાને સર્વજ્ઞ માનતો, ચૌદ વિદ્યાનો પારગામી અને પાંચસો શિષ્યોનો ગુરુ બ્રાહ્મણ હતો. અતિશય અભિમાની હતો. પ્રભુને તે ઈન્દ્રજાલિક (જાદુગર) કહેતો. ખૂબ મશ્કરી કરતો.

પણ જ્યારે........ તેણે પ્રભુને ઓળખ્યા કે તરત તેનો અહંકારનો બરફ ધડાકાબંધ ઓગળીને નષ્ટ થઈ ગયો. એવો તો એ અહંકાર ખલાસ થઈ ગયો કે દુનિયાભરનો બાપ બનીને બેઠેલો ઈન્દ્રભૂતિ ગૌતમ પરમાત્માના ચરણે બેસી ગયેલો બાળ બની ગયો.

આધ્યાત્મિક વિકાસ પામવા માટેની પ્રથમ યોગ્યતા 'બાળ' બનવાથી છે. ઈન્દ્રભૂતિ બાળ બન્યા.

ગુરુબહુમાનની પરાકાષ્ટાને લીધે તેમને એવી લબ્ધિ પ્રાપ્ત થઈ હતી કે જે

કોઈ તેમનો શિષ્ય થાય તેને અવશ્ય કેવળજ્ઞાન થાય. તેમને પચાસ હજાર કેવળજ્ઞાની શિષ્યો હતા.

તે પ્રથમ ગણધર હતા.

દ્વાદશાંગીના પ્રકાશક હતા.

ગુણો અને શક્તિઓની પરાકાષ્ટાએ હોવા છતાં તેનું અજીર્ણ થવાને બદલે વિનયની પરાકાષ્ટા પામ્યા હતા.

પરમાત્માના મુખેથી વારંવાર "ગોયમા !" એવું સંબોધન કરાવવા માટે એક સવાલનો જવાબ મળ્યા પછી પણ ફરીથી પૂછતાં કે "હે પ્રભુ ! આપ આમ શાથી કહો છો ? **से केणट्ठेणं भंते ! एवं वुच्चइ ?**" ફરી "ગોયમા !" પદથી પ્રભુ સંબોધતા.

દરેક સંબોધન વખતે પોતાનું નામ પરમાત્મા, ત્રણ લોકના નાથના મુખે આવ્યું તેથી આનંદમાં તેમના સાડા ત્રણ ક્રોડ રુંવાડાં ઊભા થઈ જતાં.

ન સમજાતી વાતનો જવાબ આસન ઉપર બેઠા બેઠા, જ્ઞાનનો ઉપયોગ મેળવતાં જ મળી જાય તેમ હતો છતાં એવું બધું ન કરતાં પ્રભુ પાસે પહોંચી જતા; ત્યાંથી ખુલાસો મેળવતા.

જેટલી પળો પ્રભુનું મુખારવિંદ જોવા મળ્યું; જેટલી પળોનું નિકટવર્તી સાન્નિધ્ય મળ્યું તેમાં જીવન ધન્ય થઈ ગયું.

પ્રભુના નિર્વાણના સમાચારે તો ધબાક્ કરતાં રસ્તા ઉપર બેસી જઈને નાના બાળકની જેમ પોક મૂકીને ધ્રૂસકે રડ્યા હતા. જાતજાતના ઠપકાનાં શબ્દો બોલ્યા હતા. પણ એ રાગ જ અંતે વિરાગમાં પલટાયો. જોતજોતામાં વીતરાગ બની ગયા.

પ્રથમ ગણધર ઈન્દ્રભૂતિ ગૌતમસ્વામીજી કરતાં પંચમ ગણધર સુધર્માસ્વામીજીનું આયુષ્યબળ વધુ હોવાથી પ્રભુએ તેમને પોતાના પટ્ટધર તરીકે પ્રતિષ્ઠિત કર્યા. કેવા ભાગ્યશાળી ! ગણધર અને પ્રભુના પટ્ટધર !

* * *

**जं आणवेइ राया पगइओ तं सिरेण इच्छंति ।**
**इय गुरुजणमुहभणिअं कयंजलिउडेहिं सोयव्वं ।। 7 ।।**

**અર્થ :** રાજા જે આજ્ઞા કરે તેને સેવકજનો [પ્રકૃતિમંડળ] મસ્તક ઝૂકાવીને સ્વીકારે

છે એ રીતે ગુરુદેવોના મુખેથી જે કાંઈ ઉપદેશ કે આજ્ઞા થાય તેને શિષ્યોએ હાથ જોડીને સાંભળવું અને તે પ્રમાણે અમલ કરવો.

**વિવેચન** : ઈન્દ્રભૂતિ ગૌતમસ્વામીજી વિનય-ગુણની ટોચ ઉપર હતા એ વાત જણાવ્યા બાદ ગ્રન્થકારશ્રી તમામ સાધુઓને વિનયી બનવાની પ્રેરણા કરે છે.

ઉત્તરાધ્યયન સૂત્રનું પ્રથમ અધ્યયન વિનય - અધ્યયન રાખીને આ જ વાત નિર્દેશાઈ છે કે શિષ્યોએ ગુરુનો વિનય ઉત્કૃષ્ટ રીતે કરવો જોઈએ. જો તેમ ન કરે તો તે શિષ્ય કહેવાય નહિ. તેનું પુણ્ય વધે નહિ. હડકાયી કૂતરીની જેમ તે બધેથી હટ્ હટ્ થયા કરે.

આઠ કર્મોમાં મોહનીયકર્મ સૌથી ભયંકર છે. તેનો ક્ષયોપશમ કરવાની તાકાત એક માત્ર દેવ-ગુરુના વિનયકરણમાં છે.

* * *

**जह सुरगणाण इंदो गहगणतारागणाण जह चंदो ।।**
**जह य पयाण नरिंदो गणस्स वि गुरू तहाणंदो ।। 8 ।।**

**અર્થ** : દેવતાઓના સમૂહમાં જેમ ઈન્દ્ર શ્રેષ્ઠ છે; ગ્રહગણના સમૂહમાં જેમ ચન્દ્ર શ્રેષ્ઠ છે, પ્રજામાં જેમ રાજા શ્રેષ્ઠ છે તેમ મુનિઓના ગણમાં ગુરુ શ્રેષ્ઠ છે. આ ગુરુ શિષ્યોને પ્રસન્ન રાખનારા હોય છે.

**વિવેચન** : દેવો, જ્યોતિષ્યકના જ્યોતિષ્ક દેવો અને મનુષ્યોમાં જેમ ઈન્દ્ર, ચન્દ્ર અને નરેન્દ્રની આજ્ઞા પ્રવર્તે છે તેમ મુનિગણમાં ગુરુની આજ્ઞા પ્રવર્તવી જોઈએ.

સાધુ તે કહેવાય જે ઘર ત્યાગે; શિષ્ય તે કહેવાય જે મન (ઇચ્છા) ત્યાગે; સિદ્ધ તે કહેવાય જે શરીર ત્યાગે.

શિષ્યને પોતાની ઇચ્છા જેવું કશું ન હોવું એ તેનું શ્રેષ્ઠ શિષ્યત્વ છે. તેનું મન ગુરુના મનમાં વિલીન થયું હોય. જેમ હનુમાને કહ્યું હતું કે, "મારું મન રામચંદ્રજીમાં વિલીન થઈ ગયું છે."

ગુરુની ઇચ્છા નહિ પણ માત્ર ચેષ્ટા જોઈને શિષ્યને ખબર પડી જાય કે ગુરુને શું ઈષ્ટ છે ? ગુરુને ચોખ્ખી આજ્ઞા કરવી પડે એ તો બહુ ખરાબ કહેવાય.

સર્વ કર્મોમાં અધમ કર્મનું નામ મોહનીયકર્મ છે. એ અહંકાર વગેરે દોષોને બેફામ રીતે ઊભા કરે છે. એ દોષોમાં ફસાઈ જઈને જીવ પોતાનો સંસાર વધારી મૂકે છે.

આથી સાધનામાર્ગનું સૌથી પ્રથમ કાર્ય મોહનીય કર્મનો શક્ય તેટલો વધુ ક્ષયોપશમ કરવાનું છે. જો તેને બરોબર શાન્ત ન રખાય તો તે ગમે ત્યારે ઉદયમાં આવી જઈને સાધુનું બધું કર્યું-કરાવ્યું ધૂળ ભેગું કરી દે.

અચ્છા અચ્છા રૂસ્તમો પણ મોહનીય કર્મની લપડાક ખાઈને પળભરમાં શ્રીમંતમાંથી ભિખારી થઈ ગયા.

અરે; અગિયારમા ગુણસ્થાન સુધી-ખૂબ ઊંચે-પહોંચી ગયેલા આત્માને ત્યાં મોહનીય કર્મનો ઉદય થાય છે. અને તરત જીવ ગબડવા માંડે છે. અરે; એવો ગબડે છે કે ક્યારેક તો પહેલા ગુણસ્થાને પહોંચે છે; ત્યાં પણ નિગોદમાં અનંતકાળ માટે પણ ઠોકાઈ જાય છે.

આ ઉપરથી સમજાશે કે મુનિજીવનમાં અત્યન્ત જાગ્રત રહેવું જોઈએ. પહાડના દસ હજાર પગથિયામાંથી ૯૯૯૯ પગથિયાં સાવધાનીપૂર્વક ચડી જનારો માણસ જો છેલ્લું પગથિયું ચૂક્યો તો ખીણભેગો થઈને મોતભેગો થઈ જાય. એક વાર તો ૯૯૯૯ પગથિયાં ચડી ગયાની બક્ષિસ ઠેકાણે પડી જાય.

આવી બધી સંભાવનાઓના કારણે સાધકે ગુરુને વળગી રહેવું જોઈએ. એની ઇચ્છા વિના એનાથી કદી વિખૂટા પડવું ન જોઈએ.

ગુરુની સાથે રહેવાનું મળે, એમાં વળી મોટા ગચ્છમાં રહેવાનું મળે તો મુનિનો બેડો પાર થઈ જાય. સમૂહમાં રહેવાનો લાભ એ છે કે, દોષ સેવવા માંગે તો પણ દોષ ઝટ સેવી શકે નહિ. **काउमणो वि अकज्जं, न कीरइ काउं बहुजणमज्झे ।**

ધન્ય છે, તે મુનિઓને જેઓને ગચ્છવાસ અને ગુરુકૂલવાસ (ગુર્વાજ્ઞામાં વાસ) મળેલ છે. એમને અતિદુષ્કર મોક્ષપ્રાપ્તિ સાવ સુલભ બને છે.

વિરાટ સંસાર સાગર ખાબોચિયું બની જાય છે; જેને માત્ર ઠેકીને પાર કરી દેવાનો રહે છે.

આ શ્લોકમાં 'ગુરુ' માટે 'આણંદો' શબ્દ મૂકીને ખૂબ ગંભીર વાત કરી છે.

જો આપણે એવો અર્થ કરીએ કે શિષ્યોને ગુરુ આનંદકારી હોયઃ આનંદમાં રાખતા હોય તો ગ્રન્થકારે આ બહુ જબરી વાત કરી કહેવાય.

મુનિજીવન સામાન્ય કક્ષાનું જીવાય તો ય તેનું પાલન ખૂબ કઠિન છે એ નિર્વિવાદ વાત છે. જો ગુરુનો સાથ બધી રીતે ન મળે તો શિષ્ય-ગુલાબ ઝટ કરમાઈ જાય તે સંભવિત છે. પ્રાથમિક કક્ષામાં આવું બને તે સંભવિત છે.

આવા સમયે જો ગુરુ શિષ્યની બધી કાળજી કરે : ખાસ કરીને શિષ્યના માંદગીના સમયે : તો શિષ્યને કઠોર એવું પણ મુનિજીવન જીવવાનું સરળ પડી જાય.

જો ગુરુ શિષ્યની સાવ ઉપેક્ષા કરે તો શિષ્યનું મન એવો આઘાત પામે જેમાં તેને 'ઘર' યાદ આવી જાય.

સાધુઓ આખો દિવસ - મોડી રાત સુધી - સ્વાધ્યાયાદિ સંયમયોગોમાં ગળાબૂડ હોય; થાકતાં પણ હોય. જો થોડીક વાર માટે ગુરુ તેમની સાથે હળવી છતાં નિરવદ્ય વાતો કરે; તેમના સુખદુઃખની કાળજી કરે તો શિષ્યોનો થાક ઊતરી જાય. તેઓ હળવા-ફૂલ થઈ જાય.

કેટલાક ગુરુઓ દિવસો સુધી પોતાના શિષ્યોની સામે પણ જોતા નથી. તેમના આરોગ્ય, સ્વાધ્યાય વગેરે કોઈ વાતે ધ્યાન આપતા નથી. આનાથી ગુરુ-શિષ્યો વચ્ચેનું માનસ–અંતર દિવસે દિવસે વધતું જાય છે. આવી સ્થિતિમાં વૈષયિક સુખો તરફ શિષ્યો ઝૂકે તેમાં શી નવાઈ !

દરેકને કોકનો તો સ્નેહ જોઈએ જ છે. માતાનો સ્નેહ સંતાનોને ન મળે, પતિનો સ્નેહ પત્નીને ન મળે, ગુરુનો સ્નેહ શિષ્યોને ન મળે તો તેમને આડ-રસ્તે ફંટાઈ જવાની શક્યતા પૂરી રહે છે.

પોતાના પ્રશસ્ત એવા પણ બાહ્ય કાર્યોમાંથી ગુરુએ સમય ફાળવીને શિષ્યોમાં રસ લેવો જોઈએ. શિષ્યો ગુરુની બધી બાહ્ય સેવા કરતા હોય છે. તેના બદલામાં શિષ્યોને સારી રીતે ભણાવવાં વગેરે કાર્યો ગુરુએ અવશ્ય કરવા જોઈએ. જો આટલી વાતની પણ ઉપેક્ષા થાય તો તે ખૂબ જ અનુચિત ગણાય. જે ગ્રુપમાં સંયમધર્મના પાલનજનિત આનંદ આનંદ પ્રવર્તે છે તે ગ્રુપ ખૂબ ઉલ્લાસથી સંયમ–જીવનની વિશિષ્ટ ક્ષિતિજોને સર કરતું રહે છે.

"ગુરુ આનંદકારી છે" એવો અર્થ કરવા સાથે વિવરણ થયું.

ગુરુ આનંદ છે એટલે 'ગુરુ આનંદમય અવસ્થામાં સદા રહે છે' એવો અર્થ પણ કરી શકાય.

આ વાત પણ ખૂબ સરસ છે. જે ગુરુઓ ઉત્તમ કોટિનું નિરતિચાર સંયમજીવન પાળતા હોય તે શા માટે આનંદમાં ન રહે ? જેણે જીવનની ચાદરને ડાઘા લગાડી દીધાં છે, તે જરૂર રડ્યા કરે. તળાવ ભરાઈ જાય તેટલા આંસુ પોતાનાં પાપો ઉપર સારે.

જ્ઞાનીઓએ કહ્યું છે કે શુદ્ધ સંયમી સાધુ બાર મહિનાના દીક્ષાપર્યાયમાં અનુત્તર-દેવોની શાતાવેદનીય કરતાં ઊંચા સમત્વના આનંદમાં તરબોળ રહે.

જેઓ મિથ્યાદૃષ્ટિ છે તે બધા વાસ્તવમાં દુઃખી છે.

જેઓ સમ્યગ્દૃષ્ટિ છે; પણ સંસારી છે તેઓ સર્વવિરતિધર્મની અપ્રાપ્તિના કારણે અતિશય દુઃખી છે.

જેઓ સર્વવિરતિધર બન્યા છે; પણ શિથિલ છે તેઓ પણ દુઃખી છે.

સાચા અર્થમાં સુખી તો માત્ર ઉત્તમ કોટિનું સાધુત્વ પાળનાર શ્રમણો છે. તેમને જ હસવાનો અધિકાર છે એમ કહી શકાય.

એમાં ય જે ગુરુપદે છે અને પોતાના આશ્રિત શિષ્યોને ઉત્તમ કક્ષાની તાલીમ આપવા સાથે પ્રસન્ન રાખે છે તેમના આનંદની તો શી વાત કરવી ?

* * *

**बालुत्ति महीपालो न पया परिहवइ एस गुरु उवमा ।**
**जं वा पुरओ काउं विहरंति मुणी तहा सो वि ।। 9 ।।**

**અર્થ :** કોઈ રાજા બાળવયના હોય તેટલાથી પ્રજા તેનો તિરસ્કાર કરતી નથી. આ જ ઉપમા બાળ એવા ગુરુને પણ લાગે. એવા બાળ-રાજાની જેમ બાળ-ગુરુને આગળ કરીને જ મુનિએ વ્યવહાર કરવો.

**વિવેચન :** 'ગુરુ' એટલે નિશ્ચિતપણે ગીતાર્થ અને સંવિગ્ન. અગીતાર્થ ગુરુ બની શકે નહિ. તેમાં ય ખરેખર તો આચાર્ય પદને પામેલા ગીતાર્થ મુનિને ગુરુ કહેવામાં આવે છે.

બાળ અવસ્થામાં તો ક્વચિત જ એવું બને કે તે મહાત્મા ગીતાર્થ બન્યા હોય. પિસ્તાલીસ આગમોનાં સૂત્રથી અને અર્થથી સંપૂર્ણ જાણકાર મહાત્મા ઉત્કૃષ્ટ ગીતાર્થ કહેવાય. અને બૃહત્કલ્પ, વ્યવહારસૂત્ર અને નિશીથ સૂત્રની પીઠિકાઓના પૂરા જાણકાર મહાત્મા જઘન્ય ગીતાર્થ કહેવાય.

વર્તમાન દેશ-કાળમાં ય જઘન્ય ગીતાર્થતા તો વિશિષ્ટ મહાત્માઓએ પ્રાપ્ત કરવી જોઈએ.

બાળવયમાં ગીતાર્થતા પ્રાપ્ત થવી એ બહુ મોટી વાત છે. ગુરુકૃપા પામીને જેમણે વિશિષ્ટ જ્ઞાનશક્તિ પ્રાપ્ત કરી છે; અને પચાવી છે તે મહાત્મા જ ગીતાર્થ બની શકે.

મને યાદ આવે છે; એવા મહાત્માઓ : વજ્રસ્વામીજી, બપ્પભટ્ટસૂરિજી વગેરે.

એક વાર વજ્રસ્વામીજીએ ખૂબ નાની વયે ગુરુની આજ્ઞાથી વડીલમુનિઓને પાઠ આપ્યો. એ પાઠ દેવાની રીત એટલી બધી સુંદર હતી કે મુનિઓએ હંમેશ માટે તેમને જ વાચના દેવાનું ગોઠવવા માટે ગુરુને પ્રાર્થના કરી.

આવા વિશિષ્ટ શક્તિસંપન્ન મહાત્માઓ ખરેખર તો જ્ઞાનથી વૃદ્ધ છે. બાળ નથી; પરન્તુ વયથી બાળ છે. છતાં તેમની આશાતના કરી શકાય નહિ. દીક્ષાદાતા ગુરુ જેટલા જ પૂજનીય તે વિદ્યાદાતા ગુરુને માનવા જોઈએ.

ગ્રન્થકારશ્રી આ વાત એટલા માટે કરે છે કે સામાન્યતઃ આવા બાળ-ગુરુની આશાતના કેટલાક શ્રમણો કરી બેસતા હોય છે. વર્તમાનકાળમાં આવું ઘણે ઠેકાણે જોવા મળે છે. જો આ રીતે વિદ્યાદાતા બાળગુરુની આશાતના થવાની જ હોય - તેમની મશ્કરી વગેરે પણ કરી દેવાતી હોય - તો તેમની પાસે પાઠ ન લેવો સારો. કેમકે આ આશાતનાથી ચીકણું જ્ઞાનાવરણીયકર્મ બંધાવવાનું છે; એટલું જ નહિ, મોહનીય કર્મ પણ બંધાયા વિના રહેવાનું નથી.

વર્તમાન સમયના પ્રભાવે આવી આશાતનાઓ વિશેષ પ્રમાણમાં જોવા મળે છે.

કેટલાક અધ્યેતા મુનિઓ ગુરુનો ઉપકાર સાવ વિસરી જાય છે. એમના આરોગ્યાદિની વિષમતા વખતે તેમની સામે પણ જોવા તૈયાર હોતા નથી. જેમના થયેલા ઉપકારનો બદલો વાળી શકાય તેમ નથી એમની સરિયામ ઉપેક્ષા કરવી એ કેટલું બધું અનુચિત કહેવાય ?

જેમ બાળ-રાજાની અવહેલના કરાય તો સમગ્ર રાજવ્યવસ્થા ખોરંભે પડી જાય તેમ બાળ-ગુરુનો તિરસ્કાર થાય તો સમગ્ર ગચ્છને પારાવાર નુકસાન થાય.

આચાર્યપદ - તેમાં ય ગચ્છનાયક પદ તો ક્યારેક જ બાળવયના સાધુને પ્રાપ્ત થાય. જ્યારે મુખ્ય ગુરુ અચાનક કાળધર્મ પામે તે વખતે જો મોટી ઉંમરના વિશિષ્ટ ગીતાર્થ સાધુ ગચ્છ પાસે ન હોય તો અન્ય ગચ્છના ગીતાર્થ સાધુને આમન્ત્રીને લાવવામાં આવે. તેમના દ્વારા પોતાના ગચ્છના - ભલે નાની ઉંમરના પણ - વિશિષ્ટ ક્ષયોપશમ, પુણ્યાઈ ધરાવનારા બાળશ્રમણને તૈયાર કરાય. ત્યાર બાદ તેમને ગચ્છનાયક પદે આરૂઢ કરાય. આવા બાળગુરુને અન્ય વયોવૃદ્ધ કે પર્યાયવૃદ્ધ સાધુઓએ બધા પ્રકારની સહાય કરવી જોઈએ. એમની અવહેલના તો સ્વપ્ને પણ ન વિચારાય.

* * *

**पडिरूवो तेयस्सी जुगप्पहाणागमो महुरवक्को ।**
**गंभीरो धीमंतो उवएसपरो अ आयरिओ ।। 10 ।।**

**अपरिसावी सोमो संगहसीलो अभिग्गहमइ अ ।**
**अविकंथणो अचवलो पसंतहियओ गुरू होइ ।। 11 ।।**

**અર્થ :** ગુરુના તેર ગુણો.

(૧) તેજસ્વી (૨) યુગપ્રધાન જેવા જ્ઞાનવાળા (૩) મધુરભાષી (૪) ગંભીર (૫) ધૃતિમાન્ (૬) ઉપદેશદાનમાં તત્પર (૭) અપ્રતિશ્રાવી (૮) સૌમ્ય (૯) સંગ્રહશીલ (૧૦) અભિગ્રહો કરવાની બુદ્ધિવાળા (૧૧) અલ્પભાષી (૧૨) સ્થિરસ્વભાવી (૧૩) પ્રશાન્ત હૃદયી.

**વિવેચન :** ગુરુ એટલે ખરેખર તો ગીતાર્થ - સંવિગ્ન (અનાસક્ત) આચાર્ય. આજકાલ જે દિગ્બંધન દ્વારા ગુરુ-શિષ્ય કરાય છે તે વસ્તુતઃ સંઘાટક કહેવાય. સંઘાટક એટલે એકબીજાના કાર્યોમાં સહાયક. ના.... તેમને ગુરુ-શિષ્ય ન કહેવાય. ગુરુ તો તે બધા સંઘાટકોના આચાર્ય : ગચ્છનાયક ગુરુ કહેવાય.

છતાં જો ગૌણરૂપે સંઘાટકમાંના એકને ગુરુ કહીને ગુરુના આ તેર વિશેષણો તેમનામાં પણ વિચારીએ. અર્થાત્ મુખ્યગુરુ અને ગૌણગુરુ(ઉપચારથી)માં આ વિશેષણોનો આપણે વિચાર કરીએ.

**(૧) પ્રતિરૂપ જેવા તેજસ્વી**

ગુરુ તીર્થંકરદેવના અંશતઃ (પ્રતિરૂપ) તેજસ્વી હોય. પ્રતિભાસંપન્ન હોય. સામાન્યતઃ તો તે પાંચ ઈન્દ્રિયોથી પરિપૂર્ણ હોય એટલે પણ ચાલે; પરન્તુ જો તેઓ બાહ્યરૂપથી પ્રતિભાસંપન્ન હોય તો લોકો ઉપર અથવા રાજા, વડાપ્રધાન વગેરે ઉપર તેમનો જબરદસ્ત પ્રભાવ પડે એ નિર્વિવાદ વાત છે. આ કારણે જ છેદ ગ્રન્થોમાં **'जिता वस्त्रवता सभा'** શબ્દો દ્વારા કહેવાયું છે કે વાદી સાધુ સારાં કપડાં પહેરીને વાદ કરે તો વાદસભાને જીતી જવામાં તેને વધુ અનુકૂળતા મળે. (હા, એવા વખતે વાદી-મુનિએ ચોખ્ખાં વસ્ત્રો પહેરવાનું સૂચન જ્ઞાનીઓએ કર્યું છે.)

અન્યત્ર કહ્યું છે, **आकृतिः गुणान् कथयति.** માણસની બાહ્ય આકૃતિ ઉપરથી તેના ગુણો કે અવગુણોનું અનુમાન કરી શકાય છે. અહીં બાહ્યરૂપની જેમ અભ્યન્તર રૂપ (ગુણશાલિતા) પણ લઈ શકાય. આ સામાન્ય નિયમ સમજવો. આમાં અપવાદ હોઈ શકે ખરો.

**(૨) યુગપ્રધાન તુલ્ય જ્ઞાનવાળા**

ગુરુ યુગપ્રધાન કે યુગપ્રધાન જેવા જ્ઞાની હોવા જોઈએ. આમાં એકલી સાધના કે એકલો પુણ્યોદય ન ચાલે. પરન્તુ તેની સાથે પુણ્યાનુબંધ જોઈએ. આવા પદ ઉપર પુણ્યોદય તો જોઈએ જ, પરન્તુ જો તે પાપાનુબંધી હોય તો બીજાનું હિત કરવા સાથે પોતાનું અહિત કરી બેસે. પુણ્યાનુબંધ પોતાનું પણ હિત કરે છે.

જ્ઞાનીઓ કહે છે કે સ્વનું-પરનું એમ બે હિતમાંથી એક જ હિત સંભવિત હોય તો પોતાનું હિત કરવું **(Safety first).** એ જાળવીને જો પરહિત થાય તો અવશ્ય કરવું. સ્વહિતમાં એકાન્તે લાભ છે. પરહિતમાં લાભની ભજના છે.

જેઓ સ્વહિત સાધ્યા વિના પરહિત કરે છે તે પરહિતમાં તેઓ કારણભૂત બની શકતા નથી. તેમાં તે આત્માનું ઉપાદાનકારણ મુખ્ય છે. ઉપદેશકને મફતનો જશ મળી જતો હોય છે.

ઘણા લાંબા દાયકાઓથી યુગપ્રધાન મહાપુરુષના આગમનની વાતો ચાલે છે પરન્તુ ગમે તે કારણસર - શ્રીસંઘના પુણ્યોદયની ખામીથી કે કાળની પ્રતિકૂળતાથી - તેમનું આગમન થયું નથી.

કેટલાક કહે છે કે ભરતક્ષેત્ર બહુ મોટું છે. એટલે જે તેનો અદશ્ય ભાગ છે ત્યાં યુગપ્રધાનો થતાં રહેતાં હોવા જોઈએ.

યુગપ્રધાન થાય તો ય કાંઈ ભૂતપૂર્વ મહાપુરુષોથી ચડિયાતા તો જ ન થાય; પરન્તુ જે વર્તમાનકાલીન યુગ છે તેમાં એકદમ ચડિયાતા - સર્વશ્રમણ માન્ય, સંઘસંગઠનકારી હોય. તે પૂરા અર્થમાં યુગપ્રધાન ન હોય તો પણ જો વિશિષ્ટ જ્ઞાની હોય તો યુગપ્રધાનતુલ્ય જ્ઞાની બની શકે.

**(૩) મધુરભાષી**

ગુરુ હંમેશ મધુરવાણી બોલે. તે જાણે છે કે કડવું બોલવાથી કેટલું બધું અહિત થતું હોય છે ! કડવું બોલવાથી બે કામ થઈ જતાં હોય તો ય તે સફળતા મેળવવા જેવી નહિ; કેમકે તેના પ્રત્યાઘાતરૂપે સામી વ્યક્તિના હૈયે તીવ્ર કડવાશ ફેલાઈ જાય છે.

બની શકે તો કડવી વાણી બોલવી જ ન જોઈએ. તેનાં પરિણામો કદી સારાં હોતાં નથી.

મીરાં કહે છે,

***"બોલ મા, બોલ મા, બોલ મા રે.....***
***રાધાકૃષ્ણ વિના બીજું બોલ મા."***

ગીતાર્થ ગુરુને કડવા થવા સુધી જરૂર જવું પડે પણ તે ક્યારેક.

બાકી તો પૂરી બુદ્ધિ વાપરીને, મીઠાશથી દરેક વાતને તે ઉકેલે.

સામાન્યતઃ એમ કહી શકાય કે જીવો બાળકક્ષાના હોય છે. તેમને સમજાવી પટાવીને કામ લેવાનું હોય છે. જો તેમ ન કરે તો બાળજીવો સંકલેશમાં પડી જાય અને ક્યાંક ખોટા નિર્ણયો લઈ બેસે.

ગુરુએ વાત્સલ્યથી જ શિષ્યોને સંયમજીવનની તાલીમ આપવી જોઈએ; કેમકે તાલીમ પોતે જ ખૂબ કડવી છે. તેમાં વચનોની કડવાશ ન હોય, વચનોની મીઠાશ જ હોય.

કડવાશના પ્રસારથી શિષ્યોને સંસાર યાદ આવે, ઘરે જવાનું મન પણ થાય. તેથી શાસનહીલના થાય.

**(૪) ગંભીર**

ગુરુ ગંભીર હોય. એમનું મન કોઈ ન કળી શકે.

ગુરુ પાસે અનેક આત્માઓ આલોચના કરે. એમાંની એકાદ પણ વાત તેમના મોંમાંથી બહાર ન નીકળી જાય. તેમ થાય તો તે વાત જાહેર થતાં તે આત્માને પારાવાર નુકસાન થવાનો સંભવ રહે.

જે ગુરુ આલોચના-દાનના કાર્યમાં સફળ રહે છે તે સેંકડો આત્માઓના પાપોનું પ્રક્ષાલન કરી આપીને પોતાનો મોક્ષ નક્કી કરી દે છે.

દીક્ષાદાતા ગુરુને ગુરુ કહેવાય. પ્રાયશ્ચિતદાતા ગુરુને ગુરુમા કહેવાય. એના ઉપકારનો બદલો કદી વાળી ન શકાય. આલોચનાદાતા ગુરુ જો ગંભીર હોય તો જ તેમની પાસે આલોચના થઈ શકે. જો આવા એકાદ પણ પ્રાયશ્ચિત્તદાતા ગુરુ આ ધરતી પર ન રહે તો જીવનની મેલી ચાદરોનું પ્રક્ષાલન કોણ કરી આપે ? આમ થતાં કેટલા બધા આત્માઓ - આલોચના કર્યા વિના - દુર્ગતિભેગા થઈ જાય.

આલોચના જાણવી અને શાસ્ત્રનીતિથી પ્રાયશ્ચિત્ત દેવું એના કરતાં મોટો પરાર્થ જગતમાં એકે ય નથી. આવા યોગ્ય ગુરુ બનવા માટે ગંભીરતા અત્યન્ત જરૂરી ગુણ બની જાય છે.

**(૫) ધૃતિમાન્ :**

ગુરુનો આત્મા મેરુ જેવો અડગ હોય. ખૂબ ધીરજવાળો હોય. એ ઉતાવળા ન થઈ જાય પણ ધીરજ રાખીને દરેક વસ્તુને વિચારે.

પ્રક્ષાલ જલ આવી રહ્યું હતું પણ કૌશલ્યા ધીરજ ધારણ ન કરી શકી. આપઘાત કરવા માટે ફાંસલો ખાઈ લીધો.

દ્રૌપદી ગમે ત્યારે ઉતાવળી બનીને ગમે તેમ બોલી નાંખતી. ગુરુથી આમ ઉતાવળા ન થવાય.

પરમાત્મા મહાવીરદેવે જયંતી નામની શ્રાવિકાને નાનકી વાત કરીને 'ધીરજ'નો મહિમા સમજાવ્યો હતો.

તે વાત આ રીતે હતી.

મરઘાંની દુકાને જઈને બે મિત્રોએ એકેકી સગર્ભા મરઘી ખરીદી. ઘરે જઈને એક મિત્રે મરઘીને એક ઠેકાણે મૂકી દીધી. ખૂબ ધીરજ રાખીને તેની પ્રસૂતિની રાહ જોવા લાગ્યો.

બીજો માણસ અધીરો થયો. વારંવાર મરઘીને અડે, પંપાળે. આથી પ્રસવ અટકી ગયો. તેને ક્યારેય મરઘી પ્રાપ્ત ન થઈ.

પ્રભુ જયંતીને કહે છે કે, "ધર્મના ફળની બાબતમાં જરાક પણ અધીરા થવું ન જોઈએ."

આ જ ભવમાં ફળની પ્રાપ્તિની અધીરાઈ થાય પણ નહિ. ધર્મનું ફળ તો પરલોક સુધી લંબાય પણ ખરું. જે અધીરો થાય તે ફળ ગુમાવે અને તેથી શ્રદ્ધા પણ ગુમાવે.

દરેક વ્યક્તિએ એવી દઢ શ્રદ્ધા રાખવી કે પ્રત્યેક ક્રિયાનું ફળ, દરેક ક્ષણે આત્માના ચોપડે જમા થઈ જ રહ્યું છે. ભલે કદાચ તે જાણવા ન મળે.

આંખ સામે દરિયામાંથી એક ડોલ પાણી ઉલેચાવ્યા પછી દરિયા સામે નજર કરાય તો એક ડોલ પાણી ઉલેચાયાનું દેખાય તો નહિ પરન્તુ ઉલેચાયું તો છે જ. આવું ધર્મના ફળમાં શ્રદ્ધા રાખીને રહેવું. એમાં અધીરા થવું નહિ. અધીરો શ્રદ્ધા ગુમાવશે, ઉલ્લાસ ગુમાવશે, કંટાળી જશે, ધર્મ હારી જશે.

જે સહુના ગુરુ છે એ તો ખૂબ જ ધૈર્યવાન હોય. કોઈ પણ આશ્રિતના વિકાસમાં તે અધીરા ન થાય. બધુ શ્રદ્ધાપૂર્વક જોયા કરે.

(૬) ભવ્ય જીવોને ઉપદેશદાનમાં ઉત્સાહી

જો સુપાત્ર જીવ મળે તો ગુરુ અવશ્ય ઉપદેશદાન કરે. અન્ય જીવો સંસારમાંથી ઊગરે અને મોક્ષ તરફ પ્રયાણ કરે એના કરતાં ઉત્કૃષ્ટ કામ બીજું કયું હોઈ શકે ? એકાદ પણ આત્માને સંસારથી ઉગારવો એ તો બહુ મોટી વાત કહેવાય.

ગુરુ ગીતાર્થ અને સંવિગ્ન છે એટલે એમનો પોતાનો મોક્ષ તો સુદઢ બન્યો છે. આથી જ તે અન્ય જીવોના હિત માટે છલાંગ મારે.

ના, પોતાના શિષ્યો કરવા માટે આ કામ હોતું નથી. અન્તે તો એ જ છે. પરન્તુ મુખ્ય કાર્ય તો આત્માઓને ધર્મ પમાડવાનું છે. ભલે પછી તે દેશવિરતિ ધર્મ પણ પામે.

પોતાનો શિષ્ય બનાવવા માટે લલચાઈને જે ગુરુ દીક્ષા આપે છે તેમને ઉતાવળ કરવા જતાં અપાત્ર વ્યક્તિઓને દીક્ષા અપાઈ જવાનું બને છે. આ શિષ્યો તેમને ધોળા દહાડે આસમાનના તારા દેખાડી દે છે. તેમના શાન્ત જીવનમાં પથરા નાંખીને અશાન્તિના વમળો ઊભા કરી દે છે. એવા કેટલાય ગુરુઓને મેં જોયા છે જેઓ આ કારણસર લમણે હાથ દઈને બેઠા છે.

જો ગુરુ સાચા અર્થમાં ગુરુ હોય તો તેઓ આવી ભૂલ કરે જ નહિ. આ રીતે લલચાય નહિ. તે તો ટકોરા મારીને : બરોબર તાલીમ આપીને દીક્ષા આપે.

અરે, દીક્ષા દેવાની વાત તો દૂર રહી; ઉપદેશ દેવામાં ય પાત્રતા જોવી પડે. કુપાત્રને ઉપદેશદાન એ સાપને દૂધ પાવા જેવું બને છે.

એક સાધુને કોક મહાત્માએ કહ્યું કે, "જ્યાં સુધી તથાભવ્યત્વ પાકે નહિ ત્યાં સુધી લાખ પ્રયત્ન કરાય તો ય મોક્ષ મળે નહિ."

આ સાંભળીને પેલા સાધુએ તત્ક્ષણ ઓઘો ફેંકી દીધો. તેણે કહ્યું કે જ્યારે તથાભવ્યત્વ પાકશે ત્યારે એની મેળે ઓઘો મળશે અને મોક્ષ પણ મળશે. અત્યારથી આ પંચાત શા માટે કરવી જોઈએ ?

જ્ઞાનીઓ કહે છે કે અયોગ્ય વ્યક્તિને ઉપદેશ દેવાની કરુણા કરવી તે અતિ-કરુણા છે : અ-સ્થાનીય કરુણા છે. હડકાયી કૂતરીને ચંદનનો લેપ કરવા જેવી એ કરુણા છે. અથવા કાચા ઘડામાં પાણી નાંખવાની એ કરુણા છે. આમ કરવામાં ઉભયનો નાશ થાય છે.

આ ઉપરથી ખ્યાલ આવશે કે જેને તેને ઉપદેશ દેવાય નહિ. તેવી ગાંડી કરુણા કરાય નહિ.

**(૭) અપરિશ્રાવી**

ગુરુનું દિલ એકદમ પાકું હોય. એ એવો ઘડો હોય કે જેમાં એકે પણ છિદ્ર ન હોય; જેથી કોઈ વસ્તુ બહાર નીકળી જાય.

આ વાત ખાસ કરીને આલોચનાના વિષયમાં સમજવાની છે. દરિયા જેવા દિલવાળા ગુરુના હૃદયમાં એવું અગાધ ઊંડાણ હોય કે બધું તેમાં સમાઈ જાય. ભૂલમાં કે સ્વપ્નમાં ય કોઈની ગુહ્ય વાત બહાર નીકળી ન જાય. આવું કરી બેસનાર ગુરુને અનંત સંસાર પરિભ્રમણ થઈ જાય.

બીજી રીતે એવું વિચારી શકાય કે જે ગુરુ હોય તેનામાં અસદાચારનું છિદ્ર ન હોવું જોઈએ. તે સાંગોપાંગ શાસ્ત્રચુસ્ત હોય. ધર્મકટ્ટર હોય. જિનશાસનના અત્યન્ત રાગી હોય. એની નસેનસમાં જિનશાસનનો રાગ ફરી વળ્યો હોય. એના શબ્દોમાં આ પદાર્થો પ્રત્યે અત્યન્ત બહુમાન નીતરતું દેખાતું હોય.

એ ઉત્સૂત્રભાષી ન હોય; શારીરિક કારણસરના પોતાના અનિવાર્ય દોષ બદલ એ ઉઘાડો ખેદ વ્યક્ત કરતા હોય; કેમકે તે સંપૂર્ણપણે નિરભિમાની હોય.

ગુરુમાં બાહ્ય વિશિષ્ટતાઓ તો હોય જ પણ તેથી વધુ અભ્યન્તર ગુણ-વિકાસ થયેલો હોય. એ જોઈને કોઈ પણ વ્યક્તિ એમ બોલી ઊઠે, "શું આ આત્મા છે ! કેવો ઉત્તમ (રોયલ) તેનો સ્વભાવ છે ! જાણે કે બધા ગુણો તેનામાં આવીને રહેલા છે !"

જો ગુરુ આવા ગુણવાન્ હોય તો જ તેમનું ગુરુત્વ પરાર્થમાં ખીલી ઊઠે. માત્ર શક્તિમાન્, ધર્મક્રિયાવાન્, જ્ઞાનવાન, લબ્ધિમાન્ ગુરુનું ઝાઝું મૂલ્ય ન ગણી શકાય. એ બધું પછી છે. ગુરુ અત્યન્ત ગુણવાન્ હોય.

જો ગુરુમાં ચોથા કે પાંચમા મહાવ્રત સંબંધિત દોષો હોય - ઉગ્રરૂપે હોય - તો તેવા મોટા ગાબડાવાળા (માત્ર છિદ્રવાળા નહિ) ગુરુને તો આશ્રિત-શિષ્યો કે ભક્તોએ ત્યાગી દેવા જોઈએ. ભલા, કાંણા(છિદ્ર)વાળી હોડી જો સહુને ડુબાડે તો મોટા ગાબડાંવાળી હોડી તો સત્વરે ડુબાડી દે... તમામને.

**(૮) સૌમ્ય**

સામાન્યતઃ ગુરુ સૌમ્ય એટલે કે શાન્ત અને પ્રસન્ન રહે. કેમકે તેથી શિષ્યોના અંતરમાં એમના ઉકળાટનો સતત ગભરાટ રહ્યા ન કરે. તેમ થાય તો ઉલ્લાસ વિનાના શિષ્યો કોઈ આરાધના દિલ દઈને ન કરે. સૌમ્ય આકૃતિવાળા ગુરુના દર્શન માત્રથી શિષ્યોનો સંયમજીવન જીવવાનો ઉત્સાહ વધી જાય.

સૌમ્ય ગુરુ પાસે રહેવાનું બધા શિષ્યોને ખૂબ ગમે. એ માવડીની ગરજ સારે. આમે ય મોક્ષમાર્ગની આરાધના ખૂબ કઠિન છે. તેમાં જો ગુરુ ઉગ્ર સ્વભાવના– ક્રોધી– હોય તો આરાધના વધુ મુશ્કેલ બની જાય.

મને ફરી કહેવા દો કે ગુરુના અપ્રતીમ વાત્સલ્યદાન (અને વાચનાદાન) વિના શિષ્યોનો આધ્યાત્મિક વિકાસ સદા માટે સ્થગિત રહેશે. એટલું જ નહિ પણ તેમના જીવનમાં દોષો પ્રવેશી જશે. તેઓ કોઈ બીજાનો સ્નેહ મેળવવા તરફ દોડી જશે.

જો આવું થાય તો તેમના ગુરુઓએ તેમનો દોષ કાઢવો નહિ. પોતાના ક્રોધી સ્વભાવને દોષિત ગણાવીને સુધરવા માટે પ્રયત્ન કરવો. અન્યથા એમના ક્રોધના ખપ્પરમાં બીજા શિષ્યો પણ હોમાતા જશે.

ક્રોધ અત્યન્ત ખરાબ દોષ છે. અપેક્ષાએ કામ કરતાં વધુ ખરાબ છે. ક્રોધી માણસના શરીરમાંથી નીકળતી અપવિત્ર ઊર્જા નજીકના સોળ માણસોના મનને ક્ષુબ્ધ કરે છે. તે બધા મુશ્કેલીમાં મુકાઈ જાય છે. બેશક; તેમને નુકસાન થાય તે પૂર્વે ક્રોધી માણસનું જીવન સળગી ગયું હોય છે.

જ્ઞાનીઓ કહે છે ક્રોડપૂર્વનું સુદીર્ઘ સંયમબળ ક્રોધની એક ક્ષણમાં સળગીને સાફ થઈ જાય છે. ક્રોધીનો તપ (ક્રોધનું અજીર્ણ) સાફ થઈ જાય છે. ચંડકૌશિકના પૂર્વભવીય તપસ્વી સાધુને નજરમાં લાવો. ક્રોધનો કેટલો ભયંકર વિપાક અનુભવ્યો. તેનો અનુબંધ વ્યાપક બનતો જઈને, ક્ષમાશ્રમણ, અરિહંત પરમાત્મા મહાવીરદેવને ઝેરની પીચકારીઓ દેવા લાગ્યો.

જે ગુરુના સ્થાને છે તેનાથી ક્રોધ ન છૂટકે જ કરાય.

હા, તેને ક્રોધ કરવો પડે અને જરૂર પડે તો લાફો પણ મારવો પડે. જ્ઞાનીઓએ 'પડિચોયણા' સુધીની સત્તા ગુરુઓને આપેલી છે. ઉચ્છૃંખલ સાધુને ઠેકાણે લાવવા માટે યોગ્ય લાગે તે હદ સુધી ગુરુ જઈ શકે છે.

પરન્તુ એ ક્રોધનો અવાજ ગળામાંથી જ નીકળે, ડૂંટીમાંથી કદાપિ નહિ.

વિષ્ણુકુમાર મુનિનો ક્રોધ શાસનદ્રોહી આત્મા ઉપર પ્રજ્વલિત થયો હતો. એમના ક્રોધને શાન્ત પાડવા માટે દેવોને ક્ષમાનો મહિમા ગાતા રાસડાં લેવા પડ્યા હતા. આમ છતાં જ્ઞાનીઓએ કહ્યું છે કે તે ક્રોધ પણ સંજ્વલનના ઘરનો હતો. ગળામાંથી હતો; ડૂંટીમાંથી નહિ.

ભોજરાજાના સમયના ગુરુ સૂરાચાર્ય પોતાના શિષ્યો વિદ્વાન બને તે માટે

તેમને સ્વાધ્યાયમાં ઓતપ્રોત રાખતા. તેમાં પ્રમાદ કરે તો કાળી જાડી આંકણી મારતા. જો કે આ વધુ પડતી ઉગ્રતા હતી, એટલે તેમના ગુરુએ તેમને ઠપકો આપીને તે રીતની સજા બંધ કરાવી હતી.

મને લાગે છે કે ક્રોધ એ ન છૂટકાનું શસ્ત્ર છે. પરન્તુ સૌમ્યભાવ એ સદાબહાર સફળ શસ્ત્ર છે.

ધિક્કાર દ્વારા કોઈ શિષ્યને દબાવી શકાતો હોય કે તેની પાસેથી ધાર્યું કામ લઈ શકાતું હોય તો ય તે શસ્ત્ર નહિ અપનાવવું; વાત્સલ્યથી જ કામ લેવું.

ધિક્કારથી જીત મળે તે કરતાં વાત્સલ્યથી હારી જવું સારું. આમાં આશ્રિતોના હૈયે આપણી ક્રૂર આકૃતિ સદા માટે નિર્મિત નહિ થાય. આ પરાજયમાં મોટો વિજય છે.

ગુરુ સદા માટે સૌમ્ય રહી શકે નહિ. એવા વિચિત્ર સાધુઓ માટે તેમણે કડક પણ રહેવું પડે.

સામાન્યતઃ ગુરુની મુખાકૃતિ ભીમ રહે : ધાકભરેલી રહે. આથી જ વાતાવરણમાં શિસ્ત, શાસ્ત્રીયતા વગેરે સદા ગાઢ બની રહે. હવે ગુરુએ ક્રોધ કરવાની : ઉગ્ર બનવાની જરૂર રહેતી નથી. તે સદા સૌમ્ય આકૃતિવાળા રહે.

કેટલાક ગુરુનું પરાઘાત નામકર્મ ઉદયમાં હોય. આથી શિષ્યો - તેઓ કોઈ ઉગ્રતા ધારણ ન કરે તો ય તેમનાથી બધા ડરતા રહે. આ ડર અત્યન્ત લાભદાયી નીવડે.

આચારાંગ સૂત્રમાં ગુરુ અને તેમના ભક્ત રાજાની વાત આવે છે; જેમાં બધા શિષ્યોના સાંભળતાં રાજા કહે છે કે, "આપના સમુદાયમાં કોઈ ઉચ્છ્રૃંખલ સાધુ હોય અને આપ તેને કાબૂમાં લઈ શકતા ન હો તો મને જણાવજો. આવું બધું બિલકુલ ચલાવાય નહીં. અન્યથા બીજા સાધુઓને પણ તેનો ચેપ લાગે. અમારા રાજશાસનમાં અમે પૂરી ધાક સાથે રહીએ છીએ. આપના ધર્મશાસનમાં પણ તેવી ધાક આપે જમાવવી જોઈએ."

સમુદાયનો બાળ-ઉદ્ધત સાધુ આ સાંભળીને ખૂબ ડરી ગયો. રાજાએ ટૂચકો કરીને તે સાધુને સીધોદોર કરી દીધો !

શ્રાવકો સાધુઓના અમ્માપિયા બને તે આનું નામ.

સામાન્ય સંજોગોમાં સાધુઓ, શ્રાવકોના અમ્માપિયા પણ વિશિષ્ટ સંયોગમાં શ્રાવકો, સાધુના અમ્માપિયા. આમાં જે ફરજ ચૂકે તે જિનશાસનનો ગુનેગાર બને.

ભલા, આ તો ચૌદરાજલોકવ્યાપી જિનશાસન છે. સર્વજીવરાશિની તે કાળજી કરે છે. તેમાં 'અવ્યવસ્થા' તો કેમ ચાલી શકે ?

**(૯) સંગ્રહશીલ**

શિષ્યોને કટોકટી સર્જાય તે વખતે તેમને આપવા માટે જરૂરી ઉપકરણોનો ગુરુ સંગ્રહ કરે.

ખરેખર તો દરેક સાધુની 'ઉપધિ' એકદમ ઓછી હોય છે. જ્ઞાનીઓએ કહ્યું છે કે સાધુનો પરિગ્રહ એટલો જ હોય કે, "મકાનને આગ લાગે ત્યારે તે બધું લઈને એકાદ મિનિટમાં નીકળી જવાય."

પરન્તુ ગુરુને માથે તેમની બધી કાળજી કરવાની જવાબદારી હોય છે. એટલે તે બધા શિષ્યોને એક વર્ષ માટે મળી શકે તેટલો 'એક સેટ' રાખવાનું જ્ઞાનીઓએ જણાવ્યું છે.

શિષ્યો જ્યાં ચાતુર્માસાદિ માટે ગયા હોય ત્યાં એકાએક વસતિને આગ લાગે, અથવા લૂંટારુઓ તમામ ઉપધિ લૂંટી જાય તો તેવા પ્રસંગે શિષ્યોને ઉપધિ પહોંચાડવાની જવાબદારી ગુરુના શિરે હોય છે. આથી તે એક વર્ષની સંપૂર્ણ ઉપધિનો સંગ્રહ કરવાને અધિકારી છે.

કોઈ સવાલ કરશે કે આમાં ગુરુને આસક્તિ ન થાય ? તેનો ઉત્તર એ છે કે જિનશાસનના જે સાચા ગુરુ છે તે ગીતાર્થ (જ્ઞાની) હોવા સાથે સંવિગ્ન (વિરક્ત) હોય છે. તેમને ક્યાંય આસક્તિ થવાનો સવાલ સામાન્યતઃ આવતો નથી.

સ્વર્ગેથી અપ્સરા ઊતરી પડે કે ભિક્ષામાં પાંચ પકવાન્ન મળે અને શિષ્યો ગુરુને વાપરવા માટે આપે તો ય - ક્યાંય ગુરુને આસક્તિ થાય નહિ.

ભલા; તેવા અનાસક્ત ગુરુને જ ગુરુ કહેવાય છે.

આવા ગુરુને માટે તો ઉત્તમ કક્ષાના ભોજન-દ્રવ્યો શોધીને લાવવાનું શિષ્યોને જ્ઞાનીઓએ જણાવ્યું છે. એનો ફાયદો શિષ્યોને વાચનાલાભનો મળે છે. જો અનુકૂળ દ્રવ્યોના સેવનથી ગુરુના શરીરમાં વિશિષ્ટ રીતની શાતા ઉત્પન્ન થાય તો ગુરુ શિષ્યને અપૂર્વ સંવેગજનક વાચનાઓ આપે. એ વાચનાઓ શિષ્યોના ઉલ્લાસમાં ભરતી લાવે. જીવનમાં આરાધનાની નવી નવી ક્ષિતિજો સર કરવાના મનોરથો કરાવે.

સારી વસ્તુથી ગુરુને આસક્તિ થઈ જશે તો ? આવી હલકી કલ્પના કદી

કરવી નહિ. શાસ્ત્રકારોને માન્ય એવા ગુરુમાં આવી કોઈ સંભાવના જ નથી. અન્યથા શિષ્યોએ ગુરુને લુખ્ખાભઠ્ઠ રોટલા જ ખવડાવવા જોઈએ; જેથી તેમને લેશ પણ આસક્તિ થાય નહિ !

કેવી વાહિયાત વાત છે !

એક વર્ષની ઉપધિના પરિગ્રહને પરિગ્રહ કહેવાય નહિ; જો તેમાં લેશ પણ મૂર્ચ્છા ન હોય. મૂર્ચ્છાને જ પરિગ્રહ કહ્યો છે.

જિનશાસનના શણગારભૂત અણગારો [ગુરુજનો] શું આસક્તિની વિષ્ઠામાં હાથ નાંખે ? શું તેમાં રગદોળાય ?

મંગુ આચાર્ય કે સુમંગલ આચાર્ય કે સિંહગુફાવાસી મુનિ જેવા આમાં અપવાદરૂપ છે. બાકી તો વર્તમાન દેશકાળમાં ય કેટલાય અગીતાર્થ સાધુઓ પણ અનાસક્તિની ટોચે જઈને બેઠેલા જોવા મળે છે. દીર્ઘકાલીન ઉગ્ર તપ કરતા હોય છે.

**(૧૦) અભિગ્રહોના ધારક**

ગીતાર્થ ગુરુ અનેક અભિગ્રહોના ધારક હોય. દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી અને ભાવથી - એમ ચાર રીતે અભિગ્રહો ધારણ થાય છે.

અભિગ્રહો ધારણ કરવા તે પણ રસત્યાગ, દ્રવ્યત્યાગ વગેરે પ્રકારનો તપ છે. પરમાત્મા મહાવીરદેવ (ચંદનબાળાના પ્રસંગમાં), ખેમર્ષિ વગેરેએ ખૂબ વિચિત્ર પ્રકારના એવા અભિગ્રહો ધારણ કર્યા છે જે પૂર્ણ થવા લગભગ અશક્ય લાગે. છતાં અભિગ્રહના પુણ્ય પ્રભાવે જ તેવા અશક્યપ્રાયઃ અભિગ્રહો પણ પૂર્ણ થયા છે.

અભિગ્રહો એ ઇચ્છાનિરોધ નામનો તપ છે. પાંચ મહિના અને પચીસ દિવસ સુધી પરમાત્મા મહાવીરદેવ રોજ ભિક્ષા વહોરવા જતા અને અભિગ્રહ પૂર્ણ નહિ થતાં સવાઈ પ્રસન્નતા સાથે પાછા ફરતા. ભિક્ષા વાપરવાની ઇચ્છાનો નિરોધ કરીને રોજ એકેકા ઉપવાસનું પચ્ચક્ખાણ–પાછા ફરતાં–કરી લેતા.

ખેમર્ષિના અભિગ્રહોના પ્રકારો અતિ આશ્ચર્યજનક રહેતા.

ગુરુના માથે જિનશાસનસેવાની અને જૈનસંઘની રક્ષાની મોટી જવાબદારી છે. છતાં તેને બાધ ન આવે તે રીતે તેઓ પણ ભોજન, ક્રિયા, તપ વગેરે સંબંધિત ઘણા અભિગ્રહો કરતા. શિષ્યોના વિકાસ માટે પણ તેમના અંગે અભિગ્રહો કરતા અને એ રીતે પોતાના પગ ઉપર કુહાડો મારતા.

કેવા મહાન્ ગુરુઓ !

અભિગ્રહો કરવાથી જે તે વસ્તુઓના ઉપભોગ ઉપર ખાસ્સું નિયન્ત્રણ આવે. જીવન ત્યાગમય બન્યાથી ખૂબ આનંદ આવે. ગુરુના તેવા જીવનની શિષ્યો ઉપર ખૂબ અસર પડે.

ગુરુ જેટલા શિથિલ એટલા શિષ્યો પણ સામાન્યતઃ શિથિલ. આથી જ જ્ઞાનીઓ કહે છે કે ગુરુઓએ ઉત્તમ કોટિનું તપોમય, ત્યાગમય જીવન જીવવું જોઈએ. નહિ તો આશ્રિતોને એમ થશે કે, "ધર્મ તો માત્ર ઉપદેશની વસ્તુ છે, આચરણની નહિ." આમ થતાં એ શિષ્યો પણ જ્યારે ગુરુ બનશે ત્યારે પોતાના ગુરુના શિથિલ જીવનને અનુસરશે; અને એવું પણ કદાચ બેધડક કહેશે કે "અમે અંદરથી (મનથી) અમારા ગુરુની જેમ અનાસક્ત છીએ માટે તમારે અમને કોઈ શિખામણ દેવી નહિ."

હાય, જો આમ જ શિષ્યોની પરંપરામાં ચાલ્યું તો તેનો મૂળ-ચાલક ગુરુ અનંત સંસારી થયા વિના રહે નહિ.

બાળજીવોની સામે માત્ર મનની અનાસક્તિ ન ચાલે. તનનું તપોમય જીવન પણ હોવું જોઈએ.

અરે, એક વાર મનની આસક્તિ ચાલે (તેથી તે સાધુ દુર્ગતિગામી બનશે) પણ તનનું સ્વચ્છંદી જીવન તો ન જ ચાલે; કેમકે તેથી તો ઘણા બધા જીવો દુર્ગતિગામી બને. વિવિધ અભિગ્રહો લેવાથી તન ઉપર ઘણું નિયન્ત્રણ આવે છે. એમ થતાં મન ઉપર પણ સહજ નિયન્ત્રણ આવે છે.

આંખેથી (તનથી) નારીનું દર્શન જ નહિ કરનાર વ્યક્તિને મનથી વિકાર જાગી શકતો નથી.

મનને સરળતાથી વશ કરવું હોય તો તનનિયન્ત્રણ કરવું જોઈએ.

**તન જીતે મન જીત.**

અભિગ્રહો કરવાથી તન-નિયન્ત્રણ સરસ થાય છે.

**(૧૧) અવિકત્થન**

ગુરુ વધુ પડતું - નિરર્થક - બોલે નહીં. તેમાં ય ખાસ કરીને સ્વપ્રશંસા કરે નહિ. પોતાની પ્રશંસા કરવી એ ગુરુનું છીછરાપણું કહેવાય. પૂર્વે કહ્યા મુજબ ગુરુ ગંભીર હોય.

પરદોષદર્શન કરીને પરનિંદા કરવી અને સ્વગુણદર્શન કરીને સ્વપ્રશંસા કરવી એ બહુ અધમ બાબતો છે. જે પરગુણ જોઈને પરપ્રશંસા કરે અને સ્વદોષોને જોઈને સ્વનિન્દા કરે એ આત્મા ધર્મ પામવાને લાયક કહેવાય. આ બાબતો એ ધર્મનો પાયો છે.

સ્વપ્રશંસા અને પરનિન્દા કેટલા ઘાતકી દોષો છે તે વાત યુધિષ્ઠિર અને અર્જુન વચ્ચે બનેલી ઘટનામાં નારદજીએ સમજાવી છે. ત્યાં નારદે કહ્યું છે કે પરનિન્દાથી પરને એટલો આઘાત લાગી શકે કે એ મરવા જેવો થઈ જાય. તેમ સ્વપ્રશંસાથી માણસ એટલો બધો અભિમાનમાં આવી જાય કે પોતાની માણસાઈને હણી નાંખે.

રામપુરી ચપ્પા વિનાના આ બે ખંજરો છે; જે ઘોંચવાથી નથી લોહી નીકળતું કે નથી જીવ નીકળી જતો; પરન્તુ માણસ જીવતો મરી જાય છે.

આપણી કોઈ નિન્દા કરે કે પ્રશંસા કરે ત્યારે બંનેમાંથી પચાસ ટકા ઓછા ગણવા. એટલે નિન્દા કરે ત્યારે એમ વિચારવું કે, "મારા પ્રત્યેના ખૂબ ધિક્કારમાં આવી જઈને એ મને ગમે તેમ ભાંડે છે; તો તે સો ટકા સાચું ન જ હોય. હા, જરૂર પચાસ ટકા તો સાચું હોય જ. એટલે મારે એમાંથી બોધ મેળવવો જ જોઈએ."

પ્રશંસામાં એ વિચારવું કે "મારા પ્રત્યેની વિશિષ્ટ લાગણીથી મારા ગુણો ગાય છે, પણ તે વધુ પડતા છે. એમાંથી પચાસ ટકા તો મારે કાપી જ નાંખવાના. કેમકે હું કાંઈ તેટલો બધો પ્રશંસાને પાત્ર નથી."

ટૂંકમાં,

નિંદામાંથી પચાસ ટકા લેવાના.

પ્રશંસામાંથી પચાસ ટકા ત્યજી દેવાના.

આ બધું છતાં લેખકશ્રી કહે છે કે 'બહુ બોલવું જ નહિ' એ સૌથી સારી વાત છે. કોકની પ્રશંસા કરવા જતાં ય 'મસ્કાબાજી' થઈ જશે તો ? કોકની નિંદા કરવા જતાં વધુ પડતું આઘાતજનક બોલાઈ જશે તો ?

આના કરતાં અત્યન્ત આવશ્યક બાબત સિવાય ન બોલવું : મૌન જ રહેવું એ વધુ સારું છે.

સાચો સાધુ 'મૌનીબાવા' હોય. એથી એના મુખ ઉપર સદાય ગંભીરતા જણાતી હોય. એની સાથે વાતો (ગપ્પા? ) કરવા જતાં સો વાર વિચાર કરવો પડે.

એક વાર કોઈ અજૈન બાઈએ 'પતિનો દીર્ઘકાલીન વિયોગ ક્યારે પૂરો થશે ?' તેવું સ્વરોદયાદિના જાણકાર એવા મુનિને પૂછ્યું. મુનિથી સાચું કહેવાઈ ગયું, "આજે જ સાંજે."

અત્યન્ત આનંદવિભોર બનીને બાઈએ પતિને વધાવવા માટે સોળ શણગાર સજ્યા. હાય, પતિ આવ્યો તો ખરો; પણ એ બાઈએ કોઈ પરપુરુષને મળવા જવાની તૈયારી કરી હતી તેવી શંકા પડી. આ વાતમાંથી એટલી મોટી ધમાલ થઈ ગઈ કે તેમાં પાંચ જીવોની હત્યા થઈ ગઈ.

ગુરુ તો એટલા બધા ઊંચા પદે બિરાજેલા છે કે તેમનાથી એકાદ શબ્દ પણ અસ્થાને કે અયોગ્ય રીતે બોલાઈ જવો ન જોઈએ.

**(૧૨) અચપલ**

ગુરુ વાનર જેવા ચંચળ ન હોય. તે સ્થિર સ્વભાવના હોય; સ્થિર વિચારના હોય. ખૂબ વિચાર કરીને નિર્ણય લેતા હોય જેથી - ખાસ કારણ ઉપસ્થિત થવા સિવાય - વિચાર બદલવો ન પડે.

ચંચળતા એ વાનરવેડા કહેવાય; કેમકે વાનર અત્યન્ત ચંચળ હોય છે.

પોતાનો સ્વાર્થ સાધવા માટે કે તે ઘવાય ત્યારે વાંદરાને ચંચળ બની જતાં વાર ન લાગે.

હાથમાં મશાલ લઈને સિંહાસનસ્થ રાજાની બે બાજુએ ઊભા રહેલા વાનરોને જ્યારે કેરીના કરંડિયા – રાજાને બક્ષિસ મળેલા - જોવા મળ્યા કે તે ચંચળ બની ગયા. તેમણે સળગતી મશાલો રાજા ઉપર નાંખી દીધી અને કેરીના કરંડિયા ઉપર તૂટી પડ્યા. બિચારો રાજા દાઝીને મરી ગયો !

પેલો બાલચન્દ્ર મુનિ ખૂબ વિચિત્ર હતો. તેથી જ ગુરુ હેમચન્દ્રસૂરિજી તેની ભારે માંગણી છતાં તેને આચાર્યપદે આરૂઢ કરતા ન હતા.

આ પાત્રતાહીન સાધુને ગુરુએ મુહૂર્તસમય થાય કે થાળી વગાડવાનું શ્રાવકોને જણાવવું તેમ કહ્યું. પણ અફસોસ ! તેણે જાણી જોઈને થાળી વહેલી - સાવ ખરાબ પળોમાં - વગડાવી દીધી.

તે પળે બધાએ પોતપોતાના જિનબિંબોને પ્રતિષ્ઠિત કરી દીધા.

પાછળથી ગુરુને સાચી વાતની જાણ થઈ. પ્રતિષ્ઠાકારકોને જણાવ્યું કે, "મારા ચંચળ શિષ્યે કરેલી ભૂલનું પરિણામ મારે, તમારે, સહુએ ભોગવવું પડશે. આયુષ્યને ઉપક્રમ લાગીને આયુષ્યમાં ઘટાડો થશે."

અયોગ્ય વ્યક્તિને સાધુ બનાવવામાં, પદવી આપવામાં, શિષ્ય કરી આપવામાં અને છેદ વગેરે ગ્રન્થોનો પાઠ આપવામાં પારાવાર જોખમ રહેલું છે. એ સાપને દૂધ પાવા જેવી વાત છે. વર્તમાન સમયનો જૈનસંઘ આ બાબતોથી ખૂબ હતપ્રહત થઈ ગયો છે.

**(૧૩) પ્રશાન્ત હૃદય**

ગુરુ એકદમ શાન્ત મગજના હોય. શાન્ત હોય, પ્રશાન્ત હોય, ઉપશાન્ત હોય. જ્ઞાનદશાને પામવાથી તેમના રાગદ્વેષ સાવ પાતળા : ઠંડા પડી ગયા હોય.

મુનિજીવનની સાધનાની સફળતા વિષય-કષાયની પરિણતિના ઉપશમમાં છે.

ધર્મક્રિયા સ્વરૂપ ઘણી બધી પ્રવૃત્તિઓથી રાગાદિ દોષોનો પ્રશમ જો ન સધાય તો એ પ્રવૃત્તિઓથી સદ્ગતિ મળે પણ મુક્તિ તો ન જ મળે.

પ્રવૃત્તિઓના પરિઘોમાં ચક્કરો મારતાં મારતાં પરિણતિના કેન્દ્રવર્તી બિન્દુએ પહોંચવું જ રહ્યું. અન્યથા પ્રવૃત્તિમાં ગતિ કહેવાય પણ પ્રગતિ નહિ કહેવાય.

પ્રવૃત્તિઓમાં ધસારો જો દોષોમાં ઘસારો ન પેદા કરે તો એ ધસારો નિષ્ફળ ગયો કહેવાય. પુષ્કળ ધર્મપ્રવૃત્તિ લાંબા સમય સુધી કરતાં ધર્માત્મામાં, રાગાદિ દોષોની સાવ અલ્પતા જો ન જોવા મળે તો સમજવું કે એ ધર્માત્મા વાસ્તવિક રીતે ધર્મને સ્પર્શ્યો નથી.

દરેક સાધુએ દોષોની આંતર-પરિણતિમાં કેટલો ઘટાડો થયો ? તે વાત ધર્મ પ્રવૃત્તિની પ્રત્યેક પળમાં વિચારતા રહેવી જોઈએ.

પ્રવૃત્તિમાં શુભ કર્મનો બંધ માત્ર છે.

પરિણતિમાં જ ધર્મ છે.

આવી આત્મસ્થિતિનું સર્જન જ્ઞાન-દશા કે જ્ઞાની-પારતંત્ર્ય વિના શક્ય નથી. સવાસો ગાથાના સ્તવનમાં કહ્યું છે :

**કષ્ટ કરો, સંજમ ધરો, ગાળો નિજ દેહ,**
**જ્ઞાનદશા વિણ જીવને, નહિ કર્મનો છેહ.**
**રાગદ્વેષ મળ ગાળવા ઉપશમ રસ ઝીલો**
**આતમપરિણતિ આદરી પરપરિણતિ પીલો.**

ધર્મ એટલે રાગાદિ દોષોનો ઉપશમ. એને પામવા માટે જે ધર્મક્રિયાઓ કરાય તે ધર્મ. બાકીની ધર્મક્રિયાઓને ધર્મ કહેવાય નહિ. દરેક સાધુએ પરિણતિ–

ધર્મ ઉપર ખૂબ વિચારણા કરવી જોઈએ.

ખાસ કરીને ત્રણ પરિણતિઓનું વિશેષ મહત્ત્વ કહી શકાય :

(૧) જીવકરુણા

(૨) જિનાજ્ઞા બહુમાન

(૩) પાપભય.

અહીં ગુરુના [પ્રધાનગુરુના તથા ઉપચારથી ગૌણ-ગુરુના] તેર ગુણો જણાવ્યા. પૂર્વે મેં જણાવ્યું છે કે ગુરુ એટલે મુખ્યત્વે તો ગણાધિપતિ ગીતાર્થ સંવિગ્ન આચાર્ય.

ગ્રન્થકારશ્રી હવે જણાવશે કે આચાર્યનું મુખ્ય કાર્ય શું છે ?

* * * *

**कइयावि जिणवरिंदा पत्ता अयरामरं पहं दाउं ।।**
**आयरियेहिं पवयणं धारिज्जइ संपयं सयलं ।। 12 ।।**

**અર્થ :** કોઈ કાળે [નિયતિ પ્રમાણે] તારક તીર્થંકરદેવો મોક્ષપ્રાપક એવો જિનધર્મ [જિનશાસન] ભવ્ય જીવોને દઈને મોક્ષપદ પામ્યા છે. હાલમાં એ જિનશાસનને આચાર્યો વહન કરે છે.

**વિવેચન :** તારક તીર્થંકરદેવોએ જે ધર્મશાસનની સ્થાપના કરી; તેને ચલાવવાની જવાબદારી ચતુર્વિધ સંઘને સોંપી. તેમાં ય મુખ્યત્વે શ્રમણોને સોંપી. તેમાં ય મુખ્યત્વે આચાર્યને સોંપી. આથી તીર્થંકરદેવની ગેરહાજરીમાં આચાર્ય એ તીર્થંકરદેવ તુલ્ય ગણાય છે.

તારક તીર્થંકરદેવ જ્યારે વીતરાગ-સર્વજ્ઞ ભગવંત બને છે, ત્યારે તીર્થંકરનામકર્મનો ઉદય થાય છે. આથી તેઓ ચોત્રીસ અતિશયોથી યુક્ત બને છે. તેમની વાણીમાં પાંત્રીસ અતિશયો હોય છે.

આ અતિશયોનો પ્રભાવ અવર્ણનીય, અદ્‌ભુત અને અપ્રતીમ હોય છે. અતિશયો દ્વારા સર્વજીવહિતની તેમની ભાવના કેટલાક અંશે સાર્થક બને છે.

આ અરિહંતદેવ દ્વારા ધર્મશાસનની સ્થાપના થાય છે તેને વહન કરવાની જવાબદારી ગણધર આદિ ભગવંતોના માથે હોય છે. વર્તમાન કાળમાં વિશિષ્ટ કોટિના સંઘાચાર્યને માથે હોય છે.

અરિહંતદેવની વિશ્વકલ્યાણની ભાવનાને સાકાર કરતું આ ધર્મશાસન છે.

એની જવાબદારી ઊઠાવતાં સંઘાચાર્ય એ કોઈ સામાન્યકોટિના ન જ હોય. તે અત્યન્ત સદાચારી - પંચાચારના પાલક હોય, તે મહાગીતાર્થ હોય, તે પ્રચંડ પુણ્યાનુબંધી પુણ્યના સ્વામી હોય. તે ઢગલાબંધ ગુણોના સ્વામી હોય. તે વિષયો પ્રત્યે અનાસક્ત હોય.

કમનસીબે હાલમાં સંઘાચાર્ય નથી. તેવું વૈશિષ્ટ્ય ધરાવતી કોઈ વ્યક્તિ પણ જણાતી નથી. છતાં સરેરાશ રીતે દેશકાળની અપેક્ષાએ જે યોગ્ય ગણાય તે મહાત્માને સંઘાચાર્યના પદે બિરાજમાન તો કરવા જોઈએ. નહિ તો નેતૃત્વહીન અને સંગઠનહીન આ જૈનસંઘ ખાડે જાય તે સંભવિત છે. આપસમાં સંઘર્ષો થાય, આમન્યાઓ તૂટી જાય, મર્યાદાઓનો લોપ થાય, મજબૂત વ્યવસ્થાનું નિર્માણ ન થાય, મૂંઝવણોના શાસ્ત્રીય ઉકેલો ન મળે.. હાય, શી રીતે હાલમાં જૈનસંઘનું નાવ ચાલતું હશે !

જૈનસંઘ જેટલો નબળો પડે તેટલી ભારતમાં અને વિશ્વમાં અવ્યવસ્થા અને અંધાધૂંધી ઊભી થાય. વિશ્વયુદ્ધો પણ થાય. ઘોર હિંસાનો આતંક પણ ફેલાય. હવે આ સ્થિતિ દૂર જણાતી નથી.

હાલમાં જૈનસંઘમાં એકસો ચાલીસ જેટલા આચાર્યો છે; પણ તેમનામાં એકતા નથી. તેઓ જ્યારે પણ સંમેલન જેવું કરે છે ત્યારે પરસ્પર મનદુઃખ કરીને છૂટા પડે છે.

જ્યારે ભારતની હિન્દુપ્રજાના બધા ધર્મો ઉપર ઈસાઈ અને ઈસ્લામ ધર્મ ત્રાટક્યો છે ત્યારે તેની સામે તે તમામ ધર્મોના આચાર્યોએ પાંચ નહિ પણ એકસો પાંચનો યુધિષ્ઠિર–ન્યાય અપનાવવાનો છે. જ્યારે જૈનાચાર્યોએ જ બધા ધર્માચાર્યોને સ્યાદ્વાદ શૈલીથી માર્ગદર્શન આપવાનું છે. જ્યારે તેમની ત્યાગમયતા અને તપોમયતા જ શત્રુઓને પડકારવાને સમર્થ છે, ત્યારે તેઓ એક ખૂણે બેસી જાય અથવા પોતાની નબળી સ્થિતિના કારણે ફેંકાઈ જાય તો તે કેટલું બેહૂદું ગણાય.

ક્યાં પેલા કાલકસૂરિજી ! સેનાને યુદ્ધ કરવા માટે દોરવનારા !

ક્યાં પેલા હેમચન્દ્રસૂરિજી ! દૈવીબળથી અને બુદ્ધિબળથી ગુજરાતના મહાપ્રતાપી રાજાઓ : સિદ્ધરાજ જયસિંહ અને કુમારપાળને સુરાજ્ય ચલાવવાનું માર્ગદર્શન આપનારા !

મને લાગે છે કે જૈનસંઘનું સાંગોપાંગ હિત વહેલી તકે સુયોગ્ય સંઘાચાર્યપદને જીવંત કરી દેવામાં છે.

આટલું થાય પછી તે સંઘાચાર્ય સુસ્થિત મહારાજાની જેમ જૈનધર્મનો વિસ્તાર કરવા માટે જૈન સાધુઓની ટુકડીઓને ભારત દેશમાં ચારેય બાજુ 'અવગ્રહ'ની પ્રતિષ્ઠા કરવાપૂર્વક મોકલી દેવામાં છે. હા, સકળ મુનિસંઘના પ્રાણસમી આચારસંહિતાની સ્થાપના તો ખરી જ.

તારક તીર્થંકરદેવના સ્થાને ગણાતું આ આચાર્યપદ અતિશય ભારે, ગંભીર અને જોખમી પદ છે. એને સફળ રીતે વહન કરવાનું કામ અતિ મુશ્કેલ છે. કોક બત્રીસ લક્ષણો આત્મા જ તેના માટે યોગ્ય ગણાય.

કાંઈ સમજ પડતી નથી કે આચાર્ય પદ પ્રાપ્ત કરવા માટે ઘણા બધા સાધુઓ કેમ ઉતાવળા થયા છે ? તે પદ દેવામાં ગુરુ વિલંબ કરે તો ગુરુ સાથે પણ લડી પડે છે ! છેડો ફાડી નાંખે છે ! અરેરે.... આમ જો અપાત્ર વ્યક્તિઓ આચાર્ય થશે તો આખો જૈનસંઘ સૈકાઓ જેટલો પીછેહઠ કરી નાંખશે. આ ઘોર પાતક તે આચાર્યોના શિરે જશે.

જે પણ શૈથિલ્ય શ્રમણસંસ્થામાં પ્રવેશ્યું છે, તેમાં મોટો હિસ્સો 'અપાત્ર'ને પદ વગેરેની લ્હાણીએ ભજવ્યો છે. જો આ આફત ટાળવી હોય તો નવી અપાત્રતાઓને પ્રોત્સાહન બંધ કરી દેવું જોઈએ.

સંગઠન અને સંઘાચાર્યની સ્થાપના નહિ થવાનાં કારણે જૈનસંઘનું નાવ ભરદરિયે વમળમાં ફસાયું હોય તેમ જોરદાર વેગથી હાલમડોલમ થતું જણાય છે.

નેતૃત્વના અભાવમાં રાજકારણના ક્ષેત્ર સુધીમાં જ્યાં ગંભીર પ્રશ્નો ઊભા થયા છે, જેના નિર્ણયો તાત્કાલિક લેવા પડે તેમ છે તે લઈ શકાતા નથી. આના પરિણામે અંતરંગ ફીરકાઓમાં, ભારતીય ધર્મોમાં, સમાજ વગેરેમાં આપણે નબળા પડ્યા છીએ. આ બધું એકસો ચાલીસ આચાર્યો જાણે છે છતાં નિષ્ક્રિય છે અથવા ખૂબ દુઃખી છે.

આ ન ચાલે તેવી બાબત છે. દસ વીસ સારા શ્રાવકોએ આ કામ હાથ ઉપર લઈને સંઘાચાર્યની નિમણૂંક જલદીમાં જલદી કરવી જોઈએ. સમસ્ત સંઘનું સંગઠન કરવું જોઈએ. સંઘાચાર્યના હાથ નીચે ૫-૧૦ ગીતાર્થોની સમિતિ થાય અને ગંભીર શ્રાવકોની સમિતિ થાય તો જૈનસંઘને ઘણો લાભ થાય. તપશ્ચર્યા, દીક્ષાઓ, આરાધનાઓ, સંઘો, ઉપધાનો વગેરે ઘણી બાબતો 'ખૂબ' બની રહી છે. હવે તો માત્ર એ દાળમાં મીઠું નાંખવાનું કામ બાકી છે. યાદ રાખો કે વિષમ હાલતમાં જૈનસંઘ નબળો પડે છે; જૈનશાસન કદાપિ નહિ. જે કાંઈ ચિન્તા

કરવાની છે એ જૈનસંઘની રક્ષા અંગે છે. જૈનશાસન સ્વયં સુરક્ષિત છે. એ આપણી રક્ષા કરે છે. આપણે તેની સેવા કરવાની છે. ઓ, મા ! જિનશાસન ! હું તારી સેવા કરું, તું મારી રક્ષા કર.

જેમ દેશ પાસે નેતૃત્વ નથી તેમ જૈનસંઘ પાસે પણ નેતૃત્વ નથી.

ભારતના પ્રજાજનો-પ્રત્યેક શહીદ ભગતસિંહ છે. જૈનસંઘનો સભ્ય-પ્રત્યેક ગૂર્જરેશ્વર કુમારપાળ છે. પરન્તુ આ ભગતસિંહો અને કુમારપાળો પાસે નેતૃત્વ નથી. જો તેમને નેતા મળી જાય તો આજે જ સર્વત્ર જયજયકાર છે.

ભલે કેટલાક અંશે જૈનસંઘના ઘટકોમાં ચારિત્રબળની ખામી હોય પરન્તુ મહદંશે ચારિત્રબળ પણ જાજરમાન છે. તપશ્ચર્યા પણ જોરદાર ચાલે છે. બધું સરસ છે. સવાલ માત્ર સંગઠનનો અને નેતૃત્વનો છે.

જે તે પ્રશ્નોને વધુ પડતું મહત્ત્વ આપીને વેરવિખેર રહેવામાં બહારનાં પરિબળો તૂટી પડ્યા છે. હજી ઘણા વધુ જોરદાર હુમલા કરીને અસ્તિત્વને નષ્ટ કરી દે તેવી પણ શક્યતા જણાય છે.

આચાર્ય સ્વસમયના સુજાણ હોય તેમ પરસમયના પણ સુજાણ હોય. પરસમય એટલે માત્ર ન્યાયદર્શન, વૈશેષિકદર્શન, બૌદ્ધદર્શન વગેરે દર્શનોની જ નહિ પરન્તુ ઇસાઈ - ઈસ્લામ રાજકારણની ભેદી રમતોની પણ પૂરી જાણકારી.

હાલ તો એમ કહી શકાય કે આ પરસમયની જાણકારી પૂરેપૂરી પામવી પડશે. હાલ કાંઈ બૌદ્ધો, વૈદિકો વગેરે સાથે પૂર્વના કાળની જેમ વાદ થતા નથી. તે વખતનું ઉંદર-બિલાડી જેવું વેર પણ નથી, ઊલટું સખ્ય છે માટે આ પરસમયોની જાણકારીની ઝાઝી ચિંતા કરવા કરતાં રાજકારણાદિના પરસમયની આચાર્યે ઊંડી જાણકારી પામવી જોઈએ. અન્યથા સારું કરવા જતાં તે એવું કાંઈક કરી બેસશે જેનાથી જિનધર્મને પુષ્કળ નુકસાન થઈ જશે.

મને કહેવા દો કે આજના આચાર્યો બહુધા આ પરસમયથી અજ્ઞાત રહ્યા છે. સહુને ભેગા કરીને આ વિષયમાં તેમને સુજ્ઞાત કરવા એ ખૂબ જરૂરી છે.

'આચાર્ય' એ જૈનશાસનની સૌથી ઊંચી સત્તા છે. એ પદની ગંભીરતા પાર વિનાની છે. જરાક પણ અપાત્રતા જણાતી હોય તે મહાત્માએ આચાર્યપદ લેવું ન જોઈએ. એમ કરવાથી પુષ્કળ કર્મબંધ થાય : દુર્ગતિગમન થાય. પાપભીરૂ આત્મા શી રીતે આ જોખમ લે?

જૈનસંઘના ઘણાં બધાં કાર્યોનો બોજ આચાર્યના શિરે હોવાથી જ તેઓને

શિષ્યોને સૂત્રપાઠ આપવાનો નિષેધ છે. સમુદાયનું કાર્ય વૃષભ સાધુઓના શિરે નાંખવામાં આવ્યું છે. પઠન-પાઠનનું કાર્ય ઉપાધ્યાયોના માથે નંખાયું છે.

* * *

**अणुगम्मइ भगवइ रायसुआ अज्जा सहस्सविंदेहिं ।।**
**तहवि न करेइ माणं परियच्छइ तं तहा नूणं ।। 13 ।।**

**અર્થ :** ભગવતી રાજપુત્રી આર્યા ચંદનબાળા હજારો ધર્મીજનોથી સન્માન પામતી છતાં અભિમાન કરતી નથી. કેમકે તે જાણે છે કે આ બધો મહિમા મારા જ્ઞાનાદિ ગુણોનો છે; મારો નથી.

**વિવેચન :** આધ્યાત્મિક જગતમાં સૌથી મોટો દોષ અહંકાર - અપેક્ષાએ - કહી શકાય. જેણે કામવિજેતા સ્થૂલભદ્રજીને પછાડી દીધા.

લક્ષ્મણાનો પગ પણ એના કુંડાળામાં પડી જતાં દીર્ઘસંસારમાં રખડી પડી.

સિંહગુફાવાસી મુનિના છક્કા છૂટી ગયા. બાહુબલિજીને અહંકાર ભારે પડી ગયો. પણ આ કેવી કમાલ કે ચંદનબાળાજીને અહંકારનો પડછાયો પણ સ્પર્શી ન શક્યો. હજારો આત્માઓ છત્રીસ હજાર સાધ્વીજીઓના અગ્રણી પદે બિરાજતાં ચંદનાજીને ભાવભરી વંદનાઓ કરતાં પણ તેનું અભિમાન તેમને કદી આવ્યું નહિ. આનું કારણ એ હતું કે તે જાણતા હતા કે આ માન-સન્માન મારું નથી થતું પરંતુ હું જે રત્નત્રયીનું આરાધન કરું છું તે રત્નત્રયીનું આ સન્માન છે.

જ્યારે વ્યક્તિ તરીકે કોઈ પણ વ્યક્તિ મહાન્ નથી (તારક તીર્થંકરદેવો પણ નહિ), ગુણોથી જ સહુ મહાન્ છે તો ભલે એ ગુણો સન્માનિત થતા. મારે જશ શા માટે લેવો જોઈએ ?

કેવા નિરભિમાની : સાવ નમ્ર અને વિનમ્ર ચંદનબાળાજી સાધ્વી !

જ્યાં સ્થૂલભદ્રજી કે બાહુબલિજી જેવા ધુરંધર પુરુષો લપસી ગયા ત્યાં ચંદનાજી જેવા નારી મેદાન મારી ગયા !

* * *

**दिणदिक्खियस्स दमगस्स अभिमुहा अज्जचंदणा अज्जा ।**
**नेच्छइ आसणगहणं सो विणओ सव्वअज्जाणं ।। 14 ।।**

**અર્થ :** એક જ દિવસના દીક્ષિત ભિખારી - સાધુના આવતાં જ આર્યચંદનબાળાજી

ઊભા થઈને તેમની સામે ગયા. ના... તે આસન ઉપર બેઠા પણ નહિ. આવો વિનય કરવાનું સર્વ સાધ્વીઓનું કર્તવ્ય છે.

**વિવેચન :** શેડુવક નામનો ભિખારી. ચંદનબાળાજી પ્રત્યે અપૂર્વ બહુમાન દાખવતાં સેંકડો ભક્તો અને ભક્તાણીઓને ટોળે વળેલાં જોઈને તે સ્તબ્ધ થઈ ગયો. તે ખૂબ ભૂખ્યો છે એ વાત જાણીને ચંદનબાળાજીએ ગૃહસ્થો દ્વારા તેને મિષ્ટ ભોજન કરાવ્યું. આથી તે અત્યન્ત પ્રભાવિત થયો. જૈન શ્રમણોની આવી કરુણા જોઈને તેને જૈનધર્મ પ્રત્યે તો માન થયું પરન્તુ તેને જૈનદીક્ષા લેવાની પણ ભાવના થઈ. તેની પાત્રતા જોઈને ગુરુએ તેને દીક્ષા આપી.

તે પછી ગુરુએ તેના ઉપકારી બનેલા ચંદનબાળાજીની પાસે મોકલ્યો.

ચંદનબાળાજીને જોતાં જ તેમના ચરણોમાં પડી જવા ગયો ત્યાં "સબૂર ! સબૂર !" કહીને સાધ્વીજીએ તેમ કરતાં નૂતન દીક્ષિતને રોક્યા. પછી ધર્મની પુરુષપ્રધાનતા સમજાવી. બાદ તે નૂતન દીક્ષિતને પાટ ઉપર બેસાડીને ચંદનબાળાશ્રીજીએ વંદન કર્યું. એ વખતે દીક્ષિતનો આત્મા હચમચી ઊઠ્યો. એને આ અવળી ગંગા વહેતી લાગી. તેની આંખો અશ્રુથી ઊભરાઈ ગઈ.

ચંદનબાળાજીએ યથાયોગ્ય બોધ આપવારૂપે પ્રગટ થયેલા મહામૂલા સંયમજીવનને નિરતિચારપણે જીવવાની પ્રેરણા આપી. નૂતન દીક્ષિત સમગ્ર મુનિજીવન અપૂર્વ ઉલ્લાસપૂર્વક જીવ્યા.

આ પ્રસંગમાં આંખે ઊડીને વળગે તેવી વાત છે; નિર્મળ ચારિત્રની જબરદસ્ત તાકાત.

ચંદનબાળાજીનું ચારિત્ર સર્વાંગસુંદર હતું. એમના મોં ઉપર તેની અતિશય પ્રસન્નતા હતી. આથી જ દ્રમક પ્રભાવિત થયો. એકદમ ઝૂકી ગયો.

પેલા વજ્રબાહુકુમારની પણ આ જ હાલત થઈ. જંગલમાં ધ્યાનસ્થ મુનિના મોં ઉપરની શુદ્ધ ચારિત્રજીવનની મસ્તી જોઈને તે હચમચી ગયા. હજી તો હમણાં જ લગ્ન કર્યાં હતા. મનોરમા સાથે છેડા બાંધેલા હતા. છતાં કુમાર, મનોરમા અને મનોરમાનો ભાઈ ઉદયસુંદર ચારિત્રના પંથે વળી ગયા.

લગ્નના છેડા તો છૂટી ગયા પણ સંસાર સાથે બંધાયેલો છેડો પણ છૂટી ગયો.

પેલો ઇલાચીકુમાર ! શેઠનો દીકરો ! હલકી કોમની છતાં રૂપાળી નટડીમાં મોહાઈ પડ્યો. એક રાજા પણ તેનામાં મોહાઈ પડ્યો.

ઇલાચી વાંસ ઉપર ચડીને એવા હેરતભર્યા દાવ રમતો જાય છે જેથી રાજા રીઝે અને પુષ્કળ ધન ભેટ આપે. એમ થતાં નટડીનો બાપ ઈલાચી સાથે દીકરીને પરણાવે.

રાજા સતત જપ કરે છે કે ઈલાચી વાંસ ઉપરથી ગબડી પડે. તેનું મોત થાય. જેથી નટડીનો ભર્તાર પોતે બની શકે.

રાજાનો આ મનોભાવ ઈલાચી પામી ગયો હતો; એટલે વધુ દાવ રમવા પ્રત્યે નાહિંમત બન્યો હતો.

ત્યાં વાંસ ઉપરથી તેણે સામે આવેલા ઘરના રસોડામાં અપ્સરા જેવી વહુને, જુવાનજોધ સાધુને લાડુ વહોરાવતી-હસતી, ખીલતી, દબાણ કરતી - જોઈ.

રસોડાનું એકાંત હતું.

સાધુ સાવ જુવાન હતો.

બાઈ અત્યન્ત રૂપવતી શ્રીમંત હતી.

બાઈ ભારે આદર સાથે હસતી હતી એટલે કામુકી લાગતી હતી (ના, તે સાવ નિર્દોષ હતી). મુનિની આંખો જમીન તરફ ઢળેલી હતી.

આ બધું જોઈને ઈલાચીને પોતાની જાત ઉપર ધિક્કાર છૂટી ગયો.

વાંસ ઉપર જ શુકલધ્યાનની ધારા શરૂ થઈને તેરમા ગુણસ્થાને જઈને અટકી.

ઈલાચી નટ; વીતરાગ-સર્વજ્ઞ ભગવાન થયા.

એક સાધુનું સાવ મૂંગુ, શુદ્ધ ચારિત્ર એક નબળા આત્માને 'ભગવાન' બનાવી ગયું.

જ્ઞાનીઓ કહે છે કે, "હે સાધુઓ ! બીજાઓને પમાડવા માટે તમારે બહુ બધા વ્યાખ્યાનો કરવાની ખાસ જરૂર નથી. તમે ઉત્કૃષ્ટ ચારિત્ર પાળો. તમે ઉત્તમ ગુણોની સિદ્ધિ પામો. એ સિદ્ધિ જ પરાર્થ બની જશે. તેને જોઈને જગતના જીવો ધર્મ કરતાં થઈ જશે. **(सिद्धिःपरार्थता–सिद्धरन्यार्थसाधनम्)**

ધર્મી લોકોએ જીવંત ધર્મ કરવો જોઈએ. ધર્મ જીવંત તેને કહેવાય કે તે જોઈને બીજાને તે ધર્મ કરવાનું મન થઈ જાય.

વિધિપૂર્વકનું, અપૂર્વ ઉલ્લાસ સાથેનું સામાયિક કે જિનપૂજન વગેરે જોઈને તે કરવાનું મન જોનારાઓને થઈ જાય.

મુનિઓના ગ્રુપમાં જો પરસ્પરનો ભાઈચારો અને સહાયકભાવ ઉત્કૃષ્ટ હોય તો તે જોઈને સંસારી લોકોને તે ગ્રુપમાં દીક્ષા લેવાનું મન થઈ જાય.

ભારે ઉદારતા સાથે દાન દેનારાને જોઈને કંજૂસ શ્રીમંતને દાન દેવાનું મન થઈ જાય.

બીજાને ધર્મ પમાડવા માટેનો કોઈ પ્રયત્ન કરવાની કોઈ ખાસ જરૂર નથી. આપણે જ ઉત્તમોત્તમ રીતે ધર્મ-જીવન જીવીએ. બીજા આપમેળે પ્રેરણા પામી જશે.

એક દીવો જો બરોબર પ્રગટી ગયો હોય તો લાખો બુઝાયેલા દીવાઓને તેનો સ્પર્શ (અભિમુખતા) ઝળહળતા કરી દે.

યોગી પતંજલિએ કહ્યું છે કે, "જો તમે તમારા આત્મામાં અહિંસાના પરિણામને એકરસ કરી દેશો તો તમારી નજીક આવેલા કોળી, ભીલ વગેરે હિંસક જીવો હિંસા છોડી દેશે. જન્મથી વૈરી જીવો એકબીજાના મિત્ર બની જશે."

તારક અરિહંતદેવોના જીવનમાં આ પદાર્થ પૂરબહારમાં વિકસિત થયેલો જોવા મળે છે.

વળી તે કહે છે કે, "જો તમે બ્રહ્મચર્યને સિદ્ધ કરશો તો તમને ઉત્કટ વીર્યલાભ થશે. તમારી પાસે આવેલા જીવોની કામવાસના ધ્રૂજી ઊઠીને ભાગી છૂટશે."

તારક અરિહંતદેવો ક્રોડો આત્માને તારે છે પરન્તુ પ્રથમ તો તે અંગેના બળથી ઊભરાય છે. એ માટે દીક્ષા લઈને લોકો વચ્ચે જવાને બદલે જંગલમાં ચાલ્યા જાય છે. પૂરા નિષ્ક્રિય બનીને અખૂટ આત્મબળના સ્વામી થાય છે. તે સિવાય જગત્-કલ્યાણરૂપ પરાર્થ માટે જરા ય યત્ન કરતા નથી.

પોતાના ચારિત્રબળની આરાધના એ સૂક્ષ્મની આરાધના છે. સ્થૂલ બળો તો આની સામે ઊભા પણ રહી શકતાં નથી. એ લાકડાની તલવારો છે. એમાં માત્ર નાસભાગ છે. પુષ્કળ ભાષણબાજી છે. ઘણાં બધાં પુસ્તકોનું લેખન છે. સૂક્ષ્મની આરાધનામાં શરીર ઉપર ચીંદરડીની કે વૈજ્ઞાનિક પ્રયોગશાળાની કે પુસ્તકોના વાંચનની, સભાની - કશી - જરૂર પડતી નથી.

ચંદનબાળાજીનું સૂક્ષ્મ ચારિત્રબળ કેટલું જોરદાર કે શેડૂવક તો ઠીક પરન્તુ ઉત્કૃષ્ટ સંયમ પાળતી છત્રીસ હજાર સાધ્વીઓના તે ગુરુ બન્યા. તેમના સંયમજીવનનો યોગ-ક્ષેમ કરનારા સફળ સુકાની બન્યા.

* * *

**वरिससयदिक्खियाए अज्जाए अज्जदिक्खिओ साहू ।**
**अभिगमणवंदणनमंसणेणं विणएणं सो पुज्जो ।। 15 ।।**

**અર્થ :** સો વર્ષની દીક્ષિત સાધ્વીજીનો, આજે જ દીક્ષિત થયેલો સાધુ સામે જવારૂપ, વંદન કરવારૂપ, નમસ્કારાદિ કરવારૂપ વિનય કરે છે. એ સાધુ તે સાધ્વીજીને માટે પૂજ્ય બની રહે છે.

**વિવેચન :** સામાન્યતઃ નિયમ એવો છે કે જેનો દીક્ષાપર્યાય વધુ હોય તેને ઓછા દીક્ષાપર્યાયવાળો વંદનાદિ કરે. આ નિયમમાં દીક્ષિત પિતા-પુત્ર, માતા-પુત્રી, રાજા-મન્ત્રી વગેરે સંબંધમાં અપવાદો છે.

આ શ્લોકમાં આ નિયમને ચાતરતો સામાન્ય નિયમ (અપવાદરૂપ નિયમ નહિ) બતાડ્યો છે કે સાધ્વીજી ગમે તેટલા મોટા હોય : દીર્ઘદીક્ષાપર્યાયવાળા હોય તો પણ પુરુષ–સાધુઓ તેને વંદન ન કરે. ઊલટું સાધ્વીજી નાનકડા – આજના જ દીક્ષિત થયેલા – સાધુને વંદન કરે.

શેડૂવક નામના નૂતન સાધુને દીર્ઘપર્યાયી અને સમગ્ર સાધ્વીગણના સર્વોચ્ચ સ્થાને રહેલા ચંદનબાળાજીએ વંદન કેમ કર્યું ? તેનો જવાબ આ શ્લોકમાં છે કે તેવી વિધિ છે.

વિધિ શા માટે છે ? તે વાત એ પછીના શ્લોકમાં ગ્રન્થકારશ્રી જણાવશે.

પરન્તુ અહીં એક વાત ઉપર મારે પ્રકાશ ફેંકવો છે કે આ નિયમથી સ્ત્રીજાતિને પોતાના વડપણના અહંકારના ચૂરેચૂરા કરી દેવાની કેવી જબરી તક મળી છે !

જ્યાં અહંકારનો ચૂરો થાય છે ત્યાં ધર્મ છે. આ અપેક્ષાએ શુદ્ધ આલોચના–કરણ એ સર્વોત્કૃષ્ટ ધર્મ બને છે.

તે પછી 'વિનય' પણ સર્વોત્કૃષ્ટ ધર્મ બને છે. આથી જ ઉત્તરાધ્યયન સૂત્રમાં પ્રથમ વિનય–અધ્યયન મૂકીને એ વાત પ્રગટ કરી છે કે 'વિનય' વિનાનો સાધુ મોક્ષ પામવા માટે તદ્દન અયોગ્ય છે.

આજનો જ દીક્ષિત સાધુ ! તે પણ શેડૂવક જેવો ગૃહસ્થજીવનનો ભૂખ્યો ભિખારી ! ચંદનાજીએ જ તેની ભૂખ દૂર કરતી કરુણા કરી. વળી સાવ બોઘો ! નવકાર મન્ત્રનો પણ સાવ અજાણ !

તેને બધી રીતે સર્વોચ્ચપદે રહેલા આર્યા ચંદનાજી ભાવપૂર્વક વંદન કરે તે કેટલી બધી મોટી ઘટના કહેવાય ! ચંદનાજીના અહંકારના ચૂરેચૂરા કદાચ ગૌતમ

ગણધરની વિનમ્ર સ્થિતિ સાથે સ્પર્ધામાં ચડી હશે. કોણ જીત્યું હશે ? આપણને અજ્ઞાનીઓને શી ખબર પડે !

પણ સાચા અર્થમાં જેઓ સાધુ કે સાધ્વી છે તે તમામ તારક તીર્થંકરદેવની આજ્ઞાને અંતરથી શિરસાવંદ્ય કરવા સિવાય બીજું કશું સમજતા નથી. એકાદ પણ વાત માટે ચર્ચા-વિચારણા કરવા ય તૈયાર હોતા નથી.

અરિહંતદેવ પ્રત્યેનું આ કેટલું બધું બહુમાન ! 'આજ્ઞા' પ્રત્યે પણ કેટલો બધો આદર !

જ્ઞાનીઓ કહે છે કે, "તારક તીર્થંકરદેવ મહાન્ છે. પણ તેમની આજ્ઞા તો તેથી ય વધુ મહાન્ છે. અરિહંતદેવની અષ્ટપ્રકારી પૂજા કરતાં ય તેમની પર્યુપાસ્તિ (આજ્ઞાપાલન) વધુ આદરણીય છે.

ગૃહસ્થો માત્ર પૂજન કરે છે.

શ્રમણો આજ્ઞાનું પાલન કરે છે. આજ્ઞાનો અપાલક એવો પૂજક શા કામનો ?

* * *

**धम्मो पुरिसप्पभवो पुरिसवरदेसिओ पुरिसजिट्ठो ।।**
**लोए वि पहू पुरिसो किं पुण लोगुत्तमे धम्मे ।। 16 ।।**

**અર્થ :** ધર્મ પુરુષથી ઉત્પન્ન થાય છે. ધર્મ પુરુષોત્તમોથી ઉપદેશાયેલો છે માટે તેમાં પુરુષ જ મુખ્ય હોય છે.

લોકમાં પણ સામાન્યતઃ પુરુષની પ્રધાનતા જોવા મળે છે તો લોકોત્તર એવા ધર્મમાં તો પુરુષની જ પ્રધાનતા હોય ને ?

**વિવેચન :** ધર્મ બતાડ્યો ગણધર ભગવંતોને; પુરુષ એવા તીર્થંકરદેવે.

ધર્મ જગતને ઉપદેશ્યો પુરુષ એવા ગણધર ભગવંતોએ.

આમ ધર્મક્ષેત્રે પુરુષની મુખ્યતા રહેલી છે.

સાંસારિક બાબતોમાં ય આ જ વાત છે. રાષ્ટ્રમાં રાજા, પ્રધાન વગેરે પુરુષ હોય છે.

ધંધાદિકમાં પણ પુરુષ જોવા મળે છે. ઘરમાં વડીલ તરીકેનું સ્થાન પુરુષ દીપાવે છે. વડીલને સલાહ લેવી હોય તો દીકરા પાસે લેવાય છે; દીકરીઓ પાસે નહિ. ઘરની જવાબદારી પણ દીકરાના માથે નંખાય છે.

પુરુષના દેહ સાથે કેટલાક વિશિષ્ટ ગુણોની નિમિત્તતા પડેલી છે.

નારીના દેહ સાથે તુચ્છતા, ઈર્ષ્યા, અહંકાર, માયા વગેરે દોષોની નિમિત્તતા પડેલી છે.

આથી પણ તેને પ્રાધાન્ય આપી શકાય નહિ. વર્તમાન વિશ્વમાં જુઓ. ભારતમાં જુઓ. ટોચના બધાં સ્થાનો ઉપર નજર કરો. સર્વત્ર જંગી બહુમતીમાં પુરુષો જોવા મળશે.

**સૈન્યમાં અને બૌદ્ધિક કસરતના સ્થાનોમાં પુરુષો જ જોવા મળે છે.**

તાજેતરમાં ભારતના વડાપ્રધાનની કેબિનેટમાં સ્ત્રીની સંખ્યા દસ ટકા જેટલી પણ નથી.

લોકસભા વગેરેમાં ૩૩ ટકા અનામત સ્ત્રીને આપવા માટેની કવાયત કેટલાય સમયથી ચાલે છે પણ સહુને ડર છે કે એટલી વિચક્ષણ સ્ત્રીઓ મળશે કે કેમ ? ગમે તેને લોકસભામાં દાખલ કરીને ૩૩ ટકા પૂરા કરાય તો દેશનું તન્ત્ર સારી રીતે ચાલી શકે નહિ.

ઇન્દિરા ગાંધી પોતે સ્ત્રી-વડાપ્રધાન હતા (આ સ્ત્રીએ વડાપ્રધાન પદે આવીને દેશનું કેટલું બધું અહિત કરી નાંખ્યું છે ! આથી પણ પુરુષપ્રધાનતા સાબિત થાય છે) ત્યારે તેમણે પણ તેમની કેબિનેટમાં બહુ ઓછા સ્ત્રી-પ્રધાનો રાખ્યાં હતાં.

અરે, અમેરિકામાં સ્ત્રીને પુરુષ સમોવડી ગણી છે છતાં તેના બસો વર્ષમાં એક પણ સ્ત્રી અમેરિકાના પ્રમુખપદે આવી નથી !!!

સ્ત્રી સમાનતા કે પ્રધાનતાની વાત કોઈ પણ હાલતમાં બરોબર નથી. હા, રસોડામાં, ઘરની જાળવણીમાં સ્ત્રીની જ સંપૂર્ણ પ્રધાનતા છે પરન્તુ સર્વત્ર તે થઈ શકે નહિ.

જો લૌકિક તન્ત્રોમાં પુરુષપ્રધાનતા બહુધા જોવા મળે છે : અપવાદરૂપે જ ક્યાંક સ્ત્રીપ્રધાનતા જોવા મળે છે તો લોકોત્તર તન્ત્ર : જિનશાસનમાં તે હોય તેમાં શી નવાઈ ?

તમામ તીર્થંકરદેવો પુરુષ થયા. હા, અપવાદરૂપે એક મલ્લિનાથ ભગવંત સ્ત્રીદેહે તીર્થંકર થયા. પણ તેમનાય ચોર્યાસી ગણધરો તો પુરુષ જ હતા.

જ્યારે અનંતાનંત તીર્થંકરદેવો પુરુષદેહે થયા ત્યારે એક જ તીર્થંકરદેવ સ્ત્રીદેહે થયા એ વાત બતાડે છે કે ધર્મમાં પુરુષની પ્રધાનતા છે.

બીજી અનેક બાબતોથી આ પુરુષપ્રધાનતા બતાડું.

એક વાત સમજી રાખવી કે સ્ત્રીને બદલે પુરુષની, ધર્મમાં જે પ્રધાનતા

ગણવામાં આવી છે તેમાં મુખ્ય અને એક જ કારણ એ છે કે જગતમાં સર્વોપરિ જિનશાસન છે. આ જિનશાસનને જેના દ્વારા વિશિષ્ટ બળ પ્રાપ્ત થતું હોય તેની પ્રધાનતા.

સ્ત્રી કરતાં પુરુષ દ્વારા જિનશાસનને પુષ્કળ લાભ છે માટે જ તેની પ્રધાનતા ગણાઈ.

જુઓ; તીર્થંકરદેવ અને ગણધર ભગવંતો જિનશાસનના પ્રકાશક અને સંરક્ષક....

આથી જ પરમાત્માની દેશના બાદ પાદપીઠ ઉપર બેસીને ગણધર ભગવંત દેશના આપે; સ્વાત્મહિત સાધનારા કેવલિભગવંતો નહિ. ભલે તેઓ સર્વજ્ઞ હોય. આમ દરેક વાતે ગણધર ભગવંતનું મહત્ત્વ કેવલી ભગવંતો દ્વારા દર્શાવાય.

નવકારમન્ત્રમાં પ્રથમ પદે અરિહંતદેવ બિરાજમાન છે. સિદ્ધ ભગવંત બીજા પદે છે. તેઓ અષ્ટકર્મમુક્ત છતાં હજી જેના ચાર અઘાતી કર્મોનો ક્ષય બાકી છે તેવા અરિહંતદેવને પ્રથમ પદે મૂક્યા. કેમકે તેઓ જિનશાસનના પ્રવર્ત્તક છે.

જ્યારે શિષ્યને આચાર્યપદ આપીને જિનશાસનની ધુરા ગુરુ તેના માથે નાંખે છે ત્યારે ગુરુ શિષ્યને વંદન કરે છે. એ રીતે શ્રીસંઘને જાહેર કરે છે કે, "હવે મારી જેમ તમે આ નૂતન આચાર્યનું ગૌરવ કરજો. કેમકે શાસનનું સંચાલન તે કરશે."

એક ગણમાં અનેક આચાર્યો હોય તો જો નાના આચાર્ય જિનશાસનની સુરક્ષાનું પુણ્ય ધરાવતા હોય તો તેમનાથી મોટા પદસ્થોને બાજુ ઉપર રાખીને તેમને મુખ્ય આચાર્ય તરીકે સ્થાપિત કરવામાં આવે.

ટૂંકમાં સર્વત્ર જિનશાસનને નજરમાં રખાયું છે. હવે સમજાશે કે પુરુષ જ જિનશાસનનો સંરક્ષક હોવાથી તેની પ્રધાનતા જણાવાઈ છે. આમાં નારીને તિરસ્કારવાનો કોઈ સવાલ ઊભો થતો નથી.

વર્તમાનમાં નારીને પુરુષપ્રધાન અથવા પુરુષસમોવડી બનાવવાની જે હવા ચાલી છે તેમાં નારીને ઘરની બહાર લાવવાની અને તેના સૌન્દર્યને નીચોવવાની ખૂબ હલકી રમત જણાય છે. આ હવાથી લાખો નારીઓ જરૂર શિક્ષણાદિ પામીને ઘરની બહાર તો આવી છે પરન્તુ જાણવા મળ્યા પ્રમાણે ચાલીસ ટકા જેટલી નારીઓનું જાતીયશોષણ થયું છે. તેને બધી રીતે પુરુષે બરબાદ કરી છે. આ સ્થિતિમાં તે 'પુરુષ' બનવા જતાં 'નારી' પણ મટી ગઈ છે. ન ઘરની, ન ઘાટની... એવી તેની અવદશા થઈ છે.

પૂર્વે તો તે ઘરની રાણી હતી. ધનની માલિકણ અને રક્ષક હતી. પતિની સેવા, સંતાનોનું સંસ્કરણ અને ઘરની તમામ જવાબદારીઓનો ભાર તે સરસ રીતે વહતી માટે પુરુષો પણ તેને ભારે આદરથી જોતાં. ખૂબ સ્નેહ આપતા.

આજે ? પુરુષસમોવડી બનાવવાની લ્હાયમાં તેને પુરુષોની ગુલામ બનાવી. બજારુ બનાવી. સાવ અરક્ષિત બનાવી. તેનું પત્ની, માતા, વહુ, બેન તરીકેનું જીવન અંધાધૂંધ બની ગયું.

પરિસ્થિતિવશાત્ ગર્ભપાત વગેરે કરાવીને તેણે આરોગ્ય અને આબરૂ ગુમાવ્યા. છેવટે તે કોલગર્લ (આધુનિક રખાત) બની.

પુરુષ પુરુષના સ્થાને જ શોભે. નારી તેના સ્થાને જ ગૌરવ પામે. નારીને ઑફિસમાં ન મુકાય; પુરુષને ઘરકૂકડી ન બનાવાય.

જે સ્થાનભ્રષ્ટ થાય તે જીવનભ્રષ્ટ થાય; સુખભ્રષ્ટ થાય; ધર્મભ્રષ્ટ થાય.

જ્ઞાનીઓએ પુરુષપ્રધાનતાની જે વાત કરી છે તે અત્યન્ત સમુચિત જણાય છે.

હિટલરે સત્તા હાથમાં લેતાંની સાથે અનેક વ્યવસાયોમાં કામ કરતી તમામ નારીઓને ઘરભેગી કરી હતી. તેમને સમજાવ્યું હતું કે તમે તમારા પતિ [લશ્કરનો સૈનિક] ને ભરપૂર સ્નેહ આપો એટલે મને તમારા તરફથી રણમેદાનમાં મહાન યોદ્ધો પ્રાપ્ત થાય છે. તમે તમારા સંતાનોમાં રાષ્ટ્રદાઝના સંસ્કાર નાંખો; જે રાષ્ટ્રના મોટા હિતમાં પરિણમે. તમે ઘર બરોબર સંભાળો જેથી તમારો પતિ રાષ્ટ્રચિંતામાં ઓતપ્રોત બની શકે.

એ બહુ આનંદની વાત છે કે આજના જમાનાવાદી [બુદ્ધિજીવી!] લોકો ધર્મના સિદ્ધાન્તોને તોડવા માટે ઘણી ભાષણબાજી [બફાટ] કરે છે પણ ફાવતા નથી. તેવા એક જૈનાચાર્યે પણ આ પવનમાં ફસાઈને કહ્યું હતું કે "પુરુષપ્રધાનતા બરોબર નથી. દરેક સાધુએ પોતાનાથી મોટા તમામ સાધ્વીજીઓને વંદન કરવું જોઈએ."

કોકે તેમને કહ્યું કે, "આ વાતની તમારાથી શરૂઆત કરો."

બિચારા આચાર્ય ! એક પણ સાધ્વીને વંદન કરવાની હિંમત કરી શક્યા નહિ. તેમની વાતનો તેમણે જ ફીયાસ્કો કર્યો.

એક વાતનો મને આનંદ છે કે આજે પણ કટ્ટર શાસ્ત્રચુસ્ત સાધુઓ ઠીક ઠીક સંખ્યામાં ભારતની ધરા ઉપર ચક્કર મારી રહ્યા છે. શ્રીસંઘને સુવ્યવસ્થિત

આજ્ઞાપ્રતિબદ્ધ રાખે છે. ભલે તેનો વ્યાપ નાનો હોય પણ તે ખૂબ મજબૂત છે એટલે નાના-મોટાની કોઈ ચિન્તા નથી.

ધર્મ કોઈ કાળે નબળો પડે; વળી કોક કાળે એકદમ તગડો થઈ જાય. એના વિકાસનો ગ્રાફ ઊંચો નીચો થયા કરે; પણ તેની ચિન્તા કરવાની હોય નહિ. ગમે તે બને પણ એકવીશ હજાર વર્ષ સુધી જિનધર્મ અવિચ્છિન્નપણે આ ધરતી ઉપર જીવંત રીતે રહેવાનો છે.

આ શ્લોકમાં બીજી વાત એ સૂચિત થાય છે કે ચંદનબાળાજી વગેરે વર્તમાનકાલીન સાધ્વીઓ.... કે જેઓ પરમાત્માએ પ્રબોધેલા વંદનના નિયમને પૂરી અદબથી પાળે છે તેઓ ખૂબ ધન્યવાદને પાત્ર છે. આજના કાળમાં તો ગ્રેજ્યુએટ થયેલી કન્યાઓ, દીક્ષિત બન્યા પછી આવી આજ્ઞાઓ સામે બળવો પુકારે તે સંભવિત હોવા છતાં એક પણ સાધ્વીજી તેમ કરવાનું વિચારતા પણ નથી એ બહુ મોટી વાત છે. ઉપરથી કશી તર્કની વાત જાણવાની ઇચ્છા પણ કર્યા વિના તેઓ કહે છે, "અમારે તો પરમકૃપાળુ પરમાત્માની આજ્ઞાને બહુમાનપૂર્વક વધાવી લેવાની. અમને ભગવાન અને તેમની આજ્ઞા અત્યન્ત વહાલા છે. અમારે બીજી કોઈ સમજણની જરૂર નથી."

કહેવાતા શિક્ષિત (બુદ્ધિજીવી) લોકોને આવી ઘણી વાતો બિલકુલ પસંદ નથી. થોડાક દાયકાઓ પૂર્વે તેઓ માથું ઊંચકતા પણ હતા. કિન્તુ હવે તે બધા ચૂપ થઈને ઘરમાં બેસી ગયા છે. સિદ્ધાન્તની સામે બળવો પોકારવાની હિંમત કરી શકતા નથી. કદાચ બળવો કરે તો તેઓ ધરાર માર ખાય તેમ છે. કેમકે કેટલાક મુનિઓ જિનશાસનની બરોબર રક્ષા કરી રહ્યા છે. લોકોને જિનશાસન સમજાવી રહ્યા છે.

આવા સુંદર વાતાવરણમાં જો કોઈ મહાત્મા (કે જેમની પાસે પ્રવચનલબ્ધિ હોય તે) મોટી સંખ્યાના સાધ્વીજીઓને શાસ્ત્રચુસ્ત બનાવતી હૃદયસ્પર્શી વાચનાઓ આપે તો ઘણાં બધા સાધ્વીજીઓ સ્વપરનું હિત સાધવા તત્પર બની જાય. જો આ મોટો કાફલો ગામેગામ ફરીને જિનશાસન સમજાવે તો આજે જ અભ્યુદયકાળનું અવતરણ થઈ જાય.

* * *

**संबाहणस्स रण्णो तइया वाणारसीए नयरीए ।**
**कन्नासहस्स महिअं आसी किर रूववंतीणं ।। 17 ।।**

**तहवि य सा रायसिरी उल्लट्टंती न ताइया ताहिं ।।**
**उयरट्ठएण एक्केण ताइआ अंगवीरेणा ।। 18 ।।**

**અર્થ :** સંબાધન નામના રાજાને વાણારસી નગરીમાં અધિક રૂપવતી એક હજાર કન્યાઓ હતી, તો પણ તે કન્યાઓ લૂંટાતી રાજલક્ષ્મીનું રક્ષણ કરી શકી નહિ. પણ રાણીના ગર્ભમાં રહેલા એક જ પુત્ર વડે રાજલક્ષ્મી લૂંટાતી રહી ગઈ.

**વિવેચન :** આ ગાથાઓમાં પુરુષપ્રધાનતાના નિયમને દૃષ્ટાન્તથી પુષ્ટ કરવામાં આવેલ છે.

સંબાધન નામના રાજાને કેમે ય પુત્રપ્રાપ્તિ થતી ન હતી. તેને એક હજાર કન્યાઓ હતી પણ તે પુત્ર માટે ખૂબ વલખા મારતો હતો. એ અત્યન્ત વૃદ્ધ થયો ત્યારે કોઈ જુવાન રાણીને તે રાજાથી ગર્ભ રહ્યો. કમનસીબે રાજા તેનું મોં જોવાને બડભાગી ન બન્યો. તેનું મૃત્યુ થઈ ગયું.

રાજાનું મોત જાણીને કોઈ શત્રુ રાજા તેના રાજ્યનો કબજો લેવા મોટું લશ્કર લઈને ધસી આવ્યો. નગરની બહાર પડાવ નાંખ્યો.

સંબાધન રાજાની પ્રજા અતિશય ડરી ગઈ કેમકે રાજા મૃત્યુ પામવાથી સૈન્ય લડી શકે તેમ ન હતું. વળી હજાર કન્યાઓ તો શું કરી શકે ?

પણ એક ઘટના બની. શત્રુ રાજાના પડાવમાં રાતના સમયે કોઈ નૈમિત્તિક આવ્યો. સેનાપતિએ તેને જે કાંઈ પૂછ્યું તેના તદ્દન સાચા જવાબો મળતાં તેની ઉપર ભરોસો બેસી ગયો. સેનાપતિએ સવાલ પૂછ્યો કે, "આ યુદ્ધમાં અમે જીતીશું કે હારીશું ?"

નૈમિત્તિકે કહ્યું કે, "તમે હારી જશો. સંબાધન રાજાની રાણીના ગર્ભમાં જે આત્મા છે તે પુરુષ છે અને અત્યન્ત પુણ્યવાન્ છે. એનું એમને ત્યાં આગમન થવાના પ્રભાવથી તમે ટકી શકશો નહિ, ઘોર પરાજય પામશો. ઘણું મોટું નુકસાન વેઠવું પડશે."

આ સાંભળીને શત્રુપક્ષના વડવાઓ ડરી ગયા. વહેલી સવારે પડાવ ઉઠાવી લઈને પોતાના રાજભેગા થઈ ગયા.

ગ્રન્થકારશ્રી જણાવે છે કે જે કાર્ય હજાર કન્યાઓથી ના થયું તે કાર્ય ગર્ભમાં રહેલા પુરુષથી થયું.

આ પુત્રનું નામ ભવિષ્યમાં માતપિતાએ અંગવીર પાડ્યું હતું.

જ્ઞાનીઓ કહે છે કે જે આત્મા માયા વગેરે દોષોનું વધુ પ્રમાણમાં સેવન કરે છે તેને નારીનો દેહ મળે છે. આ દોષો નારીના દેહવાળા ભવમાં વિશિષ્ટ પ્રભાવ પેદા થવા દેતા નથી. એમાં ય જિનશાસન જેવી મહાન્ સંસ્થાનું સંચાલન કરવા જેટલી બુદ્ધિ, શક્તિ વગેરે તેમનામાં સંભવિત નથી. આથી જ નારી કરતાં નરને વિશેષ પ્રાધાન્ય આપવામાં આવ્યું છે.

બાકી અપવાદ તો બધી વાતમાં હોઈ શકે છે. નર જિનશાસનનો દ્રોહી બની શકે અને નારી તેની સેવિકા બની શકે. આથી જૈનધર્મમાં નારીનું મહત્ત્વ બધેથી ઓછું થાય છે એવું માનવું નહિ. તમામ તીર્થંકરદેવો, ગણધરો, મહાપુરુષોની માતા નારી છે. તે રીતે તેનું ગૌરવ પુષ્કળ કરવામાં આવ્યું છે.

તમામ સતી અને મહાસતીઓ નારી છે. તેમનું નામ રોજ સવારે ભરહેસરની સજ્ઝાયમાં સાધુઓ અને આચાર્યો લીધા વિના રહેતા નથી. ત્યાં એટલે સુધી કહ્યું છે કે, "આ નારીઓનું નામસ્મરણ કરવા માત્રથી અમારા જુગોજૂના પાપોના ઢગ બળીને ખાખ થઈ જાય છે."

બાકી તો ગમે તે કરો તો ય પુરુષની જેમ સ્ત્રી યુદ્ધોમાં લડી શકતી નથી. તેમાં તેનો દેહ જ મુખ્ય કારણ છે.

જે વાતો વીતરાગ સર્વજ્ઞ દેવાધિદેવે કરી હોય તેમાં શંકા કરવી ન જોઈએ. આંખ મીંચીને પૂર્ણશ્રદ્ધાથી સ્વીકારી લેવી જોઈએ.

* * *

**महिलाण सुबहुयाण वि मज्झाओ इह समत्थ घरसारो**
**रायपुरिसेहिं निज्जइ जणे वि पुरिसो जहिं नत्थि ।। 19 ।।**

**અર્થ :** જે ઘરમાં પુરુષ નથી એટલે કે પુત્ર નથી ત્યાં ઘણી દીકરીઓ એટલે કે સ્ત્રીઓ હોય તો ઘરનું બધું ધન રાજસેવકો લઈ જાય છે.

અપુત્રનું ધન રાજા લઈ જાય તેવો નિયમ બહુ જૂના કાળમાં હતો.

**વિવેચન :** ભૂતકાળમાં એવો રિવાજ હતો કે જે ઘરમાં વડિલ પુરુષ મૃત્યુ પામે તે ઘરમાં જો એકાદ પણ પુત્ર (પુરુષ) ન હોય તો ત્યાં ગમે તેટલી કન્યા હોય છતાં તેનું ધન રાજા જપ્ત કરતો. હા, પુરુષ-પુત્ર હોય તો તે જપ્તી અટકી જતી.

અજૈન લોકોમાં જે શ્રાદ્ધની વાત આવે છે તેમાં પણ પુત્રની જ જરૂર પડતી હોય છે.

સાસરે દીકરીને જવાનું હોય છે. દીકરો તો ઘરનો માલિક બનીને બાપદાદાનો વ્યવહાર ચલાવે છે.

ઈર્ષ્યાદિ દોષો નારીદેહવાળા આત્મામાં સવિશેષ જોવા મળે છે. આથી પણ તેમને મુખ્ય સ્થાનોમાં બેસાડવામાં આવતા નથી. અપવાદ સિવાય તેવી સ્થાનારૂઢ નારીઓએ પ્રજાદિકને નુકસાન કર્યાનું જોવા મળે છે.

* * *

**किं परजणबहुजाणावणाहिं वरं अप्पसक्खिअं सुकयं ।**

**इह भरहचक्कवट्टी पसन्नचंदो य दिट्ठंता ।। 20 ।।**

**અર્થ :** ભલા ! પોતે કરેલો ધર્મ બીજાને જણાવવાથી શું ફાયદો ? ધર્મ તો પોતાના આત્માની સાખે જ કરવાનો.

આમાં ભરતચક્રી અને રાજર્ષિ પ્રસન્નચન્દ્રના દૃષ્ટાન્તો સચોટ છે.

**વિવેચન :** પૂર્વના શ્લોકમાં 'દેહ'ને અનુલક્ષીને આત્મસાધનાની વાત કરી કે જો નારીનો દેહ હોય તો તે ગૌણ બને; જો પુરુષનો દેહ હોય તો તે પ્રધાન બને.

ગ્રન્થકારશ્રી એ વાત કરતાં કરતાં કહે છે કે ભાઈ ! આ તો નિશ્ચયનયની અપેક્ષાએ વાતો થઈ. બાકી તો જેણે આત્મહિત સાધવું છે તેને તો નારીદેહમાં પણ સાધી શકાય છે. પુરુષની જેમ નારી પણ કેવળજ્ઞાન પામી શકે છે : સિદ્ધ ભગવાન થઈ શકે છે. [દિગંબરો આ વાત માનતા નથી.] એટલે ધર્મ તો આત્માની સાખે કરવાનો અને તેના રૂડાં ફળ માણી લેવાના. જે કાંઈ લબ્ધિ કે શક્તિ પ્રાપ્ત થાય તે વાતો જગતમાં કોઈને જણાવવી નહિ.

ધર્મ એ આત્માની સાખે કરવાનો છે એમ કહીને ગ્રન્થકારશ્રી એ વાત ઉપર વધુ વજન મૂકે છે કે દુનિયાને દેખાડવા માટે ધર્મ નથી. વળી ધર્મ બાહ્ય સામગ્રીઓને પણ આધીન નથી.

ક્યારેક ધર્મ સાધવાને ઉપયોગી પદાર્થો ધર્મમાં બાધક બને છે. અર્થાત્ ઉપકરણ એ અધિકરણ બની જાય છે. વિનયરત્ન અને ચંડકૌશિકના પૂર્વભવીય સાધુ પાસે જે રજોહરણ હતું તે અધિકરણ બની ગયું હતું.

કેટલીકવાર અધિકરણ એ ઉપકરણ બને છે. ચોરીમાં નારીનો હસ્તમિલાપ અધિકરણ હોવા છતાં ગુણસાગર માટે ઉપકરણ બની ગયું હતું.

પૂર્વે કરણનું મહત્ત્વ હતું તો કરણ(ઈન્દ્રિયો)ની ખતરનાકતા માટે ખૂબ લખાયું. પછી ઉપકરણ અને અધિકરણ વિષે લખાયું છે.

આજે જો લખવું હોય તો એમાં અનુકરણને ઉમેરવું જોઈએ. દેખાદેખીનાં ઝેર સહુને ચડે છે. એના પરિણામે ઘણા બધા ધાર્મિક દેખાતા કુટુંબો ધર્મથી ભ્રષ્ટ થયા છે. બાકી ખરેખર તો અન્તઃકરણની કાળજી કરવી જોઈએ.

બહાર કોણ છે ? ઉપકરણ કે અધિકરણ ? તેની ચિન્તા કરતાં ખૂબ વધુ ચિન્તા અન્તઃકરણની કરવી જોઈએ. ઉત્કૃષ્ટ ઉપકરણ પાસે રાખવા છતાં જો અન્તઃકરણની રાગ-દ્વેષની પરિણતિઓ ઠંડી પડતી ન હોય તો પેલા ઉપકરણો એક વાર તો નકામા થઈ પડે.

જો કે ઉપકરણો અત્યન્ત આવશ્યક છે. અધિકરણો આવી પડે તો તેમને પણ ઉપકરણ બનાવી દેવાની કલા સિદ્ધ કરી જ લેવી જોઈએ. પરન્તુ અન્તઃકરણની મલિનતાઓને દૂર કરવા તરફ લક્ષ ન જાય તો માત્ર ઉપકરણથી શું વળે ?

ટોચકક્ષાનું ચારિત્ર પાળીને નવમા ગ્રૈવેયક સુધી જ અભવ્યો જાયઃ મોક્ષે તો કદાપિ ન જાય તેનું કારણ આ જ છે કે તેમનું લક્ષ અન્તઃકરણ તરફ બિલકુલ નથી.

જો આપણે સો માર્કનું પેપર કાઢવું હોય તો ઉપકરણના ૧૦ માર્ક મુકાય અને અન્તઃકરણના ૯૦ માર્ક મુકાય.

ઉપકરણમાં ખામી હજી ચાલે પણ અન્તઃકરણમાં ગરબડ તો આત્મવિકાસને એકદમ રૂંધી નાંખે.

ગ્રન્થકારશ્રી બે દૃષ્ટાન્ત આપે છે. બે પરસ્પર વિરોધી છે.

ભરતચક્રીના દૃષ્ટાન્તમાં ઉપકરણમાં ખામી દેખાય છે. તેમણે સાધુવેષ સ્વીકાર્યો નથી છતાં અન્તઃકરણ અતિશય નિર્મળ થઈને વીતરાગદશા સુધી આત્માને પહોંચાડી દે છે.

પ્રસન્નચન્દ્ર રાજર્ષિ પાસે સાધુવેષનું સુંદર ઉપકરણ છે પણ તેમનું અન્તઃકરણ મલિનતાની પરાકાષ્ટાએ પહોંચી જઈને સાતમી નારકના દલિકોનો સંગ્રહ કરવા લાગી ગયું છે. ના... તેમાં ઉપકરણ (સાધુવેષ) તેમને ઉગારી શકતું નથી. પેલી બાજુ ભરતચક્રીને અધિકરણ (ગૃહસ્થવેષ) વીતરાગ પરમાત્મા બનતો અટકાવી શકતું નથી.

આ હકીકતો જણાવીને ગ્રન્થકારશ્રી વ્યાપ્તિ બાંધે છે કે જેનું અન્તઃકરણ સુંદર તેનો આત્મવિકાસ સુંદર. જેનું અન્તઃકરણ મલિન તેનો આત્મવિકાસ અસંભવિત.

આનો અર્થ એ થયો કે બાહ્ય ઉપકરણથી કે અધિકરણથી જીવમાં ધાર્મિકતા નક્કી થતી નથી. ધાર્મિકતા તો અન્તઃકરણ ઉપર અવલંબે છે. એ અન્તઃકરણનો સાક્ષી માત્ર પોતાનો આત્મા છે. આ બાબતમાં દુનિયાના સારા-નરસા પ્રમાણપત્રો (બાહ્ય દેખાવને આધીન) નકામાં છે. તેની કોઈ જરૂર નથી. આ બધી વાતો નિશ્ચયનયની પ્રધાનતાથી સમજવી.

આ વાત એકદમ સાચી છે કે દુનિયાને દેખાડવા માટે ધર્મ નથી અને માત્ર બાહ્ય ઉપકરણથી કે ક્રિયાકાંડથી પણ ધર્મ નથી. જે ધર્મ પોતે કરી રહ્યો છે તે કેવો છે ? કેટલો નિર્મળ છે ? કેટલા સુધારા માંગે છે ? એ બધી વાત જાતે નક્કી કરવાની, ગુપ્ત રાખવાની અને તેમાં ગુરુગમથી વિકાસ સાધવાનો.

રૂપવતી, શીલવતી નારી જેમ પોતાનું રૂપ પોતાના પતિ સિવાય કોઈને ન બતાડે તેમ સાચો આરાધક ગુરુ સિવાય પોતાની ધર્મ–આરાધનાની વાત કોઈને ન કરે.

* * *

**वेसोऽवि अप्पमाणो असंजमपएसु वट्टमाणस्स ।।**
**किं परियत्तियवेसं विसं न मारेइ खज्जंतं ।। 21 ।।**

**અર્થ :** ભલા, જે સાધુ શિથિલાચારી છે તે સાધુવેષ પહેરે એટલે શું તે મોક્ષ પામી જશે ?

શું કોઈ માણસ અમુક વેષ પહેરીને ઝેર પીએ તો તે જીવતો રહેશે ?

**વિવેચન :** પૂર્વના શ્લોકને પુષ્ટ કરતી વાત આ શ્લોકમાં ગ્રન્થકાર કહે છે.

ફરી તે જણાવે છે કે માત્ર સાધુવેષ પહેરવાથી મોક્ષ થતો નથી. જો સાધુ, સાધુપણામાં રહેતો ન હોય તો તેનો સાધુવેષ તેને સંસારમાંથી ઉગારી શકતો નથી.

સાધુવેષ હોવા છતાં વિનયરત્ન સાતમી નારકે ગયો. સુમંગલ આચાર્ય મરીને અનાર્ય દેશમાં જન્મ્યા. નયશીલસૂરિ સાપ થયા. મંગુ આચાર્ય ખાળના ભૂત થયા. મરીચિમુનિનો દીર્ઘસંસાર થયો.

માત્ર વેષ ન ચાલે. જીવન પણ અરિહંતની આજ્ઞા મુજબનું - સરેરાશ - ઉત્તમ હોવું જોઈએ.

એ તો પાપશ્રમણ છે જે જિનાજ્ઞાપાલનનું જીવન જીવવાની શક્તિ હોવા છતાં સાવ શિથિલાચારી બન્યો છે.

પરમાત્માએ જે કક્ષાના જીવોને જે આજ્ઞાઓ કરી છે તેનું જે પાલન કરે તે જીવ ઉત્તમ ક્હેવાય.

સાધુવેષમાં શિથિલાચારી કરતાં શ્રાવકવેષમાં પક્કો બારવ્રતધારી ચડિયાતો છે.

પહેલો પહેલા દેવલોકે જાય.

બીજો બારમા દેવલોકે જાય.

પોતાના માથે લીધેલી આજ્ઞાપાલનની જવાબદારીઓ અદા કરે તે મહાન. પછી ભલે વેષ ગમે તે હોય.

ભૂતકાળના ભવભ્રમણમાં અનંતી વાર ઓઘા–મુહપત્તિ લીધા. તે બધા ભેગા થઈને પણ આપણને મોક્ષ આપી શક્યા નથી તેનું કારણ એ હતું કે આપણો આત્મા મોક્ષલક્ષી ન હતો; સંયમધર્મપક્ષી ન હતો. એ વેષોમાં લગભગ સંસારી હતો.

સાધુવેષને અનુકૂળ એવું સાધુજીવન જઘન્યકોટિનું પણ નિરતિચારપણે જીવાય તો સાત-આઠ ભવમાં મોક્ષ પ્રાપ્ત થઈ જાય.

અરે, એક વાર નબળી મનઃસ્થિતિના કારણે પ્રમાદવાળું, શિથિલ જીવન જીવાય તો ય જો તે અંગે ભરપૂર પશ્ચાત્તાપ રહે; તેનું વખતોવખત શુદ્ધ પ્રાયશ્ચિત્ત થતું રહે; એવા પશ્ચાત્તાપના આંસુ - તળાવ ભરાઈ જેટલા તેટલા - પડતા રહે તો તે આત્મા નિશ્ચયનયથી અશુદ્ધ છતાં શુદ્ધ છે. તેનો મોક્ષ ઝટપટ છે.

બાકી વેષધારી નિષ્ઠુરહૃદયી સાધુઓનો તો સંસાર દીર્ઘકાલીન જ હોય.

જે બાળકક્ષાના (અબુઝ) જીવો છે તેઓ માત્ર વેષ જોઈને ઝૂકતા હોય છે. જે મધ્યમ કક્ષાના જીવો છે તેઓ વેષની સાથોસાથ આચરણને પણ જુએ છે. જે પંડિત કક્ષાના જીવો છે તેઓ તો આત્મા વગેરે અંગેની તે જીવોની માન્યતાને પણ જુએ છે. કેમકે જો આત્માને એકાન્તે નિત્ય કે એકાન્તે અનિત્ય વગેરે સ્વરૂપ માનવામાં આવે તો આત્માના બંધ, મોક્ષ વગેરે ઘટી ન શકે; તો પછી શા માટે વેષ રાખવો ? કે આચરણ કરવું ? આમ વિચારીને બુધ પુરુષો આત્માનું કથંચિત્ નિત્યાનિત્યત્વ વગેરે સ્વીકારનાર સાધુના જ વેષાદિને વંદનીય માને છે.

* * *

**धम्मं रक्खइ वेसो संकइ वेसेण दिक्खिओमि अहं ।**
**उम्मग्गेण पडंतं रक्खइ राजा जणवउव्व ।। 22 ।।**

**અર્થ :** વેષ આંતર-ધર્મનું રક્ષણ કરે છે. પોતાના વેષ ઉપર નજર પડતાં, "અરે, હું તો દીક્ષિત સાધુ છું." એવું ભાન કરીને ખોટું કરતાં અટકી જાય છે.

જેમ રાજા પ્રજાને ઉન્માર્ગે જતી અટકાવે છે તેમ વેષ આત્માને ધર્મભ્રષ્ટ થતો અટકાવે છે.

**વિવેચન :** પૂર્વના શ્લોકમાં ભરતચક્રી અને પ્રસન્નચન્દ્રના દૃષ્ટાન્તથી વેષને 'અપ્રમાણ' ઠરાવ્યો પણ હવે ક્યાંક વેષત્યાગની અને માત્ર ભાવશુદ્ધિની વાતો થવા ન લાગી જાય એટલે આ શ્લોકમાં જણાવે છે કે વેષ પણ કેટલીક વાર આત્મલાભ કરી આપતો હોય છે માટે તેને એકાન્તે અપ્રમાણભૂત માનવો નહિ.

આત્મામાં જે વૈરાગ્ય, સાધુત્વ, સમતા વગેરે ધર્મો ઉત્પન્ન થયા હોય તેમની રક્ષા વેષ કરે છે.

કોઈ આત્મા વૈરાગ્યથી ચલિત થયો હોય અને કોઈ ખોટું કામ કરવા તૈયાર થતો હોય પણ જો તે જ વખતે તેને પોતાનો સાધુવેષ - ઓઘો વગેરે–નજરમાં આવી જાય તો તે મનથી એકદમ ચિત્કાર કરી ઊઠે કે, 'અરે, આ હું શું ખોટું કામ કરવા તૈયાર થયો છું ! હું તો સાધુ છું. મારાથી આવું કામ થાય જ નહિ.'

અજૈન રામાયણમાં રાવણના પ્રસંગમાં કહ્યું છે કે જેવું રાવણે રામનું ચિત્ર જોયું કે તરત જ તેની કામવાસના ભાગી ગઈ. સીતા તેને માવડી દેખાવવા લાગી.

સમ્રાટ સંપ્રતિના પૂર્વભવનો ભિખારી ! તેણે ખાવા માટે જ સાધુવેષ પહેર્યો હતો. પણ તે વેષને કારણે તેની અસ્વસ્થતામાં ક્રોડપતિઓ તેની સેવા કરતા હતા. આ જોઈને તેનામાં જે શુભ ભાવોનો ઉછાળો આવ્યો કે તેથી તે ભવાન્તરમાં સમ્રાટ સંપ્રતિ થયો. જૈનશાસનના પહેલા પાંચ શાસનપ્રભાવક રાજાઓ થયા તેમાં તેનો નંબર આવે છે.

ઉદયન મન્ત્રીને નિર્યામણા કરાવવા જે ભાંડને સાધુવેષ પહેરાવીને તૈયાર કરાયો હતો તેને વેષમાત્રથી પોતાને વંદન કરતાં મહામન્ત્રી ઉદયનને જોતાં વેષ ઉપર એટલું બધું બહુમાન થયું કે તે સાચો સાધુ બની ગયો.

ભાવ વિનાની દ્રવ્યદીક્ષા લેનારા આત્માઓ માત્ર વેષને કારણે પ્રાપ્ત થતી ગુરુસેવા, બ્રહ્મચર્યપાલના અને જીવરક્ષાના ધર્મોથી મોક્ષપદ પામી જાય છે. મોટા

ભાગના દીક્ષિતો સાધુવેષ પ્રાપ્ત થયા બાદ સમ્યગ્દર્શનાદિના ગુણસ્થાનોએ પહોંચતા હોય છે. એમની એ સાધનામાં વેષ જ મહત્ત્વનો ભાગ ભજવે છે.

જેની પાસે સાધુવેષ છે તેની પાસે ખાનદાની પણ હોવી જોઈએ. આથી તેને વેષ જોઈને થાય કે "અરેરેરે, આ હું શું કરવા બેઠો છું ? કયું મારું કૂળ, કઈ મારી જાતિ, હું કેવા મહાન્ માતપિતાનું સંતાન ! છતાં આ શું કરવા તૈયાર થયો છું ? ના. ના. મારે આ અકાર્ય કરવું જ નથી." જેણે ખાનદાનીના વિચારને ઘોળી પીધો હોય તેને વેષમાત્રથી કોઈ જાગૃતિ આવે નહિ.

* * *

**अप्पा जाणइ अप्पा जहट्ठिओ अप्पसक्खिओ धम्मो ।।**
**अप्पा करेइ तं तह जह अप्पसुहावओ होइ ।। 23 ।।**
**जं जं समयं जीवो आविसइ जेण जेण भावेण।**
**सो तम्मि तम्मि समए सुहासुहं बंधए कम्मं ।। 24 ।।**

**અર્થ :** પોતાના આત્માને જેવો છે તેવો તો પોતે જ જાણતો હોય છે. આમ ધર્મ આત્મસાક્ષિક છે માટે આત્માએ તે જ ક્રિયાકાંડાદિ કરવા જેનાથી સ્વાત્માનું હિત થાય.

જે જે સમયે જીવ જેવા શુભાશુભ ભાવોને સેવે છે તે તે સમયે તે જીવ તેવું શુભ કે અશુભ કર્મ બાંધે છે.

**વિવેચન :** પૂર્વના શ્લોકોમાં વ્યવહારનયથી બાહ્ય વેષનું માહાત્મ્ય સમજાવ્યા પછી ગ્રન્થકારશ્રી નિશ્ચયનયને અવલંબીને આ શ્લોકમાં કહે છે કે અંતે તો ધર્મ આત્માની સાખે કરવાનો છે. પોતે શું કરે છે ? શું નથી કરતો ? તે બધું પોતાનો આત્મા તો બરોબર જાણે છે. તે બધી વાતમાં સાક્ષી છે. તો પારકા લોકોનાં પ્રમાણપત્રો લેવા કરતાં પોતાની જાતનું પ્રમાણપત્ર લેવું સારું.

શુદ્ધ ભાવે, જેને આત્મા કર્તવ્યરૂપ કહે તે બધું કરવું, બાકીનું નહિ કરવું. હવે બીજાઓને જે ઊંધું-ચત્તું પણ કહેવું હોય તો ભલે કહે. તે તરફ જરાક પણ લક્ષ આપવું નહિ.

વળી બીજા લોકોના મગજનું કોઈ ઠેકાણું હોતું નથી. કોઈ વાર સારી વાતમાં ય ઊંધું બોલે; ક્યારેક ખોટા આચરણને ય સારું કહી દે.

લોક તો ગતાનુગતિક હોય છે. એકે કહ્યું તે બીજો, ત્રીજો, ચોથો.... બધા કહે. માવજીભાઈ તો મત્તું જ મારે ને ?

વળી લોકોમાં દોષદૃષ્ટિ વિશેષ હોય છે આથી બીજાઓ સારું કરે તો ય તેની ભૂલો કાઢે. શોધી શોધીને ભૂલ કાઢે. અછતી પણ ભૂલ કાઢે.

શંકર-પાર્વતીની કથામાં આ જ વાત જણાવી છે. એક ટટ્ટુ અને પતિ-પત્નીનું યુગલ... બે જણ ટટ્ટુ ઉપર બેઠા, બે ય ન બેઠા, વારાફરતી એકેક જણ બેઠા. આ બધા વિકલ્પોમાં રાહદારી લોકોએ તેમની ભૂલો કાઢી. નિષ્ઠુરતાપૂર્વક નિંદા કરી.

ધર્મસાધનામાં લોકો સામે નહીં જોવું. તેમનું પ્રમાણપત્ર મેળવવાની અપેક્ષા નહિ રાખવી. હા, શાસ્ત્ર શું કહે છે ? તે અવશ્ય જોવું.

જે ધર્મ (ધર્મક્રિયાદિ)થી નિશ્ચિતપણે આત્માનું હિત થતું હોય તે અવશ્ય કરવો. બેશક, બાહ્ય ધર્મસામગ્રી, ધર્મક્ષેત્ર વગેરે અભ્યન્તર ધર્મના સાધક છે ખરા; પણ તેમાં એકાન્ત નથી. દરેક જીવે જુદો જુદો ધર્મ પણ હોઈ શકે.

કોઈને જિનપૂજામાં મસ્તી જામે તો કોઈને સામાયિકમાં મસ્તી જાગે..... જેને જેમાં મસ્તીના ઓઘ ઊછળતા હોય તેણે તે વસ્તુને મહત્ત્વ આપવું. તે લાઈને જ આત્મવિકાસ સાધવો. જો તેથી સમયે સમયે અનંત પાપકર્મોનો ક્ષય થતો હોય અને પુણ્યકર્મનો બંધ થતો હોય તો શા માટે બીજી અયોગ્ય વાતો ઉપર ધ્યાન આપવું ? જ્ઞાનીઓએ કહ્યું છે કે જે રીતે તમારા રાગાદિ દોષો ઠંડા પડે તેમ કરવું તે તમારો ધર્મ છે.

અન્યત્ર કહ્યું છે, "તે તે ધર્મોમાં મોક્ષની તરફ ગતિ કરી આપતી જે જે ક્રિયા હોય તે બધી ક્રિયાઓ જૈનદર્શનને તે તે કક્ષામાં માન્ય છે. ત્યાં એવો આગ્રહ ન રખાય કે તે લોકોએ શ્રીરામ જય રામ.... નહિ બોલવું. 'નમો અરિહંતાણં જ બોલવું."

અરે, હેમચન્દ્રાચાર્યજીએ તો કુમારપાળના શિવધર્મને આગળ કર્યો; મહાદેવજીના શિવલિંગની પ્રતિષ્ઠામાં તે હાજર રહ્યા. હા... એમ કરતાં કરતાં અન્તે એ કુમારપાળ કટ્ટર જૈન બની ગયો.

એક ઠેકાણે કહ્યું છે કે, "કોઈ શ્વેતામ્બર ભલે હોય, કોઈ દિગંબર ભલે હોય, કોઈ બૌદ્ધધર્મી હોય કે શૈવધર્મી હોય, તે બધા મોક્ષ પામી શકે છે, જો તેમણે 'સમતા' ગુણને બરોબર સિદ્ધ કરી લીધો હોય !"

જૈનદર્શન વ્યવહારનયની કક્ષાથી બધી વાતો કટ્ટરતા સાથે કરે છે; કેમકે પ્રાથમિક કક્ષામાં તો તેવી ચાલણગાડીઓની જરૂર પડે છે, પરન્તુ પછી તે નીકળી જાય છે. પછી તો મધ્યસ્થભાવને જ મુખ્ય કરાય છે.

વ્યવહારનય જીવના પ્રાથમિક કક્ષાના વિકાસમાં અત્યન્ત આવશ્યક છે, એની ઉપેક્ષા ત્યાં થઈ શકે નહિ. નિશ્ચયનય જીવના ઊંચા આધ્યાત્મિક વિકાસમાં અત્યન્ત આવશ્યક છે, ત્યાં તેની ઉપેક્ષા થઈ શકે નહિ.

બન્ને પોતપોતાના ક્ષેત્રમાં સરખા બળવાન.

બન્ને પોતાનાથી પરાયા ક્ષેત્રમાં સાવ દુર્બળ : નિરર્થક.

હાથીનું બળ જમીન ઉપર.

મગરમચ્છનું બળ તળાવમાં.

આ ઉપરથી મારે એ વાત કરવી છે કે જે કક્ષામાં જે જીવનો જે રીતે મોક્ષાભિમુખ વિકાસ થતો હોય તેમાં અવરોધ ઊભો ન કરતાં તેને આગળ વધારવો.

જૈની ક્રિયાઓમાં જે જૈનનો જે ક્રિયાથી વિકાસ થતો હોય તેમાં અવરોધ ઊભો કરવો નહિ.

આત્મહિત એ જ અતિ મુશ્કેલ છે ત્યાં કોઈનું થઈ રહેલું આત્મહિત, દોઢ ડહાપણ કરીને શા માટે ઉથલાવવું જોઈએ ? આમાં જૈની દૃષ્ટિ ન કહેવાય.

જ્ઞાનીઓએ આંતર-હિતની વાતમાં બાહ્ય ઉપકરણોની કે બાહ્ય પ્રશસ્ત ક્ષેત્રોની અનિવાર્ય આવશ્યક્તા સ્વીકારી નથી.

તેમણે ષટ્કારકની વાત કરતાં કહ્યું છે કે, આ આત્મા, આત્માને, આત્મા વડે, આત્મા માટે, આત્માથી, આત્માનું, આત્મામાં હિત કરે છે. આત્માને આત્મકલ્યાણ કરવામાં આત્મા સિવાય કશાની જરૂર નથી.

ઉત્તરાધ્યયન સૂત્રમાં કહ્યું છે કે, "ઓ જીવ ! તું તારા આત્માની જ ચિન્તા કર. તેનું હિત કર. જો કે આત્મહિત અત્યન્ત મુશ્કેલ છે છતાં જો તું તે કરીશ તો આલોક અને પરલોકમાં સુખી થઈશ."

ફરી કહ્યું છે કે, "ઓ જીવ ! તું પારકી બાબતોમાં પડ નહિ. (પરહિતનું એ કામ વિશિષ્ટ પુણ્યવાન્ આત્માઓનું કહેવાય.) તું તો તારા અંતરમાં જે મોહનીય કર્મની પ્રકૃતિઓરૂપ ખૂંખાર આતંકવાદીઓ ભરાઈ પડ્યા છે તેમની સામે યુદ્ધનો મોરચો ખોલી નાંખ. ખૂનખાર જંગ ખેલી લે. તારા તે દુશ્મનોને તું ખતમ કર. હા, એ માટે તારા આત્માએ જ બધી તાકાત એકઠી કરવી પડશે. બાહ્ય પદાર્થોની કોઈ આશા રખાશે નહિ."

જ્ઞાનીઓ કહે છે કે માત્ર મનુષ્યભવ એવો છે જ્યાં સર્વવિરતિધર્મની તલવાર

મળે છે. બીજા ભવોમાં સમ્યગ્દર્શનનું તિલક જ મળે છે. ત્યાં જીવ તૂટી મરે તો ય તેને તલવાર મળતી નથી.

આથી દરેક જીવે માનવજન્મ કે મુનિવેષ પ્રાપ્ત કરીને સાવ અન્તર્મુખ બનીને આત્મસાધનામાં રાત ને દી' લાગી પડવું જોઈએ.

જગતનું હિત કરવાની જે વાત છે તે વિશિષ્ટ કોટિની આત્મશુદ્ધિ અને પુણ્યાઈ જેને ગુરુકૃપાથી પ્રાપ્ત થાય તેના જ માટે છે. જો શુદ્ધિ કે પુણ્યાઈ (પુણ્યાનુબંધી) વિના પરકલ્યાણની દુકાન ખોલી દેવાય તો તેમાં દેવાળું ફૂંકવા સિવાય કાંઈ ન મળે.

* * *

**धम्मो मएण हुंतो न वि सीउण्हवायविज्झडिउ**
**संवच्छरमणसिओ बाहुबली तह किलिस्संतो ।। 25 ।।**

**અર્થ :** જો અભિમાન કરવા સાથે ધર્મ થતો હોત તો ઠંડી, ગરમી આદિ સંબંધિત ભયાનક પરીષહોને લાગટ એક વર્ષ સુધી સહનારા બાહુબલિને આટલું સહન કરવું ન પડત.

**વિવેચન :** અહીં અભિમાન એ સર્વદોષોનું ઉપલક્ષણ છે. અર્થાત્ કોઈ પણ દોષની સાથે ગમે તેટલો તપ કરાય કે પરીષહો સહાય પણ તેથી કૈવલ્ય પ્રાપ્ત ન થાય.

બાહુબલિજી સાધુ થયા તે પૂર્વે તેમના નાના અઠ્ઠાણું ભાઈઓ દીક્ષિત થઈ ગયા હતા. તેમને વંદન કરવાની બાબત સ્વીકાર્ય ન હતી. કેમકે પોતે મોટા ભાઈ હતા. (ખરેખર તો વંદન કરવાનું હતું જ નહિ કેમકે પાછળથી દીક્ષિત થયેલા મોટાભાઈએ પૂર્વે દીક્ષિત થયેલા નાના ભાઈઓને વંદન કરવાનું હોતું નથી. પણ આ વાત તેમના ખ્યાલમાં નહિ હોય તેમ લાગે છે.)

નાના ભાઈઓ કેવળજ્ઞાન પામ્યા ન હતા એટલે પોતે જો કેવળજ્ઞાન પામે તો પછી તેમને વંદન કરવું ન પડે.

આવા ખ્યાલથી પોતે કેવળજ્ઞાન પામવા માટે અનશન અને સાથે કાયોત્સર્ગ (૧૨ તપમાં પહેલો અને છેલ્લો તપ)નો ઘોર તપ આરંભ્યો. લાગટ એક વર્ષના ચોવીહાર ઉપવાસ સાથે એક જ ઠેકાણે લાકડાની જેમ અડોલ ઊભા રહ્યા.

પંખીએ માળા બાંધ્યા. સર્પે બે પગ વચ્ચે રાફડો બનાવ્યો. વૃક્ષે વેલ ચડાવી. ચકલીએ દાઢીમાં વારંવાર ઈંડાં મૂક્યાં.

ન હાલ્યા. ન ચાલ્યા. ન કંપિત થયા.

પણ તો ય કેવળજ્ઞાન ન થયું. કેમકે અભિમાન દોષ નડતો હતો. તે આ ઘોર સાધનાને ધૂળ ચાટતી કરતો હતો.

અપેક્ષાએ અભિમાન સૌથી મોટો દોષ ગણાય.

ઘોર સત્ત્વશાળી બાહુબલિને જે હંફાવે; નિષ્ફળ કરી દે તે દોષની તાકાત કેટલી ગણાય ?

એ તો પરમાત્મા આદિનાથે, બ્રાહ્મી અને સુંદરી - બે સાધ્વીજીઓ–ને મોકલ્યા. તેમણે સાદ દીધો, "વીરા મોરા, ગજ થકી ઊતરો."

આ શબ્દો ઉપર વિચારે ચડતાં બહેનોએ અભિમાન નામના ગજ ઉપરથી નીચે ઊતરવાની ચીમકી આપ્યાની વાત સમજાઈ. પોતાની ભૂલ બદલ અત્યન્ત પશ્ચાત્તાપ થયો. એવું નક્કી કર્યું કે "મારે તરત જ નાના ભાઈઓને પણ વંદન કરવું. તે મહાસંયમી મહાત્માઓ છે."

બસ, પગ ઉપાડ્યો.

અને..... તત્ક્ષણ કેવળજ્ઞાન થઈ ગયું.

ક્ષપકશ્રેણી મંડાઈ ગઈ.

ઘાતીકર્મોનો ચૂરો થઈ ગયો.

કેવળજ્ઞાન પ્રાપ્ત થઈ ગયું.

જે કામ એક વર્ષની ઘોર સાધનાથી ન થયું તે કામ દોષધિક્કાર સાથે માત્ર પગ ઉપાડવાથી થઈ ગયું.

કહેવું પડશે કે, "દોષધિક્કાર જેવો કોઈ ધર્મ નથી." સ્વદોષદર્શન થાય પછી દોષ તરફ ધિક્કાર જાગે.

અહંકારી માણસને સ્વદોષદર્શન શક્ય નથી. એ તો પરદોષદર્શનમાં ગળાબૂડ હોય. એ ધિક્કારે તો બીજાઓને ધિક્કારે; પોતાના દોષોને ક્યારેય નહિ.

સર્વ ગુણોનો રાજા સ્વદોષદર્શન છે. કેમકે તે વિના સ્વદોષધિક્કાર થતો નથી. જ્યાં સુધી આ ધિક્કાર ન જાગે ત્યાં સુધી લાખ બાહુબલિઓ અઘોર સાધના કરે તો તેમાંના એકાદ બાહુબલિને પણ કૈવલ્ય પ્રાપ્ત થતું નથી.

જેઓ જીવનમાં કાયોત્સર્ગ, તપશ્ચર્યા, મન્ત્રજાપ વગેરે મોટા પ્રમાણમાં કરે છે પરન્તુ જેમનો સ્વભાવ સારો નથી. તેઓ ક્રોધી છે; નિન્દક છે; ઇર્ષ્યાળુ છે; વળી

તે દોષો હોવાનું કોઈ દુઃખ નથી : તેનો કોઈ અજંપો નથી એ મસમોટા આરાધકો, સાધકો, ઉપાસકો કે પ્રભાવકો ગમે તે કરે તો ય કૈવલ્ય પામી શકતા નથી.

અહંકાર તો હટવો જ જોઈએ. સાવ મુડદાલ થવો જ જોઈએ. આ પછી જ કોઈ પણ આરાધનાની વાત કરવી જોઈએ. વળી આરાધનામાંથી અહંકાર પેદા ન થઈ જાય તેની કાળજી કરવી જોઈએ.

પેલા કવિએ સાચું કહ્યું છે : **અહં રે અહં, તું જાને મરી.**
**પછી મારામાં બાકી રહે તે હરિ...**

* * *

**नियगमइ विगप्पिअ चिंतिएण सच्छंदबुद्धिरइएण।**
**कत्तो पारत्तहियं कीरइ गुरु-अणुवएसेणं।। 26।।**

**અર્થ :** જેને ગુરુ પાસેથી કોઈ શાસ્ત્રબોધ કે હિતશિક્ષા મળી નથી; જે પોતાની સ્વચ્છંદ બુદ્ધિથી જ બધું ગોઠવી લે છે અને ચિન્તન કરે છે; તે આત્માનું પરલોકે હિત (જિનશાસનયુક્ત સદ્‌ગતિની પ્રાપ્તિ) શી રીતે થાય ?

**વિવેચન :** ગુરુદત્ત જ્ઞાન એ જ્ઞાન કહેવાય; બાકીની વિદ્વત્તા કહેવાય.

જ્ઞાનથી તરાય; કોરી વિદ્વત્તાથી ડુબાય. આ કારણે પ્રત્યેક મુમુક્ષુએ સદ્‌ગુરુની શ્રેષ્ઠ સેવા કરીને તેમની પાસેથી જ્ઞાન પ્રાપ્ત કરવું જોઈએ.

અન્ય ધર્મોમાં પણ ગુરુનો મહિમા ખૂબ ગવાયો છે. દેવને અને ધર્મને ઓળખાવવાનું કામ ગુરુ કરે છે માટે તે દેવ કરતાં ય વધુ આદરણીય છે એમ અપેક્ષાએ કહી શકાય.

દેવ પરોક્ષ છે; દૂરવર્તી છે; તેમની સાક્ષાત્ હિતશિક્ષા, તાલીમ વગેરે મળ્યા નથી.

ગુરુ પ્રત્યક્ષ છે; સાવ નિકટતમ છે; તેમની હિતશિક્ષા અને તાલીમ પામીને શિષ્ય તૃપ્ત અને આનંદિત બનતો હોય છે.

માટે જ ગુરુ વધુ મહાન્ છે.

એક સ્થળે કહ્યું છે કે જો કોઈ આત્માને દેવ ઉપર જેવી અગાધ પ્રીતિ છે તેવી જ પ્રીતિ ગુરુ ઉપર થઈ જાય તો તે શાસ્ત્રગત શબ્દોને જ વાંચતો નથી; એ શબ્દોની પાછળ ઘૂઘવતો અર્થોનો, ઐદમ્પર્યનો સાગર પણ પ્રત્યક્ષ કરી શકે છે.

એક જગાએ કહ્યું છે;

ગુરુની કૃપા જ માત્ર શિષ્યના સાધક જીવનની સફળતા માટેનું શ્રેષ્ઠ મંગલ છે.

આવા ગુરુતત્ત્વને અભરાઈએ મૂકીને સ્વચ્છંદતાથી પોતાનો વિકાસ સાધવા નીકળેલા શિષ્યોનો પગ ક્યાંક કોક - અનાચારના કુંડાળામાં પડી ગયા વિના રહેતો નથી. કહો, હવે તેનું પરલોકહિત શી રીતે શક્ય બને ?

ડગલે ને પગલે - જરાક વારમાં જે માર્ગે પતનની શક્યતા છે ત્યાં એકધારું ઉત્થાન હસ્તગત કરવાનું કાર્ય માત્ર ગુરુકૃપા કરે છે.

અધ્યાત્મસારમાં કહ્યું છે કે, "કામરાજ ચંડાળ છે. અત્યન્ત નિર્દય છે; પરન્તુ જેણે ગુરુકૃપાનું કવચ પહેરી લીધું છે તેને તે કશું કરી શકતો નથી."

* * *

**थद्धो निरुवयारी अविणीओ गव्विओ निरवणामो।**
**साहुजणस्स गरहिओ जणे वि वयणिज्जयं लहइ।। 27।।**

**અર્થ :** જડ, નિરુપકારી (સ્વાર્થી), ઉદ્ધત, અભિમાની, અક્કડ એવા પુરુષની સાધુજનો નિન્દા કરે છે અને લોકો પણ તેનું સારું બોલતા નથી.

**વિવેચન :** રૂપે સારો, કપડે સારો, શક્તિઓથી સારો, ધનવાન્, ધર્મવાન્, બુદ્ધિમાન માણસ જે સ્વભાવે સારો ન હોય : સાવ પિત્તળ હોય : તો નકામો છે.

કોઈ પણ ક્ષેત્રમાં વિકાસ સાધતાં પહેલાં માણસનો સ્વભાવ રૉયલ હોવો જરૂરી છે. જે સ્વભાવથી પિત્તળ એટલે કે છીછરો, સ્વાર્થી, ક્રોધી, લોભી વગેરે છે તેની કિંમત નથી સંતો કરતા; નથી સજ્જનો કરતા. પછી તે ગમે તેટલો ગમે તે ક્ષેત્રમાં મોટો બની ગયો હોય.

ખૂબ દાની પરન્તુ પાંચથી દસ ટકા વ્યાજ લેનારો, માણસોના લોહી પીનારો માણસ શી રીતે સારો કહેવાય ?

ખૂબ બુદ્ધિમાન પરન્તુ ઘરમાં બધા ઉપર અત્યન્ત ક્રોધી. એ શી રીતે સમાજમાં પ્રશંસનીય બને ?

મંદિરે જઈને ત્રણ કલાક પ્રભુભજન કરનારો પરન્તુ પત્નીને ખૂબ મારનારો શી રીતે સત્પુરુષોમાં આવકાર્ય બને ?

પહેલાં ગુણો, લબ્ધિઓ કે શક્તિઓની પ્રાપ્તિ નહિ. પહેલાં રૉયલ સ્વભાવ : દોષરહિત સ્વભાવ.

દ્રૌપદી કેવી મહાસતી હતી પરન્તુ કેટલી બધી ક્રોધાન્ધ હતી !

સિદ્ધરાજ જયસિંહ કેવો મહાપ્રતાપી રાજા હતો પણ કેવો કામી હતો ! જસમા ઓડણ અને રાણકદેવીના પ્રસંગોથી એના લલાટે કલંક ચડ્યા હતા.

માટે જ પહેલાં ગુણવાન્ બનવાનું, પછી જ બુદ્ધિમાન્, ધનવાન્, શક્તિમાન્, વિદ્વાન્ કે ધર્મવાન્ બનવાનું.

* * *

**थोवेण वि सप्पुरिसा सणंकुमारव्व केइ बुज्झंति।**
**देहे खणपरिहाणी जं किर देवेहिं से कहियं।। 28 ।।**

**અર્થ** : કેટલાક પુરુષો નાનકડા પણ નિમિત્તથી સનત્કુમાર ચક્રીની જેમ બોધ પામી જાય છે. બે દેવોએ તેમને કહ્યું કે, "તમારા શરીરમાં ઝડપથી આરોગ્યનો ક્ષય થતો દેખાય છે."

આટલું સાંભળીને ચક્રી બોધ પામીને સાધુ બની ગયા.

**વિવેચન** : થોડાક જ શબ્દોમાં જે આત્મા ધર્મ પામી જાય તેને 'સુલભબોધિ' કહેવાય છે. સનત્ ચક્રવર્તી, ચિલાતીપુત્ર વગેરે સુલભબોધિ હતા.

સનતનું રૂપ સ્વર્ગની અપ્સરાઓને પણ આંટી જાય તેવું હતું. તેમને રૂપનો ગર્વ પણ ખૂબ હતો. દેવેન્દ્રે દેવસભામાં તેના રૂપની પ્રશંસા કરતાં બે દેવો, વિપ્રવેષે સનત્નું રૂપ જોવા આવ્યા.

સનત્ હજી હમણાં જ ઊઠ્યા હતા. એટલે તેમણે રાજસભાના રત્નજડિત સિંહાસને પોતે બેસે ત્યારે રૂપ જોવા માટે આવવા કહ્યું. તે રીતે દેવો આવ્યા. પરન્તુ અવધિજ્ઞાનના બળથી રાજાના દેહમાં ધસી આવતા હોય તેમ સોળ મહાભયાનક રોગોને જોયા. તેમનું મોં પડી ગયું. સનતે ખૂબ આગ્રહપૂર્વક કારણ પૂછતાં તેમણે બધી વાત જણાવી દીધી. સનત્નો માંહ્યલો તત્ક્ષણ જાગી ગયો. અને એણે વાટ પકડી લીધી; મહાભિનિષ્ક્રમણની.

છ માસ સુધી હજારો પ્રજાજનો વગેરે તેમની પાછળ ફર્યા. છેવટે થાક્યા. ઘરભણી વળી ગયા.

હવે સનત્ મુનિ બન્યા.

ગૃહસ્થાવાસમાં એ હતો; રંગીલો રાણો.

ખૂબ ભોગરત હશે ત્યારે જ તેને રંગીલો રાણો કહ્યો હશે ને ?

આવો આત્મા જ્યારે 'સંયમ' સાધવા નીકળ્યો ત્યારે સંયમધર્મમાં રંગીલો બની ગયો. ઉત્કૃષ્ટ રીતે સંયમપાલન કરવા લાગ્યો.

સોળ રોગો ફાટી નીકળ્યા. લગાતાર સાતસો વર્ષ સુધી ઉગ્રરૂપમાં ચાલ્યા. અગાધ સમતા સાથે રોગોને સહન કરવાથી અનેક લબ્ધિઓ પ્રગટ થઈ. એ લબ્ધિથી રોગનાશ થઈને કાયા કંચનવર્ણી બને તેમ હતું પણ તેમણે તેનો લેશ પણ ઉપયોગ ન કર્યો.

જે શારીરિક રોગોથી આત્માના રોગ જડમૂળથી સાફ થતા જતા હતા તે રોગોને તે શા માટે મટાડી દે ?

રોગ મટાડવા આવેલા અશ્વિનીકુમારો(દેવોના વૈદ્યો)ને તેમણે કહ્યું, "મારા આત્માને ૧૫૮ (કર્મપ્રકૃતિ) રોગો લાગુ થયા છે તે મટાડો તો ખરા. બાકી દેહના સોળ રોગો તો મારા ઉપકારી છે, તેમને મટાડવાની વાત કરજો મા !

જ્ઞાનીઓ કહે છે કે, "વિષયો પ્રત્યે વિરાગ થવો હજી સહેલો છે. પણ વિષયવિરાગી મહાત્માઓને જે તપજન્ય લબ્ધિઓ–વિદ્વત્તાદિ–શક્તિઓ ઉત્પન્ન થાય તેનાથી વિરક્ત રહેવું અતિ મુશ્કેલ છે.

સનત ચક્રીએ એક જ વાક્યથી દીક્ષા લીધી. સાતસો વર્ષ રોગો સહ્યા ! એક લાખ વર્ષનું નિરતિચાર ચારિત્ર પાળ્યું. ત્રીજા સ્વર્ગે ગયા. મહાવિદેહ થઈને મોક્ષે જશે.

* * *

**जइ ता लवसत्तमसुर विमाणवासी वि परिवडंति सुरा ।**
**चिंतिज्ज तं सेसं संसारे सासयं कयरं ।। 29 ।।**

**અર્થ :** જે લવસત્તમીઆ સર્વાર્થસિદ્ધવિમાને પહોંચેલા દેવો પણ તેમનું તેત્રીસ સાગરોપમનું આયુષ્ય પૂર્ણ થતાં તે દેવલોકમાંથી ચ્યવે છે. હાય ! તો આ સંસારમાં શાશ્વત શું હશે ?

**વિવેચન :** સાત લવ જેટલું કે એક છટ્ઠનો તપ કરવા જેટલી આરાધના જો થઈ ગઈ હોત તો જે આત્માઓ અવશ્ય મોક્ષે ચાલ્યા જાત તે આત્માઓ આરાધનાનો આટલો પનો ટૂંકો પડવાથી સર્વાર્થસિદ્ધવિમાનના અનુત્તર દેવલોકે જાય છે; જ્યાંનું

આયુષ્ય તેત્રીસ સાગરોપમનું હોય છે એટલે કે અસંખ્ય વર્ષોનું હોય છે. આટલું બધું લાંબુ આયુષ્ય પણ જો અન્ત પામી જાય : જો તે પણ અનિત્ય હોય તો સવાલ એ થાય છે કે સંસારમાં 'નિત્ય' શું છે ?

જો કોઈ પણ ભોગસુખ નિત્ય ન હોય : છેવટે ગમે ત્યારે પણ અન્ત પામી જનારું હોય તો તેવા ભોગસુખોને પામવા માટે ધર્મ શા માટે કરવો જોઈએ ? અરે; પાપો ય શા માટે કરવા જોઈએ ?

એના કરતાં તો જે સિદ્ધાવસ્થાનું નિત્ય આત્મસુખ છે : જે કોઈ પણ ઉત્કૃષ્ટ ભોગસુખ કરતાં અનંતગુણ પ્રમાણ છે તેના માટે જ ધર્મ કેમ ન કરવો ?

એક વાર આ સુખ મળ્યું કે પછી તે કદી વિરામ પામતું નથી.

બધા પદાર્થો ઉપર યમરાજનો ઝપાટો લાગે પણ 'મોક્ષ' પદાર્થ ઉપર તે કદી ન લાગે.

આથી જ શાણા અને સમજદાર આત્માઓ માનવભવ પામીને મોક્ષ અપાવે તેવો ધર્મ જ કરતા હોય છે. એ ધર્મના ફળરૂપે સામાન્યતઃ મોક્ષ જ માંગતા હોય છે. ભલે આ માટે એકથી સાત-આઠ મનુષ્યભવોમાં સાધુ થવું પડે : ઉગ્ર પરીષહોના દુઃખો સહવા પડે પરન્તુ છેવટે એક વાર અનંતસુખમય 'મોક્ષ' તો પ્રાપ્ત થઈ જાય. એ પછી વારંવાર જન્મ, જરા, મરણના, રોગાદિના કે આધિ, વ્યાધિ, ઉપાધિઓના દુઃખ તો વેઠવાના ન રહે.

જ્ઞાનીઓ કહે છે કે ભીની માટીમાંથી મજાનો મહેલ બનાવનાર જીવ બાળક કહેવાય છે કેમકે એક લાત વાગતાં તે તૂટી પડવાનો છે. આવી બાલચેષ્ટા મનુષ્યભવ પામીને નહિ કરવી જોઈએ.

સંસારસુખ ગમે તેટલું સારું દેખાતું : સમજાતું હોય પણ તેના ત્રણ કલંકોની નોંધ લીધા વિના છૂટકો નથી.

(૧) તે વિનાશી છે.

(૨) તે કર્મ-પરાધીન છે.

(૩) તે દુઃખમિશ્રિત છે.

મોક્ષસુખ શાશ્વત છે; સ્વાધીન છે અને સ્વચ્છ છે.

વળી મુનિજીવનનું જે દુઃખ વેઠવું પડે છે તે પણ સ્વેચ્છાએ : સામે ચડીને વેઠાય છે માટે તે દુઃખ દુઃખરૂપ ન રહેતાં આનંદરૂપ બની રહે છે.

કદાચ તે દુઃખ, દુઃખરૂપ હોય તો ય તેના વેઠવાથી મોક્ષના અનંતસુખની પ્રાપ્તિનો જબરદસ્ત દલ્લો મળે છે. આ દલ્લો જેની નજરમાં છે તે આનંદથી મુનિજીવનનું દુઃખ વેઠે તેમાં કોઈ નવાઈ નથી.

* * *

**कहं तं भन्नइ सुखं सुचिरेण वि जस्स दुःखमुलियइ ।**
**जं च मरणावसाणे भवसंसाराणुबंधि च ।। 30 ।।**

**અર્થ :** તે ભોગસુખોને [સર્વાર્થસિદ્ધવિમાન સહિતના] સુખ જ કેમ કહેવાય જેની સાથે - લાંબા સમય પછી પણ - દુઃખો જોડાય છે. જેનો અંત મોતથી થાય છે અને તે મોત પછી દુઃખમય સંસારની પરંપરા ચાલવા લાગે છે.

**વિવેચન :** સંસારનું સુખ એટલે ઝેરના કણ સહિતનો દુધપાકનો વાટકો.

મજેથી દુધપાક પી જાઓ પણ પછી રિબાઈને મરો.

ડોક્ટરની જે ગોળી માથાનો સખત દુઃખાવો બે મિનિટમાં ઉતારી આપે પણ પછી તેના રી-એક્શનરૂપે જો હેમરેજ થાય તો તે ગોળીથી માથાનો દુઃખાવો ઉતારવાની લાલચમાં શી રીતે પડાય ?

પુણ્યકર્મનો ઉદય થાય એટલે ભોગસુખ મળે. પણ આ ઉદય પૂરો થાય એટલે એક જ ક્ષણમાં કરોડપતિ રોડપતિ બની જાય; નિરોગી રોગી થઈ જાય; હટ્ટોકટ્ટો માણસ મરણપથારીએ આવી જાય; માણસ ભૂંડ બની જાય.

પુણ્યકર્મ ક્યારે પતી જશે ? તેની ખબર હોતી નથી. એકાએક તેનો અંત આવે ત્યારે તો ગમે તેવો પહેલવાન, બુદ્ધિમાન, ધનવાન કે ધર્મવાન્ જીવ સાવ ગરીબગાય બની જાય. એની બધી શક્તિ-બુદ્ધિ અ-ચેતન બની જાય.

જે કાંઈ લીલી વાડી હોય છે તે સાક્ષાત્ તો માત્ર પુણ્યકર્મને આધીન હોય છે. તેનો ઉદય પૂરો થતાં જ મોટો રૂસ્તમ પણ ધરતી ઉપર લોહી વમતો ઊંધો પટકાય છે.

પુણ્યકર્મનો ઉદય એટલે કાચા સુતરનો તાંતણો. તેને પકડીને લટકી રહેલો સાડા ત્રણ મણ કાયાનો જીવ કેવી જોખમી સ્થિતિમાં ગણાય ? ગમે ત્યારે આ કાચો તાંતણો તૂટશે અને ભાઈ ! ધરતી ઉપર - લોહીવમતો - પટકાઈ જશે.

બિચારો જીવ ! એને ભોગસુખના કરુણ અંજામનો ખ્યાલ નથી.

પેલી જળોને શું ખબર હોય કે તેને ખૂબ લોહી પાયા પછી વૈદ્ય નીચોવી નાંખશે. તે વખતે તેને દારૂણ વેદના થશે !

જો તેને ખબર હોત તો તે લોહી પીવા તૈયાર થાય ખરી ! જો હા. તો કેવી મૂર્ખી કહેવાય ?

પેલો કસાઈનો પાડો ! રોજ લીલા જવ ખાય. બિચારાને ખબર નથી કે આ રીતે તેને તગડો બનાવ્યા બાદ કાપી નાંખવાનો છે ! સહુ માંસભોજન કરવાના છે !

કિંપાકવૃક્ષનું ફળ બેહદ મીઠું હોય છે. પાંચેય ઇન્દ્રિયોને તે ફળનો રસ, સુગંધ, સ્પર્શ વગેરે આનંદ બક્ષે છે. પણ આ પ્રલોભનમાં આવીને જો કોઈ માણસ તે ખાય તો બીજી જ ક્ષણે તેના પ્રાણ નીકળી જાય.

સંસારના ભોગસુખો આ ફળ કરતાંય ભયાનક દુઃખોના વાવાઝોડાં - લગાતાર દુર્ગતિઓમાં મોકલી આપવા રૂપે - તાણી લાવે છે.

જે શ્રમણોને આ વાતની શ્રદ્ધાયુક્ત ખબર છે તેમને લોચ, વિહાર, તપ વગેરેમાં કષ્ટ કે દુઃખ તો લાગતું જ નથી પરન્તુ અપૂર્વ આનંદ હોય છે.

સાંસારિક સુખને સુખ કહો.

આત્માના સુખને આનંદ કહો.

* * *

**उवएससहस्सेहिं वि बोहिज्जंतो न बुज्झइ कोइ ।**
**जह बंभदत्तराया उदायिनिवमारओ चेव ।। 31 ।।**

**અર્થ :** આ જગતમાં કેટલાક એવા જીવો છે જેમને હજારો વાર ઉપદેશ અપાય તો ય બોધ ન પામે. બ્રહ્મદત્તરાજાને તેના પૂર્વભવીય ભાઈ ચિત્રમુનિએ પુષ્કળ સમજાવ્યો તો ય તે રાજા પાપોથી પાછો ફર્યો નહિ. એવું જ ઉદાયિરાજાના હત્યારા વિનયરત્નનું બન્યું છે. [તે અભવ્ય હતો એટલે ગમે તેટલો બોધ દેવાય તો ય પ્રતિબોધ પામે તેમ ન હતો.]

**વિવેચન :** બ્રહ્મદત્ત ચક્રવર્તી પૂર્વભવમાં સંભૂતિ મુનિ હતા. તેના સંસારીભાઈ ચિત્રમુનિ હતા. નારીના વાળની લટનો સંભૂતિ મુનિને સ્પર્શ થઈ જતાં કામવાસના પ્રજ્વલિત થઈ. નિયાણું કર્યું કે મને આ નારી જેવી નારી પ્રાપ્ત થાઓ. આ વાત જાણીને ચિત્રમુનિએ ખૂબ સમજાવ્યો; પણ તે સંભૂતિ મુનિ એકના બે ન થયા.

હવે એ મુનિ બ્રહ્મદત્ત ચક્રી બન્યા. નિયાણા પ્રમાણે નારીરત્ન પ્રાપ્ત થયું. પણ તેનું જીવન અત્યન્ત વિલાસી હતું. ચિત્રમુનિએ તેને ઓળખીને, તેનો પૂર્વ-ભવ યાદ કરાવીને વિલાસી જીવનથી પાછા હટવા ખૂબ સમજાવ્યા. પણ ભાઈ ન

જ સમજ્યા. અંતે સાતમી નારકે ગયા.

જે ભારેકર્મી જીવો હોય છે તેમને ઉપદેશની કોઈ અસર થતી નથી.

કેટલીક વાર વ્યાખ્યાનકાર મુનિઓ એવા જીવોને પણ પ્રતિબોધ કરવા માટે રાત ને દી' પ્રયત્ન કરે છે પણ તે નિષ્ફળ જાય છે.

જે લશ્કરનું ઊંટ હોય, એથી જેણે તોપગોળાના ભયંકર અવાજો સાંભળ્યા હોય તે ઊંટને ખેતરનો માલિક ખેડૂત, ઘાસલેટનું ડબલું લાકડી મારીને વગાડે તો શું ખેતરમાં પેસી ગયેલું ઊંટ ભડકીને ખેતરમાંથી ભાગી જાય ખરું ?

લશ્કરના ઊંટ જેવા રીઢા શ્રોતાઓ ! તેમને સામાન્ય વ્યાખ્યાનકારોની ધર્મવાણીની કોઈ અસર થતી નથી.

* * *

**गयकन्नचंचलाए अपरिच्चत्ताए रायलच्छीए ।**

**जीवा सकम्मकलिमल - भरियभरा तो पडंति अहे ।। 32 ।।**

**અર્થ :** હાથીના કાન જેવી ચપળ રાજલક્ષ્મીને નહિ છોડી શકનારા જીવો પોતાના કર્મરૂપી મળથી ભરેલા ભાર વડે અધોભૂમિ (નરક)માં પડે છે.

**વિવેચન :** હાથીના કાન જેવી ચપળ લક્ષ્મી !

લક્ષ્મી વિના ભોગસુખો પ્રાપ્ત થાય નહિ એટલે ભોગલંપટ જીવોને લક્ષ્મી ખૂબ પ્રમાણમાં જોઈએ. એમને જેટલી લક્ષ્મી મળે તેટલી તે છોડે નહિ તથા વધુ ને વધુ લક્ષ્મી મેળવવામાં પાપી થઈ જાય.

લક્ષ્મીના યોગમાં જીવ પાપી થાય.

લક્ષ્મીના વિયોગમાં પાગલ થઈ જાય.

અરે, લક્ષ્મીનો વિયોગ થવાની કલ્પનાથી પણ પાગલ થઈ જાય.

એવા પાપીઓ અને પાગલોના કેટલા નામ દઉં ?

મમ્મણ, મહમ્મદ,, રોકફેલર, ફોર્ડ, કાર્નેગી, એક બીજાને પતાવી દેતાં બે ભાઈઓ.

આ જગતનું સૌથી મોટું પાપ તે ધન છે. સ્ત્રી કરતાં ય ઘણા વધુ લોકો લક્ષ્મીની પાછળ પાગલ થયા છે અને મર્યા છે.

કામભોગનું ધ્યાન તે આર્ત્તધ્યાન કહેવાય છે જ્યારે લક્ષ્મીનું ધ્યાન તે રૌદ્રધ્યાન સુધી પહોંચી જાય છે.

આર્તધ્યાનમાં તિર્યંચગતિનો બંધ પડે.

લક્ષ્મીના ધ્યાનમાં નારકગતિનો બંધ પડે.

કામભોગની તીવ્રતા શારીરિક વગેરે કારણોસર સ્થગિત રહે ખરી; પણ ધનમૂર્ચ્છાની તીવ્રતા ક્યારેય કામચલાઉ રીતે પણ સ્થગિત રહેતી નથી.

સમગ્ર માનવજીવનનો કચ્ચરઘાણ બોલાવી દેવાની શક્તિ ધનમૂર્ચ્છાની તીવ્રતામાં છે. આમાંથી 'સંતોષ' નામનો એક જ ગુણ જીવને ઉગારી શકે.

* * *

**वोत्तुण वि जीवाणं सुदुक्कराइंति पावचरियाइं।**
**भयवं जा सा, सा सा पच्चाएसो हु इणमो ते।। 33।।**

**અર્થ :** કેટલીક વાર તો જીવ એટલા ભયાનક પાપો કરી નાંખે છે કે તે કોઈને કહી પણ શકાતા નથી.

પેલા પલ્લીપતિએ સાંકેતિક શબ્દોમાં પરમાત્માને પૂછ્યું હતું, "હે પ્રભુ ! જે પેલી હતી; તે જ આ છે ?" ભગવંતે તેમ જ જવાબ આપ્યો કે, "જે પેલી હતી; તે જ આ છે."

**વિવેચન :** પૂર્વભવની અકાળે મરી ગયેલી બેન અતિકામુક હતી. ભાઈ સાથે જ ગંદો વ્યવહાર કરતી. ભાઈને તેની કામચેષ્ટાઓના પ્રકારોનો ખ્યાલ હતો.

એ બેન મરણ પામી.

પૂર્વભવનો ભાઈ પલ્લીપતિ બન્યો હતો. તેની પત્ની એ બેન બની. એની તીવ્ર કામુકતાના સંસ્કાર પૂર્વભવીય બેન જેવા જ હતા એટલે પલ્લીપતિના મનમાં શંકા થઈ કે શું તે–મારી બેન – આ મારી પત્ની બની છે ?

આ વાતનો જવાબ સર્વજ્ઞ એવા પરમાત્મા સિવાય કોણ આપી શકે ? એટલે તેણે પરમાત્માને સાંકેતિક રીતે સવાલ કર્યો કે જે પેલી હતી; તે જ આ છે ? પ્રભુએ એ જ રીતે કહ્યું કે, "હા, જે પેલી હતી તે જ આ છે."

ગ્રન્થકારશ્રી કહે છે કે આ સંસારમાં અશુભ નિમિત્તોનો સંગ અને પૂર્વભવીય સંસ્કારોનું જોડાણ થતાં એવો જબરો ભડકો થાય કે જીવ છેલ્લી કક્ષાના પાપો કરી બેસે; એટલી બધી વિકૃત રીતે તે પાપો કરે કે જે કહી શકાય તેવા ન હોય.

સંસ્કારો એ દારૂગોળો છે. પણ જો તેને નિમિત્તનો તણખો ન મળે તો તે સળગી શકતો નથી.

કાં દારૂગોળાને આત્મામાંથી સાફ કરી નાંખો. અથવા નિમિત્તોનો કદી સંગ ન કરો. જે શ્રમણો જિનેશ્વર ભગવંતની આજ્ઞા પ્રમાણેનું ઉત્તમ જીવન જીવે છે તેઓ જ્ઞાનીઓએ આંકેલી મર્યાદાની બહાર કદી જતા નથી. આથી તેમને અશુભ નિમિત્તનો કુસંગ થતો નથી. બીજી બાજુ તેઓ ઉત્તમ કક્ષાની આરાધનાઓ - સ્વાધ્યાય, જપ, તપ, સેવા વગેરે સતત કરતા રહે છે એટલે સંસ્કારોનો દારૂગોળો આત્મામાં પડ્યો પડ્યો હવાઈ જાય છે. આમ થતાં બહુ જલદી તેમને મોક્ષ પ્રાપ્ત થાય છે.

જેઓ ઘણાં બધાં ખોટાં કામ કરે છે તેઓ મર્યાદાઓ પાળતા નથી; આજ્ઞાભંગથી ડરતા નથી, નિષ્ઠુરપણે દોષો સેવતા રહે છે.

આ ભારેકર્મી, દીર્ઘસંસારી જીવનું લક્ષણ કહેવાય.

* * *

**पडिवज्जिउण दोसे नियए सम्मं च पायवडियाए ।**
**तो किर मिगावइए उप्पन्नं केवलं नाणं ।। 34 ।।**

**અર્થ :** પોતાના દોષનો સારી રીતે સ્વીકાર કરેલા; ગુરુ ચંદનબાળાજીના પગમાં પડી ગયેલા મૃગાવતીજીને કૈવલ્ય ઉત્પન્ન થયું.

**વિવેચન :** પૂર્વના શ્લોકમાં જણાવાયું કે કેટલાક આત્માઓ એવા ભયાનક દોષો સેવતા હોય છે જે કહેવાને પણ તેઓ હિંમત કરી શકતા નથી.

આ શ્લોકમાં ગ્રન્થકારશ્રી મૃગાવતી સાધ્વીનું દષ્ટાન્ત આપીને કહે છે કે, "જો કોઈ આત્મા મૃગાવતીજીની જેમ પોતાના દોષનો હાર્દિક એકરાર કરે તો તેનો બેડો પાર થઈ જાય છે. તેને આ જ ભવે મૃગાવતીજીની જેમ કૈવલ્ય મળે છે અથવા છેવટે બહુ ટૂંકા ભવોમાં તો અવશ્ય કૈવલ્યની પ્રાપ્તિ થાય છે.

દોષનું સેવન કરવું એ બહુ ખોટું કામ કહેવાય; પરન્તુ તેની ઉપર ઘોર પશ્ચાત્તાપ કરવો; તેનું ગુરુ-સાખે પ્રાયશ્ચિત્ત કરવું અને પછી તે દોષ નહિ સેવવાનું પચ્ચક્ખાણ કરવું એ બહુ મોટી વાત કહેવાય. આવા શુદ્ધ પ્રાયશ્ચિત્તનો લાભ કલમેથી લખી શકાય તેમ નથી. મોંએથી વર્ણવી શકાય તેમ નથી.

દોષનું પ્રાયશ્ચિત્તકરણ એટલા માટે મહાન્ છે કે જીવ પોતાના અહંકારના ચૂરેચૂરા કરી નાંખે છે. આ વિના આલોચના થઈ શકતી નથી.

મહાનિશિથ ગ્રન્થમાં કહ્યું છે કે, ભૂતકાળમાં એવા કેટલા ય આત્માઓ થઈ ગયા છે જેમણે દોષ ઉપર તીવ્ર પશ્ચાત્તાપ કર્યો અને તરત કૈવલ્ય પ્રાપ્ત થયું.

કેટલાકે ગુરુ પાસે આલોચના કરવા માટે જ્યાં પગ ઉપાડ્યો અને તરત કૈવલ્યની પ્રાપ્તિ થઈ. કેટલાકે ગુરુ પાસે આલોચના કરવાનું શરૂ કર્યું કે તરત કૈવલ્યની પ્રાપ્તિ થઈ. કેટલાકને ગુરુએ આપેલું પ્રાયશ્ચિત્ત વહન કરતાં કરતાં કૈવલ્યની પ્રાપ્તિ થઈ.

મને કહેવા દો કે વર્તમાન હુંડા અવસર્પિણી કાળના પ્રભાવે નિરતિચાર ધર્મોનું આરાધન અશક્ય છે. આવા સમયે જે અતિચારાદિ દોષો લાગે તેનું ગુરુ-સાખે શુદ્ધિકરણ કરતા રહેવું જોઈએ.

એક વાર એકદમ શુદ્ધ આલોચના થાય તો તેના પ્રભાવે પચાસ ટકા જેટલી દોષની તીવ્રતા તૂટી જાય. એમ કરતાં વધુમાં વધુ ત્રણેક વાર શુદ્ધ આલોચના થતાં દોષ સાવ શાન્ત પડી જાય.

અનંતાભવોથી પાછળ પડેલો કોઈ ઉત્તેજિત દોષ જો આ એક જ ભવમાં ઘણો બધો શાન્ત પડી શકતો હોય તો તે ઘણી મોટી સિદ્ધિ કહેવાય. દોષોનું સેવન થવું તે બહુ ગંભીર બાબત એટલા માટે નથી કે અનાદિકાળથી તે સેવાતો હોવાના કારણે તેનું જોર આત્મા ઉપર અતિશય વધુ છે. આશ્ચર્યજનક વાત તો એ છે કે તેવો આત્મા પોતાના દોષનું ગુરુ સાખે અણિશુદ્ધ આલોચન કરે છે.

પશ્ચાત્તાપથી રડતા-ઝૂરતા આવા પાપી કહેવાતા આત્માઓને જ્ઞાનીઓએ પુણ્યવાન્ કહ્યા છે : મહાત્મા કહ્યા છે : તેમની પીઠ થાબડી છે.

માટે દરેક મુમુક્ષુએ દોષશુદ્ધિ અવશ્ય કરવી. તે પણ જેમ બને તેમ જલદી કરવી. નહિ તો તે દોષસેવનમાં નિષ્ઠુરતા આવી જશે.

દોષ એટલે ચાનો ડાઘ.

જેટલો મોડો ધોવાય તેટલો તે આત્મામાં ચક્કાજામ થાય. પછી તો નીકળે જ નહિ.

પ્રસ્તુત-મૃગાવતીજીના - પ્રસંગમાં જોઈએ તો મૃગાવતીજી પોતાને નિર્દોષ સાબિત કરી શકે તેમ હતા. પણ ના, ગુરુની સામે આ રીતે પણ માથું ઊંચકવું એ તેમની ખાનદાનીની બહાર જણાતું હતું. જો તેમણે સ્વબચાવમાં 'ભાષણ' કર્યું હોત તો તેમને કૈવલ્યની પ્રાપ્તિ ન થાત.

જેમણે કૈવલ્ય પ્રાપ્ત કર્યું છે તેમણે સ્વબચાવ કદી કર્યો નથી. ચંડરુદ્રાચાર્યના શિષ્ય, ગજસુકુમાલ મુનિ, ખંધક મુનિ, અન્નિકાપુત્ર આચાર્ય વગેરે ઘણાં દૃષ્ટાન્તો આ વિષયને પુષ્ટ કરે છે.

વર્તમાનકાલીન શ્રમણો વાતે વાતે ગુરુની સામે માથું ઊંચકે છે : સ્વબચાવ કરે છે તે તેમને કૈવલ્યની પ્રાપ્તિથી ક્યાંય દૂર ફેંકી દે છે એ વાત ધ્યાનમાં લેવી જોઈએ.

વસ્તુતઃ ગુરુથી - ખોટી રીતે પણ તિરસ્કાર પામેલા શ્રમણો જો તેમના આક્રોશ-પરીષહને સાંગોપાંગ ખમી લે છે તે આ કાળની વિષમતાને લીધે ભલે 'ભગવાન' નહિ બની શકે, પરન્તુ 'મહાન' [મહાન્ શ્રમણ] તો જરૂર બની શકશે.

એક જગાએ કહ્યું છે કે જેમ શાણ ઉપર ઘસાએલો મણિ રાજાના મુગટમાં જડાઈને શોભે છે તેમ ગુરુના કઠોર વચનોથી પ્રસન્ન રહેતા શિષ્યો જગતમાં બહુ મોટી પુણ્ય-પદવીઓ પ્રાપ્ત કરે છે.

જેમનાથી ગુરુનું કઠોર વચન સહન કરાતું નથી તેમનું ભાવી અંધકારમય બની રહે તો નવાઈ નહિ.

* * *

**किं सक्का वोत्तुं जे सरागधम्मंमि कोइ अकसाओ ।**
**जो पुण धरेज्ज धणियं दुव्वयणुज्जालिए स मुणी ।। 35 ।।**

**અર્થ** : સરાગ સંયમનો આરાધક કોઈ સાધુ સર્વથા કષાય વિનાનો હોય એવું કહેવું શું શક્ય છે ? નહિ, તો પણ તે મુનિ શ્રેષ્ઠ છે જે બીજાના અનિષ્ટ વચનથી પ્રજ્વલિત કરાયેલાં કષાયોને ઉદયમાં આવતો રોકે છે; યા નિષ્ફળ કરે છે.

**વિવેચન** : વર્તમાનકાળમાં વીતરાગ સંયમ કોઈ પણ સાધુ પામી શકે નહિ. ઉત્કૃષ્ટ સંયમ પાળનાર મહાત્મા પણ સરાગ સંયમી જ હોય. તેને દેવ, ગુરુ, ધર્મ વગેરે પ્રશસ્ત પદાર્થોમાં રાગ હોય જ.

બેશક, એ મહાત્માનો જે રાગ હોય તે 'સંજ્વલન' કષાયના ઘરનો જ રાગ હોય. 'અનંતાનુબંધી' કષાયના ઘરનો રાગ ન જ હોય. હવે શી રીતે આજનો શ્રમણ સાવ અકષાય હોઈ શકે ?

વાત એટલી જ છે કે તેના હૈયે કોઈ નિમિત્તથી કષાય પ્રજ્વલિત થયો હોય તો તેણે ત્યાંથી આગળ વધવા દેવો ન જોઈએ. અર્થાત્ કષાયનો ઉદય થતો અટકાવવો જોઈએ. કષાયને ત્યાં જ નિષ્ફળ કરી રાખવો જોઈએ. જો આટલું પણ આજનો શ્રમણ કરે તો તેને વર્તમાનકાળનો ઉત્તમ શ્રમણ કહી શકાય.

ગ્રન્થકારશ્રીએ કેટલી સરસ વાત કરી છે ! 'સંજ્વલન' કષાયના અનિવાર્ય ઉદયમાં તમામ દોષો ઝીણા ઝીણા પણ સળગતા રહેવાના; પરન્તુ તેનો સર્વથા

અભાવ તો શક્ય જ નથી. પરંતુ જો તેનો ઉદય થતો અટકાવાય અને તેના સેવન પાછળ ઘોર પશ્ચાત્તાપ થાય તો આ કાળની અપેક્ષાએ આ બહુ મોટી સિદ્ધિ કહેવાય. આથી વધુ વિકાસની અપેક્ષા વર્તમાનકાળના વિષમભાવોની વચ્ચે રાખી શકાય તેમ નથી.

એક જ વાત : મનમાં જાગતાં વિષય-કષાયોને તનમાં કે વચનમાં ન જ જવા દેવા. બસ, પછી તમે આ કાળના શ્રેષ્ઠ મુનિઓની પંક્તિમાં. જો કે આ ય કામ સામાન્ય કક્ષાનું નથી. અતિ કઠિન છે.

ખબર છે ને, હરિભદ્રસૂરિજીનો કષાય કેવો પ્રજ્વલિત થઈ ગયો હતો ! ધગધગતા તેલની કડાઈઓમાં પરાજિત એવા ચૌદસો ચુમ્માલીસ બૌદ્ધ ભિક્ખુઓને તળી નાંખવાની તૈયારી થઈ ગઈ ! અરે, નાસતા તે ભિક્ખુઓમાંથી બે-પાંચને તો આકર્ષણી વિદ્યાથી આકાશમાં અદ્ધર ખેંચ્યા. હવે સીધા કડાઈઓમાં ઝીંકવાના હતા !

એ તો સારું થયું, ગુરુના હિતોપદેશના જલથી તે આગ શાન્ત પડી ગઈ !

પેલા અગ્નિશર્માનો ક્રોધ કેવો આસમાને પહોંચ્યો હતો !

એટલે જો કોઈ મહાત્માને માત્ર સંજ્વલન કષાયનો ઉદય વર્તતો હોય તો તે બહુ મોટી વાત ગણાય.

* * *

**कडुयकसायतरूणं पुप्फं च फलं च दोवि विरसाइं ।**
**पुप्फेण झायइ कुविओ फलेण पावं समायरइ ।। 36 ।।**

**અર્થ :** કડવું ઝેર કષાયનું વૃક્ષ !

તેનાં પુષ્પો અને ફળો - બન્ને - કડવાં છે. કષાયવૃક્ષનાં પુષ્પો એટલે પોતાના મનથી બીજા ઉપર ગુસ્સો કરવો. અને તેનું ફળ એટલે સામી વ્યક્તિને મારવી, પીટવી વગેરે.

**વિવેચન :** 'કષાય' શબ્દથી માત્ર ક્રોધ ન લેવો; પણ ક્રોધાદિ ચાર લેવા. કષ એટલે સંસાર, તેનો લાભ (આય) જેમનાથી થાય તે બધા કષાય કહેવાય.

દશવૈકાલિક સૂત્રમાં કહ્યું છે કે પુનર્જન્મ નામનું ઝાડ છે. તેની ઉપર પુનર્જન્મ નામનાં ફળો થાય છે. જો કોઈએ આ ફળોને ઉગતા બંધ કરી દેવા હોય તો તેણે કાં તો એ ઝાડના મૂળમાં જ 'સર્વવિરતિ' નામના કુહાડાથી જોરદાર ઘા કરીને તે ઝાડને ધરતી ઉપર ઢાળી દેવું. અથવા આટલી શક્તિ ન હોય તો તે ઝાડને ચાર

કષાયોરૂપી પાણી પાવાનું સદંતર બંધ કરી દેવું. આમ થતાં ધીમે ધીમે તે ઝાડ સુકાઈને ખતમ થઈ જશે.

જો કોઈ જીવનો પુનર્જન્મ-જન્મ–જ બંધ થઈ જાય તો તે મોક્ષ જ પામેલો કહેવાય. મૃત્યુ પામેલા જીવનો ફરી ફરીને જન્મ થવો અનિવાર્ય છે. આમાંથી તે જ ઉગરી શકે જેનો મોક્ષ થાય.

જન્મ ખતમ એટલે રોગ, જરા, મરણ ખતમ.

આધિ, વ્યાધિ, ઉપાધિ ખતમ.

તાપ, સંતાપ ખતમ.

સંક્લેશો ખતમ.

રાગાદિ દોષો ખતમ.

તમામ કર્મો ખતમ.

શું નહિ ખતમ ?

બીજી બાજુ અનંત ગુણોનો આવિર્ભાવ. અનંત જ્ઞાનાદિ અનંત ચતુષ્ટયની પ્રાપ્તિ.

ચાર કષાયમાં જે ચોથો લોભ કષાય છે તેનું બીજું નામ આસક્તિ, મોહ, રાગ વગેરે છે.

સામાન્યતઃ ક્રોધ, માન સાથે રહે છે. માયા અને લોભ સાથે રહે છે.

બીજી રીતે કહું તો કામ, ક્રોધ, સ્વાર્થ અને અભિમાન એ ચાર દોષો છે. ઉત્તરોત્તર ભયાનક છે.

ગ્રન્થકારશ્રી કહે છે કે મુમુક્ષુએ આ ચાર કષાયોને ત્યાગી દેવા જોઈએ.

* * *

**संते वि कोवि उज्जइ कोवि असंते वि अहिलसइ भोए ।**
**चयइ परपच्चएण वि पभवो दट्ठूण जह जंबु ।। 37 ।।**

**અર્થ :** કોઈ માણસ પાસે ભોગો છે પણ તેને ત્યાગી દે છે.

કોઈ પાસે ભોગો નથી પણ તેમને ખૂબ ઇચ્છે છે.

કોક વળી પ્રભવ ચોર જેવા એવા જીવો છે કે બીજાઓના ત્યાગને જોઈને સ્વયં ત્યાગમાર્ગે પ્રયાણ કરે છે.

**વિવેચન :** દશવૈકાલિક સૂત્રની ગાથા...... **जे अ कंते** નો અર્થ અહીં રજૂ કરાયો છે. તદુપરાન્ત પ્રભવની વાત કરાઈ છે. ત્યાં કહ્યું છે કે સાચો ત્યાગી તે આત્મા કહેવાય જેની પાસે ભોગો છે અને તેને ત્યાગી દે છે : તે ભોગોને પીઠ કરે છે. જેની પાસે કશું નથી એ દીક્ષા લે તો એને ત્યાગવાનું શું આવ્યું ?

આથી ભોગીઓ, શિક્ષિતો, ડૉક્ટરો, વકીલો, સત્તાધારીઓ જો દીક્ષા લઈને સંસાર ત્યાગે તો તેની ચારે બાજુ જબ્બર અસર થાય છે. પણ જો કોઈ સાવ ગરીબ, નોકર કે ભિખારી દીક્ષા લે તો તેની ખાસ અસર થતી નથી.

રે, ગણધર ભગવંત સુધર્માસ્વામીજીએ કાન કઠિયારા-ગરીબ-ને દીક્ષા આપી તો જૈનસંઘમાં હોહા થઈ ગઈ. ચારે બાજુથી ગણધર ભગવંત ઉપર એવો આક્ષેપ થયો કે તેઓ શિષ્યોના લાલચુ છે માટે તેમણે ભિખારાને પણ દીક્ષા આપી.

આ લોકવાયકા એટલી ઉગ્ર બની કે ગણધર ભગવંતને વિહાર કરી દેવો પડ્યો.

એ તો સારું થયું કે અભયકુમારે ટુચકો કરીને ગણધર ભગવંતને આ વાયકામાંથી સલામત બહાર કાઢ્યા.

ગ્રન્થકાર બે પ્રકારના આત્માઓથી ત્રીજા પ્રકારની વાત કરે છે. તેમાં દૃષ્ટાન્ત તરીકે પ્રભવ ચોરને મૂક્યો છે.

પ્રભવ ગરીબ નથી કે જેથી તેની દીક્ષા નીંદાય, તેમ તે શ્રીમંત હોવા છતાં ચોર હોવાથી તે દીક્ષા લે તો કદાચ હોહા થાય. એટલે તેણે જંબૂકુમારની સાથે દીક્ષા લીધી. પણ એટલા પ્રબળ વૈરાગ્યથી દીક્ષા લીધી કે તેની નિન્દા થવાનો સવાલ ઊભો ન થાય.

જંબૂકુમારે પિતાજીને પડકારની ભાષામાં કહેલ કે તેને જો પરણાવાશે તો ચોવીસ જ કલાકમાં દીક્ષા લેશે. પિતાએ તે વાત આઠ રૂપરમણીઓના માત-પિતાને કરી. પણ બધા માતપિતાઓને રૂપરમણીઓએ હસીને કહી દીધું કે, "આડી રાત છે. અને અમે આઠ છીએ. એકાદ પણ રૂપવતી સ્ત્રી ભલભલા પુરુષને પાણી કરી દેવા સમર્થ છે. અમારા આ સામર્થ્યની તે જંબૂકુમારને કશી ખબર નથી."

અને...... એ આડી રાતમાં બન્ને પક્ષે પૂરી તાકાતથી હોળી ખેલી. એક પાસે હતો; વિરાગનો ચોલમજીઠનો રંગ.... બીજા પક્ષ પાસે હતો, અબીલ-ગુલાલ અને હળદરીઓ રંગ. બે પક્ષ વચ્ચેનો બધો વાર્તાલાપ પ્રભવ વગેરે પાંચસો ચોરોએ એકાકાર બનીને સાંભળતાં સવાર પડતાં તો તમામ આત્માઓ વૈરાગ્યના રંગે

રંગાઈ ગયા. અરે, આઠ કન્યાઓના અને જંબૂકુમારના મળીને અઢાર માતપિતાઓ પણ પલટાઈ ગયા. ૫૨૭ આત્માઓનો દીક્ષાનો વરઘોડો તે જ રાજમાર્ગેથી નીકળ્યો જ્યાંથી ચોવીસ કલાક પહેલાં મોહરાજાનો લગ્નનો વરઘોડો નીકળ્યો હતો.

* * *

**दीसंति परमघोरा वि पवरधम्मप्पभावपडिबुद्धा ।**
**जह सो चिलाइपुत्तो पडिबुद्धो सुसुमाणाए ।। 38 ।।**

**અર્થ :** ધર્મનો પ્રભાવ એટલો બધો છે કે અત્યન્ત ઘોર હિંસક એવા આત્માઓનું પણ સમગ્ર જીવન પરિવર્તન પામી જાય છે.

સુસુમા નામની પ્રેયસીની કરુણ ઘટના બાદ ચિલાતીપુત્રને ધર્મના જે ત્રણ જ શબ્દો સાંભળવા મળ્યા અને તરત તેનું પરિવર્તન થયું.

**વિવેચન :** તેની વાત કાંઈક આવી છે. તે ચિલાતી નામની દાસીનો પુત્ર હોવાથી તેને સહુ ચિલાતીપુત્ર કહેતા.

જે ઘરમાં તે બાળવયથી નોકર તરીકે રહ્યો તે ઘરના શેઠની નાની બેબી સુસીમાની બધી સારસંભાળ કરવાનું કામ તેને સોંપાયું.

એક વાર ખૂબ રડતી બેબીને શાન્ત કરવાના તેના પ્રયત્નો નિષ્ફળ ગયા. એકાએક તેણે તેની યોનિ ઉપર હાથ મૂક્યો. તત્ક્ષણ બેબી શાન્ત થઈ ગઈ.

હવે તેને શાન્ત કરવાનો આ ઉપાય મળી ગયો; જે સદા માટે સફળ રહ્યો.

એક વાર શેઠાણીએ એ ચેષ્ટા જોઈ. શેઠને વાત કરી. ખૂબ મારીને ચિલાતીને ઘરમાંથી કાઢી મૂક્યો.

ચિલાતી અને સુસીમા એકબીજા સાથે અતિગાઢ પ્રેમમાં હોવાથી એકેયને વિરહ ખમાતો ન હતો.

ભટકતા ચિલાતીપુત્રને કોઈ લૂટારુંઓની પલ્લિનું સ્વામીત્વ મળી ગયું. હવે તે ખૂંખાર ડાકુ બની ગયો.

એણે કોઈ પણ ભોગે સુસીમાને હાથવગી કરવી હતી. એક વાર સાગ્રીતોને કહ્યું, "આપણે સુસીમાને ઘેર ધાડ પાડીએ. જે સંપત્તિ મળે તે બધી તમારી, સુસીમા મારી."

ધાડ પાડી. પુષ્કળ ધન મળ્યું. સુસીમાને ચિલાતીએ ઉઠાવી.

શેઠ અને તેના પાંચ દીકરાઓ સુસીમાને બચાવવા પાછળ પડ્યા.

સુસીમા દોડીને સાવ થાકી જતાં ચિલાતીએ ઉઠાવી લીધી. પણ પછી તો એના ભારથી તે પણ હાંફી ગયો. તેના સ્વજનો તો તલવારો લઈને પાછળ દોડતા આવી જ રહ્યા હતા.

હવે અંતર ઘટતું જતું હતું. ચિલાતીએ વિચાર્યું કે જો સુસીમા મને ન મળે તો તે લોકોના હાથમાં ય નહિ જવા દઉં. તેને મારી નાંખું. હા, સુસીમાને પણ તે ઈષ્ટ હતું.

અને.... તેના ગળા ઉપર તલવારનો વાર કરીને તેના ધડ-મસ્તક જુદાં કરી નાંખીને માત્ર લોહી નીતરતું મસ્તક લઈને ભાગ્યો.

તેનો દેહ લોહીથી લથપથ થયો. 'દીકરી કપાઈ જતાં હવે ચિલાતીની પાછળ પડીને શું મેળવવાનું !' એવો વિચાર કરીને પિતા અને ભાઈઓ સુસીમાના ધડ પાસે બેસી ગયા. અતિ કરુણ સ્વરે રડવા લાગ્યા.

તે વખતે તે બધાને દોડી દોડીને ભયાનક તરસ લાગી હતી. પાણીની ક્યાંય શક્યતા જણાતી ન હતી. એકાએક સુસીમાના પિતાને વિચાર આવ્યો કે હવે આ દીકરી હમણાં જ મરી છે તો તેની જાંઘ ઉપર છરી ફેરવીને નીકળનારી લોહીની ધારે જ મોં માંડીને અમે બધા જીવ બચાવીએ તો કેમ ?'

આ વિચાર દીકરાઓ પાસે મૂક્યો. બધા પોક મૂકીને રડવા લાગ્યા. સગી બેનનું લોહી પીને જીવી જવાનું કામ કરતાં.....પણ જ્યારે તેમને ય બધાને અતિ તરસના કારણે માથે મોત ભમતું દેખાયું ત્યારે ખૂબ કકળતા હૈયે લોહી પીધું.

હાય, આ સંસાર કેટલો ભયાનક છે ! આ બાજુ સુસીમાનું ડોકું લઈને ભાગતા ચિલાતીના સદ્ભાગ્યે કોઈ ધ્યાનસ્થ મુનિ તેને જોવા મળ્યા.

તેમની પાસે જઈને તેમને ખભેથી પકડીને હચમચાવીને કહ્યું, "ઓ સાધુડા ! કહે જોઉં, શાન્તિ કયાંથી મળે ?"

કાયોત્સર્ગ પારીને મુનિ ત્રણ શબ્દો બોલ્યા, "ઉપશમ, વિવેક, સંવર." એમની પાસે ચારણલબ્ધિ હતી. એટલે બીજી ક્ષણે તો આકાશમાં ઊડી ગયા. ત્યાં જ ચિલાતી ઊભો રહી ગયો. એ ત્રણ પદો ઉપર વિચાર્યું કે આ સાધુ મને કહે છે કે :

(૧) ઠંડો પડ.

(૨) ડોકું મૂકી દે. (છોડી દેવું તે વિવેક કહેવાય.)

(૩) નવા તોફાનો બંધ કર.

આ ત્રણ પદો ઉપર પ્રગાઢ ચિંતન ચાલ્યું. લોહીથી દોડી આવેલી જંગલી જીવલેણ કીડીઓએ તેનો દેહ ચારણીવત્ ફોલી નાંખ્યો.

ચિલાતીએ પરમ સમતા સાથે બધું સહ્યું. શુભલેશ્યામાં મરીને તે સ્વર્ગે ગયો.

આ કથા કાનમાં એ વાત કહી જાય છે કે ઘોર પાપીઓનાં પાપો પણ ધર્મથી ધ્રૂજી ઊઠે છે. આત્મપ્રદેશો ઉપરથી ભાગી છૂટે છે.

પાપ કરતાં ધર્મની તાકાત અનંતગુણી છે. ક્રોડો ભવોના પાપ ધર્મની એક જ ક્ષણમાં સળગીને ભડથું થઈ શકે છે.

જ્યાં સુધી ધર્મ નબળો છે : નાનકડી જ્યોત જેવડો : ત્યાં સુધી પાપોનો સૂસવાટાબંધ પવન તેને હોલવી શકે ખરો. પરન્તુ જ્યારે ધર્મની જ્યોત જ્વાળા બને, લબકારા મારતી ગગને પહોંચી જાય ત્યારે ઓલો પવન તેને બુઝાવી તો ન શકે પણ હવે જ્વાળાઓને ચોમેર પ્રસરાવવામાં સહાયક બની જાય.

જો ધર્મનું બળ પ્રચંડ છે તો ભલે ખૂબ પાપો થઈ ગયાં હોય; ધર્મનું હાર્દિક શરણ લેવું જોઈએ. તે થોડાક ભવોમાં તમામ પાપોને બાળીને ખાખ કરી નાંખશે.

એક વાત કરું કે ધર્મ કરવા છતાં તેનું ફળ કદાચ પ્રગટરૂપે ન દેખાય તો ચિન્તા નહિ કરવી. સાચા અર્થમાં જે ધર્મ થાય તેનું ફળ આ ભવે નહિ તો આવતા નજીકના જ ભવોમાં નિશ્ચિત મળવાનું છે. આ વાતમાં પૂર્ણ શ્રદ્ધા રાખવી. અને ધીરજ રાખવી. જો શ્રદ્ધા કે ધીરજ ગુમાવાય તો ધર્મ નબળો થવા લાગે : ભાવશૂન્ય બને. એમ થતાં કદાચ મનુષ્યભવ હારી જવાય.

પરમાત્મા મહાવીરદેવે ધર્મ કરતાં ધીરજ રાખવા બાબતમાં જયન્તી નામની શ્રાવિકાને બે મરઘીઓનાં દૃષ્ટાન્તથી કેવું સરસ સમજાવ્યું હતું !

ચિલાતીપુત્રના જેવા ઘોર પાપી આપણે નથી; તો વિધિવત્ ધર્મ કરવાથી આપણા દોષો જલદી ક્ષીણ થઈ જશે.

આપણે આ સમજણ સાથે ફળપ્રાપ્તિમાં શ્રદ્ધા અને ધીરજ રાખીએ એ જ બસ છે.

* * *

**पुप्फियफलिए तह पिउघरंमि तण्हाछुहा समणुबद्धा**
**ढंढेण तहा विसोढा विसढा जह सफलया जाया ।। 39 ।।**

**અર્થ :** પુષ્પિત અને ફલિત એટલે ભોગસામગ્રીથી ભરપૂર.

કૃષ્ણ વાસુદેવનું ઘર તેઓ વાસુદેવ હોવાથી ભોગસામગ્રીથી ભરપૂર હતું. આવા ઘરમાં ય વાસુદેવના પુત્ર - ઢંઢણા રાણીથી જન્મ પામેલા ઢંઢણની પાછળ ક્ષુધા અને તૃષા બરોબર પડી હતી. પણ તેમણે તેને સમતાભાવે ખૂબ સહન કરી. એ સહન કરવાનું તેમને સુંદર ફળ મળ્યું.

**વિવેચન :** "કર્મો કોઈને છોડતાં નથી." એ ત્રિકાલાબાધિત સત્યને આંખેઆંખ દેખવું હોય તો ઢંઢણમુનિનું ચરિત્ર નજર સામે લાવવું પડે. તેમાં ય જો કર્મોનો નગ્ન અને ક્રૂર નાચ નીરખવો હોય તો પૂર્વભવોમાં જવું પડે. આ ભવનાં કાર્યોના કારણો સામાન્યતઃ પૂર્વભવોમાં પડેલા હોય છે.

'ધ પાવર વિધીન' નામના અંગ્રેજી પુસ્તકના લેખક એલેકઝાંડર કેનોને આ વાત બહુ સરસ રીતે પુરવાર કરી છે. ત્યાં તેણે એમ પણ જણાવ્યું છે કે આત્મા અને તેના પૂર્વજન્મો અને પુનર્જન્મોની વાતમાં પૂર્વના ભારત વગેરે દેશોએ ખૂબ ઊંડું ચિંતન કર્યું છે. આપણે પશ્ચિમવાળાઓ આ વિષયમાં શૂન્ય છીએ.

ઢંઢણનો જીવ પૂર્વભવમાં રાજાના પાંચસો ખેડૂતોનો મુખી હતો. તે ખૂબ ક્રૂર અને સ્વાર્થી હતો.

જ્યારે ખેડૂતોને ખેતીમાંથી નિવૃત્ત થઈને બપોરે ભોજનનો સમય થતો ત્યારે પણ તેમની પાસે તે એક કલાક સખત કામ કરાવતો. એ રીતે એક હજાર બળદો પાસે પણ વધુ એક કલાક હળ ખેડાવતો.

રાજાના ખેડૂતો અને બળદો પાસે તે આ રીતે પોતાનું ઘરનું કામ કરાવી લેતો.

આના કારણે તે ખેડૂતો અને બળદો ખૂબ ત્રાસી જતાં : નિસાસા નાંખતા. આ ખેડૂતે નિકાચિત લાભાંતરાય કર્મ બાંધ્યું. જે ઢંઢણકુમારના મુનિજીવનમાં ઉદયમાં આવ્યું.

સંસારના લગ્નાદિક ભોગ ભોગવ્યા બાદ આ રાજકુમારે ભગવાન નેમિનાથની દેશના સાંભળીને સંસારથી વિરક્ત થઈને દીક્ષા લીધી. પણ પેલું નિકાચિત કર્મ ઉદયમાં આવી ગયું. હવે તે કૃષ્ણ વાસુદેવના પુત્ર તરીકે અને પરમાત્મા નેમિનાથના શિષ્ય તરીકે પ્રજામાં પ્રસિદ્ધ હોવા છતાં તેમને શુદ્ધ ભિક્ષા મળતી ન હતી. ના... 'અશુદ્ધ'ને તે સ્વીકારતા ન હતા. વળી પોતાનું લાભાંતરાય કર્મ ક્ષીણ થાય પછી જ પોતાની લબ્ધિની શુદ્ધ ભિક્ષાના આગ્રહી હતા એટલે બીજા સાધુઓની લાવેલી ભિક્ષા લેતા ન હતા. 'સ્વલબ્ધિની ભિક્ષા'નો તેમણે પરમાત્માની

પાસે અભિગ્રહ કર્યો હતો.

એકદા શ્રીકૃષ્ણે પરમાત્માને પૂછ્યું કે, "આપના અઢાર હજાર સાધુમાં શ્રેષ્ઠ મુનિ કોણ ?" પરમાત્માએ નિત્ય ચડતે પરિણામે એવા ઢંઢણનું નામ આપ્યું. ઘરભણી પાછા ફરતાં તે રસ્તામાં જ મળી ગયા. હાથી ઉપરથી ઊતરીને અનેક રાજાઓ સહિત તેમને ભાવથી વંદના કરી.

આ જોઈને ત્યાં આવેલા કોઈ ઘરમાં રહેલા અજૈન ગૃહસ્થને થયું કે, "શ્રીકૃષ્ણ વાસુદેવ જેમને નમે તે સાધુ કેટલા મહાન હોય ? હું તેમને મારે ઘેર લાવીને ભિક્ષા આપું."

એ રીતે ઢંઢણ મુનિએ ભિક્ષા લીધી. આ ભિક્ષા પણ કૃષ્ણલબ્ધિની છે, સ્વલબ્ધિની નથી એવું દેવાધિદેવે જણાવતાં તેનો ત્યાગ કર્યો. રેતીમાં જઈને મસળવા લાગ્યા. તે વખતે પોતે કેવાં અશુભ કર્મો બાંધ્યા છે ? તે બદલ ખૂબ પશ્ચાત્તાપ થયો. ત્યાં જ કૈવલ્ય પામ્યા.

એક બાજુ આ મુનિને ત્રણ ખંડના રાજવીના રાજકુમાર તરીકેનું સૌભાગ્ય મળ્યું. બીજી બાજુ ક્ષુધા અને તૃષાને મહિનાઓ સુધી લગાતાર સહતા રહ્યા. કર્મોની આ કેવી વિષમતા કહેવાય ?

આવું કાંઈક વજ્રસ્વામીજી મહારાજા માટે સાંભળવા મળે છે. તે દશપૂર્વધર હતા; તેમને દેવોનું સાન્નિધ્ય હતું. અનેક લબ્ધિઓના ધારક હતા. સુવિશુદ્ધ બ્રહ્મચારી હતા. પણ કાશ! તેમના સૂવાના ખંડમાં જે સાધુ સુવે તેમને વજ્રસ્વામીજીના નિમિત્તથી આયુષ્ય ઉપર ઉપક્રમ લાગી જતો; તે મહાત્મા કાળધર્મ પામી જતા.

જ્યારે વજ્રસ્વામીજીને ખબર પડી ત્યારે તેમણે પોતાના ખંડમાં કોઈ પણ સાધુને સુવા ઉપર પ્રતિબંધ મૂકી દીધો.

આ બહુ અજબગજબની વાતો કહેવાય. કર્મોનાં આવાં ચિત્ર-વિચિત્ર તોફાનોને જાણીને સહુએ તેમને ખતમ કરી નાંખવાનો જ પુરુષાર્થ કરવો જોઈએ.

તે જ ભવમાં કૈવલ્ય પામનારા માષતુષ મુનિને 'મા રુષ, મા તુષ' એટલો પણ પાઠ પુષ્કળ ગોખે તો ય ન ચડે.

કૂરગડુ મુનિથી નવકારશીથી વધુ પચ્ચક્ખાણ સંવત્સરી પર્વના દહાડે પણ ન થઈ શકતું.

આ પણ કર્મોની કેવી વિચિત્રતાઓ ! ઓલી બાજુ ભરત ચક્રી, ગુણસાગર,

પૃથ્વીચંદ્ર રાજા, મરુદેવા માતા વગેરેને મુનિવેષ વિના જ કૈવલ્યની પ્રાપ્તિ થઈ ગઈ. એમાં ય ગુણસાગરને તો આઠ કન્યાઓ સાથે હસ્તમિલાપની ક્રિયામાં કેવળજ્ઞાન થઈ ગયું ! આ ય બધું કેવું ? અનંતીવાર જીવે સાધુવેષ લીધો તો ય કૈવલ્ય નહિ અને આ મહાત્માને વરરાજાની સ્થિતિમાં કૈવલ્ય !

ઢંઢણ મુનિનો પ્રસંગ કર્મોના વિષમ ઉદયોને સહન કરવાની પ્રેરણા કરે છે. ગમે તેવો વિચિત્ર કર્મોદય થાય તો ય પોતાના વૈભવી ગૃહસ્થકાળને કદી યાદ કરવો નહિ, અને કરમાઈ જવું નહિ.

પ્રતિકૂળતાનો ભોગવટો એ જ શ્રમણજીવન છે ત્યારે ગૃહસ્થજીવનની અનુકૂળતાઓને યાદ કરીને મુનિજીવનના કષ્ટોથી ત્રાસ અનુભવવો એ બહુ અનુચિત કહેવાય. એવા સમયે મેઘમુનિને યાદ કરવા. એ પણ ઢંઢણની જેમ રાજપુત્ર હતા. તેમનો આત્મા સામાન્ય પ્રતિકૂળતામાં હાલી ગયો પણ પરમાત્મા મહાવીરદેવે પ્રતિબોધ કરીને ઉગારી લીધા !

મુનિજીવનથી પાછા તો હટાય જ નહિ. રણ છોડીને ભાગવું એ કાયરતા છે. આ પલાયનવાદ મોટું ભવભ્રમણ વધારી મૂકે.

જે સામર્થ્યની ટોચ ઢંઢણ મુનિ પામ્યા એ જ ટોચ - એમનું દૃષ્ટાન્ત લઈને તમામ મુનિઓએ સર કરવી જોઈએ.

* * *

**आहारेसु सुहेसु अ रम्मावसहेसु काणणेसुं च ।**
**साहूण नाहिगारो अहिगारो धम्मकज्जेसु ।। 40 ।।**

**અર્થ :** સુંદર આહારમાં, અનુકૂળ સુખોમાં, સુંદર આવાસોમાં, ઉદ્યાનોમાં અને મોહક વસ્ત્રાદિમાં આસક્તિ કરવાનો સાધુને અધિકાર નથી. માત્ર તપ, સ્વાધ્યાય, સાધુ-કરણી આદિ ધર્મકાર્યોમાં જ તેનો અધિકાર છે.

**વિવેચન :** વૈરાગ્યભાવના કેવા મોટા ઉપાડે દીક્ષા લીધી : પ્રતિકૂળતાથી જ કર્મક્ષય થાય એવી સમજ મળવાથી અનુકૂળતાએ ભર્યોભર્યો સંસાર તેણે ત્યાગી દીધો. અને જો હવે....

સાધુવેષમાં રહીને જો તે આત્મા અનેક પ્રકારની ખાવા-પીવાની, પહેરવા-ઓઢવાની વગેરે શિથિલતાઓને બેફામ બનીને ભોગવે તો સાધુપણાનું લીલામ જ થયું કહેવાય ને ?

અનુકૂળતા એ સંસાર છે.

પ્રતિકૂળતા એ સાધુત્વ છે.

સાધુવેષમાં જો અનુકૂળતાઓનું અર્થીપણું આવી જાય તો તે સાધુ, સાધુ મટી જાય.

અમારા જેવા કેટલાય મુનિઓના જીવન આ માપદંડથી સાફ થઈ ગયા હોય તેવું લાગે છે. જેમને સવારથી જ નવકારશી વાપરવાનું, ફળોના રસ પીવાનું, તળેલા પદાર્થોને ઝાપટવાનું ખૂબ ફાવે છે, તે પછી જે વ્યાખ્યાનો કરવા દ્વારા માત્ર અહંકારને પોષે છે, પછી ભક્ત-ભક્તાણીના ટોળામાં બેસીને ગામગપાટા કરે છે; પછી આરામથી ભોજન કરે છે, પછી ખાસ્સો એક કલાક ઘસઘસાટ ઊંઘે છે, ઊઠીને ભક્તઘરની કડક ચા પીએ છે...

બસ હવે કેટલું લખું ? આવું લખતાં ય કલમ ધ્રૂજે છે.

માત્ર એટલું જ કહેવું છે કે આવું શિથિલ જીવન તે જ આત્મા જીવી શકે જેની નજરમાંથી પરલોક ખસી ગયો છે; અને જેને પાપનો કોઈ ધ્રૂજારો નથી.

આવા સાધુઓની શિથિલતાનો કચરો ચાર દિશામાં ઊડીને અનેક આત્માઓને અધર્મ પમાડે છે. પોતે મરે તો હજી ચાલે પણ બીજાઓને મારવા એ બિલકુલ ઉચિત ન ગણાય.

શિથિલાચાર સતત સેવવાથી બુદ્ધિ ભ્રષ્ટ થાય છે; હૃદય નિષ્ઠુર બને છે. જીવન કાજળકાળું બની જાય છે.

સારા સાધુઓ પોતાના સારા ચારિત્રથી જેટલી ધર્મપ્રભાવના કરે તેનાથી ઘણી વધુ ધર્મહીલના શિથિલાચારી સાધુઓ દ્વારા થાય છે.

આવા મુનિઓને ગ્રન્થકારશ્રી કહે છે કે "તમે આવું જીવન જીવવા માટે સાધુ થયા નથી. આથી પણ વધુ અનુકૂળતાઓ ભરેલું ગૃહસ્થ-જીવન હતું. તમારે ત્યાં જ રહેવું જોઈતું હતું. હવે કાં તમારે સુધરવું ઘટે અથવા વિધિસર ગુરુને રજોહરણ દઈને ઘરભેગા થઈ જવું ઘટે. પણ દાંભિક અને શિથિલ જીવન તો તમે ન જ જીવી શકો."

ખરી વાત એ છે કે મુનિએ અપ્રશસ્ત યોગોને તો સ્વપ્ને પણ ન સેવવા જોઈએ; પરન્તુ કેટલાક પ્રશસ્ત કહેવાતા યોગોના સેવનમાં ગાંડાતૂર ન બની જવું જોઈએ. ધાર્મિક પુસ્તકો છપાવવાં, વેચાવવાં, પૈસા ભેગા કરવા, વહીવટ કરવો....

આ બધું જો અહંકાર કે આસક્તિને પોષતું હોય તો ભલે તે 'પ્રશસ્ત' દેખાતું હોય પણ સેવાય નહિ.

જેમાં પોતાનું અહિત થાય પણ પારકાનું હિત દેખાય તો તેનું સેવન કરાય નહિ. પોતે ડૂબીને કોકને તારવાની વાત જૈનધર્મમાં બિલકુલ નથી.

એટલે મુનિપણું એ આત્મસાધના છે : પૂરી અન્તર્મુખતા છે. સહજ વૈરાગ્યની સ્થિતિ છે. કટ્ટરપણે જિનાજ્ઞાઓનું પાલન કરવારૂપ છે. અહીં માણેકચોકમાં દુકાન ખોલીને સેંકડો ઘરાકોની આવનજાવન બની રહે તે ધંધો થઈ શકે નહિ.

આનાથી શિષ્યાદિકમાં જે અનુબંધ (પરંપરા) સર્જાય તે દોષ અત્યન્ત કાતીલ છે.

સાધુ મુખ્યત્વે મૌની હોય. વાણીના મૌનની બહુ મોટી શક્તિ છે. એનાથી સાધુપણું દીપે છે. બોલવાથી નાશ પામતી શક્તિઓ સુરક્ષિત રહે છે.

સાધુ અષ્ટ પ્રવચનમાતાનો કટ્ટર પાલક હોય. એટલે કે એ મુહપત્તિના ઉપયોગ વિના બોલે નહિ; નીચે જોયા વિના ચાલે નહિ, પૂંજવા-પ્રમાર્જવાનું કામ યથાયોગ્ય સતત કરતો રહે; નિર્દોષ ગોચરી માટે ઘણે દૂર સુધી પણ જાય...

જેઓ હજારો માણસોમાં ભાષણો આપે છે પરન્તુ તે બોલતી વખતે મુહપત્તિને મોંએ રાખતા નથી તેમને માટે શું કહેવું ?

ભાષણોથી આત્મકલ્યાણ નથી. મુહપત્તિના ઉપયોગમાં એકાન્તે આત્મકલ્યાણ છે.

મને એવું લાગે છે કે અમારા જેવા વિલક્ષણ શાસનપ્રભાવકો (!) દ્વારા તપોવન, શિબિર, પુસ્તક પ્રકાશન આદિ જે સદંતર બહિર્મુખ પ્રવૃત્તિઓ ચાલુ થઈ છે તેની જો પરંપરા ચાલશે તો મોટું નુકસાન થવાનો સંભવ લાગે છે. આ કાર્યો ગૃહસ્થોના છે. તેઓને લાગતું હોય કે આથી જિનશાસનને લાભ થવાનો છે તો તેઓ સાવદ્યમાં બેઠા હોવાથી આ કાર્યો સાવદ્યયુક્ત હોય તો ય જિનપૂજાદિની જેમ કરી શકે. પણ સાધુ માટે આમાં સાક્ષાત્ પ્રવેશ એ ઇચ્છનીય જણાતો નથી.

ધર્મ માટે કાળ અત્યન્ત વિપરીત છે. એ દૃષ્ટિએ કોઈ ગીતાર્થ મહાત્મા સાવદ્યયુક્ત કાર્યોમાં પડીને પણ ધર્મરક્ષા કરવા માટે ઝંપલાવે તો તેમની વાત જુદી છે.

ટૂંકી વાત એટલી છે કે દીક્ષિત થયેલા આત્માએ પારકી બધી બાબતમાં પડવું ન જોઈએ. માત્ર આત્મસાધના કરવી જોઈએ. આવું કરવું હોય તો

ગામડાંઓને જ પસંદ કરવા પડે. શહેરોમાં તો સાધુપણાની નિર્દોષ જીવનચર્યા વધુ ને વધુ મુશ્કેલ બનતી જાય છે. સંડાસ, સંસક્ત વસતિમાં વાસ, ભિક્ષાની દુર્લભતા અથવા નિર્દોષતાનો અભાવ; બ્રહ્મચર્યના પાલનની દુઃશક્યતા, હલકો ખોરાક વગેરેને લીધે સાધુ પોતે ધારે તો ય સાધુત્વનું પાલન કરી શકે નહિ તેમ લાગે છે.

છતાં ગીતાર્થ સંવિગ્નોને શાસનપ્રભાવના માટે શહેરોમાં જવું પડે તો તે થોડાક જ સાધુને લઈને ભલે જાય. પણ બાકીના સાધુઓએ ગામડે જઈને જિનાજ્ઞાના કટ્ટરપાલનની સાધના જ કરવી જોઈએ. તેમની આરાધના સ્વલક્ષી હોવી જોઈએ.

મહોપાધ્યાયજીએ જે વાત ત્રણસો વર્ષ પૂર્વે કરી હતી કે, ધૂમધામે ધમાધમ ચલી, જ્ઞાનમારગ રહ્યો દૂર રે.....તે વાત ગુણાકારો સાથે આજે વાસ્તવિક બની છે.

જે મુનિઓ આચાર-શિથિલ હોય છે તેઓને જો તે અંગેનું લેશ પણ દુઃખ ન હોય; તેનું શુદ્ધ પ્રાયશ્ચિત્ત પણ કરતા ન હોય, તે શિથિલતા નિષ્કારણ હોય તો તેમનું પતન આગળ વધીને છેક છેલ્લે સુધીનું થાય છે. ગમે તેવા પવિત્ર સ્થળોમાં, પવિત્ર દિવસોમાં બધા દોષો બિન્ધાસ્ત સેવતા હોય છે. આ વાત દર વર્ષે વધુ ને વધુ વકરતી જાય છે.

જો મુનિસંઘરૂપી પાણીમાંથી ઘોર શૈથિલ્યની આગ પ્રગટશે અને ચોમેર ફેલાતી જશે તો ગૃહસ્થો કોના ત્યાગી જીવનમાંથી પ્રેરણા લઈને પોતાનો વૈરાગ્યભાવ ટકાવી શકશે ?

એ નક્કી વાત છે કે ઉકરડામાં ગુલાબ પડે તો તે ય ઉકરડો બને : ઉકરડાની જમાતમાં વૃદ્ધિ કરે.

જો મુનિસંઘનો ૨૦-૨૫ ટકા જેટલો ઉકરડો સાફ ન થાય તો બાળદીક્ષાઓ અને બેનદીક્ષાઓ ભારે જોખમમાં ગણાય. તે 'ફેઈલ' જવાની શક્યતા પૂરી ગણાય. મને તેવા બાળદીક્ષિતો અને બેનદીક્ષિતોનું ભાવી સારું જણાતું નથી.

આ બધી આપત્તિમાંથી મુક્ત થવાનો રસ્તો ગ્રન્થકારશ્રીએ કહ્યો છે તે જ છે; આજ્ઞાપ્રતિબદ્ધ તદ્દન અન્તર્મુખ જીવન.

જે મુનિઓને પોતાનો મુનિભવ સફળ કરવો હોય તેમણે આ રસ્તે જવું પડશે. તેવા સરખેસરખા ૪-૬ મુનિઓનું જૂથ બનાવીને ગુરુએ તેમને ગામડાઓમાં સદા વિચરવાની વ્યવસ્થા કરી આપવી પડશે. તેમાં એક મુનિ ગીતાર્થ (પાઠક)

હોવા જોઈએ; બાકીના આરાધક. હા, તમામ મુનિઓ 'મૌની' તો હોવા જ જોઈએ. આવા 'મૌની મુનિઓ' બધા ગ્રુપોમાં થાય તો બહુ સરસ. એમના આદર્શ જીવનથી શિથિલ સાધુઓની શિથિલતાઓ ધ્રૂજવા લાગી જાય.

શિથિલોની સામે નકારાત્મક પ્રહાર કરવાથી તેઓ વધુ તોફાને ચડે એવું આ હલાહલ કલિકાલમાં સંભવિત છે. એ કરતાં હકારાત્મક રીતે સુસાધુઓએ પોતાનું જીવન વધુ ને વધુ ઊંચું લઈ જવું. જેથી ગૃહસ્થો ખોળ અને ગોળને આપમેળે ઓળખી લે અને ખોળની ઉપેક્ષા કરીને ગોળનો આદર કરે.

સાધુએ સ્વ-પર કલ્યાણ કરવું હોય તો એક જ રસ્તો છે કે તે સંપૂર્ણપણે શાસ્ત્રીયનીતિનું અન્તર્મુખ જીવન જીવે. 'પ્રશસ્ત'નું લેબલ મારીને પણ પરાર્થની પ્રવૃત્તિમાં સીધો ન ઊતરે.

સાધુ સ્વલક્ષી સાધનાથી પોતાનું ચારિત્રબળ જેમ જેમ ઊંચું લાવશે તેમ તેમ તેને જોઈને જ અનેક લોકો ધર્મ પામી જશે.

સાધુની પોતાની સાધનામાં જે સિદ્ધિ : એ જ બની જાય તેનો પરાર્થ. **(સિદ્ધિઃ પરાર્થતા)**

સાચો વૈરાગ્ય પામીને જે આત્માઓએ દીક્ષા લીધી હોય તેમણે આ શ્લોકના વિવેચનનો પ્રત્યેક અક્ષર ધ્યાનમાં લઈને વાગોળવો પડશે.

* * *

**साहू कंतारमहाभएसु अवि जणवए वि मुइअम्मि ।**
**अवि ते सरीरपीडं सहंति न लहंति य विरुद्धं ।। 41 ।।**

**અર્થ :** સાધુ જંગલમાં હોય કે મહાભયની સ્થિતિમાં હોય તો ય બધી તન-મનની પીડા સહી લે છે પણ તેને દૂર કરવા માટે અનેષણીય (દોષિત) તો નથી જ લેતા.

જંગલમાં રહે ત્યારે પણ તેઓ જેમ ગામમાં રહે ત્યારની પ્રસન્નતા અને નિર્ભયતાની સાથે રહેતા હોય છે....

નથી ડગાવતી તેમને શરીરપીડા કે મનની પીડા. ટૂંકમાં, અસમાધિની સ્થિતિમાં પણ તેઓ યતનાધર્મને બરોબર ધ્યાનમાં રાખે છે.

**વિવેચન :** સાધુ જે ખરેખર સાધુ છે તેનું મુખ્ય લક્ષણ દોષિત ગોચરીનો - સદા માટે-શક્ય બને તો ક્યારે પણ અપવાદ સેવ્યા વિના ત્યાગ.

આમ કરતાં દેહ ઉપર કે મનમાં ગમે તેટલી અશાતા કે અસમાધિ

ત્રાટકવાના સંયોગો ઊભા થાય તો તેની પણ જે પરવા ન કરે તે સાધુ.

બેશક, જ્ઞાનીઓએ તો અસમાધિના નિવારણ માટે દોષિત ગોચરી લેવાનો અપવાદ-માર્ગ બતાડ્યો છે ખરો; પણ જે મુનિઓ વિશિષ્ટ કોટિનું આત્મસત્ત્વ ધરાવે છે તેઓ તે દોષનું સેવન કરતા નથી. તેમ કરતાં પ્રાણ જાય તો સહર્ષ તૈયાર હોય છે.

અતિ ભયંકર અશાતાને ભોગવતા સનત્‌મુનિ, મણિઉદ્યોત મહારાજ વગેરેએ ઔષધાદિનું સેવન કર્યું નથી.

પ્રાણાન્ત કષ્ટની સ્થિતિમાં મુકાઈ જવા છતાં અન્નિકાપુત્ર આચાર્ય, સ્કંદક-સૂરિજીનાં પાંચસો શિષ્યો, ધર્મરુચિ અણગાર, ખંધક મુનિ, ગજસુકુમાલ મુનિ, કીર્તિધર - સુકોશલ મુનિ વગેરેએ મોંમાંથી અરેરાટી પણ કરી નથી.

આ મહાસત્ત્વવાળા જીવોની ભીષ્મ વાતો છે. જેઓ અલ્પસત્વી છે તેથી અશાતામાં અસમાધિ થઈ જવાનો પૂરો સંભવ છે તેમને અસમાધિના નિવારણ માટે ગીતાર્થગુરુ દોષિત વસ્તુનું સેવન કરાવે છે.

દોષના સેવનનું મહત્ત્વ છે. પણ 'અસમાધિ' તો બહુ ગંભીર બાબત છે. તે તો ન જ થવી જોઈએ. એ માટે ગીતાર્થને જે કરવું પડે તે કરી શકે છે. સુખમાં અને દુઃખમાં એકદમ સમતા રાખવી એ કોઈ નાનીસૂની વાત નથી. આવી સમતા સાધ્યા વિના કદી મોક્ષપ્રાપ્તિ થઈ શકતી નથી.

હવે અપવાદનો આશ્રય લેવો પડે તો તેમાં 'જયણા' હોવી જોઈએ. જયણા એટલે દોષ સેવવાના પ્રસંગે ઓછામાં ઓછા દોષનું સેવન કરવાની મનોવૃત્તિ.

આવી મનોવૃત્તિવાળાની ચિત્તપરિણતિ સતત એવું પોકારતી હોય છે કે, "મારે તો દોષ બિલકુલ સેવવો નથી. મારા અશુભોદયે ગુર્વાજ્ઞા થવાથી દોષસેવન આવી પડ્યું છે. અરે, આ બહુ ખોટું થાય છે પણ શું કરું ? હવે છૂટકો ય નથી."

જયણા જોડાતાં દોષનું દોષત્વ લગભગ ખતમ થઈ જાય છે.

આવી જયણા અને નિર્દોષ જીવન જીવતાં મહાત્માઓના તે તે સુકૃતોની ભારોભાર અનુમોદના.

જો આ બે ભેગા થાય તો મોક્ષ થવામાં ઝાઝા ભવો થાય નહિ.

મુનિજીવનની સાધના દુઃખક્ષયની નથી પણ દોષક્ષયની છે. દુઃખનો તો સહર્ષ સ્વીકાર કરવાનો છે અને દોષોનો જોરદાર સામનો કરવાનો છે. દોષોને જીતવાનું કામ અતિ મુશ્કેલ છે. તેની સાથેની લડાઈમાં હારી જવાની શક્યતા વધુ છે;

છતાં તેની સાથે બાથ ભીડવી એ જ બહુ મોટી વાત છે. આવો જીવ હારે તો ય જીત્યો કહેવાય છે.

આ કળિયુગમાં હાર-જીતનું મહત્ત્વ નથી. ઝઝૂમવાનું જ મહત્ત્વ છે.

વિશ્વની મહાન નદી (મીસીસીપી-મસૂરી) સાગરમાં કેવા જોસથી ત્રાટકે છે ! એની ઇચ્છા છે; આખા સાગરને પોતાના મીઠા પાણીથી એકરસ કરી દેવાની. હા, ૪-૬ કિલોમીટરનો સાગર એના આક્રમણથી મીઠો થાય પણ છે પરન્તુ પછી ગુસ્સે ભરાયેલો સાગર ભરતીની એક જ થપાટે મીઠાં બનેલા જળને ખારા પાણીમાં ફેરવી નાંખે છે.

વિરાટ સાગર સામે તો મહાનદી વામણી જ કહેવાય ને ? બિચારી ન હારે તો બીજું શું થાય ? પણ એમ ન જુઓ. વામણી એવી નદીએ વિરાટની સામે બાથ ભીડી એ જ બહુ મોટી તેની જીત છે. ભલે તે હારી કહેવાય.

અનાદિકાળના રાક્ષસી દોષોને પડકારવા અને તેમની સામે જંગે ચડવું એ જ વામણા આપણા આત્મા માટે ઘણી મોટી વાત કહેવાય.

આપણે ચરમાવર્ત્તકાળમાં આવીએ ત્યારે જ આવું બને. જો અચરમાવર્ત્તકાળમાં હોત તો આ બાથ ભીડવાને બદલે એક જ ક્ષણમાં દોષોને શરણે ચાલ્યા ગયા હોત. આપણે તે દોષોથી ડઘાઈને બી ગયા હોત. આપણું અનંત બળ ઊભા થવાની હિંમત પણ ન કરી શક્યું હોત.

સાપની નજરમાં આવી ચડેલો દેડકો સાપને જોઈને - તેની તગતગતી આંખોને જોતાં - કેવો ડઘાઈ જાય છે. એના પગમાં નાસી છૂટવા જેટલી ભારે ચપળતા હોવા છતાં તેની બધી શક્તિઓ હેબતાઈને થીજી ગયેલી રહે છે. ગભરાઈ ગયેલા દેડકાનો કોળીઓ કરી દેવાનું કામ સાપને માટે રમત બની જાય છે.

દોષોના શરણે તો ન જ જવાય. છેવટે ઝઝૂમવું તો જોઈએ. ભલે તેમાં હાર થાય. છતાં દેશકાળના સુજ્ઞાત ગીતાર્થો કહે છે કે આ કાળમાં તો દોષોની સામે જે આત્મા ઝઝૂમ્યો ને હાર્યો તો ય જીત્યો કહેવાય.

ટૂંકમાં સાધુનું જીવન એટલે દુઃખોનો સ્વીકાર અને દોષોનો સામનો. જો આનું ઊંધું થાય તો સાધુ સંસારના ખાડામાં સોંસરો ઊતરી જાય.

* * *

जंतेहिं पीलिया वि हु खंदगसीसा न चेव परिकुविआ ।
विइयपरमत्थसारा खमंति जे पंडिया हुंति ।। 42 ।।

**અર્થ :** યન્ત્રમાં પીલાયા છતાં સ્કંદકસૂરિજીના પાંચસો શિષ્યો જરાક પણ ક્રોધિત થયા નહિ. પંડિતજનો પરમાર્થના તત્ત્વને બરોબર જાણતા હોય છે એટલે તે સહન કરવાનું જ પસંદ કરે છે.

**વિવેચન :** તે નગરના રાજાનો મન્ત્રી પાલક હતો. તે અભવ્ય જીવ હોવાથી અતિશય નિષ્ઠુર પરિણામી હતો. જૈનધર્મનો કટ્ટર દ્વેષી હતો. તેણે એમાંય એક વાર સ્કંદકકુમાર સાથે ધર્મના વિષયમાં વાદ થયો. તેમાં નાસ્તિક પાલક હારી જતાં તેને સ્કંદકકુમાર ઉપર દ્વેષ થયો. કુમાર દીક્ષા લઈને આચાર્ય પદ સુધી પહોંચ્યા. પાલકના કુંભકારકટક નગરે પધાર્યા. પાલકે વૈરનો બદલો લેવાનું નક્કી કરીને જ્યાં સૂરિજી ઊતર્યા હતા તે જમીનમાં શસ્ત્રો દાટીને રાજાને ભંભેરણી કરી કે, "તે આચાર્ય તમારી હત્યા કરવા આવ્યા છે. પુષ્કળ શસ્ત્રપુરવઠો સાથે છે; જે ધરતીમાં દાટવામાં આવેલ છે."

રાજાએ તપાસ કરી. શસ્ત્રો જડી આવતાં રાજા ક્રોધાન્ધ બન્યો. પાલકને કહ્યું કે, "તને જે ઠીક પડે તે સજા એ રાજદ્રોહી સાધુઓને કર." પાલકે ઘાણી તૈયાર કરી. તમામને પકડી લીધા. ક્રમશઃ પીલવાનું થવા લાગ્યું. એકેકી લાશનું માંસ-લોહી ઘાણીમાં સજ્જડ દબાતું ગયું. હાડકાંનો પાઉડર થવા લાગ્યો. પણ કમાલ, એક પણ સાધુએ 'ઉફ્' પણ ન કર્યું, બલ્કે પૂર્ણ સમાધિમાં રહીને શ્રેણી માંડીને તમામ વીતરાગ બન્યા. તરત મોક્ષે ગયા.

કમાલ તે સાધુઓની જરૂર છે પણ તેથી ય વધુ કમાલ સ્કંદકસૂરિજીની છે જેમણે એવા મરણાન્ત કષ્ટની ભયાનક પળોમાં દરેક શિષ્યને એવી ઉત્કૃષ્ટ નિર્યામણા કરાવી કે કોઈને અસમાધિ ન થઈ. સૂરિજીને બે કામ કરવાનું ખૂબ જરૂરી હતું. એ સિવાય આવી ભયાનક વેદનામાં પરમ સમતા રાખીને મોક્ષ પામવાનું કામ સાવ અશક્ય હતું.

એક, તેમણે દેહથી આત્મા જુદો છે એ વાત બરોબર સમજાવી દીધી.

બે, પેલા પાલક તરફ પૂર્ણ મૈત્રીભાવ સધાવી રાખ્યો.

હા, છેલ્લા - બાકી રહેલા - બાળસાધુના પીલણ વખતે તે ધ્રૂજી ગયા. એ ખૂબ બાળ હતા. તેને પીલાતો જોવાની શક્તિ તેમનામાં ન લાગતાં પાલકને કહ્યું, "પહેલાં મને પીલી નાંખ; પછી તે બાળસાધુને."

પણ આ તો અભવી પાલક ! સૂરિજી જેમ વધુ દુઃખી થાય તેમ કરવામાં જ તેને રસ હતો. એટલે તેમની વાત ઠુકરાવી દીધી. આથી સૂરિજી ક્રોધથી આંધળાભીંત થઈ ગયા. મનને કાબૂમાં રાખીને બાળમુનિને ઉત્કૃષ્ટ નિર્યામણા કરાવીને મોક્ષે મોકલી દીધા. પણ પછી તેમનો આત્મા ક્રોધથી સળગી ઊઠ્યો. પાલકને તેમની કોઈ પરવા નથી. તેણે સૂરિજીને પીલી નાંખ્યા. નસીબજોગે સૂરિજીને છેલ્લી ક્ષણોમાં શુભલેશ્યા રહી જેથી તે દેવ થયા. તેણે તે દંડક રાજાનો આખો દેશ, તેની તમામ પ્રજાને સળગાવીને ભડથું કરી નાંખી.

સ્કંદકસૂરિજી પાસે જ્ઞાનનો તીવ્ર ક્ષયોપશમ હશે તો જ ૫૦૦ શિષ્યોને મોક્ષપ્રદા સમાધિ આપી શક્યા.

છતાં કેવી દુઃખની વાત કે એ જ્ઞાની સૂરિજી પોતે જ સમાધિ પામી ન શક્યા. ઊલટા અસમાધિમાં સળગીને મુનિજીવન બરબાદ કરી દીધું.

આથી જ તીર્થંકર પરમાત્મા મુનિસુવ્રત સ્વામીજીએ તેમને ત્યાં જવાની વાતમાં મૂક રહીને અસંમતિ આપી હતી. એટલું જ નહિ પણ તે પ્રદેશમાં જવાથી તે પોતે વિરાધક થશે તેવું સ્પષ્ટ જણાવ્યું હતું. આમ છતાં તે વાતનો પૂરો તાગ તે ન પામી શક્યા. પરમાત્માના વચનોની ઉપરવટ જઈને તેમણે તે જ દિશામાં વિહાર કર્યો.

આ વાત કાનમાં બહુ સ્પષ્ટ રીતે કહી જાય છે કે વડીલજનોનાં વચનોની ઉપરવટ જઈને પોતાનું ડહાપણ કદી કરવું નહીં. એક વાર ગુરુ એક વાત કરે; બીજી વાર તેથી વિપરીત વાત કરે તો પણ તે જ્યારે જેમ કહે ત્યારે તે આંખ મીંચીને સ્વીકારવું. જો મુનિએ મોક્ષ પામવો હોય તો તેનો આ એક જ રસ્તો છે. અનેક રીતે જ્ઞાનીઓએ આ વાત આપણને સમજાવી છે. અન્યધર્મી ચિન્તકોએ પણ ગુરુપારતંત્ર્યની વાત ઉપર વિશેષ ભાર મૂક્યો છે.

જે શિષ્યો આ વાતે ઊણા ઊતરે છે તેમનું પુણ્ય વધતું નથી. તેથી તેમને કોઈ વાતે યશ મળતો નથી. આથી તે ખૂબ ધૂંધવાય છે; યશસ્વી સાધુની ઇર્ષ્યા કરે છે. તેમનું અહિત થવાની આશંસા કરે છે. જો તેમનું અહિત થાય તો તે ખૂબ રાજી થઈ જાય છે. આ બધાં લક્ષણો સંસારનું પરિભ્રમણ વધવાના દેખાય છે.

સ્કંદકસૂરિજીના ચરિત્રમાં એ વાત ખૂબ સમજવાની છે કે પોતાનું અહિત થવા દઈને બીજાનું હિત કરવાની વાતમાં જ્ઞાનીઓ સંમત નથી.

**Safety first.....** એ જૈનધર્મની સાધનાનું મુખ્ય સૂત્ર છે.

કોઈ સતી સ્ત્રી પાસે કોઈ કામી પુરુષ દેહસુખની માંગણી કરે; અન્યથા પોતે ઝેર પી લેવાનું જણાવે તો સતી સ્ત્રીએ શીલરક્ષા કરવી ? કે પેલાનું મોતનિવારણ કરવું ?

અલબત્ત શીલરક્ષા કરવી. પેલાને મરણનિવારણ માટે સમજાવવો પણ છેવટે તેને જે કરવું હોય તે કરે. તેના જીવન ખાતર શીલભંગનું પોતાનું અહિત ન જ થવા દેવાય.

એકસો યુવાનો કહે કે, "ગુરુદેવ ! જો પાંચ મિનિટ માટે તમે સાધુવેષ દૂર મૂકીને સૂટ-પેન્ટ પહેરી લો તો ખરેખર અમે સો યુવાનો દીક્ષા લઈએ."

શું આ પ્રસ્તાવ મંજૂર કરાય ખરો? સો દીક્ષાના લાભની સામે પાંચ મિનિટના સૂટ-પેન્ટના માઈનસ શી વિસાતમાં છે ?

પણ ના..... આ રીતે જે સાધુ કોઈ લાલચમાં આવીને પોતાનું અહિત કરે તે સાધુ કાલે આથી પણ વધુ પોતાનું અહિત નહિ કરે તેમાં શી ખાતરી ?

આવો સૂટ-પેન્ટ પહેરી લેનારો સાધુ કેટલો સત્ત્વહીન કહેવાય ! સત્ત્વહીન શું ઉકાળશે ? માટે સહુએ પોતાનું હિત સાધવાપૂર્વક જ પરહિત સાધવું જોઈએ.

સ્વહિતકરણમાં એકાન્તે લાભ છે. પરહિતકરણમાં વિકલ્પ છે : સ્વનું હિત ન પણ થાય તેવું બને.

સ્કંદકસૂરિજીના પાંચસો શિષ્યો ઘાણીમાં પીલાયા અને શુકલધ્યાનમાં ચડીને મોક્ષ પામ્યા એ કેટલી મોટી આશ્ચર્યજનક ઘટના કહેવાય ! જેનાથી મચ્છર કરડવાનું, ગરમી કે ઠંડીનું, ક્ષુધાદિકનું દુઃખ ખમાતું ન હોય તેને આ મરણાન્ત દુઃખની ભયાનકતાનો ખ્યાલ આવશે.

*　　*　　*

**जिणवयणसुइ-सकन्ना अवगय-संसारघोरपेयाला ।**
**बालाण खमंति जइ जइत्ति किं इत्थ अच्छेरं ।। 43 ।।**

**અર્થ :** જિનવચનને સાંભળવામાં જેમના કાન બે મટીને ચાર બની જાય છે. વળી સંસારના ઘોરસ્વરૂપનો વિચાર જેમને બરોબર પચી ગયો છે તેવા મુનિઓ જો તુચ્છ એવા જીવો તરફથી થતાં પરીષહોને સહતા હોય તો તેમાં શું આશ્ચર્ય છે ?

**વિવેચન :** જિનવચનથી સંસારનું ઉગ્ર, બિહામણું અને ઘોર સ્વરૂપ બરોબર સમજાઈ જાય. એટલે જેમણે જિનવાણી ધ્યાન દઈને સાંભળી હોય અને તેથી

"સંસાર અસાર છે." એ વિચાર (ખ્યાલ) મગજમાં બરોબર બેસી ગયો હોય તે આત્માઓ દુઃખોને સ્વેચ્છાએ સહન કરે. આમાં કોઈ આશ્ચર્ય નથી. તેઓ જાણે છે કે સહ્યા વિના - ક્ષમા રાખ્યા વિના - કર્મનો સંપૂર્ણ ક્ષય શક્ય નથી. હવે જો કર્મક્ષય કરીને મોક્ષ પામવામાં જ રસ હોય તો કર્મક્ષય કરવા માટે વધુ ને વધુ ઉગ્ર દુઃખોને સહન કરવા પડે. જેમ દુઃખ વધુ તેમ કર્મક્ષય વધુ.

મોક્ષના લક્ષવાળા બનેલા મુનિઓને મોક્ષ પામવાની ઉતાવળ હોય છે. 'ઝટપટ મોક્ષ' માટે તેઓ ઉત્સુક બનેલા હોય છે. આ માટે ખૂબ દુઃખોને સહવા તૈયાર થાય છે. જેમ દુઃખ વધુ તેમ કર્મક્ષય વધુ.

આવી સમજથી હલકામાં હલકા માણસો પણ જો તેમને મારે, પછાડે, ગાળો દે.... કે ગમે તે કરે..... તે બધું સહવા માટે તેઓ એકદમ હસતે મોંએ તૈયાર હોય છે.

દશવૈકાલિક સૂત્રમાં મુનિઓની સાધનાનું પ્રાણતત્ત્વ દેહદુઃખને કહ્યું છે. **देहदुःखं महाफलं** । બત્રીસ બત્રીસીમાં કહ્યું છે કે જે સાધુઓની આંતર-પરિણતિ વિકસિત બને છે તે સાધુઓ બાહ્ય શરીર ઉપર હુમલા કરવાનું શરૂ કરે છે. કેમકે તેઓ માને છે કે જો દેહ પ્રત્યેની મમતા કાયમ બની રહી તો સાધુતા ધરાર નિષ્ફળ જવાની છે.

સ્વજનો, સ્ત્રી, ધન, ઈન્દ્રિયો અને દેહમાં જીવની ઉત્તરોત્તર આસક્તિ વધુ હોય છે. એટલે દેહાસક્તિ તો ખતમ કરવી જ રહી.

જે સાધુઓ દેહમાં આસક્ત છે : તેથી એકદમ સુખશીલ છે તેમણે ક્રોડો ભવે પણ મોક્ષ પામવાની આશા રાખવી ન જોઈએ.

સ્વજન, ધન, સ્ત્રી વગેરેની આસક્તિઓ દૂર થાય પણ દેહાસક્તિ દૂર થવી અતિ મુશ્કેલ છે.

આ ઉપરથી સમજાશે કે મુનિજીવનની સફળતા દેહના દમનમાં છે. આથી જ બાહ્યતપ - તેમાં ય અનશનને વધુ પ્રાધાન્ય આપવામાં આવ્યું છે.

તારક તીર્થંકરદેવ પરમાત્મા મહાવીરે ભીલ, કોળી, વાઘરીઓ તરફથી ઝીંકાએલા દુઃખોમાં પોતાનું અપમાન સમજ્યા વિના કેટલું બધું સહન કર્યું ! અનાર્ય દેશોના જંગલી લોકોએ પણ ખૂબ વિતાડી, પરન્તુ પ્રભુનો તેમાં કોઈ વિરોધ ન હતો.

* * *

**न कुलं एत्थ पहाणं हरिएसबलस्स किं कुलं आसी ।**
**आकंपिया तवेणं सुरो वि जं पज्जुवासंति ।। 44 ।।**

**અર્થ :** ધર્મના વિચારમાં (નિશ્ચયનયથી) કુળની પ્રધાનતા જોવાની ન હોય. હરિકેશી ચંડાળકુળના હતા. છતાં દીક્ષા લઈને એ જ ભવે કેવળજ્ઞાન પામી ગયા. એમના અકંપિત તપથી યક્ષ પ્રસન્ન થઈને તેમની સેવા કરતો હતો.

**વિવેચન :** જો કે કુળનું મહત્ત્વ તો છે જ. શાસ્ત્રોમાં દીક્ષાદિક માટે પાત્ર, અપાત્ર જીવોમાં હલકા કુળના જીવોને અપાત્ર કહ્યા છે. એટલે આ શ્લોક નિશ્ચયનયથી સમજવો.

હરિકેશીનો જીવ પૂર્વભવે બ્રાહ્મણ હતો. તેણે સાચા વૈરાગ્યથી જૈનદીક્ષા લીધી તો ખરી; પરન્તુ બ્રાહ્મણત્વના ચોખ્ખાઈના સંસારને લીધે તેને જૈનદીક્ષા પ્રત્યે અસદ્‌ભાવ રહ્યો. આથી જન્માન્તરે તેનો નીચકૂળમાં જન્મ થયો.

જૈનગુરુની દેશના સાંભળીને તેને વૈરાગ્ય થતાં ચારિત્ર ગ્રહણ કર્યું. તે ઘોર તપ કરવા લાગ્યા.

એમના તપના પ્રભાવથી તિંદુકયક્ષ પ્રસન્ન થયો. સદા તેમનું સાન્નિધ્ય કરવા લાગ્યો. ક્યારેક ઉપસર્ગ આવે ત્યારે તેનું નિવારણ કરવા લાગ્યો. અન્તે સાધનાના બળે તે મુનિને કૈવલ્યની પ્રાપ્તિ થઈ. તે મોક્ષમાં ગયા.

ગ્રન્થકારશ્રી આ ઉદાહરણ આપીને કૂળની મહત્તાનો (નિશ્ચયનયથી) અસ્વીકાર કરે છે.

ઉત્તરાધ્યયન સૂત્રમાં કહ્યું છે, ભાઈ ! માથું મુંડાવવા માત્રથી 'સાધુ' બની જવાતું નથી. એ માટે તો 'મન' મુંડાવવું પડે.

આ વાત વ્યવહારથી પણ સમજાય તેવી છે. ખૂબ ખાનદાન કુળના આત્માઓ - મેઘકુમાર, નંદિષેણ, રહનેમિ વગેરે - પતન સન્મુખ બન્યા છે. 'ખાનદાની' કુળની નહિ પણ આત્માની હોવી જોઈએ. 'લઘુકર્મિતા' એ આત્માની ખાનદાની છે. જે આત્માઓ આત્માથી ખાનદાન છે તેઓ કર્મવશાત્ દોષસેવન કરી બેસે તો તેની પાછળ ઘોર પશ્ચાત્તાપ થયા વિના રહે નહિ. દોષસેવન એ બિનખાનદાની નથી પણ તેનું અ-પ્રાયશ્ચિત્ત એ જરૂર બિનખાનદાની છે.

હરિકેશીબળનું ચરિત્ર આ સન્દર્ભથી મૂલવવું જોઈએ.

હવે જો નિશ્ચયનય પોતાની દૃષ્ટિ આટલી હદે વિકસિત કરીને હરિજનની દીક્ષાને પણ (ભલે અલ્પતમ સંખ્યામાં તે થઈ હોય) સ્વીકૃતિ આપે છે.

જો શ્વેતામ્બર હોય કે દિગમ્બર હોય – બન્નેયને સમતાસિદ્ધિ દ્વારા મોક્ષ પામવાનો સમાન હક્ક જાહેર કરે છે.

જો જેનું વચન યુક્તિસંગત હોય તે પછી પરમાત્મા મહાવીરદેવ હોય કે સાંખ્યમતપ્રણેતા કપિલ હોય બન્ને ય સ્વીકાર્ય છે.

આમ કહેવાતું હોય તો વ્યવહારનયની ભૂમિકામાં આ બધી વાતોના ભેદ પાડ્યા છતાં નજર સામે નિશ્ચયદૃષ્ટિ રાખીને તેના ઝઘડાઓ બંધ કરી દેવા ન જોઈએ ? ભલા ! ભેદ કબૂલ છે પણ ભેદભાવ (વૈમનસ્ય) તો ન જ હોવો જોઈએ ને ?

ખુદ પરમાત્મા મહાવીરદેવે ઈન્દ્રભૂતિ ગૌતમને પ્રતિબુદ્ધ કર્યા ત્યારે વેદની તે પંક્તિને તેમણે ખોટી ઠરાવી ન હતી; પરન્તુ તેનું ગૌતમે કરેલું અર્થઘટન ખોટું ઠરાવ્યું હતું.

આનંદઘનજી મહારાજે ચાર્વાક્ નામના નાસ્તિક મતનો જિનવરની કૂખ તરીકે સ્વીકાર કર્યો છે.

મને લાગે છે કે હાલમાં ચાલતાં એકાંતે વ્યવહારનય–આધારિત ધર્મસંઘર્ષોને નિશ્ચયનયની ભૂમિકાઓને સારી રીતે સમજીને શાન્ત કરી દેવા જોઈએ.

એકલો વ્યવહાર તો ન ચાલે. વ્યવહારનય એ પાળવાની વસ્તુ છે પરન્તુ તેની સમતોલ (સાપેક્ષ) બની રહે તે માટે હૈયે-લક્ષમાં-તો નિશ્ચયનયને રાખવાનું મહોપાધ્યાયજીએ કહ્યું છે.

**નિશ્ચયદૃષ્ટિ હૃદય ધરીજી, પાળે જે વ્યવહાર**
**પુણ્યવંત તે પામશે જી, ભવસમુદ્રનો પાર.**

એકાન્ત નિશ્ચયવાદ જેટલો જ એકાન્ત વ્યવહારવાદ અશુભ છે. બે પરસ્પર સાપેક્ષ રહેવા જોઈએ.

નિશ્ચયનયની જે ભૂમિકાઓ છે તેને વ્યવહારનયના પાલનક્ષેત્રમાં મિશ્રિત કરાય નહિ. તે લક્ષમાં રાખવાની વસ્તુ છે. એ કાચો પારો છે; ન પચ્યો તો મુસીબતનો પાર નથી. જિનશાસનની અવિચ્છિન્ન પરંપરા ચાલવામાં મુખ્ય ફાળો વ્યવહારનયની ભૂમિકાનો છે.

* * *

**देवो नेरयओत्ति य कीडपयंगुत्ति माणुसो एसो ।**
**रूवस्सी य विरूवो सुहभागी दुक्खभागी य ।। 45 ।।**

**राउत्ति य दमगुत्ति य एस सपागुत्ति एस वेयविउ ।**
**सामी दासो पुज्जो खलोत्ति अधणो धणवइत्ति ।। 46 ।।**
**न वि इत्थ को वि नियमो सकम्मविणिविट्ठसरिसकयचिट्ठो ।**
**अन्नुन्नरूववेसो नडुव्व परियत्तए जीवो ।। 47 ।।**

**અર્થ :** જીવ દેવ પણ થાય અને નારક પણ થાય. કીડો, પતંગિયું વગેરે તિર્યંચ પણ થાય; એ જ મનુષ્ય પણ થાય. મનુષ્યમાં રૂપાળો થાય, કુરૂપ પણ થાય. ત્યાં સુખભાગી થાય કે દુઃખભાગી પણ થાય.

જીવ રાજા થાય, ભિખારી થાય, ચંડાળ થાય અને વેદજ્ઞ બ્રાહ્મણ પણ થાય. શેઠ થાય, નોકર થાય, પૂજ્ય થાય અને દુર્જન પણ થાય. નિર્ધન થાય, ભિખારી પણ થાય.

આ વિષયમાં એવો કોઈ નિયમ નથી કે જીવ જો પશુરૂપે હોય તો સદા માટે મરી મરીને પશુ જ થયા કરે અને મનુષ્ય હોય તે સદા માટે મનુષ્ય થયા કરે.

કિન્તુ પોતે બાંધેલાં કર્મની સ્થિતિ પ્રમાણે તે અન્યાન્ય આકારે વેશ કરતો સંસારમાં ભમે છે.

વર્તમાનકાળમાં 'બ્રહ્માકુમારી' નામનો જે મત નીકળ્યો છે તે અને પાંચમાં ગણધર સુધર્માસ્વામીજીનો પરમાત્માને સાધુ થતાં પહેલાં જે સવાલ પુછાયો તે બન્ને એકસરખા છે.

આ બન્નેનો અભિપ્રાય એવો છે કે પશુ મરીને કાયમ પશુ થાય અને માણસ મરીને કાયમ માણસ થાય. પશુમાં ય કૂતરો મરીને કૂતરો જ થાય વગેરે.....

આ વાતનું ખંડન આ ત્રણ શ્લોકમાં છે. ગ્રન્થકારશ્રી કહે છે કે જીવ જેવો કર્મબંધ કરે તે મુજબ તેના જન્મ વગેરે થાય. એ રીતે માણસ મરીને પશુ પણ થઈ શકે અને દેવ મરીને ગધેડો પણ બની શકે. જેનાં જેવાં કર્મો તે મુજબનો તેનો સંસારપર્યાય.

જો માણસ મરીને માણસ જ થયા કરવાનો હોય તો તેને ધર્મ કરવાની જરૂર ન રહે કેમકે તેને અધર્મ કરીને નારક કે પશુ થવાનો કોઈ ડર નથી. એટલે આ વાત તર્કસંગત નથી.

જ્યારે મનુષ્ય મરીને ભૂંડ પણ થઈ શકે છે ત્યારે જ મનુષ્ય ધર્મ તરફ વળે છે. ધર્મથી જ સારો અવતાર મળે છે, ખરાબ અવતારો ટળે છે.

જો કે ધર્મની ઊંડી સમજણ પામેલા આત્માઓ તો મનુષ્યમાંથી નારક કે

પશુ થવાનું ઇચ્છતા નથી પરન્તુ દેવ કે માનવ થવાનું ય ઇચ્છતા નથી. એમનું જો ચાલે તો તેઓ માત્ર મોક્ષ પામવાનું ઇચ્છે છે. તેમને મન તો નારક જેટલી જ ભૂંડી દેવગતિ છે કેમકે બે ય ઠેકાણે પુનર્જન્મ, સંસારભ્રમણ વગેરે ઊભા છે.

એ પુણ્યાત્માઓને નારકગતિની જેટલી જ ભૂંડી દેવગતિ લાગે; ગરીબી જેટલી જ ખરાબ શ્રીમંતાઈ લાગે. એમને તો માત્ર મોક્ષ ખપે. સિવાય કશું નહિ. પછી કર્મરાજાને જે દેવું હોય તે દે. જો તેમને સ્વર્ગ દે તો તેઓ અનાસક્તિભાવ સાથે તેને ભોગવી લે; જો તેમને નરક દે તો ઉત્કૃષ્ટ સમાધિ રાખીને તે પણ ભોગવી લે.

જ્ઞાનીઓને બે ય ગતિ ખરાબ છે અથવા બે ય અનાસક્તિ અને સમાધિ દ્વારા કર્મક્ષયકારી બનતાં સારી છે. આથી જ સમ્યગ્દૃષ્ટિ આત્માઓને સમ્યગ્ દર્શનના પ્રભાવે નિયમથી વૈમાનિક દેવગતિ મળવાનું જ્ઞાનીઓએ જણાવ્યું છે તેથી - મહાવિદેહની મનુષ્યગતિ નહિ મળવા બદલ - કોઈ અફસોસ થતો નથી. દેવગતિના જીવનને પણ તેઓ સમ્યગ્દર્શનના સાહચર્યથી વિરાગમય બનાવી લે છે.

* * *

**कोडीसएहिं धणसंचयस्स गुणसुभरियाए कन्नाए ।**
**न वि लुद्धो वयररिसि अलोभया एस साहूणं ।। 48 ।।**

**અર્થ :** ક્રોડો સોનામહોરો અને અતિશય રૂપવતી અને ધનવતી ગુણીયલ કન્યા રૂક્મિણી પિતા દ્વારા મળવા છતાં વજ્રસ્વામીજી તેમાં ક્યાંય આસક્ત થયા નહિ. આવી અનાસક્તિ તમામ સાધુઓએ કેળવવી જોઈએ.

**વિવેચન :** વજ્રસ્વામીજીનું સમગ્ર જીવન આશ્ચર્યકારક ઘટનાઓથી ભરપૂર છે. જન્મથી જ દીક્ષા પામવા માટે ધમાલ થઈ. તદ્દન નાની ઉંમરે દીક્ષા લીધી. બાળવયમાં બે દેવોએ કરેલી રસનેન્દ્રિય-લંપટતા સંબંધમાં પરીક્ષા કરી તો આરપાર પાર ઊતરી ગયા. સુપ્રસન્ન બનેલા દેવોએ તેમને બે વિશિષ્ટ લબ્ધિઓ આપી.

જેણે રસ (રસનેન્દ્રિય) જીત્યો તે શું ન જીત્યો ? જ્ઞાનીઓએ પાંચ ઈન્દ્રિયોમાં ખતરનાક રસનેન્દ્રિય જણાવી છે.

ભૂતકાળમાં અજૈનોમાં કોઈને સંન્યાસ-દીક્ષા લેવી હોય તો તેની જીભ ઉપર મીઠી સાકરનો પાઉડર મુકાતો. અડધી મિનિટ બાદ પાછો મંગાતો. જેની જીભમાં

રસ ઉત્પન્ન થયો તેની સાકર પળવારમાં ઓગળી જાય. તે દીક્ષા માટે અપાત્ર જાહેર થાય.

સોળવર્ષની વયે આચાર્યપદવી ઉપર આરૂઢ થતાં શિષ્ય બપ્પભટ્ટી માટે ગુરુને ક્ષણભર મોં ઉપર ઉદાસીનતા છાઈ ગઈ. શું થશે ? આ યુવાન, રૂપવાન, લોકપ્રિય સાધુનું ? પતન તો નહિ થાય ને ?" ગુરુના અંતરનો સવાલ મોં ઉપર જોઈને શિષ્યે ક્ષણભર વિચાર્યું કે પતન થાય તો શેનાથી થાય ?"

જવાબ મળ્યો "રસથી."

તરત છ વિગઈઓનો આજીવન મૂળથી ત્યાગ કર્યો. હજી ભક્તોના ઘરમાંથી ફળો અને મેવા મળી શકે એટલે ભક્તોના ઘરની તમામ પ્રકારની ભિક્ષાનો પણ આજીવન ત્યાગ કર્યો.

ગુરુ ખૂબ નિર્ભય થઈ ગયા. હૃદયની પ્રસન્નતાના ઉછાળા સાથે શિષ્યને જોરદાર આશિષ આપ્યા કે, "તું મહાબ્રહ્મચારી બનજે."

આશિષ ફળી. રાજાએ તેમના બ્રહ્મવ્રતની અતિ કડક પરીક્ષા નર્તકી દ્વારા કરાવી. રાતના સમયે ઉપાશ્રયે જઈને બધું..... બધું..... કરી નાંખવા આદેશ કર્યો.

પણ ગુરુના આશિષનું જેણે કવચ પહેર્યું છે એને નર્તકીના ગમે તેવા તાતા તીર શું કરી શકે ?

જેટલું આશ્ચર્યજનક કામવિજેતા સ્થૂલભદ્રજીનું દૃષ્ટાન્ત છે તેટલું જ આશ્ચર્યજનક બપ્પભટ્ટસૂરિજીનું દૃષ્ટાન્ત ગણી શકાય. સ્થૂલભદ્રજીએ સ્પર્શની ના પાડી હતી. બપ્પભટ્ટસૂરિજીએ બધી છૂટ લેવા દીધી હતી.

વજસ્વામીજીના વ્યાખ્યાનસમયના વૈક્રિયરૂપને લીધે ક્રોડપતિ શ્રીમંતની કન્યા -રૂકિમણી-મોહાઈ પડી. વજસ્વામીજી તેનો હાથ ન સ્વીકારે તો પિતાને આપઘાત કરવાની ધમકી આપી. વજસ્વામીજીએ વળતા દિવસના પ્રવચનમાં સંસારની અસારતાનું અને દેહની અશુચિતા તથા વિનાશિતાનું એવું હૃદયભેદી પ્રવચન કર્યું કે તેથી એકદમ વિરક્ત બનેલી રૂકિમણી ચાલુ પ્રવચને સભા છોડીને ચાલી ગઈ. તેણે દીક્ષા લીધી.

સંસારના શ્રેષ્ઠ પદાર્થોની લાલચ મળે અને સાધુ ટકી રહે એ તો આ કાળનું બેહદ આશ્ચર્ય કહેવાય.

વર્તમાનકાળમાં જે શ્રમણ-શ્રમણીઓના ચિત્તની હાલત બિલકુલ સારી નથી તેમને ખબર પડશે કે વજસ્વામીજીએ કેવી કમાલ કરી છે ! નિર્મળ મનની

ઉત્કૃષ્ટ અખિલાઈને કેવી સાધી લીધી છે !

રૂક્મિણી સામે તે અડોલ રહી શક્યા તેનું કારણ તેમનો 'રસ' ઉપરનો નિગ્રહ હતો. તેથી આત્મામાં વાસનાનો દારૂગોળો જમા થઈ શક્યો ન હતો.

વગર દારુગોળાએ આગનો કાકડો કોને સળગાવી શકે ?

ગ્રન્થકારશ્રી કહે છે કે સર્વ સાધુઓએ આવી અનાસક્તિ - કંચન, કામિની સંબંધમાં - કેળવવી જોઈએ. જો તેમના હૈયે જૈનસંઘનું હિત વસ્યું હોય તો તેમણે પોતાનું ચારિત્રબળ ખૂબ ઊંચે લઈ જવું જોઈશે. માત્ર પ્રવચનો કે અનુષ્ઠાનોથી સંઘહિત કે વિશ્વહિત થઈ શકે નહિ.

જો વર્તમાનકાલીન સાધુઓ ચારિત્રબળમાં ઊણા ઊતરશે : ઠીક ઠીક નીચા ઊતરી જશે તો જૈનસંઘ નેતૃત્વ, સંગઠન, સંપ વગેરે ગુમાવશે. આચારશિથિલ અને શ્રદ્ધાવિહીન બનશે.

શું આવું થવા દેવાય ખરું ? જે જૈનસંઘ સાત હજાર શ્રમણોની અન્ન, વસ્ત્ર, ઔષધ, મકાન વગેરે તમામ જરૂરિયાતો હંમેશ પૂરી પાડે છે તેના આ માથે ચડેલા ઋણની સામે શ્રમણોએ કશું કરવાનું જરૂરી લાગતું નથી ? સંઘહિત શ્રમણોની પ્રશસ્ત જણાતી બાહ્ય અનુષ્ઠાનાદિકની પ્રવૃત્તિ કરતાં શુદ્ધ ચારિત્રના આરાધનથી વિશેષ શક્ય છે.

* * *

**अंतेउरपुरबलवाहणेहिं वरसिरिघरेहिं मुणिवसहा ।**
**कामेहिं बहुविहेहिं य छंदिज्जंता वि नेच्छन्ति ।। 49 ।।**

**અર્થ :** અન્તઃપુર, નગરો, લશ્કર, હાથી વગેરે વાહનો, પુષ્કળ ધનના ભંડારો અને ઘણી જાતના પાંચ ઈન્દ્રિયોના ભોગસુખો મહામુનિઓને સમર્પિત કરાય - ખૂબ કાકલુદીપૂર્વક - તો ય તેઓ તેને ઇચ્છતા નથી.

**વિવેચન :** મુનિઓના પાંચ મહાવ્રતોમાં અપેક્ષાએ ચોથું અને પાંચમું મહાવ્રત પાળવું એ બહુ મુશ્કેલ છે. જો આમાં ક્યાંય ડાઘ લાગ્યો કે આગળ વધી જવાયું તો બાકીના મહાવ્રતોની તેને ઝાળ લાગે છે. ઘણા બધા ઉત્તરગુણોને પણ ધક્કો લાગે છે.

મુનિએ નિર્મળ બ્રહ્મચર્ય સહજ રીતે પાળવું જોઈએ. અપ્સરા પણ આકાશેથી ઊતરી પડે તો તેની સામે જોવું પણ ન જોઈએ. સહજ રીતે બ્રહ્મચર્ય સિદ્ધ કર્યા

વિના - મારીપરાણીને ચક્રવર્તીના પંચકલ્યાણી અશ્વની જેમ બ્રહ્મચર્ય પાળવાનો ઝાઝો અર્થ નથી. એવા વ્રતપાલનથી મોક્ષ પ્રાપ્ત થતો નથી.

બ્રહ્મચર્ય જેટલું જ મહત્ત્વ અપરિગ્રહ મહાવ્રતનું છે. અહીં પરિગ્રહનો અર્થ મુખ્યત્વે મૂર્ચ્છા કરવો. કોઈ પણ પદાર્થ ઉપરની આસક્તિ તે પરિગ્રહ છે.

સૌથી વધુ આસક્તિ દેહ ઉપર અને તેને પોષતા અન્ન-પાણી ઉપર સંભવે છે. બધી આસક્તિ છોડી શકનારા શ્રમણો દેહાધ્યાસ છોડી શકતા નથી. રસલાલસાને મૂકી શકતા નથી. આવાં કારણોસર જીવની મોક્ષપ્રાપ્તિ અશક્ય બની છે. અનંતકાળમાં અનંતા ઓઘા લીધા તો ય મોક્ષ નહિ થવાનું સૌથી મુખ્ય કારણ દેહાસક્તિ બન્યું છે.

દેહનો આસક્ત - તેની સાથે સંબદ્ધ એવા ભોગમાં અને ભોજનમાં આસક્ત થઈ જાય છે. આમાંથી છૂટ્યા વિનાના ધર્માનુષ્ઠાનો આત્માને લાભકર બનતા નથી.

અનંતાકાળમાં આ સમ્યક્ સમજણ જીવને પ્રાપ્ત નહિ થવાથી ઘણું બધું ઊંધું બફાયું છે.

પ્રશસ્તના દેખાવવાળું ઘણું બધું અપ્રશસ્ત રંધાઈ ગયું છે.

જો હજુ પણ ઉગરવું હોય તો ચોથા અને પાંચમા મહાવ્રત સંબંધમાં વિશેષ કાળજી દરેક શ્રમણે લેવી જોઈએ. આ કાળજી થવાથી અંતરમાં એવી કોમળતા પેદા થશે જેનાથી પહેલાં ત્રણ મહાવ્રતોનું પાલન સહેલું થઈ જશે. ટૂંકમાં સાચો શ્રમણ તે કહેવાય જેણે જે ત્યાગ્યું તેનાથી સવાયું કે બમણું મળે તો તેને થૂંકી દે : તિરસ્કારી નાંખે.

* * *

**छेओ भेओ वसणं आयासकिलेसभयविवागो अ ।**
**मरणं धम्मब्भंसो अरइ अत्था उ सव्वाइं ।। 50 ।।**

**અર્થ :** પરિગ્રહ(મૂર્ચ્છા)થી કેટલા બધા અનર્થો થાય છે ? સાંભળો.

માણસને ઘાયલ કરવો, મારી નાંખવો, સંકટમાં મૂકી દેવો, સતત આર્ત્તધ્યાનમાં રહેવું, ભયભીત રહેવું, કર્મબંધના કટુ વિપાકો ભોગવવા, ખૂન થવું, ધર્મથી ભ્રષ્ટ થવું અને સંતાપ થવો.

**વિવેચન :** પરિગ્રહ શબ્દથી સામાન્યતઃ ધનમૂર્ચ્છા અને ધનનો સંગ્રહ ગણાય છે.

ધનથી થતાં નુકસાનો તમામ ધન લાલચુઓ ભોગવે છે પણ છતાં તેની કારમી લાલસા, જરૂર કરતાં ય વધુ મળી જાય તો ય તેની તીવ્ર અતૃપ્તિ અને બીજાને વધુ મળ્યા બદલ તેના તરફ ઈર્ષ્યા વગેરે દોષો તે લોકોને છોડતાં નથી.

જ્ઞાનીઓએ પુણીઆ શ્રાવકનું અને કોથળીઆ વાણિયાનું બહુ સરસ દૃષ્ટાન્ત આપ્યું છે. ધનવાનોના આનંદને ક્યાંય પાછો કાઢે તેવો આનંદ આ જીવો માણતા હતા.

ધન જેમ મળતું જાય તેમ આનંદ ન થાય પણ વધુ મેળવવાનું આર્ત્તધ્યાન થાય. વધુ ને વધુ ધન મેળવવા ધસતા માણસનો પગ કોઈ કુંડાળામાં પડી જવાનો અને તે વખતે જીતેલું બધું ગુમાવી બેસવાનો. પણ ખબર નથી કે ચારે બાજુ આવું જોવા મળવા છતાં જીવો કેમ ધન પાછળની દોટ બંધ રાખતા નથી ! હાય, કેટલી ધનલાલસા !

હવે આપણે શ્રમણને જો પરિગ્રહનો હડકવા લાગુ પડે તો તેની શી હાલત થાય ? તે જોઈએ. આ માટે જ્ઞાનીઓએ રત્નાકરસૂરિજી, સુમંગલ આચાર્ય વગેરેના દૃષ્ટાન્તો આપ્યાં છે.

ગ્રન્થકારશ્રી પૂર્વે કહી ગયા છે કે, "હે જીવ ! સર્વ આપત્તિઓનું મૂળ ધન છે તો તું શા માટે નિરર્થક તેને મેળવવા પાગલ બની ગયો છે ?"

જ્ઞાનીઓ કહે છે કે સાધુ પાસે તેટલો જ શાસ્ત્રવિહિત - પરિગ્રહ હોય કે જો મકાનને આગ લાગે તો અડધી મિનિટમાં બધો સંકેલો કરીને બહાર નીકળી શકે.

હાય, જેઓ આજે પુષ્કળ ૨-૫-૧૫-૨૦ પોટલાનો પરિગ્રહ રાખે છે તેમને આ જિનાજ્ઞાભંગ કર્યાથી કેવી કટુ દુઃખોથી ભરેલી દુર્ગતિઓની પરંપરા પ્રાપ્ત થશે ?

એવું તો સ્પષ્ટ લાગે છે કે શ્રમણસંઘમાં વિદ્વત્તા વધવાની સાથોસાથ ચારિત્રનું બળ ધડાધડ તૂટવા લાગ્યું છે. પૂર્વના કાળના શ્રમણો કટ્ટર ચારિત્રી હતા. નિર્દોષ ભિક્ષાના આગ્રહી હતા. પરિગ્રહનું નામનિશાન ન હતું. નારીનો પડછાયો પણ ન લેતા. સંધ્યાના સમયે ભૂલમાં પણ જો કોઈ બેન ઉપાશ્રયે આવી ચડે તો શ્રમણો તેને ધમકાવીને કાઢી મૂકતા.

એકાદ પોસ્ટકાર્ડ ક્યાંક લખવાની છ-આઠ મહિને તેમને ફરજ પડે તો લખતાં હાથ ધ્રૂજતો. કલમ મુકાઈ જતી. છેવટે તે મોકલવું પડતું. પણ ગૃહસ્થને પોસ્ટકાર્ડ ડબ્બામાં નાંખવા દે તો ય દસ વાર પૂછતાં કે, "તું તે ડબ્બાની તરફ જવાનો છે તે તારા કામ માટે ? કે મારા આ કામ માટે ? જો મારા કામ માટે જવાનો હોય

તો પોસ્ટકાર્ડ પાછું દે. મારે નથી નાંખવું."

આજના આધુનિક શ્રમણોની શી વાત કરું ? તેઓ પ્રચારના ઓઠાં નીચે યન્ત્રવાદના છેલ્લામાં છેલ્લાં સાધનોથી સુમાહિતગાર બન્યા છે; તેના ઉપભોક્તા બન્યા. મહાવીરના શાસનની સેવાના ઓઠા નીચે પોતાનું શાસન સુસજ્જ કરી લે છે; કાયમી બનાવી દે છે. કદાચ કાલે ઘરભેગા થવું હોય તો સ્ત્રી સિવાય કોઈ ઘરવખરી લાવવી ન પડે. સ્ત્રી પણ પહેલેથી 'બુક' થયેલી હોય છે.

મને કહેવા દો કે શિથિલાચારીઓના સ્વચ્છંદ રીતના જિનાજ્ઞાભંગના ભયાનક પાપને લીધે ભારતની ધરતી ઉપર ૩૬ હજાર કતલખાનાં ચાલતાં હશે; તેમાં દર વર્ષે ૧૩ ક્રોડ ઢોરો કપાતાં હશે.

જો શ્રમણોની સૂક્ષ્મ સાધનાથી ધરતી નંદનવન બનતી હોય, દુકાળાદિ દૂર ઠેલાતા હોય તો તેમની નિષ્ઠુરપણા સાથેની કારમી વિરાધનાઓને લીધે જ ધરતી દંડકારણ્ય બનશે એમ લાગે છે.

શ્રમણોનો બીજો મુખ્ય પરિગ્રહ છે; શિષ્યો કરવાની લાલસા. આના કારણે એકબીજાના શિષ્યોને ખેંચવાના પ્રયત્નો થતા રહે છે. આથી ગુરુ બનનાર વ્યક્તિને ખૂબ આઘાત થાય છે; રૌદ્રધ્યાન થાય છે. પુષ્કળ કાવાદાવા અને અપપ્રચાર થાય છે. આના કારણે જૈનસંઘનું વાયુમંડળ પ્રદૂષિત રહે છે.

આભાવ્ય પ્રકરણ દ્વારા જ્ઞાનીઓએ આ બધું નહિ કરવાની સખ્ત આજ્ઞા કરી છે; કેમકે આના કારણે પારસ્પરિક વિખવાદ, ઝઘડા, ઉદ્વેગ વગેરે પુષ્કળ વધે છે. પરન્તુ જ્ઞાનીઓની વાતોને કાન ઉપર લેવા આ શ્રમણો તૈયાર નથી. અચ્છા અચ્છા શાસનપ્રભાવકોને પણ અનુચિત રીતનું શિષ્યોનું 'ઘેલું' લાગ્યું છે. આ કારણે અપાત્રને દીક્ષા અપાય છે. અપાત્રને શાસ્ત્રજ્ઞાન અપાય છે. અપાત્રને પદવીદાન કરાય છે.

આનાથી જૈનસંઘનું નાવ તળીએ જઈને બેઠું છે.

પણ નિર્ણાયક અવસ્થા અને સંગઠનની ખામીમાં કોણ શું કરી શકે ?

કોઈ મહાપુણ્યવાન્ મહાત્મા સિવાય આ બધું 'ઠીક' થવાનું સંભવિત જણાતું નથી.

હજી એક પરિગ્રહ જણાવું. તે છે; પુસ્તકોનો પરિગ્રહ. કેટલાક શ્રમણોને પુસ્તકો ભેગા કરવાનો ભારે શોખ હોય છે. તેથી તેઓ ચારે બાજુથી મોંઘા અને

અપ્રાપ્ય પુસ્તકો મોંમાંગી કિંમતે ખરીદે છે. પુસ્તકોની આ મૂર્ચ્છામાં ભંડારોમાંથી પ્રાચીન પ્રતો વગેરેની ચોરી કરવા સુધીનાં કામો થાય છે.

શ્રમણ અને ચોરી !!!

આ તો પાણીમાંથી આગ પ્રગટ થઈ.

જો વડીલ શ્રમણોની આ હાલત હોય તો શિષ્યવર્ગ ઉપર તેની કેટલી બધી વિપરીત અસરો પડે ? કેવી દોષ-પરંપરા ચાલે ! આમાંથી જો જલદીથી બહાર નહિ નીકળાય તો જૈનસંઘનું ભાવી અંધકારમય નહિ હોય ? ભગવાન જાણે.

* * *

**दोससयमूलजालं पुव्वरिसिविवज्जियं जइ वंतं ।**
**अत्थं वहसि अणत्थं कीस अणत्थं तवं चरसि ।। 51 ।।**

**અર્થ :** સેંકડો દોષોના મૂળિયાઓની જાળ સમાન, વજ્રસ્વામી આદિ પ્રાચીનકાલીન ઋષિઓએ ત્યાગેલું, દીક્ષા લેતાં બનેલા યતિએ તે જ પળે વમી નાંખેલું ધન અનર્થકારી છે, છતાં હે સાધુ ! તેં ધનનો પરિગ્રહ કેમ કર્યો છે ?

આવી સ્થિતિમાં તું જે તપ કરે છે તે નકામો જાય છે : અનર્થરૂપ બને છે.

**વિવેચન :** સિદ્ધાચલજી તીર્થનો વહીવટ બગડતાં એક જૈનાચાર્યે તેના દેવદ્રવ્યની રક્ષા માટે પોતાના સાધુને ત્યાં રાખ્યો હતો. પરન્તુ સારું કરવા જતાં પણ તે સાધુ ધન દેખીને વિચલિત થયા હતા. તે વખતે જૈનાચાર્યને ખ્યાલ આવ્યો કે સારા હેતુ માટે પણ ધન-સાન્નિધ્ય સાધુ કરે તે બરોબર નથી.

ગૃહસ્થો કામભોગને ઇચ્છતા હોય છે. એ કામભોગ જેટલા પ્રિય તેટલું ધન પ્રિય થાય છે. કેમકે ધન વિના કામભોગ મળી શકતા નથી. આ કારણે આખું વિશ્વ ધનની પાછળ અતૃપ્તિ સાથે પડી ગયું છે. માલિકીની સંપત્તિને કોઈ પણ હાનિ પહોંચે તો માલિક ધૂંવાફુંવા જ નથી થતો; પાગલ થઈ જાય છે; આત્મહત્યા પણ કરી બેસે છે.

બે ભાઈઓની વાત આવે છે; જેમાં તે બે ધન કમાવવા પરદેશ જવા નીકળ્યા પણ રસ્તામાં જ પુષ્કળ ધન મળી ગયું. એના કારણે એકબીજાએ એકબીજાની હત્યા કરી નાંખી.

મમ્મણ શેઠ ધન પાછળ કેટલો બધો મૂર્ચ્છિત હતો ! બિચારો સાતમી નારકે ગયો !

ગૃહસ્થોની વાતને બાજુએ મૂકીને ગ્રન્થકારશ્રી શ્રમણોને કહે છે કે જ્યારે તમે મોટા તપ–ત્યાગ વગેરે કરો છો; જ્યારે તમે દીક્ષા લેતાંની સાથે ધનને વમી નાંખ્યું છે; જ્યારે તમને તેના ભયાનક રૌદ્રધ્યાનની અને નારકીના વિપાકોની ખબર છે ત્યારે તમે શા માટે ધનમાં મૂર્ચ્છિત થયા છો ? એ કારણે તમે કેટલા બધાં ખોટાં કામ કરીને ધનસંગ્રહ કરો છો !

આના કરતાં તો ઘરભેગા થઈ જવું સારું. જો સાધુત્વનું પાલન થઈ ન શકે તો સાધુવેષ ધારણ કરવાનો દંભ શા માટે ? હરામનું ખાવાની અધમ મનોવૃત્તિ શું કરવા ?

ગ્રન્થકારશ્રી કહે છે કે, "ઓ શ્રમણ ! તારી આ હાલતમાં તું નકામા તપ-ત્યાગાદિ કરે છે ! અર્થાત્ તારે ઘરભેગા જ થઈ જવું જોઈએ."

યતિઓના કાળમાં યતિઓ દેરાસરના તમામ ખાતાઓના દ્રવ્યનો વહીવટ કરતા હતા. સમય પસાર થતાં તેમાં ઘણા દૂષણો પેદા થવા લાગ્યા. પવિત્ર એવી યતિસંસ્થા સાવ નબળી પડી ગઈ. ધનનો પગપેસારો થયા પછી નારીનો પ્રવેશ થતાં કેટલી વાર લાગે ?

જ્ઞાનીઓએ કામના પુરુષાર્થને અધમ પુરુષાર્થ કહ્યો છે, તો ધનના પુરુષાર્થને અધમાધમ કહ્યો છે; કેમકે તેમાં ક્યારે પણ એક ક્ષણ માટે ય તૃપ્તિ અનુભવાતી નથી.

છેલ્લાં વર્ષોમાં મહમદ ગીઝની પોતાની અઢળક સંપત્તિના ઢગલા કરાવતો. તે જોઈને બૂમ-બરાડા પાડતો. તેનું કહેવું એ હતું કે, "શું મારે આ બધી સંપત્તિ ટૂંક સમયમાં છોડી દેવી પડશે ?'

જ્યારે એન્ડ્રુઝ કાર્નેગીની ભ્રમણા ભાંગી કે પોતે આ વિશ્વનો સૌથી વધુ ધનવાન માણસ છે... ત્યારે એને આઘાત લાગ્યો. સૌથી વધુ શ્રીમંત ગણાતા હૈદ્રાબાદના નિઝામ પાસે સેક્રેટરીને તપાસ કરવા મોકલ્યો. નિઝામે કહ્યું, "મારી સંપત્તિ અમાનસમાન છે. તેના ઝવેરાતના નંગોની આકરણી કરવાને કોઈ સમર્થ નથી."

આ સાંભળીને કાર્નેગીને ખૂબ આઘાત લાગ્યો. તેમાંથી લવારો પેદા થયો. તે એમાં જ મરી ગયો !

ધનલંપટોની દુનિયા તરફ નજર કરો. તેઓ 'અસંતોષ'ના કારણે જરા ય સુખી નથી.

ધનસંતુષ્ટની દુનિયા તરફ નજર કરો. તેઓ સંતોષના કારણે દુનિયાના બેતાજ બાદશાહની જેમ જીવે છે.

અર્થ કે કામનું સુખ 'સંતોષ' વિના પામી શકાય તેમ નથી. અતિશય સમૃદ્ધિમાન દેવો પણ અસંતોષની લ્હાયમાં અને અતૃપ્તિના વિષપાનમાં અત્યન્ત દુઃખી છે.

ધનવાન માણસો કદાચ ગરીબ લોકો કરતાં વધુ દુઃખી હશે; એમની અતૃપ્ત વાસનાને કારણે. ભલે તેઓ સિફતથી તે દુઃખને ઢાંકી રહ્યા હોય.

સુમંગલ આચાર્ય માત્ર એક ચીંદરડા જેવાં વસ્ત્ર(યોગપટ્ટ)માં મૂર્ચ્છિત થયા હતા. નંદ મણિયાર પોતે બાંધેલી વાવમાં મૂર્ચ્છિત થયો હતો. મમ્મણ સ્વોપાર્જિત ધન ઉપર મૂર્ચ્છિત હતો.... આ બધાના કેવા હાલહવાલ થયા છે !

શ્રમણોએ કોઈ પણ વસ્ત્રાદિક ઉપર મૂર્ચ્છા કરવી ન જોઈએ. સારી વસ્તુ કોઈ માંગે તો ક્ષણનો ય વિલંબ કર્યા વિના આપી દેવી જોઈએ. ખાસ કરીને રસોમાં મૂર્ચ્છિત ન થવું જોઈએ અને દેહમાં મૂર્ચ્છિત થવું ન જોઈએ. આ બે મૂર્ચ્છાઓ સૌથી વધુ કાતીલ છે; ખતરનાક છે.

જે શ્રમણો આ રીતે પોતાના સંસારવાસને જીવિત કરે છે; પોતાના સંસારવાસ તરફ પાછું મોં કરીને ટગરટગર જુએ છે; ત્યાં પાછા ફરવાની ઊંડે ઊંડે મનમાં સતત ઇચ્છા કરે છે એમને કેટલા દયાપાત્ર ગણવા ?

જિનપાલિત અને જિનરક્ષિતની કથામાં જેણે પાછળ જોયું એના દેહના કેવા ટુકડેટુકડા થઈ ગયા !

આ વાત ધ્યાનમાં લઈને વમેલા સંસારને ચાટવાની વાત સ્વપ્નમાં ય કરવી ન જોઈએ.

ઘરે જવાનું નહિ અને ઘરે ગયા વિના મનમાં ઘર વસાવવાનું નહિ.

જ્ઞાનીઓએ આહાર કરવાની, જરૂર પડયે વિગઈઓ વાપરવાની, દેહને પોષવાની ના નથી કહી. તેમનો નિષેધ છે; તેમાં રસ (આસક્તિસંજ્ઞા) પોષવાની બાબતમાં.

એક મહાત્માએ મને કહ્યું કે, "મુનિઓ છેલ્લે અનશન કેમ કરે ?" એનો ઉત્તર એ છે કે તેમ કરીને તેઓ આજીવન કરેલા લોહી, માંસ, ચરબી વગેરેનો પરિગ્રહ ઘટાડી નાંખે. આમ થતાં તેમના અગ્નિસંસ્કારમાં બહુ થોડો સમય લાગે. એ રીતે વધુ સમયની અગ્નિ-વિરાધનાથી ઊગરી જાય.

અહો, કેવી જબરી અપરિગ્રહની સાધના !

* * *

**वहबंधणमारणसेहणाओ काओ परिग्गहे नत्थि ।**
**तं जइ परिग्गहुच्चिय जइधम्मो ता नणु पवंचो ।। 52 ।।**

**અર્થ :** વધ, બંધન, મારણ અને કદર્થનાઓ–આમાંથી કોણ ? પરિગ્રહના સેવનમાં થતું નથી ? હજી પણ જો કોઈ સાધુ પરિગ્રહ કરે તો તેનું સાધુજીવન માત્ર ઠગાઈરૂપ બને છે.

**વિવેચન :** પરિગ્રહના દોષ સાથે ઘણી બધી આપત્તિઓ જોડાયેલી છે.

માત્ર ત્રણ વસ્તુ-હાર, કુંડલ અને સેચનક હાથી-ની મૂર્ચ્છામાં કોણિકની રાણી પદ્માવતીએ બે ભયાનક યુદ્ધોને નોંતર્યા; જેમાં એક ક્રોડ એંસી લાખ માણસો મરી ગયા. પરમાત્મા મુનિસુવ્રત સ્વામીનો સ્તૂપ ભાંગી નંખાયો; ઘોર તપસ્વી સાધુનું ચારિત્ર ગણિકા દ્વારા ખંડિત કરાયું.

જમીન માંગતા ખેડૂતને રાજાએ કહ્યું, "તારી જાતે જમીન માપી લે. અહીંથી તું દોડવા લાગ. સૂર્યાસ્ત થતાં પહેલાં તારે મારી પાસે આવી જવું પડશે."

લોભમાં ફસાયેલો ખેડૂત દોડતો જ રહ્યો. પાછા ફરતાં સૂર્યાસ્ત થઈ ગયો હતો. આઘાત લાગતાં ધબાક્ કરતો પડી ગયો. પ્રાણપંખેરું ઊડી ગયું.

હવે માત્ર સાડા ત્રણ હાથની જમીનની તેને બાળવા માટે જરૂર રહી. આટલામાં જ કામ પતી ગયું !

સવા રતિ સોનું પ્રેયસીના કહેવાથી માંગવા ગયેલા બ્રાહ્મણ કપિલને રાજાએ જોઈએ તેટલું સોનું આપવાની વાત કરી. સોનાનું પ્રમાણ નક્કી કરી આવવા બગીચામાં જવા કહ્યું.

સબૂર ! કપિલનો માંગણીનો આંક ઊંચે ને ઊંચે જતો ગયો. પચાસ લાખ મણ સોનું માંગવા સુધી ગયો પણ તે ય ઓછું પડશે તેવું તેને લાગતાં ત્યાં અટક્યો નહિ. એનું માથું ભમી ગયું. ત્રાસ ત્રાસ થઈ ગયો.

પછી એ આંક નીચે ઊતરતો ગયો અને એના હૈયે ટાઢક વળવા લાગી. ઓછામાં સંતોષનો આનંદ વર્તાવવા લાગ્યો. એમ કરતાં 'શૂન્ય' ઉપર પહોંચી ગયો. આનંદનો સાગર ઊછળવા લાગ્યો. હાશ, હાશ, થવા લાગ્યું.

આ ઉપરથી ભાવનાએ ચડતાં ઘાતીકર્મોનો નાશ કરી કપિલ બ્રાહ્મણ કેવલી

ભગવાન થઈ ગયો.

આધ્યાત્મિક જગતનું એક સમીકરણ છે શૂન્ય = પૂર્ણ.

જેમ બહારની સામગ્રીથી ભરાતા જાઓ તેમ આંતરસમતાથી શૂન્ય બનતા જાઓ. જેમ બહારની સામગ્રીથી ઘટતા જાઓ તેમ આંતર પ્રસન્નતાથી પૂર્ણ બનતા જાઓ.

આ સમીકરણનો જાણકાર કોન્ફ્યુશ્યસ હતો. તેની પાસે માત્ર પીપડું હતું. જેની ઉપર બેસીને દિવસે લોકોને બોધ આપતો. તેને આડું પાડીને રાતે તેમાં ઊંઘી જતો.

આ સમીકરણનો જાણકાર કવિ ભૂખણ હતો. જમવા માટેની જે થાળી હતી તેના પાછળના ઝાંખા ભાગમાં મોં જોઈને લલાટે તિલક કરતો.

આ સમીકરણનો જાણકાર તુકારામ હતો. શિવાજી મહારાજે મોકલાવેલ રત્નના દાબડાને જોઈને ઘરમાંથી ભાગી ગયો હતો.

વર્તમાનકાલીન ગાંધીજી પણ એવા જ અપરિગ્રહના ધારક હતા.

કોઈ પણ વસ્તુની મૂર્ચ્છા માણસને અતૃપ્ત બનાવે : અસંતુષ્ટ બનાવે. આ અતૃપ્તિ એ જ મોટું દુઃખ છે.

સંતોષ, તૃપ્તિ એ જ મોટામાં મોટું સુખ છે. વળી ઓછામાં ઓછી વસ્તુઓથી ચલાવી લેવાની ટેવ પડતાં ધનની ખૂબ જ ઓછી જરૂર પડે છે.

અંગ્રેજીમાં કહ્યું છે કે તે માણસ સૌથી વધુ ધનવાન છે જેની જીવન જીવવા જોગી જરૂરિયાતો સાવ ઓછી છે.

**That man is reachest Whose pleasures are cheapest.**

આ હલાહલ કલિકાલ એટલા માટે ગણાય કે તેમાં ધનની કારમી અતૃપ્તિની આગની જ્વાળાઓ આકાશને આંબી ગઈ છે.

જ્ઞાનીઓ કહે છે કે ઇચ્છાઓ આકાશ જેવી અનંત છે. એનો છેડો આવતો નથી.

ગ્રન્થકારશ્રી કહે છે કે જો સાધુને દેહ, શિષ્યો વગેરે ઉપર મૂર્ચ્છા હોય, જો તે ઘણી વસ્તુઓનો પરિગ્રહ કરતો હોય તો તેણે જે સાધુવેષ ધારણ કર્યો છે તે તેનું નકરું કપટ છે. આવી રીતે વેષ રાખી શકાય નહિ.

કોઈ કમનસીબીએ વર્તમાનકાલીન સાધુત્વ ઘણા બધા કાળા ડાઘાઓથી

ખરડાયેલું જોવા મળે છે. તેમાં જેઓ વિદ્વાન છે; વ્યાખ્યાનકાર છે; વધુ શિષ્યોના ગુરુ છે; ભક્તોની જમાત છે તેમની હાલત બહુ ખરાબ છે.

દીક્ષાના દિવસનો તેમનો વૈરાગ્ય-દીપ સાવ બુઝાયો છે. શાસ્ત્રની મર્યાદાઓ મહદંશે તૂટી ગઈ છે.

આ મુનિઓ મહાવીરના મુનિ ન રહેતાં મોડર્ન મુનિ બન્યા છે. એમની જીવનશૈલી મોક્ષલક્ષી ન રહેતાં સ્વલક્ષી બની છે. જિનશાસનની સેવાના નામે તેઓ સ્વનું જ ભોગપ્રધાન શાસન ચલાવતા હોય છે.

આવા સાધુઓના કારણે ગૃહસ્થવર્ગ ખોટા રસ્તે દોરવાય છે; ધર્મહીન બને છે; ધર્મ તરફ અને શ્રમણો તરફ નફરત કરતો થાય છે. આ સાધુઓના પરિગ્રહમાં માત્ર પોટલાં નથી, પુસ્તકો નથી, શિષ્યો નથી પરન્તુ ભક્તો અને ભક્તાણીઓ છે, ફ્લેટો અને બંગલાઓ છે; અઢળક પૈસો છે, બેંકોના ખાતાં છે, ટી. વી., ઇન્ટરનેટ, ટેપ-રેકોર્ડર, કેસેટો, માઈક, સેલ્યુલર, વૉકીટોકી વગેરે વગેરે બધું છે.

શું નથી ? એવું લાગે છે કે તેઓ પરલોક તરફની દૃષ્ટિ ખોઈ બેઠાં છે; તેથી જિનાજ્ઞાભંગરૂપી પાપથી નિર્ભય બની ગયા છે.

પરિસ્થિતિ બેહદ પ્રમાણમાં ગંભીર બની છે. જે મહાત્મા આમાં મોટું પરિવર્તન લાવશે તે યુગપ્રધાન કહેવાશે. નજીકના દાયકાઓમાં તો કોઈ તેવા શ્રમણ જોવા મળતા નથી.

* * *

**किं आसि नंदिसेणस्स कुलं जं हरिकुलस्स विउलस्स ।**
**आसी पियामहो सुचरिएण वसुदेवनामुत्ति ।। 53 ।।**

**અર્થ :** અરે, ભાઈ ! એ નંદિષેણનું કૂલ કયું વિશિષ્ટકોટિનું હતું ? એ દરિદ્ર હતો, તુચ્છ કૂલવાળો હતો છતાં હરિવંશકુળના મહાન્ યાદવોના પિતામહ-શ્રીકૃષ્ણના પિતા - તરીકે ઉચ્ચ સ્થાન કેમ પામ્યા ? તેનું કારણ તેનું ઉત્તમકોટિનું સર્વવિરતિધર્મનું સદનુષ્ઠાન હતું.

**વિવેચન :** માત્ર ઉત્તમ ક્રિયાઓના પ્રભાવે માનવભવની ઉચ્ચ કક્ષા નંદિષેણના જીવને પ્રાપ્ત થઈ. એ તો ઠીક છે કે તેણે નિયાણુ કર્યું હતું એટલે મોક્ષપ્રાપ્તિ ન થઈ; બાકી તો મોક્ષ જ પ્રાપ્ત થાત.

જૈનધર્મની ક્રિયાઓ જો સદનુષ્ઠાનાદિ સ્વરૂપ હોત તો તે સંસારના ટોચકક્ષાના

સુખો આપે. આ પણ કાંઈ મામુલી વાત ન કહેવાય. અહીં એવું ન કહેવાય કે "આ ક્રિયાઓથી નંદિષેણને મોક્ષ ન મળ્યો માટે તે નિષ્ફળ અને હેય કહેવાય."

ના...આ ક્રિયાઓથી ભલે મોક્ષરૂપી ફળ નથી મળ્યું પણ અન્ય ફળ તો મળ્યું જ છે. વળી ધર્મક્રિયાઓના બળથી જીવને દુર્ગતિગમન સ્થગિત રહે છે એ પણ કાંઈ નાનીસૂની વાત નથી. જેનાથી સદ્ગતિ મળે તે ધર્મક્રિયાઓને એકાન્તે હેય કહેવાય નહિ.

જો નંદિષેણે અસદનુષ્ઠાન - અધર્મક્રિયા-કરેલ હોત તો તેનો આત્મા નારકાદિ દુર્ગતિઓમાં દીર્ઘકાળ સુધી ફેંકાઈ જાત. આમાંથી જે સદનુષ્ઠાનરૂપ ધર્મક્રિયાઓ જીવને ઉગારી લે તેને એકાન્તે હેય કહી શકાય નહિ.

બાળજીવો તો સામાન્યતઃ ધર્મ કરવાને બદલે ધર્મની ક્રિયાઓ જ કરતા હોય છે. તેમને તેમ કરવાનું પ્રોત્સાહન દેવું જોઈએ. ઊંચી કક્ષાની વાતો કરીને તેમને નિરુત્સાહિત કરી દેવા ન જોઈએ.

ઊંધો એકડો ઘૂંટનારને પણ જો પ્રોત્સાહિત કરાય તો જલદીથી સીધો એકડો આવડી જાય.

* * *

विज्जाहरीहिं सहरिसं नरिंददुहियाहिं अहमहंतीहिं ।
जं पत्थिज्जइ तइया वसुदेवो तं तवस्स फलं ।। 54 ।।

**અર્થ :** હર્ષસહિત વિદ્યાધરીઓએ અને એકબીજાની સ્પર્ધા કરવા સાથે રાજપુત્રીઓએ વસુદેવ કુમારના કરગ્રહણની જે પ્રાર્થના કરી તેમાં વસુદેવે કરેલા પૂર્વભવનાં તપનું ફળ સમજવું. (કહેવાનો આશય એ છે કે શ્રમણોએ પરિગ્રહ ત્યજીને તપશ્ચર્યામાં લીન રહેવું.)

**વિવેચન :** પૂર્વભવે જે સાવ ગરીબ હતો; દેહથી કૂબડો હતો; સહુથી તિરસ્કારાયેલો હતો; જેને પરણવા માટે કોઈ કન્યા તૈયાર ન હતી, જેનું કોઈ વિશિષ્ટ કુળ ન હતું એવો નંદિષેણ માત્ર ઉગ્ર તપના પ્રભાવે વળતા ભવમાં લાખો યાદવોના માન્ય એવા સમુદ્રવિજય રાજાના નાના ભાઈ વસુદેવ બન્યા. એમના પુત્ર શ્રીકૃષ્ણ વાસુદેવ થયા. આ વસુદેવનું સૌન્દર્ય એટલું અપૂર્વ હતું કે સેંકડો રૂપવતી કુમારિકાઓ તેની પાછળ પાગલ બની હતી. તેની નગરચર્યા વખતે તેનાં સૌન્દર્યને જોવા માટે ઘરમાંથી બહાર નીકળી જતી હતી.

સવાલ એ છે કે આટલી બધી પુણ્યાઈ ભિખારી જેવા નંદિષેણના જીવને શી રીતે પ્રાપ્ત થઈ ?

જેનું કોઈ કુળ ન હતું તે હરિવંશકુળનો રાજકુમાર શી રીતે બન્યો ? યાદવોના પિતામહ શી રીતે બન્યા ?

આનો એક જ જવાબ છે કે તે જીવે પૂર્વભવમાં ઘોર તપ દીર્ઘકાળ સુધી કર્યો હતો. ઉપરાન્ત હજારો મુનિઓની જબરદસ્ત વૈયાવચ્ચ કરી હતી. એ વૈયાવચ્ચ એટલી ઉત્કૃષ્ટ હતી કે દેવસભામાં દેવેન્દ્રે તેની પ્રશંસા કરી હતી. આથી પરીક્ષા કરવા આવેલ દેવ પણ તેની ઉત્કટ વૈયાવચ્ચ જોઈને આશ્ચર્યમુગ્ધ બની ગયો હતો.

અહીં વસુદેવને મળેલી પુષ્કળ ભોગસામગ્રીના કારણ તરીકે તેનો પૂર્વભવીય તપ જણાવાયો છે. સવાલ એ થાય કે શું ભોગો પામવા માટે તપ કરવાની પ્રેરણા અહીં કરાઈ છે ? જૈનધર્મ તો સાંસારિક સુખ માટે જે ધર્મ થાય તેને વિષાનુષ્ઠાન કહીને નિષેધે છે.

આનો જવાબ એ છે કે અહીં તપનો મહિમા બતાડાયો છે કે તેથી ભોગની પ્રાપ્તિ થાય છે. પરન્તુ ભોગની પ્રાપ્તિ કરવા માટે તમે તપ કરો તેવું કહેવાયું નથી.

તપનું જે ફળ છે તેનું વર્ણન કર્યું છે જરૂર. પરન્તુ "તે ફળ પામવું હોય તો તમે તપ કરો" તેવી વાત કરી નથી.

સામાયિકની દરેક ક્ષણે બે ક્રોડ પલ્યોપમનું દેવલોકનું આયુષ્ય બંધાય છે એટલે જ્ઞાનીઓ તે મુજબ કહે છે પણ તેમ તો નથી જ કહેતા કે, "તમારે દેવાયુ બાંધવું હોય તો તમે સામાયિક કરો."

આમ જ્ઞાનીઓએ દેવલોકને 'ડિસ્ક્રાઈબ' કર્યો પણ 'પ્રીસ્ક્રાઈબ' કર્યો નહિ. આ જૈનધર્મનું રહસ્ય છે. બાકી કામભોગો એવી કોઈ સારી વસ્તુ નથી કે જેને માટે તપ કરવો પડે અને તે કામસુખો માટે વેચી ખાવો પડે.

ઇચ્છવા જેવો માત્ર મોક્ષ છે; સિવાય કશું નહિ.

જેને સંસારનું ભયાનક સ્વરૂપ બરોબર સમજાઈ ગયું છે તે આત્માઓ તેને સ્વપ્ને પણ ઇચ્છતા નથી. તેના માટે ધર્મને હોડમાં મૂકવાની ભૂલ કદી કરતા નથી.

ધર્મ મોક્ષ માટે જ કરવો જોઈએ.

જો મોક્ષ પામવો હોય તો ધર્મ જ કરવો જોઈએ.

* * *

सपरक्कमराउलवाइएण सीसे पलीविए नियए ।।
गयसुकुमालेण खमा तहा कया जहा सिवं पत्तो ।। 55 ।।

**અર્થ :** પરાક્રમી, કૃષ્ણવાસુદેવના ભાઈ તરીકે રાજકુળમાં લાડકોડમાં ઉછરેલા ગજસુકુમાલે, પોતાના મસ્તકે અંગારા મૂકીને સળગાવનાર વ્યક્તિ તરફ જો ક્ષમા ધારણ કરી તો તેમને મોક્ષ મળી ગયો.

**વિવેચન :** દેવકીના સાતે ય પુત્રોને પ્રતિવાસુદેવ કંસની હત્યાથી ઉગારવા માટે જન્મથી છુપાવવા પડ્યા. આથી દેવકીના મનમાં પુત્રને રમાડવાની ખૂબ ઉત્સુક્તા રહેતી. દેવસાધના કરીને શ્રીકૃષ્ણે તે ભાવના પૂર્ણ કરી.

દેવકીના આઠમા પુત્ર તરીકે ગજસુકુમાલ થયા. માવડીએ ખૂબ રમાડ્યાં : ધરાઈને રમાડ્યા. પણ પરમાત્મા નેમિનાથજીની દેશના સાંભળીને એ ભરજુવાન આત્મા વૈરાગ્ય તરફ વળી ગયો. તેણે દીક્ષા લેવાનું નક્કી કર્યું. હા, સોમિલની દીકરી સાથે–તે અત્યન્ત સુંદર હોવાથી–મોટાભાઈ કૃષ્ણે લગ્ન કર્યા બાદ.

ગજસુકુમાલ મુનિ બન્યા. માવડીએ દીક્ષા દેતાં પહેલાં વચન માંગ્યું હતું કે, "તારા ભવચક્રમાં હવે કોઈ તારી માવડી બનવી ન જોઈએ : હું છેલ્લી મા !" ગજસુકુમાલે તે વાત સ્વીકારી હતી. આથી તેને આ જ ભવે મોક્ષ પામી જવો હતો.

જો મુનિજીવન લાંબુ ચાલે તો પરાર્થભાવનાદિકથી પુષ્કળ પુણ્ય પણ બંધાતું રહે. એના કારણે કદાચ એને દેવભવે જન્મ લેવો પડે. આમ થાય તો ફરી એક વાર માનવજન્મ ! એક નવી માવડી !

ના, તે મંજૂર ન હતું. એટલે પરમાત્માની પાસેથી ઝટપટ મોક્ષની આરાધના તેણે લીધી.

હા.... કલાકોમાં મોક્ષ થઈ ગયો. સોમિલ સસરો તેમાં અજાણપણે પણ સહાયક બની ગયો. પોતાની દીકરીને જીવતેજીવ રંડાપો દેવા બદલ જમાઈ ઉપર તેને ઉગ્ર ક્રોધ આવ્યો. કાયોત્સર્ગમાં રહેલા તે મુનિને માથે માટીની પાળ બનાવીને ધગધગતા અંગારા ભર્યા. ફટાફટ ખોપરી ફાટવા લાગી. થોડી જ

વારમાં ધ્યાનારૂઢ બનીને મહાત્મા કૈવલ્ય પામી ગયા. આયુષ્ય પૂરું થતાં મોક્ષ પણ પામી ગયા.

આ વખતે જો ગજસુકુમાલ મુનિએ ક્ષમા ધારણ ન કરી હોત તો તેમનો ઇતિહાસ જુદો લખાયો હોત. તેમનો મોક્ષ અસંભવિત બની જાત.

ક્રોધના પ્રસંગે ક્રોધ આવે તો જબરદસ્ત કર્મબંધ થાય. પણ જો ક્ષમાને ધારણ કરી લેવાય તો અપૂર્વ કર્મનિર્જરા થાય.

એટલે જ ક્ષમા ધારણ કરવી જોઈએ. દેવાધિદેવ પરમાત્મા મહાવીરદેવને સાડા બાર વર્ષના સાધનાકાળમાં ક્રોધ આવી જાય તેવા કેટલા બધા પ્રસંગ આવ્યા હતા; પણ ક્યારેય આંખોમાં ક્રોધની લાલી આવી ન હતી.

જેણે બાળપણમાં - જન્મતાં જ–પગના અંગૂઠાના બળથી મેરુ હલાવી નાંખ્યો હોય તે સંગમ વગેરે પાપાત્માઓને તો મુઠ્ઠીમાં ભીડાવીને ચોળી નાંખીને કયાંય ફેંકી દે.

પણ આ વીરનું કામ હતું. પ્રભુ તો મહાવીર હતા. તે બધાને ક્ષમા જ આપે.

* * *

**रायकुलेसु वि जाया भीया जरमरणगब्भवसहीणं ।**
**साहु सहंति सव्वं नीयाण वि पेसपेसाणं ।। 56 ।।**

**અર્થ** : રાજકુળોમાં ઉત્પન્ન થઈને વૈરાગ્ય પામેલા પુણ્યાત્માઓ તમામ પ્રકારના કષ્ટોને સહન કરે છે. અરે ! પોતાના નીચકક્ષાના ગણાય તેવા નોકરોના અપમાનને પણ સહે છે. એનું કારણ એક જ છે કે તેઓ ઘડપણ, મોત, ગર્ભાવાસ વગેરેના કાતીલ દુઃખોથી અત્યન્ત ભયભીત હોય છે. આ દુઃખો ન પડે તે માટે જિનાજ્ઞાપાલન કરવામાં જે સહેવું પડે તે બધું સહે છે.

**વિવેચન** : સુખી હોય કે દુઃખી–જેને સંસારથી સજ્જડ વૈરાગ્ય થયો છે અને જગતના જીવો ઉપર અપાર કરુણા પેદા થઈ એ આત્માઓ સંસારથી મુક્ત થવા ઝંખે. આ મુક્તિ પામવા માટે એક ભય અથવા એક પ્રીતિ ઊભી કરવી રહી.

કાં જરા, મરણાદિના સંભવિત દુઃખોથી અથવા દુર્ગતિના કાતીલ વિપાકોથી તીવ્ર ભય.

અથવા જિન વહાલા થતાં જિનાજ્ઞા વહાલી બને. એટલે જિનાજ્ઞાપાલનમાં અત્યન્ત પ્રેમ. જ્ઞાનીઓએ આને જ વિપાકવિચય અને આજ્ઞાવિચય નામના બે ધ્યાન કહ્યા છે.

જે પ્રાથમિક કક્ષાના આત્માઓ છે તે સંસારથી–કામસુખોથી વૈરાગ્ય પામવા માટે તેના દુઃખમય વિપાકો તરફ ધ્યાન આપે. આથી વૈરાગ્ય પામવાનું સરળ બને.

જે ઊંચી કક્ષાના આત્માઓ છે તેમને દુઃખના વિપાકોની જેટલી ફીકર ન હોય તેટલી ફીકર જિનાજ્ઞાનો ભંગ થવાની હોય. તેમને જિનાજ્ઞાઓનું પાલન અતિશય ગમે.

પહેલો કહે છે, "જૂઠું શી રીતે બોલાય ? એનાથી દુર્ગતિ મળે; ત્યાં દુઃખો તૂટી પડે. મારાથી દુઃખ ખમાતાં નથી. જેનાથી દુઃખ ન ખમાય તેણે જૂઠું બોલવું વગેરે દોષો નહિ સેવવા જોઈએ."

બીજો કહે છે, "જૂઠું એટલા માટે ન બોલવું જોઈએ કે તેવી ભગવાનની આજ્ઞા છે. અનંત ઉપકારી પરમાત્માની આજ્ઞાવિરુદ્ધ તો ન જ જવાય. જાનની બાજી લગાવીને પણ તે પાળવી જોઈએ."

આથી પણ ઊંચી એક કક્ષા છે. જેમાં તે જીવ સ્વભાવથી જ દોષો સેવે નહિ.

તે કહે, "હું એટલા માટે જૂઠું ન બોલું કે જૂઠું બોલવું મારા સ્વભાવમાં જ નથી." જેમ સીતાજી કહે કે શીલવિરુદ્ધ જીવન મારા સ્વભાવમાં નથી.

આપણે પૂછીએ કે, "તેવું કેમ ?"

તેનો જવાબ આપે કે, "તેવો મારો સ્વભાવ."

કોઈ પૂછે કે તમે આગને કેમ ન અડો ? અથવા ભૂખ લાગે તો તળાવના ભીનાં કાદવીયાં ઢેફાં કેમ ન ખાઓ ? આનો જવાબ એ જ હોય કે, આગને અડવું કે ઢેફાં ખાવા એ મારા સ્વભાવમાં નથી. એની પુષ્ટિ માટે કોઈ તર્ક થોડો હોય ?

આગને અડાય જ નહિ.

ઢેફું ખવાય જ નહિ.

વર્તમાનકાલીન ભદ્રિક જીવો વૈરાગ્યની પ્રાથમિક કક્ષા સુધી પહોંચી શકે. તેમને પરલોકદૃષ્ટિ દ્વારા જ પાપભય પેદા કરાવવો પડે. નારકના કાતીલ દુઃખોના વર્ણન દ્વારા કે ભૂંડ વગેરેની દુઃખ અને દર્દથી ભરેલી સ્થિતિનું વર્ણન કરવા દ્વારા સંસારથી સહેલાઈથી વિરક્ત કરી શકાય.

આ રીતે જે આત્મા કર્મક્ષય માટે બધું સહવા તૈયાર છે તે આત્માને કોઈ નોકર, ભિખારી, ભંગી જેમ તેમ બોલે, ગાળો દે કે લાકડીથી મારે તો ય તે બધું

સહન કરશે. ફરી એ જ વાત કે તેને કર્મક્ષય કરવો છે. આવા પરીષહોને સહવાની વાત તેના માટે રમત વાત બની જાય છે.

અરિહંત પરમાત્મા મહાવીરદેવ આવું બધું સહવા મળે તે માટે અનાર્યભૂમિમાં ગયા હતા. ત્યાંના અનાર્ય લોકોએ તેમને માર્યા હતા; ગાળો દીધી હતી, લાતો મારી હતી, અરે, શું બાકી રાખ્યું હતું ?

કોઈ સવાલ કરશે કે, "સાધુજીવનમાં જો આટલું બધું સહવાનું હોય તો તે ખૂબ મુશ્કેલ બની જાય નહિ ?"

તેનો જવાબ એ છે કે ભલા, મોક્ષ પામવો જ મુશ્કેલ છે માટે ત્યાં લઈ જતું સાધુ-જીવન પણ મુશ્કેલ જ હોય ને ? નહિ તો અનંતીવાર લીધેલા ઓઘા-મુહપત્તિ કેમ નિષ્ફળ જાત ? ઝટપટ મોક્ષ ન મળી જાત ?

એક સ્થળે કહ્યું છે :

**સાધુજીવન કઠિન હૈ ચડના પૈડ ખજૂર;**
**ચડે તો ચાખે પ્રેમરસ પડે તો ચકનાચૂર.**

પૂજ્ય આનંદઘનજી મહારાજે તલવારની ધાર ઉપર ચાલવા કરતાં ય વધુ કઠિન સાધુત્વના પાલનને કહ્યું છે.

આ સાધુજીવન એટલે શાસ્ત્રોક્ત સાધુજીવન સમજવાનું છે. જે વર્તમાન દેશ કાળનું સાધુજીવન છે તેમાં અનુકૂળતાઓનું અતિશય સેવન થવાને કારણે શાસ્ત્રોક્ત સાધુ-જીવનનું પાલન એકદમ અશક્ય બની ગયું છે.

જેને પોતાનું સાધુત્વપાલન ખૂબ કઠિન લાગતું હોય તેનું સાધુજીવન 'શાસ્ત્રોક્ત' કહેવાય. જેને મસ્તીમય (બાહ્ય) જણાતું હોય તેનું સાધુત્વ-પાલન નિષ્ફળ ગણાય.

બે રીતે સાધુત્વ પ્રાપ્ત થાય છે. પહેલું શાતાવેદનીય કર્મના તીવ્ર ઉદયથી મળતું; ભોગસુખોનો આનંદ આપતું સાધુજીવન.

બીજું ચારિત્રમોહનીય કર્મનો ક્ષયોપશમ થવાથી પ્રાપ્ત થતું સાધુજીવન. સાચા મુનિઓ તે છે જેમનો ચારિત્રમોહનીય કર્મનો ક્ષયોપશમ થયો છે.

ભૂતકાલીન ઘણા બધા સાધુઓ સાચા સાધુ હતા એટલે જ તેમનું ચારિત્ર-જીવન ખૂબ કષ્ટમય જાણવા મળે છે.

વર્તમાનકાલીન ઘણા બધા સાધુઓ ખાનપાન, માનસન્માન આદિના ભોગસુખમાં ગળાબૂડ જણાય છે. આમનું 'સાધુત્વ' નકલી અને દંભી હોય છે.

આવા સાધુઓ હિતોપદેશને સ્વીકારવાની તૈયારી ધરાવતા હોતા નથી. એ હિતોપદેશ આગમાં પેટ્રોલની ગરજ સારે છે. એમના પ્રત્યે મૌન રહેવું એ જ એમની કરુણા છે.

* * *

**पणमंति य पुव्वयरं कुलया न नमंति अकुलया पुरिसा ।**
**पणओ पुव्विं इह जइ - जणस्स जह चक्कवट्टी मुणी ।। 57 ।।**
**जह चक्कवट्टिसाहू सामाइय साहूणा निरुवयारं ।**
**भणिओ न चेव कुविओ पणओ वहुअत्तणेण गुणेणं ।। 58 ।।**

**અર્થ :** વિશિષ્ટકુળના આત્માઓ પહેલાં નમે છે, અકુલીન નમતા નથી. એટલા માટે જૈનશાસનમાં ચક્રવર્તી સાધુ પણ એક નાના સાધુને સર્વ સાધુની પહેલાં નમ્યા.

હજી તો એક સામાયિક (કરેમિભંતે) માત્ર ઉચ્ચર્યું છે તેવા અજ્ઞાની સાધુએ ચક્રવર્તી સાધુને વિનય (ઉપચાર) મર્યાદા રહિતપણે કહ્યું કે, "શું તમે સાધુ છો ? અભિમાની છો ? તમારે મુનિઓને વંદન કરવું જોઈએ."

તે વખતે તે ચક્રવર્તીમુનિએ તેની ઉપર ક્રોધ તો ન કર્યો પણ સૌ પહેલાં વિનયાદિ ઉમદાગુણો સહિત તેને વંદન કર્યું.

**વિવેચન :** કોઈ ચક્રવર્તી રાજા તાજો જ સાધુ થયો છે. અને ઉછાંછળા, અભણ એવા કોઈ અજ્ઞાની સાધુએ તેમને ધમકાવતા કહ્યું કે, "શું તમને તમારા ચક્રવર્તીપણાનું અભિમાન થયું છે ? જેથી તમે મુનિઓને વંદન કરતા નથી ?"

આ ઠપકો સાંભળતાં જ ચક્રવર્તી મુનિએ પહેલું વંદન વિનયાદિ ઉત્તમ ગુણોથી યુક્ત બનીને તે સાધુને જ કર્યું. ત્યાર બાદ બધા સાધુઓને વંદન કર્યું.

આ પ્રસંગમાં ગ્રન્થકારશ્રી એ વાત કરે છે કે સાધુ થનાર આત્માએ કુલાભિમાન રાખવું ન જોઈએ.

ભલે મેઘકુમાર મુનિની જેમ તેનો રાતે સંથારો છેલ્લો આવે, ભલે વડીલો તરફથી ક્યારેક મૃગાવતીજીની જેમ ઠપકો મળે પણ તેને લક્ષમાં ન લેતાં વિનય, ક્ષમા વગેરે ગુણોનું સેવન કરવું જોઈએ.

મરીચિ-મુનિએ કુલાભિમાન કર્યું તેનાથી એક કોટાકોટિ સાગરોપમનો સંસાર વધી ગયો.

કુલાભિમાન જેવા બધા મળીને આઠ અભિમાન છે. આ બધાનો સ્પર્શ પણ

ન કરવો જોઈએ. એમાંય પોતે ભૂતપૂર્વ ચક્રવર્તી વગેરે ગમે તે હોય પણ અભણ સાધુ કરતાં તે હેઠ છે કેમકે તે અભણ સાધુ પાસે દીક્ષાનો વિશેષ પર્યાય છે. એ રત્નાધિક છે. આ એક જ ગુણથી તે નવા તમામ દીક્ષિતોથી ચડિયાતો બને છે.

રત્નત્રયીના પાલનની એકેકી પળ આગળ નરેન્દ્રપણું કે દેવેન્દ્રપણું, પ્રચંડ વિદ્વત્તા વગેરે તમામ કોઈ વિસાતમાં નથી. અને જો કોઈને અભિમાન આવી જાય તો બાહુબલિજીની જેમ તેનો મોક્ષ સ્થગિત રહે છે. સ્થૂલભદ્રજીની જેમ જ્ઞાનસમૃદ્ધિ સ્થગિત થાય છે.

સાધ્વી લક્ષ્મણાની જેમ સંસારવૃદ્ધિ થાય છે. નંદિષેણ મુનિની જેમ પતન થાય છે.

મારી સમજ પ્રમાણે અભિમાન એ સર્વદોષોનો રાજા છે. જો એ ખતમ તો બાકીના બધા દોષોને ખતમ થતાં વાર લાગતી નથી. ભગવત્સ્વરૂપ ચપટીમાં મેળવી શકાય છે. કહ્યું છે :

***અહં રે અહં, તું જાને મરી***

***પછી મારામાં બાકી રહે તે હરિ.***

કોઈ પણ આત્મા અભિમાનની દશામાં દેખાય તો માની લેવું કે તેનું તે વસ્તુ નિમિત્તે ટૂંક સમયમાં પતન થઈ જાય તો નવાઈ નથી. અહંકાર એ પતનની પાયલોટકાર છે. અહંકાર સાથે બે મહાનીચ દોષો સંકળાયેલા છે.

જેટલો અહંકાર ખરાબ નથી તેટલા ખરાબ આ બે દોષો છે. એમનો જન્મદાતા 'અહંકાર' છે; એટલે જ તે ભયંકર દોષ છે.

બે દોષોનાં નામ છે :

પરદોષદર્શન અને સ્વગુણદર્શન.

દોષો જોવા છે; તો જાતના દોષો જુઓ. તે જ એટલા બધા છે કે તેને જોવામાંથી બહાર ન નીકળાય.

એક નિયમ છે કે તમે બીજાનું જે જુઓ તે તમારામાં ઊતરી જાય. દોષો જુઓ તો તમારામાં દોષો ઊતરે. ગુણો જુઓ તો ગુણો ઉતરે.

તો શા માટે પરદોષદર્શન કરવું જોઈએ ? વળી અનાદિકાળથી ભટકતા દરેક જીવમાં ઢગલાબંધ દોષોનું પોષણ જ થયું હોય ત્યાં તેનામાં 'ગુણ'ની અપેક્ષા કેવી રીતે રખાય ? જો ક્યાંક એકાદ પણ ગુણવિકાસ જોવા મળે તો તેને આશ્ચર્ય માનવાનું જ્ઞાનીઓ કહે છે.

બીજાના દોષો જોવાથી અને દુનિયામાં તે કહેવાથી તે જીવને ખૂબ આઘાત થાય. આવું ક્રૂર કાર્ય નહિ કરવું જોઈએ.

તમે જો કોઈના ગુણોને જોઈને તેની પ્રશંસા કરો તો તેને ખૂબ આનંદ થાય. દોષો જોઈને જો નિંદા કરશો તો તે માનસિક રીતે તૂટી પડશે.

બીજો આનંદિત રહે તેમાં તેને જીવન મળે.

બીજો આઘાત પામે તેમાં તેને મોત મળે.

માટે આપણા જ દોષો જોવા જોઈએ. તે પણ, નાના હોય તો 'મસમોટા' કરીને જોવા જોઈએ. (બીજાના નાના પણ ગુણોને મોટા કરીને જોવા જોઈએ.) આમ થતાં સ્વનિન્દા પરાકાષ્ટાએ પહોંચે અને પરપ્રશંસા ય પરાકાષ્ટાને પામે.

બગીચામાં ગુલાબ છે અને વિષ્ઠા પણ છે. જે કોયલ છે તે ગુલાબ ઉપર જઈ બેસે. જે કાગડો છે તે વિષ્ઠામાં ચાંચ મારે.

આપણે પરગુણદર્શન કરીને કોયલ બનવું જોઈએ; કાગડો કદાપિ નહિ.

મનુષ્યભવ પામીને મહાન્ કે ભગવાન બનવાની વાત પછી કરો. પહેલાં ઈન્સાન બનો. આ માટે સ્વદોષદર્શન અને પરગુણદર્શન કરીને સ્વનિન્દા અને પરપ્રશંસા અત્યન્ત જરૂરી છે. આ બે ગુણો પામ્યા સિવાય કોઈ પણ ક્ષેત્રમાં વિકાસ પ્રાપ્ત થઈ શકતો નથી.

જેને આ રીતે સ્વદોષદર્શન અને પરગુણદર્શન કરવું હોય તેણે અહંકારને ખતમ કરવો પડશે.

આ બે શ્લોકોમાં ગ્રન્થકારશ્રીએ સીધો અહંકાર દોષ ઉપર હુમલો કર્યો છે. ચક્રવર્તીમુનિ જેવા બહુ મોટા ભોગી અને ત્યાગીને પણ પોતાના નોકરરૂપ પૂર્વીય સાધુને વંદન કરવાનું કર્તવ્ય જણાવ્યું છે. એ માટે અહંકારરૂપી અજગરના માથા ઉપર પગ દબાવી દેવાનું આવશ્યક કહ્યું છે.

મુનિ-જીવનમાં સફળતા મેળવવા માટે નમસ્કારભાવ (વિનય) અત્યન્ત આવશ્યક છે. ઈન્દ્રભૂતિ ગૌતમે વિનયને આત્મસાત્ કર્યો તો તેમનો આધ્યાત્મિક વિકાસ કેટલો થયો ?

બાહુબલિજી અભિમાનના નશામાં રહ્યા તો એક વર્ષની ઘોર સાધનામાં તેમની કેવી હાલત થઈ ?

કોઈ પણ ધર્માનુષ્ઠાન અહંકારથી યુક્ત હોય તો તે એકડા વિનાના મીંડા જેવું છે.

જ્ઞાનીઓએ જેને મન્ત્રાધિરાજ કહ્યો છે તે મન્ત્ર બીજું કાંઈ નથી પણ માત્ર વિનયગુણનું નક્કર સ્વરૂપ છે. મન્ત્રમાં પાંચ પાંચ વખત 'નમો' 'નમો' પદ આવે છે.

જે નિરભિમાની છે તેનામાં સરળતા, નિખાલસતા, નમ્રતા અવશ્ય હોય. તેનાં આ બાહ્ય લક્ષણો છે. તેની ઉપરથી તેનો નિરભિમાનીભાવ ખ્યાલમાં આવી જાય.

ધર્મના ક્ષેત્રમાં જે કાંઈ અનુષ્ઠાનો છે તે બધા અહંકારમુક્તિના પાયા ઉપર ઊભા રહે તો જ સફળ છે. વળી તેમના સેવનથી અહંકાર સાવ નબળો પડી જાય તો જ સફળ છે. પોતાનાથી સવાયા, બમણા માણસોને જોવાથી અહંકારનો પારો તરત નીચે આવી જાય. આ ટુચકો અપનાવવા જેવો ખરો.

* * *

**ते धन्ना ते साहू तेसिं नमो जे अकज्जपडिविरया ।**
**धीरा वयमसिहारं चरंति जह थूलिभद्दमुणी ।। 59 ।।**

**અર્થ :** તે મુનિઓને ધન્ય છે; તે ખરા સાધુ છે; અમે તેમને ભાવભરી વંદનાઓ કરીએ છીએ જેઓ જિનાજ્ઞાની વિરાધનાના પાપથી સદા છેટા રહે છે.

જેમ સ્થૂલિભદ્રજીએ ઉત્કૃષ્ટ સંયમનું પાલન કર્યું તેમ જેઓ ગંભીર બનીને; તલવારની ધાર ઉપર ચાલવા જેવું ચારિત્ર પાળે છે.

**વિવેચન :** જે શાસ્ત્રોક્ત ચારિત્રધર્મ છે તેનું પાલન અતિશય દુષ્કર છે. ચારિત્ર એટલે વિવેકપૂર્વકનું, આજ્ઞાપ્રતિબદ્ધ, ઘોર અને ઉગ્ર પરીષહોની સહિષ્ણુતા.

ગ્રન્થકારશ્રીએ પૂર્વે સ્કંદકસૂરિના પાંચસો શિષ્યો, ગજસુકુમાલ મુનિ, ઢંઢણ મુનિ આદિના જે દૃષ્ટાન્તો જણાવ્યા તે તમામ દૃષ્ટાન્તમાં ઘોર અને ઉગ્ર પરીષહોને સમતાથી અને સહર્ષ સહવા સિવાયની કોઈ વાત મળતી નથી. જે સાધુઓ પ્રતિકૂળતાને સહવામાં ઊણા ઊતરે છે તેમને જ્ઞાનીઓ સાચા સાધુ કહેતા નથી.

પ્રતિકૂળતાના આદરમાં અને અનુકૂળતાના તિરસ્કારમાં સાચું સાધુપણું રહેલું છે.

જો આવું ઉત્કૃષ્ટ સાધુત્વ ન પાળી શકાય તેવું જણાતું હોય, અને છતાં મોક્ષ પામવાની તીવ્ર ઇચ્છા હોય તો એક કામ કરવું.

એ મહામુનિઓના સુકૃતોની ભારોભાર, વારંવાર હાર્દિક અનુમોદના કરવી.

જો મોક્ષની લગન લાગી હોય તો મોક્ષપથે આગળ ધપતાં મહાત્માઓ પ્રત્યે પ્રીતિ જાગીને જ રહે. એની સાથે સંસાર તરફ નફરત પણ રહે.

પ્રતિકૂળ પરીષહો કરતાં જે અનુકૂળ પરીષહો છે–નારીનું આકર્ષણ અને માન-સન્માનની પ્રાપ્તિ – તે સહવાનું કામ અતિશય મુશ્કેલ છે.

ઉગ્ર ચારિત્રને પાળનારા અષાઢાભૂતિ મુનિ, અરણિક મુનિ, રહનેમિ મુનિ વગેરે ટકી શક્યા નથી. તેઓ કાયિક કે માનસિક રીતે દોષોની સામે ઝૂકી ગયા છે.

આથી જ જ્ઞાનીઓ કહે છે કે કામરાગના ઝંઝાવાતી પવનમાં જો મેરુ જેવા મહામુનિઓ ડગી ગયા છે તો પીપળાના ઝાડની ડાળે પાકીને પીળા પડીને માંડ લટકી રહેલા પાંદડાઓ તો એની સામે કેટલા ટકી શકે ?

એક જગાએ કહ્યું છે કે ઝેરી સાપ, ભૂખ્યો વાઘ, ગાંડો હાથી - આ બધાને સુખેથી જીતી શકાય પણ નારીને જીતવાનું કામ અતિ મુશ્કેલ છે.

આ જ્વલંત વિજય સ્થૂલિભદ્રજીએ પ્રાપ્ત કર્યો. એ એટલો બધો અપૂર્વ, અદ્‌ભુત અને અપ્રતીમ વિજય હતો કે તેમની અમરગાથા આગામી ચોર્યાસી ચોવીસી સુધી લોકમુખે ગવાતી રહેશે.

એમની ઉપર રૂપકોશાનો અનુકૂળ ઉપસર્ગ ત્રાટક્યો હતો.

સૌથી મોટો ઉપસર્ગ પૂર્વક્રીડિતસ્મરણરૂપ હતો. રૂપકોશા સતત એ વાતો બહેલાવીને કરતી કે આપણે કેવી કેવી મજા, કેવી કેવી ચેષ્ટાઓ સાથે કરતા હતા ?"

દૂધ, ઘીને જીતાય; કદાચ નારીને ય જીતાય પણ આ હુમલાને જીતવો મુશ્કેલ છે.

પેલા નંદિષેણ મુનિ પણ આ હુમલાથી માર ખાઈ ગયા. ગૃહસ્થપણાની પત્નીઓ સાથે ભોગવેલા ભોગો વિગઈઓના ત્યાગી, તપસ્વી છતાં એ મહાત્માને મનોમન ખૂબ સતાવવા લાગ્યા. ક્યાંક સાધુત્વની ઉજળી ચાદરને કાળો ડાઘ ન લાગી જાય તે માટે આત્મહત્યા કરવા માટે પહાડ ઉપરથી ઝંપાપાત પણ કર્યો. પણ ત્યાંથી પસાર થતાં દેવે તેમને વચ્ચેથી ઉપાડી લીધા.

નવ વાડોમાં પૂર્વક્રીડિતસ્મરણની વાડનો હુમલો અત્યન્ત કાતીલ નીવડે છે.

મહાત્મા સ્થૂલિભદ્રજીની ઉપર રૂપકોશા વારંવાર આ હુમલો કરતી.

અરે, કામરાજનાં તમામ શસ્ત્રો તેણે ઉપયોગમાં લઈ લીધા હતા.

એ વખતે ચોમાસાની ઋતુ હતી. ઝરમર વરસાદ વારંવાર થતો રહેતો હતો. એકાન્ત હતું, અનુકૂળ પાત્ર હતું; સર્વ વિગઈઓનું અત્યન્ત માદક ભોજન હતું;

કામોત્તેજક સંગીત સતત રેલાતું હતું. કોશાના શારીરિક અટકચાળાઓ પરાકાષ્ઠાએ હતા. છતાં સ્થૂલિભદ્રજી મેરુની જેમ અડોલ હતા.

એમને એક વાતનો ભય હતો; નારીના સ્પર્શથી હારી જવાનો.

આથી તેમણે તેના પ્રતિબંધની શરત મૂકી હતી. કોશાને એવો ખ્યાલ હતો કે, 'જ્યારે બાકીની તમામ વાતે છૂટ મળે છે તો આ એક પ્રતિબંધ મુકાવવાથી કોઈ નુકસાન થવાનું નથી.'

પુરુષનું એક જ અંગ કામોત્તેજક છે. નારીના તમામ અંગો કામોત્તેજક છે. કોશા સ્પર્શ ન કરે એટલા માટે તેને પોતાનાથી સાડા ત્રણ હાથ છેટી રહેવાની વાત બહુ કડકપણે મુકાઈ હતી.

કોશાનો એ ખ્યાલ હતો કે હું મારા પ્રિયતમને એટલી હદે પીગળાવી દઈશ કે મારે તેમની પાસે જવાને બદલે તે જ મારી પાસે દોડી આવીને મને ચોંટી પડશે.

પણ કોશાના બધા ખ્યાલ ખોટા નીકળ્યા. અપ્રતીમ ગુરુકૃપાનું કવચ પહેરેલા મુનિરાજને એક પણ કામ-તીર અડી શક્યું નહિ.

આ બધું સાંભળતાં કોક કામભોગીને તો એમ જ થાય કે આવું બની શકે જ નહિ. મુનિરાજનું પતન નિશ્ચિતપણે થાય. પણ એ કામભોગી સંસારી લોકોને ગુરુકૃપામાં કેટલી શક્તિ છે તે વાતનો ખ્યાલ હોતો નથી.

ગુરુકૃપાના પ્રભાવે વિજાતીય દેહ ઉપર વિનાશી ભાવના અને અશુચિ ભાવનાનું આક્રમણ જોરદાર થાય તો તેની ઉપર રાગ જાગવાને બદલે ભરપૂર વિરાગ જાગીને જ રહે.

ખરેખર... આ સંસારમાં રાગ કરવા જેવી કોઈ વસ્તુ નથી. જ્યાં જોઈએ ત્યાં તે વસ્તુની વિનાશિતા, વિપાકકટૂતા, અશરણતા વગેરે જોતાં જ મન પાછું હટી જાય.

કાશ ! અનાદિકાળના કુસંસ્કારોના પ્રચંડ બળને લીધે જીવોને રાગ જાગીને રહે છે.

કદાચ એવો વિચાર આવે કે સ્થૂલિભદ્રજી કરતાં બપ્પભટ્ટસૂરિજી આ બાબતમાં ચડિયાતા ન ગણાય ? તેમણે તો નર્તકીને અંગસ્પર્શ પણ કરવા દીધો હતો.

તેનો જવાબ એ છે કે એ સૂરિજી પાસે પૂર્વક્રીડિત બાબત હતી નહિ. એ આજન્મ શુદ્ધ બ્રહ્મચારી હતા.

વળી તેમનો યુદ્ધસમય માત્ર ચાર કલાકનો હતો. આટલો ટૂંકો સમય તો મનને વધુ મજબૂત કરીને હેમખેમ પસાર કરી શકાય.

સ્થૂલિભદ્રજીને પૂર્વક્રીડિતનો દોષ હતો. તેમનો યુદ્ધકાળ પૂરા ચાર મહિનાનો હતો. આટલો લાંબો સમય અક્ષત રીતે ટકી જવું એ અતિ દુષ્કર કાર્ય ગણાય.

હા, ગુરુકૃપા તો બન્નેએ સરખી પ્રાપ્ત કરી હતી.

* * *

**विसयासिपंजरमिव लोए असिपंजरम्मि तिक्खंमि ।**
**सीहा व पंजरगया वसंति तवपंजरे साहू ।। 60 ।।**

**અર્થ :** (આ શ્લોકાર્થ સ્પષ્ટ થતો નથી.)

આ લોક દુઃખોની તીક્ષ્ણ તલવારોથી ભરપૂર છે. તેમાં વિષય-રાગરૂપી તલવારો છે.

જેમ સિંહ બાહ્ય તલવારભયથી લાકડામાં પાંજરામાં ભરાઈ જાય તેમ મુનિઓ વિષયોરૂપી તલવારથી બચવા માટે તપરૂપી પાંજરામાં ભરાઈ રહે.

**વિવેચન :** આ શ્લોકનો સાર એ છે કે સાધુએ વિગઈઓનો સદંતર ત્યાગ કરવો જોઈએ. (એમાં આયંબિલ કરે તો ખૂબ ઉત્તમ.)

વિગઈઓ આધ્યાત્મિક ભાવપ્રાણોને હરી લેતું તાલપુટ ઝેર છે. જેઓ હંમેશ અથવા કેટલીક વાર વધુ પ્રમાણમાં વિગઈનું સેવન કરે છે તેમને સ્વપ્નદોષાદિનો પરચો મળ્યા વિના રહેતો નથી. એકેકા પરચામાં પુષ્કળ શક્તિનો ક્ષય થઈ જતો હોય છે.

મુનિ-જીવનની સફળતા ભાવ-વીર્યમાં એટલે કે જિનાજ્ઞાઓના પાલનમાં ભરપૂર ઉલ્લાસમાં રહેલી છે. આવું ભાવ-વીર્ય, દ્રવ્ય-વીર્ય (સાતમા નંબરની ધાતુ) વિના આવતું નથી. કબજિયાત, ગરમી આદિ ગમે તે કારણોસર શરીરના રાજાનો જો ક્ષય થયા કરે તો તે સાધુ ઉલ્લાસથી ખતમ થાય.

જીવન જીવવાનો ઉલ્લાસ ખતમ પછી શું નહિ ખતમ ?

પછી તે સાધુ શારીરિક રીતે સાવ નબળો પડી જાય.

તનથી ગયો, મનથી ગયો... હવે માત્ર સાધુવેષ રહ્યો.

દ્રવ્ય વીર્યરક્ષા કરીને ભાવ વીર્યરક્ષા કરવા માટે ગ્રન્થકારશ્રી તપનો આશ્રય લેવાનું જણાવે છે. તપથી ઉછળતી વાસનાઓ શાન્ત પડે છે. આમ થતાં વીર્યક્ષય થઈ શકતો નથી.

વિકારી વિચારોથી લોહી ગરમ થાય. તે ગરમી વીર્યને ક્ષુબ્ધ કરે. અંગને ઉત્તેજિત કરે. પછી ગમે ત્યારે વીર્યક્ષય થઈ જાય. આવું પતન ન જોઈતું હોય તો લોહીને ગરમ થવા દેવું ન જોઈએ. તે માટે વિકારી વિચારો નહિ કરવા જોઈએ. તે માટે તપ અવશ્ય કરવો જોઈએ. કેમકે વિગઈઓના સેવનથી જ વિચારોમાં વિકાર ઊભરાય છે.

ગમે તેવો કામાંધ માણસ પણ જો ત્રણ દિવસના ઉપવાસ કરે તો ત્રીજા દિવસે રાતે તેની કામવાસના સદંતર શાન્ત થાય છે. તેને કામસેવનમાં રસ રહેતો નથી.

જેમ વિગઈઓના સેવનનું પ્રત્યક્ષ ફળ (સ્વપ્નદોષાદિ) છે તેમ તપનું આ પ્રત્યક્ષ ફળ છે કે તેથી વાસનાઓ શાન્ત પડી જાય છે.

બેશક ઉપવાસાદિ તપ લાંબા સમય સુધી થઈ ન શકે પરન્તુ આયંબિલ તપ તો બધી રીતે સુંદર છે. હંમેશ માટે પણ થઈ શકે.

ઉપવાસ એ મિત્રનું ઘર છે : ત્યાં કાયમ ન રહેવાય.

આંબિલ એ ઘરનું ઘર છે : ત્યાં કાયમ રહેવાય.

વિગઈઓ એ શત્રુનું ઘર છે : ત્યાં ગમે ત્યારે આફત આવી પડે.

જ્ઞાનીઓ કહે છે કે, જો સ્વાધ્યાય કરવામાં આંબિલ ન થઈ શકતા હોય તો સ્વાધ્યાયને થોડો ગૌણ કરીને પણ આંબિલ કરવું.

વિગઈઓના સેવનવાળા સાધુનો સ્વાધ્યાય ક્યારેક જોખમી બની જાય ખરો, કેમકે વિગઈઓની ઉત્તેજના તેને છોડે તેમ નથી. વર્તમાનકાલીન સ્વાધ્યાય એ ભૂતકાલીન મહાત્માઓના સ્વાધ્યાય જેવો નથી કે જે વાપરેલા દસ તોલા ઘીને ચાર-છ કલાકમાં બાળીને ખાખ કરી નાંખે.

વળી હાલમાં શાસ્ત્રક્રમ પ્રમાણે ૧૨-૧૨ વર્ષના સૂત્રપાઠ, અર્થપાઠ વગેરે થતાં નથી. ચાર-છ વર્ષ સાધુ ભણે ત્યાં તો તેને પાટ ઉપર બેસાડી દેવાય છે; કેમકે તેથી ગુરુના નિશ્ચિત ખેતરોની જાળવણી - ચોમાસા કરવા દ્વારા - તે કરી શકે. આ સ્થિતિમાં વધુ ભણવાનું બાજુએ રાખીને શાસ્ત્રીય સ્વાધ્યાયની જગાએ ગુજરાતી ભાષામાં લખાતા વ્યાખ્યાનોપયોગી પુસ્તકો વગેરેનો સ્વાધ્યાય પૂરી તેજીમાં આવી જાય છે.

આમ અકાળે જે ઝડપી વિકાસ (!) કરવામાં આવે તેમાં જો વિગઈઓનું સેવન સતત રહે તો સંયમજીવનની ગાડી ઉથલી પડ્યા વિના રહેતી નથી.

વિગઈઓનો રસ સતત વધતો હોવાથી કેટલાક મુનિઓ શહેરોને પસંદ કરે છે. વળી ઉપધાન અને છ'રી પાલિત સંઘોને પસંદ કરે છે; કેમકે અહીં રીતસર પ્રમાણમાં 'માલમલીદા' મળતા હોય છે. આની સાથે વિજાતીય તત્ત્વ તો ત્યાં અવશ્ય હોય છે એટલે બ્રહ્મચર્યની રક્ષા લગભગ અશક્ય બને છે. કદાચ કોક વિરલો કાયાથી અબ્રહ્મ ન સેવે તો ય તે મનથી સેંકડો વાર પતન પામે છે; આંખેથી હજારોનો શિકાર કરે છે.

શ્રમણીઓ માટે પણ આ સ્થિતિ બિલકુલ સારી જણાતી નથી. બહુ નાની ઉંમરે દીક્ષા થયા પછી જો શાસ્ત્રીયનીતિનો ગુરુકૂલવાસ ન મળે તો બિલાડીની ઝપટમાં આવી ગયેલા કબૂતરની જેમ તેમની 'ધર્મકાય'ના ફુરચેફુરચા ઊડી જાય છે.

જ્ઞાનીઓએ કહ્યું છે કે સાધુઓ માટે સ્ત્રીમાત્ર જોખમી છે પરન્તુ તેમાં સાધ્વી વધુ જોખમી છે.

આનું કારણ તેના માથે કોઈ ધણી નથી તે છે. સાધુ તેની સાથે ઘણી રીતે સંપર્ક સાધી શકે છે. નબળા મનની નારીઓ જલદી શરણ સ્વીકારી લે છે.

પછી એકાન્ત મળે, અનુકૂળતા મળે, દેહનું સૌષ્ઠવ વગેરે સાથે હોય... હવે શું બાકી રહે ?

મને કહેવા દો કે આવી અકલ્પ્ય અને અઘટિત ઘટનાનો ભોગ તે જ સાધુ-સાધ્વી બની શકે જે વારંવાર, વિશેષ પ્રમાણમાં નિષ્કારણ વિગઈઓ વાપરતાં હોય.

સાધુજીવનની સફળતાં સંયમધર્મની યાત્રાનો સફળતાપૂર્વક નિર્વાહ કરવામાં છે અને આહારની માત્રા સાચવવામાં છે.

અશુભ નિમિત્તોનો સંગ કરનારો સંયમયાત્રાનો નિષ્ફળ પ્રવાસી છે.

માત્રાથી વધુ વિગઈ વાપરનારો ગમે તે પળે જોખમમાં છે.

દીર્ઘકાલીન તપ કરવા માટે પણ કંડરિક મુનિને ગુરુએ વિગઈસેવનની રજા આપી - અપાઈ ગઈ તો કંડરિક મુનિનો આત્મા વાસનાઓની અગનજ્વાળાઓથી લપેટાઈ ગયો. ક્રોધાન્ધ બનીને ધમધમી ઊઠ્યો. બે જ દિવસના ગૃહસ્થપર્યાયમાં સાતમી નારક તરફ ચાલવા માંડ્યો !

ઉગ્ર તપ કરવા માટે પણ થોડાક દિવસો વિગઈસેવન કરવામાં પૂરું જોખમ છે. જ્ઞાનીઓ કહે છે કે દેહપોષણ માટે વિગઈઓ વાપરવી એ તો સારું નથી જ

પરન્તુ રત્નત્રયીને વધુ સારી રીતે આરાધવા માટે પણ વિગઈ વાપરવામાં મોટું જોખમ છે.

સાધુ વ્યાખ્યાનકાર કે વિદ્વાન નહિ બને તો હજી ચાલશે પણ તેણે તપસ્વી તો બનવું જ જોઈએ. અન્યથા નિમિત્તોનો સંગ થતાં વિગઈનો દારૂગોળો સળગી ઊઠશે.

* * *

**जो कुणइ अप्पमाणं गुरुवयणं न य लहेइ उवएसं ।**
**सो पच्छा तह सोअइ उवकोसघरे जह तवस्सी ।। 61 ।।**

**અર્થ** : જે સાધુ ગુરુવચનને અપ્રમાણ ગણે; તેમનું વચન ન સ્વીકારે તેને પાછળથી પસ્તાવાનો સમય આવે.

ઉપકોશાની હવેલીએ દોડી ગયેલા તપસ્વીની જેમ.

**વિવેચન** : સ્થૂલિભદ્રજીથી પ્રતિબોધ પામેલી રૂપકોશાની બહેન ઉપકોશા હતી. સંભવ છે કે રૂપકોશાને આગાઢ અપવાદ સિવાય ચોથું વ્રત સ્વીકારાઈ ગયું હોવાથી - અથવા તે મહાશ્રાવિકા બની હોવાથી તેની હવેલીએ સિંહગુફાવાસી મુનિ ન ગયા હોય. તેની બહેન ઉપકોશા પાસે ગયા હતા. તે પણ રૂપકોશા જેટલી જ મોહક હતી; ધનાદિથી સમૃદ્ધ હતી.

આ મુનિએ સિંહની ગુફા પાસે ધ્યાનસ્થ બનીને ચાર માસના ચોવિહાર ઉપવાસ કર્યા હતા. આ ઘોર તપને નિર્વિઘ્ને પાર પાડ્યો હતો. મોટું વિઘ્ન સિંહ જ્યારે વરસાદની સતત હેલીના દિવસોમાં ભૂખ્યો થાય ત્યારે મુનિને ફાડી ખાય તે હતું. પણ મુનિની સાધનામાં સર્વજીવ પ્રત્યે વાત્સલ્યભાવ જોડાયો હતો. તેમના પ્રત્યેક રોમમાંથી સર્વ જીવો પ્રત્યે કરુણા સતત વરસતી હતી. આ કારણે તેમના દેહની ચારે બાજુ પ્રસરતી ઊર્જાના પ્રભાવમાં આવી ગયેલો સિંહ પણ કરુણાશાળી બની ગયો હતો. તેણે વૈરત્યાગ કરી દીધો હતો. આથી તેણે ક્યારે પણ મુનિની હત્યા કરવાનું વિચાર્યું ન હતું. ઉપરથી તે કલાકો સુધી તેમની પાસે બેસી રહેતો હતો.

સિંહની પાસે રહેઠાણ.

ચાર માસનો અખંડ કાયોત્સર્ગ.

ચાર માસના ચોવિહાર ઉપવાસ.

કેટલી બધી ઘોર સાધના.

ગુરુ સંભૂતિવિજયજીના આશિષ લઈને નીકળેલા આ મુનિરાજની જેમ બીજા ત્રણ મુનિઓ અન્ય પ્રકારે સાધનામાં જોડાઈને પૂરા સફળ થયા હતા.

એક કૂવાના કાંઠે ઊભા હતા. બીજા ઝેરી સાપના દર પાસે ઊભા હતા. ત્રીજા રૂપકોશાને ઘેર ચાતુર્માસ હતા.

જ્યારે ચાર મુનિઓ ગુરુ પાસે આવ્યા ત્યારે વિશિષ્ટ કોટિની સાધનાઓ કરીને આવેલા મુનિઓનું યથોચિત સ્વાગત ગુરુએ કર્યું. કોકનું જરાક ઊભા થઈને, કોકનું એક ડગલું આગળ જઈને, કોકનું હાથ પકડીને....

પણ સ્થૂલિભદ્રજીનું સ્વાગત બે ત્રણ ડગલાં આગળ વધીને કર્યું.

ત્રણને કહ્યું, "તમે દુષ્કર કાર્ય સિદ્ધ કર્યું."

સ્થૂલિભદ્રજીને કહ્યું, "તમે દુષ્કર દુષ્કર કાર્ય સિદ્ધ કર્યું."

બસ સ્થૂલિભદ્રજીને આ વિશિષ્ટ સન્માન (આજની ભાષામાં રેડકાર્પેટથી સન્માન) થયું તેથી સિંહગુફાવાસી મુનિ ઇર્ષ્યાથી સળગી ઊઠ્યા.

તેમણે ગુરુને બેધડક સુણાવી દીધું કે, "તમે ચોખ્ખો પક્ષપાત કર્યો છે. ખાઈ પીને મોજથી રહેવું એમાં શી ધાડ મારવાની હતી ? આગામી ચોમાસું ત્યાં કરવાની મને રજા આપો."

જ્ઞાની ગુરુએ કહ્યું, "નારીને જીતવી અને તે પણ તમામ વિષયસુખના સાધનોની સાથે રહીને... એ અત્યન્ત મુશ્કેલ છે. તું આ સાહસ ન કર. તું ટકી શકવાનો નથી. તારી સાધનાના મૂળમાં ઈર્ષ્યાનો દોષ પડેલો છે માટે તને સફળતા નહિ મળે." પણ તે મુનિ નામકર ગયા. તેણે જાતે ચાલતી પકડી.

અને....... ઘડીના છટ્ઠા ભાગમાં સૌંદર્યનીતરતી ઉપકોશાને જોતાંની સાથે તે સર્વાંગે વાસનાથી સળગી ગયા.

લાજ, શરમ મૂકીને, અધીરા બનીને, નિષ્ઠુર બનીને તેમણે તેની પાસે દેહસુખ માંગ્યું. પોતાની બહેનના ઉત્કૃષ્ટ વિકાસને ઉપકોશાએ જાણ્યો હતો. હવે તે પણ કોઈ મુનિનું પતન થાય તેમાં સહાયક બનવા માંગતી ન હતી.

તેણે મુનિની સાન ઠેકાણે લાવવા માટે નેપાળના રાજા તરફથી રોજ પ્રથમ યાચકને અપાતી સવા લાખ સોનામહોરની રત્નકંબલ લઈ આવવા જણાવ્યું.

બિચારો જીવ ! મનથી તો સંયમજીવન પૂરેપૂરું હારી ગયો હતો એટલે ચોમાસુ પૂરું જામ્યું હોવાથી પાણી, લીલ, નદી, નાળાં વગેરેની ઘોર વિરાધના કરવા તૈયાર થઈને તે નીકળી પડ્યો.

રત્નકંબલ મળી. પણ બાંબુમાં છુપાવીને લાવતાં જંગલમાં ચોરોએ પકડ્યો. જૂઠું બોલવાથી માર્યો. પણ જ્યારે કરગર્યો ત્યારે તેને રત્નકંબલ સાથે–દયા ખાઈને – જવા દીધો.

ઉપકોશાના હાથમાં જ્યારે સાધુએ કંબલ મૂકી ત્યારે તેના મોં ઉપર હર્ષની ભરતી આવી હતી. હવે તેને એ અપ્સરા નક્કી મળશે તેવો નિશ્ચય હતો.

તે વખતે હવેલીને અડીને નગરના ગંદા પાણીની ખાળ વહેતી હતી. કંબલ હાથમાં આવતાં જ ઉપકોશાએ કંબલ ખાળમાં ઝીંકી દીધી !

સાધુ ચીસ પાડી ઊઠ્યો. બોલ્યો, 'અરે, અરે, આ શું કર્યું ! આવી મૂલ્યવાન્ કંબલ ખાળના ગંદા પાણી ભેગી ?''

ગંભીર વદને ઉપકોશાએ કહ્યું, ''જો મારું આ કાર્ય ખરાબ છે તો તમે ગુરુદત્ત ચારિત્રરત્ન - કે જેનું મૂલ્ય ક્રોડો સોનામહોરથી પણ વધુ છે તેને - અમારી નારીની અશુચિથી ભરેલી કાયાની ખાળમાં કેમ ઝીંકો છો ? મૂરખ તો તમે જ નહિ ?''

આ શબ્દોએ મુનિને ભાનમાં લાવી દીધા. ઉપકોશાના પગે પડીને માફી માંગી. ઉપકોશાએ કહ્યું, ''જે બન્યું તે ખરું. હવે ગુરુ પાસે જઈને શુદ્ધ પ્રાયશ્ચિત્ત કરો અને સંયમધર્મને ઉત્કૃષ્ટ રીતે પાળો.''

આ પ્રસંગમાંથી કેટલીક વાતો નજરમાં આવી જાય છે :

(૧) ઘોર તપ પણ કેટલી હદે થઈ શકે છે ?

(૨) ઇર્ષ્યાનું પાપ કેટલું ભયાનક છે ?

(૩) ગુરુવચનનો દ્રોહ કેવો તત્કાળ પરચો આપે છે ?

(૪) નિર્લજ્જતા પણ કેટલી હદે થઈ શકે છે ?

(૫) નર્તકી પણ કેટલી સદાચારી હોય છે ?

(૬) પાપી પણ પશ્ચાત્તાપ કરીને કેવો ઊર્ધ્વગામી બની શકે છે ?

ગ્રન્થકારશ્રી એક જ વાતનો તાર ખેંચે છે કે જે સાધુ ગુરુવચનનો દ્રોહ કરે છે તેનું પતન નિશ્ચિત્ત છે. તેનું ભાવી અંધકારમય બની જાય છે.

અબ્રહ્મના સેવનરૂપ પાપનો પરચો હજી આવતા ભવો સુધી ન પણ મળે; કિન્તુ ગુરુદ્રોહના પાપનો પરચો તો પ્રાયઃ આ જ ભવમાં મળે છે. આ એટલું ઉગ્ર પાપ છે કે તે આગામી ભવો સુધી ફળને રોકી રાખી શકતું નથી.

જ્ઞાનીઓએ ગુરુપારતન્ત્ર્યને રત્નત્રયીસ્વરૂપ જણાવેલ છે. બ્રહ્મચર્યસ્વરૂપ જણાવેલ

છે. કેમકે આ બે ય ગુણોની પ્રાપ્તિ મોહનીય કર્મનો ક્ષયોપશમ થયા વિના શક્ય નથી. આ ક્ષયોપશમ દેવભક્તિ અને ગુરુસમર્પણથી શક્ય છે.

જે શ્રમણો ખરેખર મોક્ષ પામવા માંગતા હોય તેમણે આ વાત ઉપર ગંભીરપણે ધ્યાન દેવું અને તેનો નક્કર અમલ કરવો.

જે મુનિઓ ગુરુનું અપમાન કરે; તેમની સામે બોલે; તેમની વિરુદ્ધ વર્તન કરે; તેમને હલકા ચીતરે તે તમામ મુનિઓનો આ ભવ પણ સુખશાન્તિથી પસાર થાય નહિ. કાં તેમને ભયંકર રોગ લાગુ થાય; કાં ગાંડા થઈ જાય, કાં બુદ્ધિના જડ બની જાય, કાં સંયમધર્મથી પૂરા પતિત થાય; ઘરભેગા થઈ જાય.

જે મુનિના ગુરુમાં ખરેખર કોઈ સ્વભાવદોષ વગેરે હોય તે ગુરુમાં તે મુનિએ ગુરુતત્ત્વ (ગૌતમસ્વામીજી, ચંદનબાળાજી)ની સ્થાપના કરીને તેમની આરાધના કરવી.

વસ્તુતઃ ગુરુએ સંસારમાંથી બહાર કાઢ્યા એ જ ઉપકાર એટલો મોટો છે કે તેની સામે સ્વભાવદોષાદિને જોવાય પણ નહિ. એમને ઉપેક્ષિત કરવા જોઈએ.

એકલવ્યના ગુરુ દ્રોણાચાર્યે એકલવ્યને શિષ્ય બનાવ્યો ન હતો. અરે, તેને ધિક્કારતા હતા; તે અર્જુનથી આગળ વધી ન જાય તેમ સતત ઇચ્છતા હતા. પણ એકલવ્યે ગુરુમૂર્તિમાં ગુરુતત્ત્વની પ્રતિષ્ઠા કરી. તે ગુરુની અનન્યભાવે ઉપાસના કરી. પરિણામે તે ખરેખર અર્જુનથી આગળ વધી ગયો.

કહેવાય છે કે ગુરુની કૃપા હોય તો જ શિષ્યનો વિકાસ થાય. એકલવ્યના પ્રસંગમાં એવું જોવા મળે છે કે ગુરુ ધિક્કારે છે તો ય શિષ્યનો ધડાકાબંધ વિકાસ થતો જાય છે.

આ ઉપરથી એ વાત નિશ્ચિત થાય છે કે શિષ્યના જીવનવિકાસ માટે જે ચિત્તપ્રસન્નતાની જરૂર છે તે ગુરુની કૃપાદૃષ્ટિથી આવે એટલે એ કૃપાદૃષ્ટિ જરૂરી ખરી. પરન્તુ તેમાં એકાન્ત ન લગાડાય. અર્થાત્ ગુરુકૃપા ન હોય તો પણ જો એકપક્ષી રીતે શિષ્ય ગુરુમય બની જાય અને તે રીતે એકદમ પ્રસન્ન રહે તો પણ તેનો અસાધારણ વિકાસ થઈ શકે.

સવાલ થશે કે પહેલું કોણ ? ગુરુકૃપા કે શિષ્યની ગુરુભક્તિ ?

મારા મત પ્રમાણે પહેલી ગુરુભક્તિ જોઈએ જે જોઈને ગુરુની કૃપા પ્રાપ્ત થાય. શિષ્યની પાત્રતા જોયા વિના તો શી રીતે ગુરુ તેની ઉપર કૃપા કરે ? એમ થતાં તે કૃપાથી ઉત્પન્ન થતી શક્તિ શિષ્યનું પતન કરી નાંખે.

ગ્રન્થકારશ્રી કહે છે કે, "કોઈ પણ શિષ્યે ગુરુના વચનનો તિરસ્કાર કરવો નહિ. એનાં પરિણામો ભૂંડાં છે.

શિષ્ય કૂલવાલક નારીઓ તરફ તીરછી નજરે કામદષ્ટિથી વારંવાર જોતો એટલે ગુરુએ તેને વાર્યો; છેવટે કડક ભાષામાં ઠપકો આપ્યો.

શિષ્યથી એ બધું સહન ન થયું. તેણે પહાડ ઉપરથી નીચે ઊતરી રહેલાં ગુરુની પાછળથી મોટી શિલા ગબડાવી દીધી. સદ્ભાગ્યે ગુરુ તો ઉગરી ગયા પણ તેમના મોંમાંથી શબ્દો નીકળી ગયા, "આ શું કરે છે ? મને લાગે છે કે કોઈ નારીથી તારું સંયમજીવન ખતમ થઈ જશે."

એમ જ થયું. કૂલવાલક સાધુનું સર્વતોમુખી પતન થયું.

કેટલાક શિષ્યો પોતાની વિદ્વત્તા, ભક્તમંડળી વગેરેના કારણે ગુરુને સાવ પડદા પાછળ કરે છે. તેમની કોઈ કિંમત ગણતા નથી. વાતે વાતે તેમનું અપમાન કરે છે. તેમની શારીરિક બાબતોની ઉપેક્ષા કરે છે. "ડોસો મરી જાય તો સારું." એવા ભાવો પણ સેવે છે.

મારી દૃષ્ટિએ આ રીતની ગુરુ-તર્જના અત્યન્ત હીન કર્મબંધ કરાવે. તે શિષ્યોનો પરલોક એકદમ બિહામણો બની જાય.

એક ગુરુને સ્થિરવાસ કરવાનો સમય આવતાં તેમણે બધી રીતે અનુકૂળ ગામ પસંદ કર્યું. શિષ્યોના સંયમજીવનની સુરક્ષા માટે તેમને જુદા જુદા ઠેકાણે વિહાર કરાવી દીધો. પોતે ઉપાશ્રયના એક હોલના નવ ભાગ કરીને નવકલ્પી વિહારનું સેવન કરવા લાગ્યા.

વાત એવી બની કે એક વાર દત્ત નામનો શિષ્ય ગુરુ પાસે આવ્યો. તેણે જોયું કે ગુરુ તે જ ખૂણે બેઠા છે જે ખૂણે પ્રારંભમાં બેઠા હતા. આ ઉપરથી 'ગુરુ ખૂણો નથી બદલતા' તેવા ખ્યાલે ગુરુના અસંયમ ઉપર તેને તિરસ્કાર થયો. તેણે ગુરુને ધમકાવી નાંખ્યા. ગુરુએ તેની ગેરસમજ દૂર કરી ત્યારે દત્તમુનિ શાન્ત પડ્યા.

બાર વાગે ભિક્ષાચર્યાનો સમય થતાં ગુરુ તેને લઈને નીકળ્યા. સામાન્ય ઘરોમાં તદ્દન સામાન્ય ભિક્ષા મળતાં શિષ્ય ધૂંધવાઈ ગયો. પોતાના મનોભાવને મોં ઉપર લાવવા લાગ્યો. ગુરુને બધો ખ્યાલ આવી જતાં શિષ્યને શ્રીમંતોના સ્થાપનાકુળોમાં લઈ ગયા, જ્યાં ભરપૂર મિષ્ટાન્ન મળ્યું.

દત્તને બધું ઊંધું પડ્યું. તેને લાગ્યું કે ગુરુએ જાણી જોઈને મને ત્રાસ દેવા માટે પહેલાં અન્તપ્રાન્તકુળોમાં ભટકાવ્યો છે.

સાંજે પ્રતિક્રમણનો સમય થયો. ઉપાશ્રયમાં આવેલા અધિષ્ઠાયકને શિષ્યના તુચ્છ વર્તનનો ખ્યાલ આવતાં ગુસ્સો આવ્યો. તેણે એકાએક અંધારું કર્યું. બારે ખાંગે મેઘ કર્યો. વીજળીના ભયંકર ઝબકારા-કડાકા બોલવા સાથેના કર્યા.

દત્તમુનિ ગભરાઈ ગયા. જોરથી ગુરુનું નામ દઈને બૂમો પાડતાં ગુરુએ કહ્યું, "ચિન્તા ન કરીશ. હું બેઠો છું."

આમ કહીને પોતાની વૈક્રિયલબ્ધિથી હાથની એક આંગળીને પ્રકાશમય કરીને તે આંગળી ઊંચી કરીને તેને કહ્યું, "આ પ્રકાશની દિશામાં ચાલ્યો આવ."

ઘોર અંધકારમાં શિષ્ય તે તરફ જવા લાગ્યો; પણ તેને મનમાં વિચાર આવ્યો કે, "મારા ગુરુ કેટલા શિથિલ થઈ ગયા છે કે દીવો રાખે છે."

આ મનોભાવને જાણીને અધિષ્ઠાયક દેવને ખૂબ ગુસ્સો આવ્યો. દત્તને જોરથી લાફો મારીને જમીન ઉપર પાડી દીધો.

ગુરુના વચ્ચે પડવાથી દેવે તેને છોડી દીધો !

દત્તે ગુરુની હાર્દિક ક્ષમા માંગી.

આ તો બહુ સીધી વાત છે કે જેણે આપણો હાથ ઝાલ્યો. સંસારથી મુક્ત કર્યા એ ગુરુ આપણા માટે 'ભગવાન' છે. ના, એથી જરાય ઓછા નહિ.

જે સાધુઓ ગુરુ પાછળ ગાંડા બને છે, તેમની અપૂર્વ ભક્તિ કરે છે તેમનું પુણ્ય ખૂબ વધે છે. તે મોટા શાસનપ્રભાવક મહાત્મા બને છે. લોકમાં આદરણીય બને છે. તેમના આદર્યાં કામ ક્યારેય અધૂરા રહેતા નથી.

પ્રચંડ પુણ્યોદય હોય, તે પણ પુણ્યાનુબંધી હોય તો સ્વ-પરનું હિત કરવાનો જબરદસ્ત યજ્ઞ માંડી શકાય. એ રીતે જિનશાસનની સેવાનો લાભ મળી જાય.

પુણ્યમાં પુણ્યાનુબંધ હોય એટલે સ્વહિત અને પરલોકહિત પણ નિશ્ચિત બની જાય.

ગમે તેટલી મોટી પદવી મળે પણ શિષ્યે ગુરુની પાસે તો ગૌતમસ્વામીજીની જેમ અત્યન્ત નમ્ર રહેવું જોઈએ. એમને પ્રસંન્ન રાખવા માટે જે કોઈ ગતિવિધિ કરવી પડે તે બધી કરવી જોઈએ.

ક્યારેક ગુરુ કોઈ કામના બોજથી ખિન્ન હોય, ક્યારેક કોઈએ તેમનું અવમાન કર્યું હોય ત્યારે શિષ્યોએ તેમને પ્રસન્ન કરવા માટે કોઈ હસવાની વાત કરીને હસાવવા જોઈએ. કોઈ કાર્યમાં મળેલી સફળતાની જાણ કરવી જોઈએ. જો કોઈ

દ્રવ્ય વાપરવાથી તેમને પ્રસન્નતા આવતી હોય તો તેમ પણ કરવું જોઈએ.

યાદ રાખો, શિષ્યો માટે તો ગુરુ સર્વસ્વ છે; એ સાક્ષાત્ ભગવાન છે. એમની પાસેથી મળતા વાત્સલ્ય અને વાચનાનું કોઈ મૂલ્ય આંકી શકાય તેમ નથી. વાચનાદાતા ગુરુ પ્રસન્ન હોય ત્યારે જે વાચના આપે તે એટલી બધી મસ્ત હોય કે શિષ્યોના હૈયાસોંસરવી ઊતરી જાય. એવી એકાદ પણ વાચના શિષ્યોના ક્રોડો ભવોનો સંસાર ટૂંકો કરી નાંખે.

જેટલી ગુરુની વાચના બળવાન, એથી ય વધુ વાત્સલ્ય બળવાન. વાત્સલ્ય ભરેલો હાથ શિષ્યના માથે વહાલભરી રીતે જો ફરે તો શિષ્ય હર્ષથી ઘેલો બની જાય. તેને તે દિવસ ધન્ય બની ગયેલો જણાય. તેનો ઉત્સાહ અદમ્ય બની જાય.

ગુરુએ તમામ શિષ્યોને વાચના અને વાત્સલ્ય આપવા જોઈએ. એ વિના શિષ્યોનું જીવનગુલાબ કરમાઈ ગયા વિના રહેશે નહિ. પછી એને સંસાર યાદ આવે, વિજાતીયને જોવાનું મન થાય કે ખાનપાનાદિથી આનંદ મેળવી ખાય તો તેમાં શિષ્યનો વાંક ગણાય નહિ.

જેમ શિષ્યે ગુરુ પ્રત્યે અત્યન્ત સમર્પિત રહેવાનું છે તેમ ગુરુએ શિષ્ય પ્રત્યે અત્યન્ત વાત્સલ્યવિભોર બનવાનું છે. એકપક્ષી કોઈ પણ વાત ન્યાયસંગત નહિ ગણાય.

શક્ય હોય તો શિષ્યે ગુરુની પાસે–સાથે જ–કમ સે કમ પહેલાં દસ વર્ષ સુધી રહેવું જોઈએ. ખરેખર તો ગીતાર્થ બને ત્યાં સુધી રહેવું જોઈએ. ગુરૂકૂલ (આજ્ઞા) વાસની સાથે ગચ્છવાસ પણ જરૂરી છે. બન્નેના લાભો જુદા છે અને વિશિષ્ટ છે.

ગુરુની આજ્ઞાપૂર્વકનો ત્રણ-ચાર સાધુનો સહવાસ એ ગુરૂકૂલવાસ જરૂર કહેવાય. પણ ઘણા બધા સાધુઓએ ભેગા રહેવારૂપ જે ગચ્છવાસ છે તેના જે લાભો છે તે ત્યાં ન મળે. ગચ્છવાસનો સોથી મોટો લાભ એ છે કે "સાધુ દોષ સેવવા માંગે તો ય દોષ સેવી ન શકે. વળી દોષના મૂળમાં ઘા મારતી મુનિઓની વૈયાવચ્ચનો લાભ ગચ્છવાસમાં ખૂબ મળે.

જે સાધુ-સાધ્વી ખરેખર મોક્ષકામી છે તેમને આ બધી વાતો અત્યન્ત મીઠી લાગશે.

* * *

**जेट्ठव्वयपव्वयभर–समुव्वहणववसिअस्स अच्चंतं ।**
**जुवइजणसंवइयरे जइत्तणं उभयओ भट्ठं ।। 62 ।।**

**અર્થ :** મહાવ્રતોરૂપી પર્વતનો ભાર ઊંચકવામાં બરોબર ગોઠવાઈ ગયેલા - તેમાં સફળ થયેલા - સાધુ પણ જો જુવાન રૂપવતી સ્ત્રીનો સંપર્ક કરે તો તે બે બાજુથી ભ્રષ્ટ થાય છે.

**વિવેચન :** દરેક જીવે અનંતકાળ સુધી પાંચે ય ઇન્દ્રિયોનો ભોગ કર્યો. પણ તેમાં દરેક જીવે સ્પર્શેન્દ્રિયનો ભોગ ઔર વધુ અનંતકાળ સુધી (જ્યારે તે નિગોદમાં એકેન્દ્રિય તરીકે અનંતકાળ રહ્યો હતો ત્યારે) ભોગવટો કર્યો. આથી એની સ્પર્શનેન્દ્રિય ખૂબ કાર્યાન્વિત બની રહી. બેઈન્દ્રિયાદિના અનંતકાળમાં ય તેણે સ્પર્શનો ભોગ ખૂબ સારી રીતે કર્યો. આમ થવાથી તેની આ ઈન્દ્રિયની ઉત્તેજના કાતીલ બની ગઈ.

સ્પર્શથી કામસુખ વિશિષ્ટ રીતે પ્રાપ્ત થાય છે. એટલે જીવ આ ઈન્દ્રિયના કામસુખનો પડછાયો પણ દેખાતાં એકદમ ઉત્તેજિત થાય છે. આથી જ અચ્છા અચ્છા મુનિઓ, યોગીઓ, સાધકો પણ કામસુખમાં એકદમ તણાઈ જાય છે. એક ક્ષણમાં ઉત્તમ સાધનાનો ખાત્મો બોલાવી દે છે.

જૈન કે અજૈન - સર્વ ધર્મોમાં કામભોગના સેવનથી પાગલ બનીને બેફામ બની ગયેલા ઢગલાબંધ સંસારી સ્ત્રી–પુરુષોનાં દષ્ટાન્તો જોવા મળે છે. અરે, કેટલાય સંસારત્યાગીઓની હાલત પણ કામસુખની કલ્પનામાત્રથી ખરાબ થઈ જાય છે.

કામથી બચવું અતિશય મુશ્કેલ છે. સ્થૂલિભદ્રજી કામરાજની તમામ મોહક ગોઠવણ છતાં આરપાર નીકળ્યા તે જગતના જીવો માટે અતિ આશ્ચર્યજનક ઘટના છે. "આ શી રીતે બને ?" એ સહુના મનનો સવાલ છે. આથી જ તે મહાપુરુષની કથા તીર્થંકર દેવોની ચોર્યાસી ચોવીશીઓ સુધી લોકમુખે ગવાતી રહેવાની છે.

ખરી વાત એ છે કે જો બ્રહ્મચર્ય અખંડિત રીતે પાળવું હોય તો 'અબ્રહ્મ' અંગેની તમામ શક્યતાઓથી બાર હાથ છેટા રહેવું જોઈએ.

ઉત્તેજક નિમિત્તોનો માનસિક સંગ પણ કરાય તો 'બ્રહ્મચર્ય' વ્રત ખળભળી ઊઠે.

ગીતામાં સ્થિતપ્રજ્ઞના શ્લોકોમાં **ध्यायतो विषयान्पुंसः** શ્લોકમાં અબ્રહ્મ તરફ

જીવ કેવી રીતે ધકેલાતો જાય છે ? તેની ક્રમિક વાત સરસ રીતે કરી છે. ત્યાં વિષયોનાં માનસિક સંકલ્પને પતનનું સૌથી પહેલું પગથિયું કહ્યું છે. અને છેલ્લે બુદ્ધિનાશ દ્વારા પતન જણાવ્યું છે.

વિષયોનું ધ્યાન ન જાગે તો ઈશ્વર પણ તે આત્માને કામુક બનાવી શકે નહિ.

જેમ આ વાત એકદમ સાચી છે કે, "આગને અડો તો દાઝ્યા વિના રહો જ નહિ."

તેમ આ વાત પણ એટલી જ સાચી છે કે, "આગને ન અડો તો દાઝો જ નહિ."

જો અબ્રહ્મના ઉત્તેજક નિમિત્તોથી સદા આઘા રહેવાય તો બ્રહ્મચર્યનું પાલન સાવ સુલભ બની જાય.

સિંહગુફાવાસી મુનિ, સંભૂતિમુનિ, નંદિષેણ મુનિ, રહનેમિજી વગેરે જે ભડવીર યોગીઓએ પછડાટ ખાધી છે તેના મુખ્ય કારણમાં તેમને થયેલો કુનિમિત્તનો સંગ હતો.

કશાય કારણ (નિમિત્ત) વિના પણ આ વાસના ઉત્તેજિત થઈ શકે... પણ તે નિકાચિત કર્મોદયથી થાય. એવો કર્મોદય બહુ ઓછો થાય છે.

'સહેજે બાવા બ્રહ્મચારી' કહેવત સાચી છે; કેમકે બાવાને અશુભ નિમિત્તોનો સંગ ન હોય એટલે તે સહજ રીતે નિર્મળ બ્રહ્મચર્યના પાલક બની શકે.

બ્રહ્મચર્યનું પાલન ગમે તેટલું અઘરું ગણાતું હોય પણ ઉપર્યુક્ત કાળજીમાં તેનું પાલન અત્યન્ત સરળ બની જાય છે.

હા, આમાં મુખ્યત્વે રમા, રામા અને રસનાથી અત્યન્ત છેટા રહેવું પડે ખરું.

ગ્રન્થકારશ્રી કહે છે કે જે સાધુ બ્રહ્મચર્ય પાળી શકે નહિ તે બે જિંદગીથી ભ્રષ્ટ થાય છે.

(૧) સાધુવેષમાં રહેવા છતાં સાધુપણાનો આનંદ તે અનુભવી શકતો નથી.

(૨) ગૃહસ્થજીવનમાં ન હોવાથી ત્યાંના કામસુખોને માણી શકતો નથી.

* * *

**जइ ठाणी, जइ मोणी, जइ मुंडी, जइ वक्कली तवस्सी वा ।**
**पत्थितो अ अबंभं, बंभावि न रोचए मज्झं ।। 63 ।।**

**અર્થ :** ભલે તે કાયોત્સર્ગ કરતો હોય, મૌની હોય, તેના માથે મુંડન હોય, તે છાલીઆ વસ્ત્રો પહેરતો હોય, ઉગ્ર તપસ્વી હોય પણ જો તે અબ્રહ્મની ઇચ્છા

કરતો હોય તો તે બ્રહ્મા હોય તો ય મારો આદર નહિ થાય.

**વિવેચન :** બ્રહ્મચર્યનો મુખ્ય અર્થ છે; સ્વરૂપરમણતા.

બ્રહ્મસ્વરૂપ પોતાનો આત્મા છે. એના વિશુદ્ધ ગુણોમાં લીન રહેવું તે બ્રહ્મચર્ય.

આવું બ્રહ્મચર્ય પ્રાપ્ત કરવા માટે ભાવ-બ્રહ્મચર્ય અનિવાર્ય છે.

ભાવ-બ્રહ્મચર્ય એટલે મોક્ષ પામવા માટે ઊછળતો ઉલ્લાસ.

એ ભાવ-બ્રહ્મચર્ય સિદ્ધ કરવામાં જે સહાયક બને તેને દ્રવ્ય બ્રહ્મચર્ય કહેવાય.

ભાવનું કારણ બને તે પ્રધાન દ્રવ્ય. તે જ જ્ઞાનીઓને દ્રવ્ય તરીકે માન્ય હોય.

શરીરમાં જે સાત (રસ, લોહી, માંસ, ચરબી, અસ્થિ, મજ્જા, વીર્ય) ધાતુઓ છે તેમાં સાતમા નંબરની ધાતુ વીર્ય છે. આ વીર્ય એ શરીરની બહુ મોટી શક્તિ હોવાથી તેને શરીરનો રાજા કહેવાય છે. જો તે પડ્યો કે મર્યો તો બાકીની છ ધાતુઓના સૈન્યમાં નાસભાગ થવા લાગે છે.

જો વીર્ય ઠંડું રહીને ઘટ્ટ બની રહે તો તેમાંથી ઊર્જા થાય; છેલ્લે તેજ બને. આ તેજ આખા શરીરમાં એકરસ થઈને રહે એટલે તેનું સ્ખલન થઈ શકે નહિ. માટે જ યોગીઓ વીર્યને તેજમાં રૂપાન્તર કરે છે.

તેજ એટલે શરીરની કાન્તિ નહિ પરન્તુ કોઈ પણ સિદ્ધિમાં રૂપાન્તર પામતું બળ. કોઈને તપમાં રૂપાન્તરિત થાય; કોઈને વ્યાખ્યાનશક્તિમાં રૂપાન્તરિત થાય, કોઈનું પુણ્યશક્તિમાં રૂપાન્તર થાય.

કોઈ યોગી કોલેજના વિદ્યાર્થીઓને પતંજલિ યોગ-વાસિષ્ઠ ભણાવતા હતા. તેમાં સૂત્ર આવ્યું કે, "**ब्रह्मचर्यप्रतिष्ठायां वीर्यलाभः**. આ સૂત્રનું તાત્પર્ય તે વિદ્યાર્થીઓએ એ કાઢ્યું કે "બ્રહ્મચર્ય જો સિદ્ધ થાય તો શરીર હૃષ્ટપુષ્ટ થાય."

એક વાર તે બધા જંગલમાં ફરવા ગયા. ત્યાં કોઈ દૂબળા-પાતળા યોગીને જોયો. આપસમાં ગુસપુસ કરવા લાગ્યા કે, "શું આ દેખાતો બાવો ખરેખર બ્રહ્મચારી હશે ? એના મોં ઉપર કોઈ તેજ તો છે નહિ !"

આ વાત યોગીએ સાંભળી. કશું બોલ્યા વિના ઊભા થઈને તે પોતાના નિવાસસ્થાન (ગુફા) તરફ ચાલવા લાગ્યા. વિદ્યાર્થીઓને તેમની પાસે રીતસર ઘસડાવવું પડતું હોય તેવી તેમને લાગણી થઈ.

ગુફામાં પ્રવેશતાં જ ત્રણ દિશામાંથી ત્રણ સિંહ ધસી આવ્યા. તેમને જોઈને

વિદ્યાર્થીઓ અત્યન્ત ગભરાઈ ગયા. તેઓ સલામતી માટે યોગીના બે પગની વચ્ચે બેસી ગયા.

યોગીએ ત્રાડ નાંખીને સિંહોને કહ્યું, "કુત્તાઓ ! આટલું ય સમજતાં નથી કે આંગણે અતિથિઓ આવ્યા છે. તે ડરી ન જાય તે માટે તમારે અદશ્ય રહેવું જોઈએ. જાઓ, હમણાં જ ચાલ્યા જાઓ." તરત સિંહ પાછા ફરી ગયા.

હવે વિદ્યાર્થીઓને શાન્તિ થઈ.

આજે એમને ખબર પડી કે બ્રહ્મચર્યની શી તાકાત છે !

યોગીની ક્ષમા માંગીને તેઓ ચાલ્યા ગયા.

અરે, મહાભારતના કૃષ્ણ જેવાને બ્રહ્મચારી ભીષ્મે એક પ્રસંગમાં હંફાવી દીધા હતા.

સંસારત્યાગીઓએ જે સંયમધર્મની આરાધના કરવાની છે તેના નીતિ-નિયમોનું પાલન 'શરીર' માટે અતિ મુશ્કેલ છે. વિહાર, લોચ, સ્વાધ્યાય વગેરે બાબતોમાં 'વીર્ય'ની સહાયતા ખૂબ જરૂરી છે. જો તે ક્ષીણ થાય તો જૈનમુનિઓના સાધુત્વનું પાલન લગભગ અશક્ય બની જાય.

આજ કારણે ગરીબો, ભિખારીઓ, ભૂખ્યા લોકો સંસારનું પુષ્કળ કષ્ટ ભોગવશે પરન્તુ જૈનદીક્ષા તો નહિ જ લે. ખરેખર તે જીવન કષ્ટમય છે.

આવો દેહકષ્ટનો ભોગવટો હસતે મોંએ તો જ શક્ય છે જો બ્રહ્મચર્ય (દ્રવ્ય-વીર્ય) એકદમ સુરક્ષિત હોય; તે ઓજ કે તેજમાં રૂપાન્તર પામ્યું હોય.

શંકરાચાર્યજીએ પોતાના શિષ્યોને કહ્યું હતું કે, "જો તમને ક્યારેક સ્વપ્નમાં સ્ત્રીનો 'રાતો છેડો' દેખાઈ જાય તો બીજે દિ' ઉપવાસ કરજો અથવા એક કલાક ઘંટી દળવાનો સખત પરિશ્રમ કરજો."

તેમનું આ વચન વીર્યક્ષયની મોટી શક્યતા સામે કિલ્લેબંધી કરવારૂપ હતું.

"કામ, કામને મારે." એ વાક્યમાં બ્રહ્મચર્યરક્ષાનું સચોટ ઔષધ બતાડ્યું છે.

જો માણસ સખત પરિશ્રમ કરે તો તેને કામવાસનાનું જાગરણ અશક્ય બની જાય.

જે શ્રીમંત લોકો ખૂબ પૈસાવાળા છે; તેથી સાવ એશારામી જીવન જીવે છે તેઓ શીલપાલનમાં અતિશય નબળા હોય છે. તેમની સંપત્તિ વ્યભિચાર વગેરે માર્ગો તરફ ઢસડાઈ જાય છે.

જે લોકો ભારતીય પ્રજાના મહાપુરુષો તરીકે વિખ્યાત બન્યા છે તે તમામ

દ્વારા શીલપાલનને ખૂબ મહત્ત્વ અપાયું છે. તેમણે પણ ઉત્કૃષ્ટ રીતે શીલપાલન કર્યું છે. રામકૃષ્ણ પરમહંસ, રમણ મહર્ષિ, અરવિંદ ઘોષ, સ્વામી વિવેકાનંદ અને છેલ્લે ગાંધીજી......

આ શ્લોકમાં ગ્રન્થકારશ્રી બ્રહ્મચર્ય પ્રત્યેની કટ્ટરતાને પ્રગટ કરતાં કહે છે કે, "જો કોઈ મોટો રૂસ્તમ (બ્રહ્માજી) હોય પણ તે નિર્મળ બ્રહ્મચર્ય પાળતો ન હોય તો હું તેના પ્રત્યે કોઈ આદર ધરાવતો નથી."

અજૈનોના ગ્રન્થોમાં ક્યાંક તેમના ભગવાનોની લીલાઓને–બચાવ કરવાપૂર્વક - દર્શાવી છે. ગ્રન્થકારશ્રીને આ વાત જચતી નથી. જ્ઞાનીઓ કહે છે જો રાગી પણ ભગવાન કહેવાય તો તો હદ થઈ ગઈ.

જૈનધર્મના અન્ય વ્રતોમાં અપવાદરૂપે બાંધછોડ કરવાની રજા મૂકી છે. પણ શીલપાલનમાં કોઈ એવી રજા અપાઈ નથી.

જો કોઈ સાધુને વાસના સતાવવા લાગે તો તેના શમનના ઉપાયો કરવા પડે. પણ તેથી ય જો શમન ન થાય તો તેણે વિધિસર વેષનો ત્યાગ કરીને ગૃહસ્થ બની જવું પડે. એમાં એની કોઈ દયા ખવાય નહિ.

આજનું સંશોધન કહે છે કે શરીરની સાતમા નંબરની ધાતુ વીર્યની અંદર સોનું હોય છે. સોનું આરોગ્યને ઉત્કૃષ્ટ રીતે સારું રાખે છે. તેનામાં રોગપ્રતિકારશક્તિ છે.

પેલા લુહારને લુકમાન વૈદે કહ્યું કે, "શું તું ક્યારેય માંદો નહિ પડે ?"

તેણે જવાબ આપ્યો કે, જે માણસ દર સપ્તાહે એક દિવસ લાંઘણ કરે. દર પખવાડિયે એક ઉપવાસ કરે અને મહિનામાં એક જ દિવસ પત્ની પાસે જાય તેને માંદા પડવાનો સવાલ જ આવતો નથી."

આ જ વાત સોક્રેટિસે કરી હતી કે, "જો દર મહિને એકાદ વાર પણ કોઈ પુરુષ પત્ની પાસે જાય તો તેણે અકાળે મરી જવાની તૈયારી કરી રાખવી."

* * *

**तो पढियं तो गुणियं तो मुणियं, तो अ चेइओ अप्पा ।**
**आवडियपेल्लियामंतिओ वि जइ न कुणइ अकज्जं ।। 64 ।।**

**અર્થ :** તેણે ભણ્યું–ગણ્યું કહેવાય, શાસ્ત્ર જાણ્યું કહેવાય, આત્માને ઓળખ્યો ગણાય કે જે કુશીલ માણસની જાળમાં ફસાયો છતાં, મિત્રોએ કુકર્મ કરવાની પ્રેરણા કરી દીધી હોય, કોઈ સ્ત્રીએ ખરાબ કામ કરવાનું આમંત્રણ આપ્યું હોય છતાં તે અકાર્ય ન કરે.

**વિવેચન :** મને શેઠ સુદર્શન યાદ આવે છે. અભયારાણીએ તેને શીલભંગ માટે ઘણી બધી તરકીબો કરી. બળાત્કારનું આળ મૂકવા સુધી પહોંચી ગઈ પણ સુદર્શન અકાર્ય કરવા માટે હરગીજ તૈયાર ન થયો. એક વાર તો તેણે પોતાને નપુંસક કહીને છૂટકારો મેળવ્યો.

કુમારગિરિ અને સોમેશ્વર ભટ્ટ ! બે મહાપ્રાજ્ઞ પંડિતો ! તેમની પાસે ભણતી અતિશય રૂપવતી રાજકુમારીઓ ! તેમનાં મન ચલિત થયાં. આગળ પણ વધ્યા. પરંતુ રાજકુમારીઓએ અકાર્યમાં જરા ય સાથ ન આપ્યો.

પંન્યાસ સિદ્ધિચન્દ્રજીને શાહજાદીનો હાથ અને દિલ્હીનો તાજ આપવાનું બાદશાહ શાહજહાંએ જણાવ્યું પણ ત્રાડ પાડીને પંન્યાસજીએ બાદશાહને ધમકાવી નાંખ્યા. મહારાજ તરત ચાલી ગયા.

આવું જ વીરાચાર્યજી માટે બન્યું. સિદ્ધરાજ જયસિંહે ગુમાનમાં આવીને તેમની હાંસી કરી. વીરાચાર્યે તરત રાજસભા છોડી દીધી.

એક સાધુ વર્ષો બાદ પોતાના વતનમાં આવ્યા. તે વખતે તેમની પત્ની સગર્ભા થઈ હતી. પોતાનું પાપ છુપાવવા માટે તેણે સાધુને સંસારી બની જવા પ્રેરણા કરી. પણ સાધુએ તેવું કરવાની ફરજ ન પડે તે માટે ગળે ફાંસો ખાઈને આપઘાત કરી લીધો.

સાધુ તરસ્યો મરે પણ અનાચારની પરબનું પાણી પીને જીવતો ન જ રહે.

ચન્દ્રયશા રાજાને પૌષધ-સંબંધિત પ્રતિજ્ઞાનો ભંગ થાય તે માટે દેવીઓએ આશ્ચર્યજનક ટુચકો કર્યો પણ રાજા તેની જાળમાં ન જ ફસાયા. પોતાના પ્રાણની આહુતિ આપવા તૈયાર થઈ ગયા.

* * *

**पगडियसव्वसल्लो गुरुपायमूलंमि लहइ साहुपयं**
**अविसुद्धस्स न वड्ढइ गुणसेढी तत्तिया ठाइ ।। 65 ।।**

**અર્થ :** જે સાધુ ગુરુચરણે બેસીને પોતાનાં તમામ પાપોને પ્રગટ કરી દે છે તે સાધુ સાધુપણાથી પતિત થયો હોય તોય પુનઃ સાધુપદ પામે છે.

જો સાધુ આમ ન કરે તો તેની અશુદ્ધિને લીધે તેનામાં ગુણવૃદ્ધિ થતી નથી. જે ગુણશ્રેણી છે તે સ્થગિત થાય છે.

**વિવેચન :** ગમે તેવો ભયાનક પાપી કેમ ન હોય ! શુદ્ધ પ્રાયશ્ચિત્તથી તે એકદમ શુદ્ધ બને છે. આવી શુદ્ધિ અવશ્ય કરવી જોઈએ. નહિ તો તે સાધુ ગમે તેટલો તપ, સ્વાધ્યાય વગેરે કરે પણ તેનો આત્મવિકાસ એક ડગલું પણ થતો નથી.

પગમાં બાવળીઓ કાંટો વાગી ગયા બાદ ગમે તેવો હૃષ્ટપુષ્ટ માણસ એક ડગ પણ માંડી શકતો નથી.

આ કાંટાના શલ્ય કરતાં પાપનું શલ્ય અતિ ભયાનક છે.

જૈનધર્મનું જે શ્રેષ્ઠ તત્ત્વ છે તે સમ્યગ્દર્શન છે. સમ્યગ્દર્શનના અનેક સ્વરૂપોમાં એક છે; પાપનો કાતીલ ડંખ **(Conscious bitting).** નાનકડા પણ પાપને મેરુ જેવડું જોવું.

તેની ઉપર એટલો પશ્ચાત્તાપ કરવો કે તેના પાણીથી તળાવ ભરાઈ જાય. પછી સાચા દિલથી શુદ્ધિ કરવી. લખતાં લખતાં કાંઈ લખવું રહી જવાનો આભાસ થાય અને તે બધુ, ઝીણામાં ઝીણું, યાદ કરી કરીને વિસ્તારથી લખાય. એ લખાણમાં વખતોવખત પોતાના પાપમય જીવનનો એકરાર થતો રહે. 'બચાવો, બચાવો'ની બૂમો લખાતી રહે.

પાપ કરતાં પશ્ચાત્તાપની અને પ્રાયશ્ચિત્તની તાકાત અનંતગુણ વધારે છે.

પાપની પાંચ લાખ ટનની રૂની ગંજીને સળગાવી દેવા માટે પશ્ચાત્તાપની એક જ કાંડીની આગ બસ થઈ પડે છે.

પાપ કરનારો એક મિનિટનું જ પાપ કરતો હશે. સો મિનિટનો પશ્ચાત્તાપ કરતો હશે. પણ પછી આખું જીવન તેને યાદ કરીને રડતો રહે એ બહુ મોટી વાત છે. આખું જીવન પશ્ચાત્તાપ કરવાથી ભવોભવનાં પાપો બળીને સાફ થઈ જાય છે.

એક જ ભવમાં આ બધી વાતોનો અનુભવ નહિ મળે; પણ સાચા દિલથી પ્રાયશ્ચિત્ત કરનાર આત્માને પાંચથી સાત ભવમાં નિશ્ચિત્તપણે મોક્ષ મળી જાય છે.

પાપ કર્યા બાદ જો તેનો આઘાત ખૂબ ઊંડો પડ્યો હોય તો ફરીથી તે પાપ કરવા માટે નિષ્ઠુર બની શકાશે નહિ. અકરણનિયમ સધાઈ જશે.

આધ્યાત્મિક જગતની સૌથી મોટી વસ્તુ પ્રાયશ્ચિત્ત છે.

તેનાથી પણ મોટી વસ્તુ એક જ છે : અકરણનિયમ.

દોષ સેવનાર આત્માએ જેમ બને તેમ જલદી શુદ્ધિકરણ કરવું જોઈએ. જો તેમાં વિલંબ થશે તો નિષ્ઠુર બનીને તે દોષ વારંવાર સેવાતો થઈ જશે. આમ થતાં પ્રાયશ્ચિત્ત કરવાનું ટળી જશે.

સત્યકી કેટલો મોટો પાપી હતો ? પણ એના પશ્ચાત્તાપની નોંધ લઈને

પરમાત્મા મહાવીરદેવે સમ્યગ્દષ્ટિ કહ્યો હતો.

ચિલાતીપુત્રે પાપોને યાદ કરી કરીને કેટલાં આંસુ પખાળ્યાં ?

ખંધક મુનિ, ગજસુકુમાલ મુનિ વગેરે મહામુનિઓએ તો અપકારીને પણ અત્યન્ત ઉપકારી માનીને પરમ સમતા આરાધી.

ગ્રન્થકારશ્રીનો એવો સ્પષ્ટ અભિપ્રાય જાણવા મળે છે કે અચ્છા રુસ્તમો (મહામુનિઓ) પણ પાપ કરી બેસે. રહનેમિ, મેઘમુનિ, નંદિષેણ મુનિ વગેરે ઘણાં દૃષ્ટાન્તો આપી શકાય. પણ તેવા બધાએ પ્રાયશ્ચિત્ત તો કરવું જોઈએ. તેથી તે આત્માને પૂર્વે જેટલી શુદ્ધિ હતી તેથી પણ વધુ આત્મશુદ્ધિ અને ગુણવૃદ્ધિ પ્રાપ્ત થાય.

કોઈ પણ જાતના સંકોચથી, ભયથી, અપમાનની શકયતાથી પ્રાયશ્ચિત્ત કરવાનું અટકાવવું ન જોઈએ.

આપણને ભલે આપણાં પાપો બહુ ભયાનક લાગે, અને તેથી ગુરુ પાસે રજૂ કરવાની હિંમત ન ચાલે પરન્તુ હકીકત જુદી છે. "આપણા કરતાં ઘણા વધુ ભયંકર પાપો બીજાઓએ સેવ્યાં છે. એ અપેક્ષાએ તો આપણું પાપ અતિ કાતીલ નહિ જ હોય." આમ વિચારીને, ઉત્સાહિત બનીને સદ્‌ગુરુની પાસે સાવ ખુલ્લા થઈ જવું એમાં જ સ્વહિત સમાયેલું છે.

આલોચના તો જ શ્રેષ્ઠ કક્ષાની થઈ શકશે જો અહંકારના ચૂરા નીકળી ગયા હશે, જો પરલોકે દુર્ગતિ થવાનો અતિભય લાગતો હશે, જો જિનાજ્ઞાભંગ કર્યાનો આઘાત સતત દૂઝતો હશે.

પકડાઈ જવાથી પાપની આલોચના કરવી એ આલોચના સાવ અર્થશૂન્ય ગણાય.

ન પકડાયા તો પણ શું ? અનંતાનંત કેવલી ભગવંતો વગેરેની નજરમાં તો પકડાઈ જ ગયા છીએને ?

કાયદાની ભાષામાં ગુનો કરનાર ગુનેગાર ગણાતો નથી ગુનો કરીને પકડાઈ જનાર ગુનેગાર ગણાય છે. આધ્યાત્મિક જગતમાં આ વાત જરાય માન્ય નથી.

પાપભીરૂ આત્માઓ તો પાપ ન પકડાયું હોય તોય ભીતરમાં સતત રડતા-ઝૂરતા રહે છે. તેમના મોં ઉપર વિલક્ષણ પ્રકારની ગાઢ ઉદાસી રહે છે. શુદ્ધિ ન થાય ત્યાં સુધી તેમને કશામાં રસ થતો નથી.

એક અપેક્ષાએ કહું તો ધર્મી જીવો કરતાં પાપી જીવો જલદી મોક્ષે જતા હશે. તેનો આ તર્ક છે.

ધર્મી જીવોને ધર્મ કર્યાનો અહંકાર હોય છે. આથી તેઓ ગુણીજનોનો ગુણાનુવાદ તો નથી કરી શકતા પણ પરદોષદષ્ટા હોય છે. પોતે ધર્મ કરે છે એટલે પોતાની વિશિષ્ટતાઓને સહુ ગાય તેવી અપેક્ષા હોવાથી બધા પાસે સ્વગુણપ્રશંસા કરતા હોય છે.

આમ કરવાથી તેઓ ધર્મનું વાસ્તવિક ફળ પામી શકતા નથી.

જે પાપ કરી બેસે છે તેનો સારા સાધુ તરીકેનો અહંકાર ખતમ થઈ જાય છે. અહંકારનો ખાત્મો બોલાય એ બહુ મોટી વાત કહેવાય.

અહંકાર ખતમ થવાથી તે પરદોષદર્શન અને સ્વગુણદર્શન ક્યારેય કરી શકતો નથી. તેને સતત પોતાનું પાપ યાદ આવે અને તેની આંખોના ખૂણિયા આંસુથી ભરાઈ જાય. કોઈ ન દેખે તેમ એ અભાગી (!) જીવ આંસુ લૂંછી નાંખે.

અહંકારનાશ, સ્વદોષદર્શન અને પરગુણદર્શન એ પાપ કરી બેઠેલા પાપીને મળતી ત્રણ બક્ષિસ છે. આવો આત્મા જેવી આલોચના કરે કે તરત તેના અનાદિકાલીન અનંત પાપો સાફ થઈ જાય. તે હળવો ફુલ બની જાય.

જીવ પાપે કાળો હતો ત્યારે કોઈ પણ જીવના વિકાસમાં જરૂરી ઉલ્લાસ ઊભો થતો ન હતો. હવે તો એ ઉલ્લાસનો ધોધમાર પ્રવાહ તૂટી પડ્યો.

એટલે કહું છું કે કેટલીક વાર ધર્મી કરતાં પાપી જીવ જલદી તરી જતો હોય છે.

મુનિ સુબાહુકુમાર અને દઢપ્રહારી વચ્ચે કેટલો મોટો ફરક !

પાપ કરે તે પાપી નથી, જો તેને તીવ્ર પશ્ચાત્તાપ રહે તો.

ધર્મ કરે તે ધર્મી નથી, જો તે અહંકારી હોય તો.

કેટલીક વાર દીર્ઘકાળ સુધી પાપસેવન થતું હોય છે. આલોચના કરાય તો ય પાપ ખસે નહિ. આવા વખતે હિંમત હાર્યા વિના વારંવાર સદ્ગુરૂની પાસે પાપનું આલોચન કરતા જ રહેવું. કેમ કે પાપનો નાશ કરવાનો રસ્તો એક જ છે : પાપ પ્રત્યે ધિક્કારભાવ સાથે આલોચના.

દરેક વખતની આલોચના આત્મામાં રહેલા પાપસંસ્કારોનું બળ તોડે છે. આ વાતમાં પૂરી શ્રધ્ધા રાખવી જોઈએ. 'મારું પાપ ક્યારે જશે ?' તેવી શંકા, અશ્રધ્ધા કે અધીરાઈ કરવી નહિ. મને કહેવા દો કે કદાચ પાપ વધુમાં વધુ આ

ભવના છેડા સુધી લંબાશે. પણ આવતા ભવે તો એ ખતમ થઈને જ રહેશે.

અનંતા ભવોનું પાપ એક જ ભવમાં શેં જાય ?

એક ભવમાં વર્ષો સુધી કરેલું પાપ એકાદ બે વખતની આલોચના કરી કે જતું રહે તે શી રીતે શક્ય છે ?

જિનાજ્ઞા પ્રમાણે પાપની આલોચના કરવાથી પાપોને ધોબીપછાડ મળે છે. તે ઝટ બેઠાં થઈ શકતાં નથી.

પાપનું આલોચન એટલે "મિચ્છા મિ દુક્કડં."

અંતઃકરણથી કરેલાં પાપોની માફી માંગવી.

દરેક આત્મામાં લાખો પાપોના ગાઢ સંસ્કારો પડેલા છે. તેમને ઘસવા અને ખતમ કરવા એ માત્ર તીવ્રભાવે આલોચનાથી શક્ય છે.

જો પાપો કરતાં લાજ-શરમ રાખી નથી તો તેનું સદ્‌ગુરૂ પાસે આલોચન કરવામાં કેવી લાજ ? કેવી શરમ ?

ખરેખર તો એ સદ્‌ગુરૂઓએ આપણા પાપોની ઘણી નીચકક્ષાની કલ્પનાઓ કરી રાખી હોય છે. એમાંય આજના અતિ ગંદા નિમિત્તોને કારણે તથા કુસંગને કારણે ખૂબ ખાનદાન આત્માઓના પણ ખૂબ વિકૃત રીતના પતન થતાં હોય છે. એટલે સદ્‌ગુરૂની કલ્પના કરતાં આલોચક આત્માનું પાપ તો વધુ પડતું ખરાબ હોતું નથી.

છતાં સદ્‌ગુરૂને જે ખરાબ લાગવું હોય તે ભલે લાગે, આલોચના તો શુધ્ધતમ રીતે કરવી જોઈએ. અરે, તે કદાચ પાપની લોકોમાં જાહેરાત કરી દે તો ય વાંધો લેવો ન જોઈએ. શુધ્ધિ થઈ એ જ મોટી વાત. દીર્ઘકાળનું ભવભ્રમણ હવે મટી ગયું એ જ મોટી વાત. હવે ઉલ્લસિત દિલે સંયમધર્મમાં છલાંગો મારીને નીતનવો વિકાસ સાધી શકાશે તેવી ભૂમિકા થઈ એ જ મોટી વાત.

આ જગતમાં ગમે તેટલાં પાપો હશે, તેમનું જોર પણ ખૂબ હશે, પરન્તુ આલોચના અને પ્રાયશ્ચિત્ત તો ધરતી ઉપરના બે અમૃતકુંભો છે. જો તેમનું અસ્તિત્વ ન હોત તો નારકો ઊભરાતી હોત : નાની પડતી હોત.

* * *

**जइ दुक्करदुक्करकारओ त्ति भणिओ जहट्ठिओ साहू ।**
**तो कीस अज्जसंभूअविजय-सीसेहिं नवि खमिअं ।। 66 ।।**

**અર્થ :** જો સ્થૂલભદ્ર સાધુ દુષ્કરદુષ્કરકારક હતા જ એટલે ગુરૂ સંભૂતિવિજયજીએ

તેમને તેવા કહ્યા. તો શા માટે તેમના અન્ય શિષ્યો (સિંહગુફાવાસી મુનિ વગેરે) એ તેમની ઉપર ઈર્ષ્યા કરી ?

**जइ ताव सव्वओ सुंदरुत्ति कम्माण उवसमेण जइ ।**
**धम्मं वियाणमाणो इयरो किं मच्छरं वहइ ।। 67 ।।**

**અર્થ :** પોતાના વિકાસમાં બાધક કર્મોનો ઉપશમ થવાથી સ્થૂલિભદ્રજીનો આત્મા બધી રીતે ઉત્તમ હતો. હવે સવાલ થાય કે તો પછી (સિંહગુફાવાસી) મુનિએ તેમની ઉપર ઈર્ષ્યા કેમ કરી ?

**વિવેચન :** આ શ્લોકના સવાલનો જવાબ એ છે કે જીવો કર્મને આધીન છે. તેમણે જેવાં કર્મો બાંધ્યાં હોય તે તેમને ભોગવવાં જ પડે. કેટલાક કર્મો દુઃખ લાવે, કેટલાક દોષો તાણી લાવે.

સિંહગુફાવાસી મુનિની સાધના કેવી જબરદસ્ત હતી ! આમ છતાં પહેલાં તે ઈર્ષ્યાનો ભોગ બન્યા.

પછી તે ગુરૂદ્રોહનો ભોગ બન્યા.

પછી તે કામસંજ્ઞાનો ભોગ બન્યા.

અને સંપૂર્ણ સાધુજીવન હારી ગયા.

એક બાજુ ખૂબ ઉત્તમ મુનિ.

બીજી બાજુ સાવ અધમ કક્ષાએ ધકેલાઈ ગયેલા મુનિ.

સામાન્યતઃ જીવને પરોત્કર્ષ અને સ્વાપકર્ષ ખમાતો નથી.

ઘણી ઘોર સાધના કરવા છતાં જે દોષોના સંસ્કારો ગાઢ બનીને આત્મામાં પડ્યા છે તેનો નિકાલ થતો નથી. આ માટે પરમાત્મભક્તિ અને ગુરૂકૃપા જ કામિયાબ છે.

આ મુનિની ઈર્ષ્યા તો બહુ મામુલી છે. પણ પરમાત્મા મહાવીરદેવના ગુણો દેવેન્દ્ર પાસેથી સાંભળ્યા બાદ સંગમક દેવને જે ઈર્ષ્યા થઈ તેનો જોટો મળવો મુશ્કેલ છે.

તે દાંત કચકચાવીને ત્રાટક્યો. તેણે અતિ ભયાનક કાળચક્ર છોડ્યું. ચાલીસ યોજનની પત્થરની અખંડ શિલા હોય, તેની સાથે જો આ કાળચક્ર અથડાય તો શિલાનો પાઉડર કરી નાંખે. આટલું ભયાનક કાળચક્ર જ્યારે દેવાધિદેવના માથામાં ટકરાયું ત્યારે કૃપાલુના પ્રચંડ શારીરિક પુણ્યોદયને લીધે બીજું તો કાંઈ ન થયું પણ તેનો જોરદાર ધક્કો લાગતાં પ્રભુ ધરતીમાં અડધા ઉતરી ગયા.

પણ સબૂર ! બીજી જ પળે પોતાની જાતને બહાર કાઢી લીધી. જેવી હતી તેવી કાયોત્સર્ગ મુદ્રામાં સ્થિર થઈ ગયા. એ જ પ્રસન્નતા, એ જ સ્વસ્થતા.

અરે ! થાકીને પાછા ફરી રહેલાં સંગમકની પીઠ જોઈને પ્રભુને વિચાર આવ્યો કે, આખા વિશ્વને તારવાની ભાવનાવાળો હું ! અને હું જ આ આત્માનો અનંતસંસાર વધારવામાં નિમિત્ત બની ગયો ! કેટલું ખોટું થયું !

એ વખતે પ્રભુની આંખોમાં ઝળઝળીયાં આવ્યા.

પોતાની ઉપર તૂટી પડેલા દુઃખોના પહાડની અકથ્ય વેદના સામે 'ઉફ્' એટલોય અવાજ નહિ અને ઓલા સંગમક ઉપર કરુણાની વૃષ્ટિ થઈ.

જ્યાં જ્યાં આગ છૂટી ત્યાં ત્યાં પ્રભુએ પાણીના ધોધ છોડીને બધું ઠડુંગાર કરી દીધું.

ઈર્ષ્યા નામની ડાકણનું બિભત્સ અટ્ટહાસ્ય જોવું હોય તો દુર્યોધન તરફ નજર કરો.

યુધિષ્ઠિરનો ઉત્કર્ષ ન જોવાયો ત્યારે તે અત્યન્ત બેચેન બન્યો. છેવટે શકુનિ મામાને આપઘાત કરી લેવાની ઈચ્છા જણાવી. શકુનિએ પાંડવોની પ્રચંડ શક્તિની વાત કરી. યુધ્ધના મેદાનમાં તે ખૂબ વામણો જણાશે તેમ પણ સમજાવ્યું. હાય, તો ય દુર્યોધન ઈર્ષ્યાથી નખશિશ સળગતો રહ્યો. છેવટે જુગારનો દાવ રમીને શકુનિએ તેની તરફેણમાં બાજી પલટાવી આપી.

અનાદિકાળના કુસંસ્કારો તો ઘણા બધા છે પણ તેમાં અહંકાર સૌથી ભયાનક દોષ છે.

આ એવો બાપ છે જેની સાથે ક્રોધ નામનો દીકરો રહે છે, નિંદા અને ઈર્ષ્યા નામની બે દીકરીઓ પણ સદા સાથે રહે છે. આ ચારની ચોકડી (ચંડાળ ચોકડી) ચોવીસે કલાક સાથે રહે છે.

કોઈને એમ થતું હોય કે, 'મારામાં ચારમાંથી એક અથવા બે દોષ છે, પણ બાકીના નથી' તો તે ભાઈ ભ્રમમાં છે. ચારમાંથી કોક દોષ સુષુપ્ત રહેતો હોય તો દેખાય નહિ.

ઈર્ષ્યા પોતાનાથી વધુ શકિત કે લબ્ધિવાળા પ્રત્યે થાય. શ્રીમંતને ભિખારીની ઈર્ષ્યા ન થાય.

નિન્દા ગમે તેની થાય પોતાનાથી ચડિયાતાની થાય, હેઠની પણ થાય.

ક્રોધ સર્વત્ર થાય.

આમાં ઈર્ષ્યાને ગ્રન્થકારશ્રી વિશેષ લક્ષમાં લે છે. આ ઉપરથી લાગે છે કે અપેક્ષાએ આ દોષ અતિ ખતરનાક હશે.

પેલો પંકપ્રિય કુંભાર ! ખૂબ શ્રીમંત હતો છતાં રાજપરિવાર વગેરે તરફ, મોટા શ્રીમંતો તરફ એ ભરપૂર ઈર્ષ્યા કરતો. તેમનો ઉત્કર્ષ સાંભળીને કે જોઈને તે નખશિશ સળગી જતો. ક્યારેક તે સહન ન થાય તો છાતી, માથું કૂટવા લાગતો.

દીકરાઓને જાનનું જોખમ દેખાતાં તેને જંગલમાં નાનું ઘર કરી આપીને ત્યાં મુકી દીધો. ત્યાં ખાસ કોઈ આવતું-જતું નહિ.

કમનસીબે એક દિવસ રાજા-રાણી પૂરા આડંબર સાથે ચાર ઘોડાની બગીમાં ત્યાં આવી ચડયા. પંકપ્રિય કુંભારે તેમને જોયા. તે ભડકી ગયો. ઈર્ષ્યાથી ચીસાચીસ કરવા લાગ્યો. છાતી-માથું કુટવા લાગ્યો. છેલ્લે તો પત્થરની શિલા સાથે જોરથી માથું અફળાવી દીધું. તરત ખોપરી ફાટી ગઈ.

એક હતા રાજર્ષિ, વિશ્વામિત્ર.

બીજા હતા બ્રહ્મર્ષિ, વસિષ્ઠ.

રાજર્ષિને બ્રહ્મર્ષિ બનવું હતું પણ પાત્રતા નહિ દેખાવવાથી તે પદ વસિષ્ઠ આપતા ન હતા. આથી વસિષ્ઠ ઋષિને જ બ્રહ્મર્ષિ પદેથી હટાવી દેવા તેમને જાનથી મારી નાંખવાની રાજર્ષિએ તૈયારી કરી.

એ તો સારું થયું કે બ્રહ્મર્ષિના મોંએથી પોતાની પ્રશંસા ખાનગીમાં સાંભળતાં રાજર્ષિને આઘાત લાગ્યો. પગે પડીને માફી માંગી. પોતાની એ પદની અપાત્રતા સ્વીકારી એની સાથે જ બ્રહ્મર્ષિએ વિશ્વામિત્રને બ્રહ્મર્ષિ પદે આરૂઢ કર્યા.

નાના ભાઈ ભદ્રબાહુસ્વામીને આચાર્ય પદ મળ્યું. મોટા ભાઈ વરાહમિહિર મુનિને ન મળ્યું. ઈર્ષ્યાથી સળગીને ખાખ થઈ ગયેલા વરાહમિહિરે સાધુવેષ છોડી દીધો. સંસારી બની ગયા.

ખરેખર તો ગુણિયલ આત્માઓ તરફ પ્રમોદ હોવો જોઈએ. તેના પ્રત્યેક ગુણને અનુલક્ષીને "વાહ ભાઈ વાહ ! કમાલ !" એવું મનોમન થવું જોઈએ.

બીજા જીવોના વિકાસમાં બળી જવાથી પોતાનું પુણ્ય બળે છે. આમાં જીવતત્ત્વનું અપમાન થાય છે. દરેક જીવમાં શિવ રહેલો છે. તે શિવના પ્રગટ થયેલા કોઈક ગુણાંશ પ્રત્યે ઈર્ષ્યા જાગે : અહોભાવ પેદા ન થાય તે જીવતત્ત્વનું- સમગ્ર જીવરાશિનું અપમાન કહેવાય.

મહાપુરુષ તે છે કે જે પોતાના જે અંશને કારણે કોઈ ઈર્ષ્યા કરતું હોય તે અંશને ખતમ કરીને તે વ્યક્તિને ખુશ કરી દે છે.

નિમાઈને ખબર પડી કે પોતાનો નિબંધ શ્રેષ્ઠ રીતે લખાયો છે એટલે ગુરૂદેવ તેને જ પહેલો નંબર આપશે. આ કારણે મિત્ર રઘુનાથ મનોમન ખૂબ સળગતો રહ્યો. નિમાઈને આ વાતની ખબર પડતાં રઘુનાથના દેખતાં જ નદીના અગાધ જળમાં તે નિબંધ ઝીંકી દીધો !

હા, પછી ઈર્ષ્યા ગઈ. અમૈત્રી પણ ગઈ. ફરી જીગરજાન મૈત્રી શરૂ થઈ.

કોક શેઠના દસ ખટારા ભરીને પસાર થતા કપાસની ગંજીઓ જોઈને ડોશી ઈર્ષ્યાથી બળી ગઈ. મગજ ઉપર અસર થઈ. પાગલની જેમ લવારો કરવા લાગી.

દીકરાને લવારાનું કારણ જડી ગયું. એક દિ' તેણે માવડીને કહ્યું : "મા એ બધી કપાસની ગંજી બળીને સાફ ગઈ ગઈ."

આ સાંભળતાં જ ડોશીનું મગજ ઠેકાણે આવી ગયું.

ઈર્ષ્યાળુ લોકો પોતાને ઘણું મળે તેમાં રાજી થતાં નથી જો બીજાને તેથી પણ વધુ મળે તો.

હા, જો એ પ્રતિસ્પર્ધીને મોટું નુકસાન થઈ જાય તો પોતે ગમે તેટલું ગુમાવ્યું હોય તોય આનંદમાં આવી જાય છે.

શંકરના ભગતની વાત સુપ્રસિધ્ધ છે. તેમાં પ્રતિસ્પર્ધીને પોતાનાથી ડબ્બલ મળવાની ભગવાને વ્યવસ્થા કરી હતી એટલે ભિખારીનું જીવન જીવતો હતો પણ ભગવાન પાસે કશું માંગતો ન હતો.

આનો અર્થ એ થયો કે ઈર્ષ્યાળુઓનું સુખ બીજો દુઃખી થાય તે જોઈને છે. અને તેનું દુઃખ બીજો સુખી થાય તે જોઈને છે.

હાય, આ કેટલી નીચ મનોદશા !

કોઈ આપણી ઈર્ષ્યા કરે તેમાં તેનું જ ઘર બળ્યા કરે. પણ જો કોઈ નિન્દા કરે તો તેની આપણા કાન સુધી, છેલ્લે હૃદય સુધી અસર આવે. નિન્દકો બહુ ઉપકારી ગણાય. આપણને પણ આપણા જે દોષોની ખબર ન હોય તે દોષો નિન્દાના વાઘા સજાવીને રજૂ કરે. આમ થતાં આપણા દોષોની જાણકારી મળે. આ તો તે લોકોનો કેટલો મોટો ઉપકાર થઈ ગયો !

ચરણદાસજી ભગતે કહ્યું છે કે આ કારણસર નિન્દકો માટે ભગવાનને ત્રણ પ્રાર્થના કરવી કે તેઓ નિરોગી રહે, દીર્ઘાયુ બને અને તેમનો વેપાર જોરમાં ચાલે.

કેમકે આમ થાય તો જ તેમને આપણી નિન્દા કરવા માટે ઘણો સમય મળી શકે.

બીજાના દોષોને નજરમાં લાવીને તેમને તિરસ્કારવા તે નિન્દા છે.

બીજાના ગુણો (જમાપાસાંઓ)ને જોઈને તેમને તિરસ્કારવા તે ઈર્ષ્યા છે.

હવે સમજાશે કે નિન્દા કરતાં ઈર્ષ્યા (ગુણોને લક્ષ બનાવતી) કેટલી વધારે ખરાબ છે ?

ગ્રન્થકારશ્રી જાણે કે ઈર્ષ્યાળુઓ પ્રત્યે ખૂબ આવેશમાં પૂછે છે કે "ભાઈ ! ખૂબ સારા કે ગુણી જનો પ્રત્યે તું કેમ સળગી જાય છે ?"

આવું થવામાં અહંકાર મુખ્ય કારણ છે. અભિમાની માણસને પોતાનો ઉત્કર્ષ જ ગમે. બીજાના ઉત્કર્ષમાં એ સળગી જ જાય. વળી તે અભિમાની છે માટે જ બીજાના નાનકડા પણ દોષની નિન્દા કર્યા વિના તેને ચેન ન પડે.

જેણે અહંકાર ત્યાગ્યો છે તેનામાં સ્વદોષદર્શન હોય. આવો આત્મા પરનિન્દા કરે એ સંભવિત નથી. તે સ્વનિન્દા જ કરે અને પરગુણોની અનુમોદના જ કરે.

હવે સમજાશે કે સર્વદોષોનું મૂળ અહંકાર દોષ છે.

* * *

**अइसुट्ठिओत्ति गुणसमुइओ त्ति जो न सहइ जइपसंसं ।**
**सो परिहाइ परभवे जहा महापीढ-पीढरिसी ।। 68 ।।**

**અર્થ :** કોઈ 'अ' નામનો સાધુ 'ब' નામના સાધુની પ્રશંસા કરે કે "આ સાધુ મૂલોત્તર ગુણોમાં એકદમ દઢ છે. તે વૈયાવૃત્ય વગેરે ઘણા ગુણોથી સંપન્ન છે".

આવી अ સાધુએ કરેલી ब' સાધુની પ્રશંસાને જે સહન ન કરે તે પીઠ અને મહાપીઠની જેમ વળતે ભવે સ્ત્રીપણું પામે.

**વિવેચન :** વજ્રનાભ ચક્રવર્તી રાજા. તેમના ચાર ભાઈઓ : બાહુ, સુબાહુ, પીઠ અને મહાપીઠ.

વૈરાગ્ય પામીને સહુએ દીક્ષા લીધી. તેમાં બાહુ–સુબાહુ મુનિઓની વૈયાવચ્ચમાં લીન રહેતા. પીઠ અને મહાપીઠ સ્વાધ્યાય અને તપમાં અપ્રમત્ત રહેતાં.

બાહુ - સુબાહુ મુનિઓની ખૂબ પ્રશંસા સાંભળીને પીઠ-મહાપીઠને ઈર્ષ્યા જાગી. પોતાની સ્વાધ્યાયલક્ષિતા અને તપકરણશક્તિની કોઈને કદર નથી એવી લઘુતાગ્રંથિ થઈ. આ કારણે જ્યારે વજ્રનાભ મુનિ રાજા ઋષભ થયા ત્યારે બાહુ-સુબાહુ મુનિઓ તેમના પુત્ર ભરત–બાહુબલિ થયા. પીઠ–મહાપીઠ મુનિઓ ઈર્ષ્યાના કારણે સ્ત્રીવેદ પામ્યા : બ્રાહ્મી અને સુંદરી થયા.

કોઈ પણ દોષ જો આત્મામાં વારંવાર સેવાઈને ગાઢ સંસ્કાર બની જાય તો આત્માને ભવોભવ સુધી છોડે નહિ.

ચંડકૌશિકના મુનિ-જીવનનો ક્રોધ ત્રણ ભવ સુધી કેવો પાછળ પડી ગયો હતો ! અગ્નિશર્માના ક્રોધે નવ ભવ સુધી કેવો પીછો પકડ્યો હતો. આવું જ કમઠમાં બન્યું હતું.

અનેક અનુબંધોની પરંપરા ચાલતી રહેતી હોય છે. એ જાણે કે સહજભાવે જીવ ઉપર ત્રાટકે છે. તે જીવ પોતે ભલે ગમે તેટલો તપસ્વી, ધ્યાની, ખાખી હોય તો ય તેનામાં સંસ્કારગત ક્રોધ, કામ ઉદયભાવ પામી જાય છે. આ રીતે બીજો જીવ ગમે તેટલો ગુણસંપન્ન હોય તો ય તેની ઉપર ક્રોધાદિ જાગી જાય છે.

આથી જ એવું લાગે છે કે જીવ ઉપર કર્મોનું અને ગાઢ સંસ્કારોનું બળ ખૂબ વધુ હોય છે. જીવની અનિચ્છા પણ તેમની પાસે ચાલતી નથી.

આ માટે ગમે તેમ કરીને ધર્મ કરવા દ્વારા કર્મોને ક્ષીણ કરવા જોઈએ અને સ્વદુષ્કૃતગર્હા અને પરસુકૃતાનુમોદના તીવ્રતાથી કરીને અશુભ-અનુબંધોને તોડવા જોઈએ. આ વિના નિન્દા, ઈર્ષ્યાદિ દોષોની પ્રબળતા ઢીલી પડવાનો સંભવ નથી.

આ જીવે જ દોષોને આવકારવાની ગંભીર ભૂલ કરી છે. ઘરમાં પેસીને ઘરના માલિક બનેલા તે દોષોને જીવ-માલિકની ઘરમાંથી હકાલપટ્ટી કરી છે.

પેલા ઊંટે તંબુમાંથી આરબને આખો ને આખો કેવો બહાર કરી દીધો હતો !

મનરૂપી વનમાંથી દોષોરૂપી લાખો સાપને ભગાડી મૂકવાનો સૌથી સરળ ઉપાય ઈશ-ભક્તિ છે 'અરિહંત' એ મોર છે. તે જો મન-વનમાં પ્રવેશી જાય અને એક જ કેકારવ કરે કે લાખો દોષોને ભાગી જવું પડે.

અલબત્ત દોષોને ખતમ કરવા માટે ધ્યાન, તપ અને જ્ઞાન પણ ઉપાયો છે; પરન્તુ ભક્તિ એ સરળ ઉપાય છે. બાકીનાં બધા ઉત્તમ કે શ્રેષ્ઠ ઉપાયો હશે, પરન્તુ સામાન્ય જીવોને તો ભક્તિમાં લીનતા જલદી આવી જાય.

દોષોમાં સૌથી ભયાનક દોષ પરદોષદર્શન અને સ્વગુણકીર્તન છે. આ બેને જન્મ દેતો હોવાથી જ અહંકાર દોષ ભયાનક છે.

આધ્યાત્મિક સાધનાનું પ્રથમ પગથિયું સ્વદોષદર્શન અને પરગુણકીર્તન છે.

મારી સમજ મુજબ તે જ બે પ્રકારના સાચા શ્રમણો છે જેઓ ઉત્કૃષ્ટકોટિની પાપશુદ્ધિ (સ્વદોષદર્શન) કરે છે. અથવા જે બીજાઓના ગુણોની ભરપેટ પ્રશંસા કરતાં થાકતો જ નથી.

સ્વદોષદષ્ટા પોતાના પાપોથી દુઃખનાં આંસુ પાડે.

પરગુણદષ્ટા બીજાના સુકૃતોને જોઈને હર્ષના આંસુ પાડે.

જે ઈર્ષ્યા કે નિન્દા કરે છે તે સાધુઓ તો ભૂંડની વિષ્ઠા ખાય છે. એમને કોઈ સાચા સદ્ગુરુ નહિ મળ્યા હોય ત્યારે જ આવી હલકી પ્રવૃત્તિ તે કરતા હશે.

એક ગચ્છનો સાધુ વિશિષ્ટ અભ્યાસાર્થ બીજા ગચ્છમાં ગયો. તે ગચ્છના અગ્રણીએ તેને ખૂબ સારી રીતે સત્કારીને ભણાવવાનું શરૂ કર્યું.

બે-ત્રણ મહિના બાદ આચાર્યને તેના સ્થાને પડેલી ચિઠ્ઠી જડી. તેમણે વાંચી. તેમાં તે સાધુએ પોતાના ગુરુને આ ગચ્છની નબળી વાતો લખી હતી.

બિચારા પાઠક ગુરુને આઘાત લાગ્યો. વિદ્યાર્થીની આ કૃતઘ્નતા, નિન્દકતા વગેરે જોઈને ખૂબ આશ્ચર્ય થયું.

તે મનોમન બોલ્યા, "પૂર્વના કાળમાં તો ઉપકારી જન ઉપકાર કરી દે પછી તેની ઉપર અપકાર કરાતો. હાલમાં ઉપકાર કરવાનું ચાલુ હોય અને અપકાર કરાય છે. પણ હવે ભવિષ્યમાં શું થશે ?

હા, કદાચ એવું બનશે કે ઉપકાર કરવાનું શરૂ કરતાં પહેલાં જ અપકાર કરવાનું ચાલુ થઈ જાય."

**आसीज्जनः कृतघ्नः क्रियमाणश्च सांप्रतम् ।**
**इति मे मनसि वितर्कः भविता लोकः कथं भविता ।।**

* * *

**परपरिवायं गिण्हइ अट्ठमयविरल्लणे सया रमइ ।**
**उज्झइ परसिरीए सकसाओ दुक्खिओ निच्चं ।। 69 ।।**

**અર્થ :** જે બીજાઓની નબળી વાતોને પકડે છે; આઠ મદોનું પોષણ કરે છે; બીજાનો ઉત્કર્ષ જોઈને દાઝે બળે છે તે કષાયવાળો પુરુષ સદા દુઃખી રહે છે.

**વિવેચન :** કેટલાક જીવો ભારેકર્મી હોય છે. પૂર્વના ભવોમાં તેમણે કેટલાય દોષોને સેવીને ગાઢ કરી દીધા હોય છે. આથી વર્તમાન ભવમાં જે તે નિમિત્ત મળતાં તે દોષો ભડકી જાય છે. આમાં ય મુખ્ય દોષમાં - તેમનાથી બીજાનું સારું જોવાતું નથી એટલે તેમના પ્રત્યે ઇર્ષ્યા થાય : તે લોકોનો કોક દોષ ઊભો કરીને નિંદા પણ થાય. વળી પોતે સાવ 'મીયાં ફુસકી' હોય તો ય બધી જગ્યાએ પોતાનો વટ પાડતી વાતો કરે. તમામ પ્રકારના મદનું પોષણ કરે.

આવા જીવો પ્રજ્ઞાપનીય હોય તો તો ઘણી સારી વાત. કેમકે કોઈ સદ્ગુરુનો સંગ પામીને, તેમની વાતોને જો હૃદયમાં ઉતારે તો તેઓ ચોક્કસ સુધરી જાય.

પ્રજ્ઞાપનીયતા એ અપેક્ષાએ પરહિત માટે ટોચ ગુણ છે. જો સામી વ્યક્તિ મગશેળીઓ પાણો હોય, કદાગ્રહી હોય, ભારે કર્મી હોય તો તેની ઉપર બોધનો ધોધ તૂટી પડે તો ય તેનામાં કોઈ સુધારો ન થાય.

ઈર્ષ્યા, નિંદા, અહંકાર તો ગ્રન્થકારશ્રીએ આ શ્લોકમાં જણાવ્યા પણ એક દોષ આમાં ઉમેરવો જોઈએ; જેનું નામ છે ક્રોધ.

અપેક્ષાએ આ દોષની ખતરનાકતા ઓછી નથી. જો તેને અવગણવામાં આવે તો કદાચ તે નાનકડો ક્રોધ આગની જ્વાળા બની જાય. જ્ઞાનીઓએ નાનકડી પણ ક્રોધની ચિનગારીથી સાવધાન રહેવા જણાવ્યું છે.

હરિભદ્રસૂરિજી જેવા ધર્મધુરંધર આચાર્યને કેવો ક્રોધ આવી ગયો ? ૧૪૪૪ બૌદ્ધ સાધુઓને તળી નાંખવાની તૈયારી કરી.

પેલો ક્રોધી સાધુ ગુરુ ઉપર એટલો બધો ગુસ્સે ભરાયો કે તેમના મૃતકમાં રહેલી દાઢને પત્થર મારીને તોડી નાંખી.

દ્વૈપાયનનો ક્રોધ, સ્કંદકસૂરિનો દેવભવે ક્રોધ, સંગમકનો ક્રોધ... કેવા આકાશને આંબ્યા હતા. શ્રમણોએ કોઈ પણ હાલતમાં ક્રોધ કરવો ન જોઈએ.

એક વ્યક્તિ ક્રોધ કરે તો તેની અસર સોળ માણસો સુધી થતી હોય છે. તે બધાનાં મન ઉદ્વિગ્ન બને છે. જ્યારે પેલી વ્યક્તિનો ક્રોધ શાન્ત થાય ત્યારે જ બધાનો ઉદ્વેગ શાન્ત પડે.

ગ્રન્થકારશ્રી કહે છે કે માણસ રોગાદિ દુઃખથી જેટલો દુઃખી થાય તેના કરતાં ક્રોધાદિ દોષોથી વધુ દુઃખી થાય.

જેમ ઉપઘાત નામકર્મના ઉદયથી થયેલી રસોળી પોતાને જ હેરાન કરે તેમ ક્રોધાદિ દોષો તેના માલિકને જ સતાવે.

ક્રોધીને લાખો રૂ.ની સંપત્તિ કોઈ આનંદ ન આપી શકે. રૂપવતી પત્ની તરફ જોવું ય ન ગમે. દસ ક્રોડનું ફાર્મ હાઉસ ખાવા ધાય. એને ઝેર પીને આપઘાત કરવાનું મન થાય.

ઝૂંપડપટ્ટીના દુઃખો કરતાં બંગલાઓવાળાના દોષો વધુ દુઃખદ હોય છે. એરકન્ડિશન્ડ રૂમમાં બેઠેલાં સાહેબના અંતરમાં કોઈ ચિંતાની આગ સળગી ઊઠી હોય છે.

દુઃખીને રોટલા વગેરેનું એક દુઃખ. સુખીને ધનાદિના સો દુઃખ.

* * *

**विग्गहविवायरुइणो कुलगणसंघेण बाहिरकयस्स ।**
**नत्थि किर देवलोए वि देवसमिइसु अवगासो ।। 70 ।।**

**અર્થ :** જે સાધુને ઝઘડા કરવામાં અને વાતે વાતે વિવાદ કરવામાં રસ છે, એથી જે કુળ, ગણ અને સંઘમાંથી બહિષ્કૃત થયેલો છે તેવા સાધુને દેવલોકની દેવસભામાં પણ પ્રવેશ મળતો નથી.

**વિવેચન :** મુનિ અને તે ઝઘડાખોર ! વિવાદકારી ! હાય, ગ્રન્થકારશ્રીની કેવી કલ્પના !

પણ આ બધું શક્ય છે. દોષોમાં તીવ્રતા ન હોય તો છઠ્ઠા ગુણસ્થાને રહીને મુનિઓ સંજ્વલનના કષાયોદયમાં ઝડપાઈ જાય ખરા ? જો કે આ પણ ઉચિત નથી, પરન્તુ જે હકીકત છે તે કહેવી તો પડે ને ?

છઠ્ઠું ગુણસ્થાન પ્રમાદભાવ ધરાવે છે એટલે પ્રમાદનાં જે તોફાનો છે તે અહીં રહેવાના.

બાહુબલિજીનો અહંકાર દેખીતી રીતે કેટલો બેહદ દેખાય છે ! પણ એ તો સંજ્વલનના જ ઘરનો હતો.

વિષ્ણુકુમાર મુનિનો ક્રોધ કેટલો ભયંકર લાગે પણ એ ક્રોધ સંજ્વલનના જ ઘરનો હતો.

આમ કેટલીક વાર સંજ્વલનના ઘરના અનંતાનુબંધી જેવા દોષો દેખાય; તો કેટલીક વાર અનંતાનુબંધીના ઘરના દોષો સંજ્વલન જેવા દેખાય.

આવી કર્મ-સ્થિતિને પરવશ જીવ બિચારો શું કરે ? એ ઝઘડા કરે કે વિવાદ કરે કે દષ્ટિદોષ સેવે તો તેની દયા ખાવી રહી.

એવી જરૂર અપેક્ષા રાખી શકાય કે આટલું પણ દોષસેવન મુનિએ ન કરવું જોઈએ. આ વાત પણ શક્ય તો છે જ. જિનશાસનને પામ્યા પછી કશું ય અશક્ય નથી. પણ આ માટે પોતાના તથાકથિત દોષો તરફ પુષ્કળ ધિક્કાર સતત થયા કરવો જોઈએ. પોતે જે કરે છે તે ખોટું છે તેવું લાગ્યા કરવું જોઈએ. જો આવું **Conscious bitting** બરોબર ચાલતું રહે તો દોષ સાવ નબળો પડી જાય. સબૂર ! આમાં ય દેવની ભક્તિ અને ગુરુની કૃપા વિના તો નહિ ચાલે.

જેઓ આ સ્થિતિને નહિ પામેલા ભારેકર્મી જીવો છે તેમને દેવલોકનું જો આયુષ્ય બંધાય તો તે હલકી યોનિનું જ હોય. જાણે કે મનુષ્યલોકના ઢેડ-ભંગી.

શિથિલાચારીનું જીવન જીવતા મુનિઓ ! સાવધાન. આ વાતને ખૂબ ગંભીરપણે ધ્યાનમાં લો. ભૌતિક સુખોની લાલચમાં દેવલોકની દુર્ગતિ થઈ જશે. ત્યાં હવાની જેમ આકાશમાં ફર્યા કરવું પડશે. પીપળા, ગોખલાઓમાં રહેઠાણ કરવા પડશે. ન હશે તે માનવનું જીવન; નહિ દેવનું જીવન, નહિ પશુનું ય જીવન.

તે દુર્ગતિને પામેલા જીવો ત્યાં ગયા બાદ ખૂબ પસ્તાય છે. પૂર્વભવમાં મુનિજીવન પામીને હારી ગયા બદલ અત્યન્ત અફસોસ કરે છે. પણ હવે શું થાય ?

જે સાધુઓ બેફામ રીતે જીવન જીવતા હોય તેમને કુલ, ગણ અને સંઘમાંથી બહિષ્કૃત કરવામાં આવે છે. તેવાઓના કુસંગથી અનેક સારા શ્રમણોને પણ નુકસાન થવાનો સંભવ હોવાથી તેમને ગચ્છમાં રાખવામાં આવતા નથી. ગચ્છાચાર્યને કઠોર બનીને પણ આ નિર્ણય લેવો પડે છે.

ઓલા રોહગુપ્તને તો આચાર્યે બહુ જ ખરાબ રીતે કાઢ્યો હતો. તેના દોષો - ઉત્સૂત્રભાષણ વગેરે - હતા એટલે સખત સજા કર્યા વિના છૂટકો ન હતો.

તેનો વેષ લેવાઈ ગયો. તેના માથે મુંડન કરાયું. તેને ઊંધા ગધેડે બેસાડ્યો. મોં ઉપર ચૂનો ચોપડાયો. અને તેના દોષની જાહેરાત કરતાં કરતાં તેને ગામ બહાર કાઢી મુકાયો.

પરલોકે તો શિથિલાચારી સાધુને દુઃખ મળશે ત્યારે મળશે પણ આવાઓને ભીમ કક્ષાના ગુરુ આ લોકમાં ય સખત નશ્યત કરે.

ભલા ! ગુરુને ચૌદ રાજલોક વ્યાપી જિનશાસન ચલાવવાનું છે. તેમાં જરાક પણ ગરબડ થાય તો સમસ્ત જીવરાશિને કેટલું બધું નુકસાન પહોંચે ?

આ ધરતીના રાજાના શાસન કરતાં ય ઘણું ગંભીર જિનશાસન છે. એને હાનિ પહોંચાડવા કરતાં તો ઝેર પી લેવું સારું.

જે સાધુ પોતાના સમુદાયમાં ઝઘડા કરાવે કે વિવાદ જગાડે તે સાધુ દિલથી કેટલો ક્રૂર ગણાય ? જે સમુદાય શાન્તિથી જીવતો હોય તેમાં અશાંતિ ઉત્પન્ન કરનાર સાધુને તો કયા શબ્દોમાં ઠપકારવો ? ભલા ! જો કોઈ સાધુ આવી સ્થિતિમાં આવી પડ્યો હોય તો તેણે જલદીમાં જલદી પોતાની પ્રકૃતિને સુધારી દેવી જોઈએ.

જો ગુરુ તેને 'ઠેકાણે' ન લાવી શકે તો પીઢ શ્રાવકોએ આગળ આવવું જોઈએ. સાધુઓના સુંદર ચારિત્રપાલનના સમયમાં તેઓ શ્રાવકોના માબાપ

ગણાય પણ તેમના ચારિત્રપાલનમાં ગરબડ ઊભી થાય અને જો ગુરુ નિષ્ફળ જાય તો શ્રાવકો તેમના માબાપ બને.

જો શિષ્યો ગુરુની આજ્ઞા બહાર થઈને ઉચ્છૃંખલ બને તો તેમના દ્વારા જિનશાસનની મોટી હીલના થાય. આ તો કદી ન થવા દેવાય કેમકે આના જેવું ભયાનક પાપ બીજું કોઈ નથી. (હા, ઉત્સૂત્રભાષણ પણ તેવું પાપ ખરું.)

આચારાંગ સૂત્રમાં શ્રાવક રાજાનું દૃષ્ટાન્ત આવે છે. કોઈ ગચ્છાચાર્યનો એક બાળ-શિષ્ય તેમને ગાંઠતો ન હતો. રાજાએ રાબેતા મુજબ ગુરુને પૂછ્યું, "બધા શિષ્યો આપની આજ્ઞામાં બરોબર વર્તે છે ને ?"

એ વખતે ગુરુએ બાળશિષ્ય તરફ નજર કરતાં રાજાને તેની ઉચ્છૃંખલતાનો ખ્યાલ આવી ગયો. સાંજે એવો ટુચકો કર્યો કે જેથી તે બાળસાધુ ધ્રૂજી ગયો. ગુરુને કહ્યું, "રાજા પાસે મારું નામ લેશો નહિ. હવે હું કદી સ્વચ્છંદી વર્તન નહિ કરું."

સંસારમાં પણ સાસરે આવેલી વહુને જેમ તેમ વર્તવા દેવાતી નથી. જો તે કજિયા કરે તો આખું ઘર અશાન્ત બની જાય. એટલે જેવી તે સાસરે આવે કે તરત તેની ઉપર પતિ જે તે રીતે ધાક બેસાડી દે. આમ થાય એટલે કાયમની નિરાંત થઈ જાય. જો આ ધાક બેસાડવામાં મોડું થાય તો વહુ માથે ચડી ગયા વિના રહે નહિ.

તમામ શિષ્યો ઉપર ગુરુનું અસ્તિત્વ જ ધાકરૂપ બને. તેમણે રાડારાડ કરવી ન પડે.

તેવું વાતાવરણ બની રહે પછી તો ગુરુએ બે જ કામ કરવાના હોય. વાચનાદાન અને વાત્સલ્યદાન. આમાં તે જેટલા ઊણા ઊતરે તેટલો શિષ્યોનો વિકાસ ઓછો થાય.

ગુરુ એક આંખે ભીમ હોય; બીજી આંખે કાન્ત હોય.

આવા ગુરુની શિષ્યોએ અપૂર્વ સેવા કરવી જોઈએ. આને બદલે જો તેઓ કજિયા કરે કે ઝઘડા કરાવે તો તેમને ધિક્કાર છે. સુંદર સમુદાયમાં દીક્ષા લઈને જો આવો ધંધો કરવાનો હોય તો બહેતર છે કે ઘરમાં રહીને શ્રાવકનું ઉચ્ચકક્ષાનું જીવન જીવવું.

નારીદેહ સાથે કેટલાક દોષો સહજ રીતે સંકળાયેલા હોય છે. જેમાં તુચ્છતા, સંઘર્ષ, કજિયો, માયા, નિન્દા, ઈર્ષ્યા મુખ્ય છે.

જો કોઈ બેન પ્રકૃતિમાં સુધારો કર્યા વિના દીક્ષા લે : સાધ્વી બને તો તે આખું ગ્રુપ ભારે મુશ્કેલીમાં મુકાઈ જાય. આમાં જેટલો વાંક તે કજિયાખોર સાધ્વીનો છે તેથી વધુ વાંક તેના ગુરુનો છે; જેણે કશી વિશેષ પરીક્ષા કર્યા વિના લાલચમાં આવી જઈને ઉતાવળે દીક્ષા આપી દીધી છે.

આવી એક સાધ્વીના કારણે આખો સમુદાય સમાધિ તો ગુમાવે છે પણ આરાધનાનો ઉલ્લાસ પણ ગુમાવે છે. બધા ત્રાહિમામ્ પોકારી દે છે.

આવા સાધ્વીને સમુદાયમાં રાખવામાં જોખમ; તો એકલા–રખડતા જેવા કરી દેવામાં પણ જોખમ.

બિચારા એ સાધ્વીજી તો દેવલોકમાં જાય તો ય હલકા દેવ થાય; પરન્તુ આ બધાના મૂળમાં જે લાલચુ ગુરુ છે તેમની કઈ ગતિ થાય ? એ સવાલ છે.

પૂર્વે સમુદાયમાં વૃદ્ધા બનેલા સાધ્વીઓના સ્થિરવાસ અંગે પ્રશ્નો ઊભા થતા. હવે ત્યક્તાઓને ઠેકાણે પાડવાના પ્રશ્નો ઊભા થાય છે.

તે સાધુ-સાધ્વીઓને મારે ભાર દઈને કહેવું છે કે તેઓ તેમનો કજિયાખોર સ્વભાવ તુરત સુધારે. 'પ્રાણ અને પ્રકૃતિ સાથે જાય.' એવું જૈનદર્શન માનતું નથી. ઘણા ખૂંખાર આત્માઓએ પ્રકૃતિને કાબૂમાં લઈને દીર્ઘકાલીન સાધના કરી છે. જો દઢ સંકલ્પ થાય અને તેની પૂર્વે જો પોતાની પિત્તળ પ્રકૃતિના કટુ પરિણામો 'બેક-ગ્રાઉન્ડ' તરીકે દેખાતા હોય તો તેના આઘાતના ધક્કાથી પ્રકૃતિને સુધરી જતાં જરા ય વાર લાગે નહિ.

માણસથી સંકલ્પને છેટું હોય છે; સિદ્ધિ તો પછી હાથવેંતમાં છે.

કેટલાક સારા આત્માઓ પણ વિષમ સંયોગોને કારણે ખરાબ - કજિયાખોર વગેરે - બની જતાં હોય છે. ના, તેમણે તેમ નહિ કરવું જોઈએ. એવી સ્થિતિમાં સમતાથી સહન કરવાની શક્તિ વધારી દેવી જોઈએ. પારકી પંચાતો સામે આંખ, કાન અને જીભ બંધ કરી દેવા જોઈએ. પોતાના આત્મામાં પલાઠી મારીને બેસી જવું જોઈએ. જો તેઓ તેમ નહિ કરે અને સાવ પિત્તળ બની જશે તો પરલોકે હલકી ગતિના દેવ બન્યા બાદ પસ્તાવાનો પાર નહિ રહે.

પણ હવે રાંડ્યા પછીનું ડહાપણ શા કામનું ?

આ બધું જાણીને દરેક સાધુ-સાધ્વીએ પોતાનો પિત્તળ સ્વભાવ ત્યાગીને રોયલ સ્વભાવ બનાવીને જ જંપવું જોઈએ. વિપાકોની કટુતા નજર સામે સ્પષ્ટ દેખાવવા લાગશે તો આ કામ મુશ્કેલ નહિ રહે.

*　　*　　*

**जइ ता जणसंववहारवज्जियमकज्जमायरइ अन्नो ।**
**जो तं पुणो विकत्थइ परस्स वसणेण सो दुहिओ ।। 71 ।।**

**અર્થ :** જે શિષ્ટલોકોને અમાન્ય દોષો છે તેનું સેવન કરે છે તે અકાર્ય કરનાર આત્માને તો આલોક–પરલોકે દુઃખ પડે જ છે. પરન્તુ તેવા પાપી માણસની નિન્દા જે માણસ કરે તે પણ દુઃખી થાય છે.

**વિવેચન :** ગ્રન્થકાર કહે છે કે લોકવિરુદ્ધ એવા ચોરી, વ્યભિચાર, ખૂન વગેરે દોષો ન સેવવા જોઈએ. તેવા અકાર્યોનું ફળ ફાંસી કે ખૂન થવા સુધીનું આવી શકે છે. પરન્તુ આથી આગળ વધીને ગ્રન્થકાર કહે છે કે જેમ દોષો સેવવા નહિ તેમ દોષો બોલવા પણ નહિ.

એક વ્યક્તિના દોષો અન્ય વ્યક્તિઓ સમક્ષ નિન્દાના રૂપે કહેવા એ પણ હલકાઈ છે. સજ્જનો આવું કામ કદી ન કરે.

કેટલાક માણસોને આ રીતે દોષોના ચોખા ચારે બાજુ વેરવાની ટેવ હોય છે. તેમને નિન્દા કરવામાં ખૂબ રસ આવતો હોય છે. કેટલાક આત્માઓ સંસારનો રસ, વિષયોનો રસ, મીઠાઈ વગેરેનો રસ ત્યાગી શકે છે પરન્તુ નિન્દાનો રસ ત્યાગી શકતા નથી. આ રસમાં તેમને અવર્ણનીય આનંદ આવતો હોય છે.

કૂરગડુ મુનિની કેટલી હલકટ રીતે ચાર ઘોર તપસ્વી મહાત્માઓએ નિન્દા કરી !

એ કૈવલ્ય પામતા રહી ગયા અને કૂરગડુમુનિ તે મહાત્માઓના તપ - સુકૃતની જોરદાર અનુમોદના કરતાં કૈવલ્ય પામી ગયા.

અઈમુત્તા બાળમુનિના દોષના નિન્દક સાધુઓ કોરા રહી ગયા અને અઈમુત્તા મુનિ સ્વદોષગર્હા કરતાં કૈવલ્ય પામી ગયા.

અર્વાચીન કાળની વાત કરું. ટ્રેઈનના એક ડબ્બામાં ઈશ્વરચન્દ્ર વિદ્યાસાગર અને ધર્મઝનૂની બ્રાહ્મણો બેઠા હતા. બ્રાહ્મણોને વિદ્યાસાગરની હાજરીની ખબર ન હતી. વિદ્યાસાગરના સુધારક વિચારો ઉપર તેમણે ચર્ચા શરૂ કરી. એમાં એક બ્રાહ્મણ ત્યાં સુધી બોલી ગયો કે, "જો મારી નજરમાં વિદ્યાસાગર આવશે તો હું તેના રાઈ રાઈ જેટલા ટુકડા કરીને તે કૂતરાઓને ખાવા નાંખી દઈશ."

અને.... એ જ વખતે કોકે તેના કાનમાં કહ્યું કે, "વિદ્યાસાગર પેલા ખૂણામાં બેઠેલા છે." બ્રાહ્મણ બહુ ડરી ગયો. બ્લડપ્રેશર વધી જતાં બેઠક ઉપરથી નીચે પટકાઈ ગયો.

વિદ્યાસાગર તરત તેની પાસે ગયા. તે તદ્દન સાજો થાય ત્યાં સુધીની તમામ માવજત તેમણે કરીને હેતભર્યો હાથ ફેરવીને તેને પૂછતાં રહ્યા, "ભાઈ હવે તને કેમ છે ? કાંઈક સુધારો લાગે છે ? બીજી કોફી મંગાવી દઉં ?"

બિચારો બ્રાહ્મણ ! નખશિશ પશ્ચાત્તાપથી સળગતો રહ્યો.

જેને સજ્જન કહેવામાં આવે છે તેની સજ્જનતાની પણ અખિલાઈ તો જુઓ.

પોતાને 'મહાન્' કહેવડાવનારાઓએ આ અખિલાઈમાંથી ઘણું શીખવાની જરૂર જણાય છે.

ખોટા કે ખરાબ માણસોની જાહેરમાં નિંદા કરવાથી તે લોકો સુધરતા નથી બલકે અકાળે ફોડવા પ્રયત્ન કરેલા કાચા ગુમડાની જેમ વકરે છે.

જો કોઈને સુધારવો હોય તો તેના દોષની વાત તેને એકલાને 'ખાનગી'માં કરવી જોઈએ. તેમાં ય પ્રથમ તો તેના ગુણોનો અનુવાદ કરવો જોઈએ. આમ થતાં તે પોતાના દોષની વાત સાંભળવા, સમજવા અને શિખામણ સ્વીકારવા તૈયાર થશે.

ગુણાનુવાદ કર્યા બાદ દોષની વાત કહેતાં તેને બહુ ખાટી - ત્રાસ દેનારી - ન લાગી જાય તે માટે તેમાં મોંની મીઠી સાકર નાંખવી જોઈએ.

કોઈને એકલું લીંબુ ન પીવડાવાય; તેની સાથે સાકર ભેળવવી પડે. લીંબુનું સરબત સહેલાઈથી પીવાય. તેમાં ખાટું લીંબુ આવી જાય.

એટલે આ કાર્ય સાધવા માટે બે કામ કરવા : (૧) ગુણાનુવાદ કરવારૂપે મીઠાશની ભૂમિકા તૈયાર કરો. (૨) દોષની ખાટી વાત કરતાં તેમાં સ્નેહભાવની સાકર નાંખો.

કોઈ પણ માણસને પોતાનું 'અનુચિત' સાંભળવું ગમતું નથી. સહુને મીઠા શબ્દો ગમે છે. તો ભલે, પહેલાં મસ્કો મારવો : એટલે કે ખૂબ સરસ રીતે સામી વ્યક્તિને ખુશ કરવી. ત્યાર પછી ધીરે ધીરે હૈયાંની મીઠાશ ભરેલી ખાટીખસ દોષની વાત કરવી.

શબ્દોની કડવાશથી આ ધરતી ઉપર મહાયુદ્ધો થયા છે. દ્રૌપદીના કટુ શબ્દો– આંધળાનાં દીકરા તો આંધળા જ હોય ને ? – ના પ્રયોગમાંથી લાખો માનવોની લાશ પાડી દેતું મહાભારતનું યુદ્ધ જાગી પડ્યું.

જે માણસ કડવાશનો પ્રસાર કરે છે તેનાથી બીજા લોકો દુઃખી થશે ત્યારે

વાત; પણ આ ભાઈ તો તત્કાળ દુઃખિત થાય છે. કેમકે કડવા શબ્દો વાપર્યા પછી વ્યક્તિને પોતાને ત્રાસ થઈ જતો હોય છે.

ના.... કોઈ પણ હાલતમાં કડવા શબ્દોનો પ્રયોગ નહિ કરવો જોઈએ.

કાં સાવ ચૂપ રહો. અથવા મીઠું જ બોલો.

* * *

**सुट्ठुवि उज्जममाणं पंचेव करिंति रित्तयं समणं ।**
**अप्पथुई परनिन्दा जिब्भोवत्था कसाया य ।। 72 ।।**

**અર્થ :** જે સાધુ તપ-જપ - સંયમનું આરાધન ખૂબ ઉત્કૃષ્ટ રીતે કરે છે તેના સાધુપણાને આ પાંચ વસ્તુઓ કચરો કરી નાંખે છે : પગલૂંછણિયું બનાવી દે છે.

(૧) સ્વપ્રશંસા (૨) પરનિન્દા (૩) રસનાની લંપટતા (૪) જાતીય-વાસના (૫) કષાયો.

**વિવેચન :** આ વાત સામાન્ય કક્ષાના સાધુના પતનની નથી. જે સાધુઓ ઉત્કૃષ્ટ કક્ષાનું સંયમ પાળે છે તેમના જીવનમાં - બીજા બધા દોષો તો ઠીક પરન્તુ આ પાંચ દોષોમાંથી કોઈ પણ એકનું આગમન હાહાકાર કરી બેસે છે.

(૧) સ્વપ્રશંસા (૨) પરનિન્દા (૩) રસનાની લંપટતા (૪) જાતીયવિકારો (૫) કષાયો.

યુધિષ્ઠિર અને અર્જુનના પ્રસંગમાં (ગાંડીવ ધનુષના મુદ્દે) સ્વપ્રશંસા અને પરનિન્દા કેવા ભાવમૃત્યુને નોતરે છે ? તે સહુ જાણે છે.

ધર્મદત્ત મુનિને અહિંસાધર્મના ઉત્કટ સેવનથી વૈરત્યાગની સિદ્ધિ પ્રાપ્ત થઈ હતી. આ સિદ્ધિની પોતે જ સહુ પાસે પ્રશંસા કરતા. પરિણામે તેમને કેટલાય ભવો સુધી સ્ત્રીવેદ મળતો રહ્યો.

રાવણ, દુર્યોધન વગેરે સ્વપ્રશંસકો હતા. આવા માણસોની પીઠ કોઈ ન થાબડે તો પોતાની જાતે પોતાને થાબડે તેવા હોય છે.

પૂર્વે જણાવ્યું તેમ પરનિન્દા એ અનેરો રસ ધરાવતો દોષ છે. સ્વપ્રશંસામાં તો પોતે જ મરવાનું છે પણ પરનિન્દાથી તો બીજા કેટલાય આત્માઓને આઘાત પહોંચાડાય છે. આથી આ દોષ વધુ કાતીલ કહી શકાય.

પરનિન્દા એ એવું રામપુરી ચપ્પું છે કે તે દેખાતું નથી પણ કોકને મારી નાંખે છે. તેમાં લોહી નીકળતું નથી. સામેનો માણસ મરી જતો નથી. તેની લાશ

પડતી નથી કે સ્મશાનયાત્રા નીકળતી નથી, છતાં ખરેખર હિંસક શસ્ત્રથી જે નુકસાન થાય છે તેથી ઘણું વધુ નુકસાન પરનિન્દાના કાતીલ ખંજરથી થાય છે. કોઈ માણસને જીવતો મારી નાંખવો હોય તો તેની નિન્દાથી મારી નાખી શકાય.

આટલા બધા ક્રૂર તો 'માણસ'થી ન બની શકાય.

ગ્રન્થકાર કહે છે કે પરનિન્દાનું ખતરનાક પાપ સાધુ કરી બેસે તો ક્યાં ફરિયાદ કરવી ! આ તો પાણીમાંથી આગ પ્રગટી !

સામાન્યતઃ એમ કહી શકાય કે જે માણસમાં પોતાની કોઈ શક્તિ આદિનો અહંકાર આવ્યો હોય તે માણસ બીજાઓની નિન્દા કરે. અથવા જેને પોતાના દોષો દેખાતાં ન હોય તે પરનિન્દા કરે.

સ્વદોષદર્શન કરનાર સાધુ સ્વનિન્દામાંથી ઊંચો આવતો નથી. એને પરનિન્દા કરવાનો સમય મળતો નથી. અરે; તેને પરના દોષો જ દેખાતા નથી. "મોં સમ કૌન કુટિલ ખલ કામી..." એ તેના શ્વાસોશ્વાસમાં ઘૂમતું ધ્રૂવપદ છે. આ સ્થિતિમાં પરનિન્દાને અવકાશ ક્યાં છે ?

પરનિન્દાનો રસ જેણે ત્યાગ્યો છે તેને મારા કોટિ કોટિ વંદન છે.

પહેલા બે મહાદોષ : સ્વપ્રશંસા અને પરનિન્દા એ મનોવિષયક ગણી શકાય.

બાકીના ત્રણ મહાદોષ : રસના, વાસના, અને કષાયો એ દેહવિષયક ગણી શકાય.

આમાં કોણ વધુ કાતીલ છે ? તે કહેવું મુશ્કેલ છે. છતાં જ્ઞાનીઓએ પાંચ ઈન્દ્રિયોમાં સૌથી વધુ ખતરનાક તરીકે રસનેન્દ્રિયને કહી છે. **(अक्खाण रसणी)**

મોંમાં જનારી અને મોંમાંથી બહાર આવનારી – એમ બે વસ્તુઓ ખૂબ મહત્ત્વની ગણાય.

પહેલી વસ્તુ છે; આહાર.

બીજી વસ્તુ છે; શબ્દો.

આહાર ઉપર દેહનો આધાર છે. તેનું આરોગ્ય આહારને આધારિત છે.

શબ્દો એ જીવનની સફળતાનો આધાર છે. આહાર અને શબ્દોનો જો યોગ્ય રીતે વિનિમય ન થયો તો ક્રમશઃ આરોગ્ય અને વ્યવહાર–આ બે–ભ્રષ્ટ થાય છે.

જેનું આરોગ્ય સારું ન રહે તે કયાં મોટા કામ કરી શકે ?

જે જીવનવ્યવહારમાં સજ્જન ન હોય તેની લોકોમાં કિંમત કેટલી ?

'આહાર' શબ્દથી આહારસંજ્ઞા લેવી. સંજ્ઞા (આસક્તિ) વિનાના આહારનો કોઈ વાંધો નથી. મુખ્ય વાંધો આસક્તિ સાથે છે.

આ આસક્તિ, પરમાત્મામાં આસક્ત (તન્મય) થતાં અટકાવે છે.

ઉપવાસ કરવાથી આહાર દૂર થાય પણ તેની સંજ્ઞા તો કાયમ રહે. સંજ્ઞાને દૂર કરવા માટે પરમાત્મા સાથે અભેદ સંબંધ બાંધવો પડે. આ વાત ગીતામાં સરસ રીતે કરી છે.

શંકરાચાર્યજીએ કહ્યું છે, "ભાઈ ! જેણે રસ જીત્યો તેણે શું ન જીત્યું ?"

જીભેથી સ્વાદિષ્ટ વસ્તુ જાય : આત્મા પરપદાર્થને પકડે એટલે તેની આસક્તિ મનમાં જાય. મનમાંથી આંખમાં જાય. પછી એનાં બધાં તોફાનો શરૂ થાય.

સુવ્રત મુનિ, કંડરિક, મંગુ આચાર્ય વગેરે ધુરંધરો આ દોષમાં ખતમ થયાં છે.

આ રસમાંથી જ કામરસ, દેહરસ વગેરે ઉત્પન્ન થાય છે. માટે જેને વાસના સતાવતી હોય તેણે આ આસક્તિ ઉપર નિયન્ત્રણ મેળવવું જોઈએ. જો કે 'ઉપવાસ' કાયમ ન થઈ શકે; પરન્તુ કાયમ આયંબિલ તો થઈ શકે. પેલું મિત્રનું ઘર છે તો આ ઘરનું ઘર છે. દેવાધિદેવે આયંબિલનો અન્નાહાર બતાડીને મુમુક્ષુ જીવોના તન, મન સરસ બનાવ્યાં છે.

જો આયંબિલનો તપ દીર્ઘકાળ સુધી ન થઈ શકે તો છ વિગઈઓનો ત્યાગ આજીવન કરી દેવો જોઈએ. કેમકે અન્તે તો એ વિગઈઓ જ આધ્યાત્મિક રસનું પાન કરનારા જીવો માટે તાલપુટ ઝેર છે.

પોતાના શિષ્ય બપ્પભટ્ટી મુનિના નિર્મળ જીવનની ખાતરી ગુરુને જોઈતી હતી. શિષ્યે આજીવન છ વિગઈઓ અને ભક્તોના ઘરની ફળ, સુકો મેવો વગેરે તમામ વસ્તુઓનો ત્યાગ કરવા દ્વારા ખાતરી કરાવી હતી. ગુરુ ખૂબ પ્રસન્ન થયા. તેમણે શિષ્યને માટે અત્યન્ત દુર્લભ એવી આશિષ આપી, "હે વત્સ ! તું મહાબ્રહ્મચારી બનજે. **"महाब्रह्मचारी भव ।"**

વિગઈઓનું સેવન એ આત્મામાં ધરબાતો દારૂગોળો છે. અશુભ નિમિત્તોનું આગમન કે આક્રમણ એ ચિનગારી છે.

દારૂગોળો હોય તો જ તેમાં પડતી ચિનગારી ભડકો કરે અન્યથા નિષ્ફળ જાય.

બને ત્યાં સુધી નિમિત્તોને પાસે આવવા ન દેવા અને નિમિત્તોની પાસે જવું પણ નહિ. જેને વાસનાનું પ્રાબલ્ય હોય તેણે ભિક્ષા લેવા માટે જવાય નહિ. ત્યાં અશુભ નિમિત્તોના હુમલા થવાની પૂરી શક્યતા છે. આ હુમલાઓથી બચવું એ અત્યન્ત ભગીરથ કાર્ય છે. સદ્‌ગુરુની કૃપા પામ્યા વિના આ શક્ય નથી. કેમકે તે જ મોહનીયકર્મના સંસ્કારોના દારૂગોળાને ફુસ કરી દે છે.

ચોથી વસ્તુ છે; જાતીય વાસના.

વિજાતીય, સજાતીય અને સ્વજાતીય - એમ ત્રણ પ્રકારની વાસના હોય છે.

ઉત્તર ઉત્તરની વાસનાનું સેવન સહેલું થતું હોવાથી તે ખૂબ વાર થાય છે. 'વિજાતીય' સુધી પહોંચવાનું કામ અતિ મુશ્કેલ છે. કાયાથી ત્યાં સુધી પહોંચાતું નથી; પણ મનથી લાખો વાર પહોંચી જઈને જીવ ખૂબ ઉગ્ર કર્મોનો બંધ કરે છે.

કોઈ પણ દેહ - નરનો કે નારીનો - એટલી અશુચિથી ભરેલો છે કે તે જો બરોબર સ્મરણમાં લવાય તો માત્ર ચામડીના રંગ વગેરે માત્રથી તે તરફ આકર્ષણ થવાની શક્યતા બહુ ઘટી જાય. પણ કાશ ! અનાદિકાલીન સંસ્કારો જીવનું વશીકરણ કરે છે. તે વખતે ક્યારેક સારા આત્માઓ તો મનોમન બોલે છે : "ના. ના. ના... મારે આ દોષ સેવવો નથી." અને.... પેલો દોષ ત્રાટકે છે. બિચારો જીવ બેભાન થઈને પટકાઈ જાય છે.

દેહના અંગો ગંદાં છે.

દેહની ભોગક્રિયા ગંદી છે.

દેહમાંથી ૯ (કે ૧૨) દ્વારેથી છૂટતી વિષ્ઠા વગેરે ગંદી છે.

દેહ વિનાશી છે.

દેહ ગમે ત્યારે રોગથી ઘેરાઈ જવાનો છે.

દેહને ઘડપણની વેદનાઓ વળગી પડવાની છે. જોતજોતામાં જીવન પૂરું થઈને દેહ પડી જવાનો છે.

આ બધી વાતો વૈરાગ્યની સાધક હોવા છતાં જીવોને દેહ ઉપર જે કારમી રાગદશા જાગે છે તેમાં તેના પૂર્વભવીય સંસ્કારો સિવાય કોઈ કારણ નથી.

સામાન્યતઃ વિજાતીયનું આકર્ષણ વિશેષ હોય છે છતાં કેટલાકને માત્ર સજાતીયનું વિકૃત આકર્ષણ હોય છે. કેટલાકને માત્ર સ્વજાતીય આકર્ષણ હોય છે.

ખેર, જે હોય તે... પરન્તુ ત્રણેય બાબતોમાં શક્તિસ્ખલન નિશ્ચિત હોય છે એટલે કોઈને પણ 'સેવ્ય' કહી શકાય તેમ નથી.

બહુ મોટા વિદ્વાનો, મહારાજાઓ, મલ્લો, વિચક્ષણો, સાધુ-સંતો પણ આ વાસનાનો ભોગ બની જાય છે. એ વખતે એમની અન્ય શક્તિઓ કે સમજણો સાવ બુઠ્ઠા થઈ જાય છે.

શ્રમણજીવનમાં જાતીયતાને કોઈ સ્થાન નથી કેમકે તેના દ્વારા થતો શક્તિક્ષય શ્રમણજીવનને સાવ નિષ્ફળ બનાવે છે.

બીજા વ્રતોમાં અપવાદે પણ રજા હોય છે જ્યારે બ્રહ્મચર્યવ્રતમાં કોઈ રજા નથી.

આ વ્રતને "એ વ્રત જગમાં દીવો, મેરે પ્યારે... !" શબ્દો દ્વારા શ્રેષ્ઠ વ્રત તરીકે નવાજવામાં આવ્યું છે.

શક્તિક્ષયની સીધી અસર બુદ્ધિ ઉપર પડે છે. બુદ્ધિનો ક્ષય થાય છે. જેની બુદ્ધિ ક્ષીણ થઈ કે વિપરીત થઈ તેનું જીવન કેવું હતપ્રહત થાય ? તેનો આધ્યાત્મિક વિકાસ શી રીતે થાય ?

જે તે પૌષ્ટિક ખોરાકો અને ઉત્તેજક ભસ્મો ખાઈ લઈને સંસારી લોકો પોતાની ક્ષીણશક્તિને પણ કદાચ ટકાવી લેતા હશે પરન્તુ આત્માના વિષયમાં આ શક્ય નથી કેમકે અહીં મોહનીય કર્મનો ક્ષયોપશમ અનિવાર્ય છે. તે પૌષ્ટિક દ્રવ્યોથી સાધી શકાતો નથી.

પાંચમી પતનકારી વસ્તુ છે કષાયો : ક્રોધાદિ ચાર.

આ કષાયો સ્વની સાથે પરને પણ ઝપાટામાં લે છે. આથી એમનું સ્વરૂપ વધુ ખતરનાક અને બિહામણું બની જાય છે.

કેટલાક શ્રમણો વાસનાઓના સેવનથી ગભરાય છે તેથી તેનું સેવન જાહેરમાં કરતા નથી. પરન્તુ ક્રોધાદિ કષાયોને જાહેરમાં સેવવામાં શરમ અનુભવતા નથી. ભરસભામાં સાધુ ક્રોધ કરતો હોય છે. અભિમાન દાખવતો હોય છે વગેરે... આ અપેક્ષાથી વિષયો કરતાં કષાયો આત્મા માટે વધુ જોખમી બની જાય છે.

* * *

**परपरिवायमईओ दूसइ वयणेहिं जेहिं जेहिं परं ।**
**ते ते पावइ दोसे परपरिवाइ इअ अपिच्छो ।। 73 ।।**

**અર્થ :** બીજાઓના છતાં કે અછતાં દોષોને જાહેરમાં લાવીને લોકોમાં નિંદા કરનારા માણસમાં તે દોષો પેસી જાય છે.

**વિવેચન :** આમાં ગમે તે કારણ હોય પણ તે હકીકત છે કે જે તમે બીજામાં જુઓ તે તમારામાં પ્રવેશી જાય.

ગુણ જુઓ તો ગુણો; અને દોષ જુઓ તો દોષો પોતાનામાં પેસી જાય.

આ આંખોના વાયરસ જેવું છે. એવી આંખોની સામે જે જુએ તેની આંખમાં વાયરસ પેસી જાય.

ગુણો જોવાથી જો ગુણો જીવનમાં પેસી જતાં હોય તો શા માટે બીજાના ગુણો ન જોવા ? એકેકો ગુણ સિદ્ધ કરવા માટે ઘણા ભવો કરવા પડે.

જ્ઞાનીઓ કહે છે કે, "જો તમને કોઈ જીવમાં સુંદર ગુણવિકાસ જોવા મળે તો તમે આશ્ચર્ય પામજો; કેમકે અનાદિકાળના ભવભ્રમણમાં દરેક જીવે અનેક દોષોને જ ચક્કાજામ કર્યા છે. એનામાં ગુણની સંભાવના જ નથી. છતાં જો તે દેખાય તો ખૂબ આનંદની વાત ગણાય.

બગીચામાં ગુલાબ ઊગ્યા છે. ક્યાંક વિષ્ઠા પણ પડી છે. ગુલાબ ઉપર બેસીને જે મોહક સુરો કાઢે છે તે બુલબુલ છે. પણ જે વિષ્ઠામાં ચાંચ મારે છે તે કાગડો છે.

આપણે શું બનવું છે ? તે નક્કી કરી લઈએ.

મનુષ્ય થયા છીએ તો હવે દેવ બનવા તરફ કે દેવાધિદેવ બનવા તરફ લક્ષ રાખીએ. પશુ બનીને શું કરવાનું ?

ગ્રન્થકારશ્રી નિન્દા અને ઈર્ષ્યા સંબંધમાં સખ્ત ફટકાબાજી કરે છે એ ઉપરથી લાગે છે કે આત્માના વિકાસમાં આ દોષો અત્યન્ત બાધક છે. હા, અનુભવથી પણ એમ જ લાગે છે.

પ્રાથમિક કક્ષાના આત્મવિકાસને પણ આ બે દોષો સ્થગિત કરે છે.

તમે અનુભવ કરો. ગામના કોઈ માણસને નજરમાં લાવો જે ચારે બાજુ ફરતો–રખડતો રહીને દોષોના ચોખા વેરતો રહે છે. સવારથી રાત સુધી સારા માણસોના પણ દોષોનું ઉદ્ભાવન કરે છે. આ માણસ આખા નગરમાં કોઈને ગમતો નથી.

પરદોષદર્શન થયા પછી પરનિન્દા નિશ્ચિતપણે આવે છે. એટલે પરદોષદર્શન કરવું ન જોઈએ. જ્ઞાનીઓ કહે છે કે પારકી પંચાતોમાં તમે આંધળા, બહેરા અને મૂંગા બનો. તથા તમારી અંદર પલાંઠી મારીને આત્મસાધનામાં લીન બનો.

એક સ્થળે કહ્યું છે કે, "ઓ જીવ ! પરદોષદર્શનને છોડીને તું શ્રીરામના ભજનમાં લીન થઈ જા. તારે જોવા જ છે તો અત્યન્ત દુર્લભ એવા પરગુણોને જોયા કર."

પેલો કેવડાનો છોડ ! કેટલા બધા દોષોથી એ ખદબદી રહ્યો છે.

(૧) તે સ્પર્શમાં ખૂબ કર્કશ છે.

(૨) તે જંગલી છે. (જંગલમાં ઊગે છે.)

(૩) તેમાં સાપ રહે છે. (ખૂબ ઠંડો હોવાથી.)

(૪) તેને ફળ આવતું નથી.

આ બધું છતાં તેનામાં એક ગુણ છે : સહુને સુગન્ધનું દાન. આના કારણે તે શ્રીમંતોના બંગલામાં ગોઠવાય છે.

આ નય બધે લગાડવો જોઈએ. આના બદલે જો દોષદર્શન થશે તો જીવન બરબાદ થશે. એકાદ દોષનો નાશ અને એકાદ પણ ગુણની પ્રાપ્તિ બહુ મુશ્કેલ છે.

ગ્રન્થકાર ગુણપ્રાપ્તિનો ખૂબ સરળ રસ્તો બતાડે છે કે, "તમે બીજાના ગુણો જુઓ, તેનું હાર્દિક અનુમોદન કરો. પણ જો તમે બીજાના દોષો જોશો તો તે તમારામાં ઘૂસી જશે."

સામે પાંચ વ્યક્તિ ઊભી છે. દરેકમાં ધારો કે એકેકો દોષ છે. હવે જો તમે તે દરેકનો દોષ જોશો તો તમારામાં પાંચ દોષો પેસી જશે. આ કેટલું મોટું નુકસાન થયું !

ગ્રન્થકાર કહે છે કે આ પરદોષદષ્ટા જીવ એટલો બધો ખરાબ છે કે તેનું દર્શન કરવું એ પાપ છે. સવારના પ્રહરમાં એનું દર્શન થાય કે નામ બોલાઈ જાય તો – ભગતના ગામની જેમ - આખો દિ' ખાવાનું ન મળે.

પેલી વેશ્યા ! પોતાના ઘરની સામે આવેલા મંદિરના ભજનિકોની ખૂબ અનુમોદના કરતી હતી. પ્રભુભક્તિ કરવા બદલ તેમનો જન્મારો સફળ કહેતી. તેની સાથે સ્વદોષદર્શન પણ ખૂબ કરતી. પોતાના પાપી જીવનને ધિક્કારતી.

પેલા ભજનિકો વેશ્યાને ખૂબ નિંદતા. એને ગાળો દેતા.

કહે છે કે એક દિ' સ્વર્ગમાંથી વિમાન ઊતર્યું. વિમાન તો બાવાજીને જ લેવા આવે તેમ સમજીને ભક્ત લોકો વિમાનીને કહેવા લાગ્યા, "આ બાજુ... અમારી તરફ."

પણ વિમાન વેશ્યાના ઘર તરફ વળી ગયું. વેશ્યાને લઈને રવાના થયું. બાવાજી પગ ઘસતાં રહી ગયા.

પછી સહુને ખબર પડી કે જે સ્વદોષદર્શન તીવ્રતાથી કરે છે તે સ્વર્ગગામી બને છે, જે પરદોષદર્શન કરે છે તે દુર્ગતિગામી બને છે.

સંયમજીવનની ઊંચી આરાધનાઓ - તપ, જપ, કાયોત્સર્ગ – કરતાં પણ પાયાની આ બે આરાધનાઓનું મહત્ત્વ અપેક્ષાએ વધુ ગણાય.

ઉત્કૃષ્ટ તપસ્વીઓ કે સંયમીઓએ કૂરગડુ અને અઈમુત્તાનું પરદોષદર્શન કર્યું તો તેઓ બાજુ ઉપર રહી ગયા અને આ બે મહાત્માઓ કૈવલ્ય પામી ગયા.

સ્વભાવ બે જાતના હોય છે. રૉયલ અને પિત્તળ. તેમાં રૉયલ સ્વભાવ માટે સ્વદોષદર્શન અને પરગુણદર્શન અત્યન્ત આવશ્યક ગણાય. જેઓ પરનિન્દા અને સ્વપ્રશંસામાં ગળાબૂડ છે તેઓ પિત્તળ સ્વભાવના બને છે. આ સ્વભાવ ઘણા બધા આશ્રિતોને નુકસાનકર્તા બને છે.

* * *

**थद्धा च्छिद्दप्पेही अवण्णवाइ संयमइ चवला ।**
**वंका कोहणसीला सीसा उव्वेअगा गुरुणो ।। 74 ।।**

**અર્થ :** ગુરુ સામે અભિમાન કરનારા, ગુરુના પણ દોષો જોનારા, ગુરુનિંદક, સ્વતન્ત્ર મિજાજના, અસ્થિર ચિત્તવાળા, વક્ર અને ક્રોધી એવા શિષ્યો ગુરુને ઉદ્વેગ કરાવનારા બને છે.

**વિવેચન :** આ ગાથામાં શિષ્યો દ્વારા ગુરુ ઉપર મચાવાતા કાળા કેરની વાત કરવામાં આવી છે. જો દીક્ષા લઈને આ રીતે ગુરુને ત્રાસ આપવાનો સ્વભાવ તોફાને ચડવાનો હોય તો બહેતર છે કે તેઓ દીક્ષા ન લે. હા, તેથી તેઓ સંસારમાં રહીને છકાયનો કૂટો કાઢવાનું પાપ કરશે પણ તે પાપથી છૂટવા માટે દીક્ષા લેવી અને છ વ્રતો (૫ + ૧)નો કૂટો કાઢી નાંખવો તે કેટલું અક્ષમ્ય પાપ ! જે ગુરુની સામે પડે તે શિષ્ય સકળ જિનાજ્ઞાઓની સામે પડે છે. આનું પરિણામ પરલોકાદિમાં ખૂબ ખરાબ રીતે ભોગવવું પડે છે.

જે સમુદાયની અંદર શાન્તિ, સમતા અને સંયમસાધનાની સરિતાના જળ પ્રસન્ન રીતે ખળખળ વહ્યા કરતા હોય ત્યાં કોઈ દીક્ષા લઈને અશાન્તિનાં વમળો પેદા કરે તે અત્યન્ત અનુચિત કહેવાય. અરે, ભલા ! તમારો સ્વભાવ ખરાબ

હોય તો તમે સંસારમાં રહો પણ આ રીતે સંસારત્યાગી સંયમધર મહાત્માઓના જીવનમાં અંધાધૂંધી તો ઉત્પન્ન ન જ કરો.

મેં એવા ગુરુને જોયા છે જેના મુખ ઉપર દિવસો સુધી શિષ્યોની દાદાગીરી કે ઉચ્છ્રૃંખલતા બદલ ગ્લાનિ છાઈ ગયેલી હતી. તેમનું મુખ સદા ઉદ્વિગ્નતા ભરેલું હું જોતો હતો. ક્યારેક તેમને જોઈને મારી આંખે આંસુ વહી જતા.

જો કે આવી સ્થિતિનું નિર્માણ થવામાં ગુરુ દ્વારા લાલચથી કે ઉતાવળથી થઈ જતી અયોગ્ય દીક્ષાઓ પણ કારણભૂત છે.

જો આત્મા સુશિષ્ય હોય તો તેના માટે આવી ફરિયાદો સંભવે નહિ.

શિષ્યની ઉચ્છ્રૃંખલતા એ તેની દીક્ષા લેવા અંગેની ચોખ્ખી અપાત્રતા છે.

ગ્રન્થકારે એવા શિષ્યોના અપલક્ષણો જણાવ્યાં છે કે તે શિષ્યો અભિમાની (છદ્ધ) હોય છે. આ જીવો અધૂરા ઘડા જેવા હોવાથી ઊછળતાં હોય છે. એ વખતે એમને બોલવાનું ભાન હોતું નથી. ગુરુને હલકા ચીતરીને પોતાને મહાન બતાડવાનો અધમાધમ ઉપાય પણ કરે છે.

બીજાની મોટી લીટીને કાપીને પોતાની નાની લીટીને મોટી કરવાનો આ હીનમાં હીન પ્રયત્ન કહેવાય.

આ શિષ્યો સહવર્તી સાધુઓના અને ગુરુસુદ્ધાનાં દોષો જોયા કરે છે. એની જાહેરાત કરીને એકબીજાને સંઘર્ષમાં નાંખે છે : અથડાવી દે છે. શિષ્યોની આ કેવી નીચતા !

આ સાધુઓ જૂઠું બોલતાં કે અઘટિત બોલતાં જરાક પણ અચકાતા નથી. તેઓ સ્વચ્છંદી હોય છે. ગુરુને પૂછ્યા વિના બધી પ્રવૃત્તિ કરતા હોય છે. સાવ ચંચળ હોય છે. એકદમ વક્ર (કુટિલ) હોય છે. ખૂબ ક્રોધી હોય છે.

એકેકો દોષ આખા સમુદાયને ઉદ્વેગમાં નાંખે છે. હાય, આની સામે ગુરુના હૈયાના ઊંડાણમાંથી નીકળતા નિઃસાસા શિષ્યના જીવનને કેવું દઝાડી નાંખતા હશે ! ગચ્છાચાર્યની તો કેવી દશા થતી હશે ?

શાસ્ત્રમાં કહ્યું છે કે ગચ્છના સાધુઓના ચતુર્થ વ્રત અંગેના દોષોનું કર્મ સોળગણું થઈને ગચ્છાચાર્યને ચોંટે છે. તે સિવાયના દોષોનું કર્મ ચારગણું થઈને ચોંટે છે.

આ વાતના જાણકાર ગચ્છાચાર્યને શિષ્યોના અસંયમથી કેટલો બધો ત્રાસ થતો હશે ? પણ અફસોસ ! તે શિષ્યોને આ વાતની કશી પરવા હોતી નથી.

મને કાલકાચાર્ય યાદ આવે છે (ચોથની સંવત્સરીના પ્રવર્ત્તક). તે સમયના તે ઉત્કૃષ્ટ આચાર્ય હતા. પણ તેમના શિષ્યો તેમના કાબૂમાં ન હતા. તેઓ ઉચ્છૃંખલ બની ગયા હતા.

એક દિ' એકદમ કંટાળીને સૂરિજીએ આખા ગચ્છનો ત્યાગ કરી દીધો. અન્યત્ર ચાલી ગયા.

પેલો રાબડીપ્રિય સાધુ ! દાઢના દુઃખાવાને લીધે ગુરુએ રાબડી વાપરી તેમાં તેનો ક્રોધ આસમાને પહોંચી ગયો. તેનાથી ગભરાઈને ગુરુએ અનશન દ્વારા જીવનનો અન્ત આણી દીધો ! પેલા નપાવટ શિષ્યે મૃતકના દેહની દાઢ પત્થરથી તોડી નાંખીને મનની અકળામણ દૂર કરી !

વરાહમિહિર, રોહગુપ્ત, વસ્તુપાળનો મુનિમ (આચાર્યપદે પહોંચેલો) કેવા માથાભારે સાધુઓ હતા !

મને તો તે ગુરુઓ અતિશય પાપોદયવાળા લાગે છે જેમને એકાદ પણ ઉચ્છૃંખલ શિષ્ય મળ્યો છે : જેણે તેમનું જીવન ઉઝાડી નાંખ્યું છે.

આવું વાતાવરણ ઘણી જગાએ જોયા પછી મને એવું કહેવાનું મન થાય છે કે જો એકાદ 'સુયોગ્ય' શિષ્ય–આરબ જેવો–પ્રાપ્ત થઈ જાય તો વધુ શિષ્યો કરવાની લાલચ કરવી નહિ.

કાળ એટલો બધો વિષમ છે કે ધાર્યું ગણિત ખોટવાઈ ગયા વિના રહેતું નથી. મુનિ-જીવનમાં પણ જો 'સંકલેશ' અને 'સંઘર્ષ' વ્યાપેલો રહે તો બાવાના તો બે ય બગડ્યા ને ? નહિ ઘરનો ગૃહસ્થ, નહિ સાધુવેષે સાધુ.

મને એવું જાણવા મળ્યું છે કે જે દિગ્ગજ શાસનપ્રભાવક મહાત્માઓ થયા – પૂ. હરિભદ્રસૂરિજી, હેમચન્દ્રસૂરિજી, યશોવિજયજી - તેમને આંગળીના વેઢે ગણાય તેટલા શિષ્યો હતા. શું આથી જ આ મહાપુરુષો ઢગલાબંધ ગ્રન્થોના સર્જક બની શક્યા હશે ?

ત્રણ વસ્તુ એવી છે કે જેના પ્રશ્નો સદા રહેવાના અને લમણે જોરથી વાગવાના. (૧) શરીર (૨) સંસ્થા. (૩) શિષ્યો (સંતાનો). આમના પ્રશ્નો ઊભા થયા કરે તેથી તેમનો અભાવ કરવો તે બરોબર લાગતું નથી કેમકે તેથી તેમના જે લાભો છે તે ગુમાવી બેસવાના થાય. છતાં આ ત્રણની સાથે તેણે જ કામ કરવું જોઈએ જેનું પુણ્યબળ પ્રચંડ હોય.

સામાન્યતઃ એવું કહેવાય છે કે શિષ્યે ગુરૂકૂલવાસ અને ગચ્છવાસનું સેવન કરવું જોઈએ. તેના લાભ ઘણા બધા છે. તે દરેકના જુદા જુદા લાભો છે.

પણ જો શિષ્ય માથાભારે : ઉચ્છૃંખલ હોય તો તેના માટે આ બે વાસ સાવ નકામા છે. ઊલટું એને તો આ વાસમાં સાધુઓ સાથે લડવા - ઝઘડવાનું મોકળું મેદાન મળી જાય.

મને તેવા ગુરુની ખૂબ દયા આવે છે જે શિષ્યોના તાબામાં હોય છે. જેમને પૂછ્યા વિના પાણી પણ પી શકતા નથી. વિહારાદિના નિર્ણયો પણ ગુરુના હાથમાં હોતા નથી. ટૂંકમાં સાવ પરાધીન ગુરુ !

* * *

**जस्स गुरुम्मि न भत्ति न य बहुमाणो न गौरवं न भयं ।**
**न वि लज्जा न वि नेहो गुरुकुलवासेण किं तस्स ।। 75 ।।**

**અર્થ :** જેની ગુરુ પ્રત્યે ભક્તિ નથી, હાર્દિક બહુમાન નથી, સન્માનભાવ નથી, તેમનાથી કોઈ ભય નથી, લાજ નથી, ગુરુ પ્રત્યે સ્નેહ પણ નથી એવો કોઈ સાધુ ગુરૂકૂલવાસમાં હોય તો ય તેનાથી શું ફાયદો ?

**વિવેચન :** અહીં ગુરુકૂલવાસનો અર્થ ગચ્છવાસ કરવો. કેમકે નપાવટ શિષ્ય ગુરુની આજ્ઞામાં વાસ કરે નહિ એટલે તે ગુરુની પાસે રહેતો હોય તો ય ગુરુકૂલવાસમાં ન ગણાય. હા, ગચ્છવાસમાં ગણાય ખરો. પણ ગ્રન્થકારશ્રી કહે છે કે તે ગચ્છવાસમાં રહે તેનાથી કોઈ લાભ નથી.

ગચ્છવાસના લાભ ઘણા છે. તેથી દોષ સેવવો હોય તો ય સેવી શકાય નહિ. કેમકે ઘણા બધામાં દોષસેવન કપરું બની જાય છે. ગચ્છવાસમાં પઠન-પાઠન, વૈયાવચ્ચ, ગુરુસેવા, વાચનાપ્રાપ્તિ, પરસ્પર પ્રેરણા પ્રાપ્ત થાય. પરન્તુ જો શિષ્ય ઉલ્લંઠ હોય તો ગચ્છવાસથી ગેરલાભ પણ થાય. આપસમાં ઝઘડા, સ્વાર્થવૃત્તિ, ઈર્ષ્યા, નિન્દા, કાપાકાપી વગેરે ગચ્છવાસના મોટા દોષો છે.

આમ છતાં ગચ્છવાસ જ સારો છે કેમકે તેના 'માઈનસ' કરતાં 'પ્લસ' વધુ છે.

ગચ્છવાસનો ત્યાગ ઘણી મોટી આફતોને ખેંચી લાવે.

સાગરમાં રહેલા માછલાં ભરતીના સમયમાં ઊછળે, પરસ્પર જોરથી અથડાય એટલે એવું વિચારે કે સાગરમાં રહેવાથી ઘણાં નુકસાન છે માટે સાગરને ત્યાગીને કિનારે રહેવા જવું... તો કિનારે જતાં મરી જાય.

સાગર અને ગચ્છવાસ સરખા છે.

કેટલાક સાધ્વીઓના ગ્રુપમાં ભારે અથડામણો થતી જોવા મળે છે. ખરેખર તો ઉપર્યુક્ત નીતિ મુજબ તેમણે તેમનો ગચ્છ છોડવો ન જોઈએ પરન્તુ જો વાત હદ બહાર વણસી જાય તો સ્વગ્રુપને ત્યાગીને પરગ્રુપમાં પણ સમાધિ પામવા માટે અપવાદ માર્ગે જઈ શકાય.

હાલના દેશ-કાળના પલટાતા સંદર્ભોમાં કેટલીક બાબતોને ગીતાર્થ મહાપુરુષોએ ખાસ વિચારવા જેવી છે. તે માટે તેમણે ભેગા થવું જોઈએ.

આ શ્લોકમાં શિષ્યની ઉદ્ધતાઈની પરાકાષ્ટા બતાડાઈ છે. જે ગુરુને પનારે આવો શિષ્ય પડ્યો હશે તેની હાલત રાત ને દિ' કેટલી સંતપ્ત રહેતી હશે !

એવું કહેવાનું મન થાય છે, "હાથના કર્યાં હૈયે વાગ્યા !"

હલાહલ આ કલિકાળમાં ટકોરા માર્યા વિના શિષ્ય કરવો નહિ. આવી પ્રતિજ્ઞા તમામ સાધુઓએ લેવી જોઈએ.

ગણાચાર્યોએ પોતાના સમુદાયના યોગક્ષેમ માટે ઉત્તમ કોટિના જ્ઞાની શ્રાવકોની સમિતિ નીમવી જોઈએ. આચાર્યશ્રી વર્ષમાં બે-ત્રણ વાર તેમને બોલાવે. ગચ્છના સાધુઓના સ્વાસ્થ્ય, સંયમ અને વિશિષ્ટ વિકાસની ચિન્તા કરે. જે કાંઈ આર્થિક બળ વગેરેની અપેક્ષા રહે તે બધી તે શ્રાવકો પૂરી પાડે.

સમિતિના શ્રાવકો શાસ્ત્રોના પદાર્થોને સાંભળીને ગીતાર્થ બનેલા હોવા જોઈએ. આમ થાય તો જ સમિતિ નીમવાનો હેતુ બર આવે. પૂર્વના કાળમાં આવી સમિતિ રચાઈ છે.

* * *

**रूसइ चोइज्जंतो वहइ य हियएण अणुसयं भणिओ ।**
**न य कम्हिं करणिज्जे गुरुस्स आलो न सो सीसो ।। 76 ।।**

**અર્થ** : ભૂલ સુધારવા માટે હિતશિક્ષા આપે તેવા ગુરુ ઉપર જે શિષ્ય રોષ કરે, ગુરુ સારણાદિક કરે તો હૃદયમાં ક્રોધ કરીને ગાંઠ વાળે (અવસરે ગુરુને સીધા કરી દેવા), કોઈ પણ કામ - ગુરુનું કે ગણનું – કરે નહિ તે સાધુ ગુરુનો શિષ્ય નથી પણ દુશ્મન (આળ) છે.

**વિવેચન** : 'શિષ્ય' શબ્દનો અર્થ જ એ છે કે ગુરુ જેની ઉપર શાસન કરી શકે (હુકમ બજાવી શકે). હવે જો તે વસ્તુ ન હોય તો તે સાધુને શિષ્ય ન કહેવાય : શિષ્યાભાસ કહેવાય.

એ શિષ્યોનો પ્રચંડ પુણ્યોદય કહેવાય જેમને ગુરુ બિન્ધાસ્ત રીતે સતત સૂચનો કરતા રહે છે : ઠપકો પણ આપે છે : જરૂર પડે તો હાથ પણ ઊંચકે છે.

જ્ઞાનીઓએ કહ્યું છે કે જે ગચ્છમાં સારણા, વારણાદિક નથી તે ગચ્છને અગચ્છ સમજવો. સંયમના અર્થી સાધુઓએ તે ગચ્છનો ત્યાગ કરી દેવો.

જો ગુરુ નહિ કહે તો કહેશે કોણ ? શિષ્યમાં સેંકડો ક્ષતિઓ હોય જ. તેણે સામે ચાલીને ગુરુને વિનંતિ કરવી જોઈએ કે તે તેને સતત ભૂલો જણાવતા રહે. ગુરુને વારંવાર શિષ્ય આવી વિનંતિ કરે એટલે ગુરુ અત્યન્ત નિર્ભય થઈને શિષ્યને ટોક્યા કરે. આમ થતાં શિષ્યો પોતાની ક્ષતિઓ જો નિવારતો રહે તો કદાચ 'મહાસંયમી' સાધુ બની જાય. ગુરૂકૃપાથી એનું પુણ્ય પણ પુષ્કળ વધી જાય. એ સ્વ-પરનું જોરદાર હિત કરનારો બની જાય. એ 'શ્રમણશ્રેષ્ઠ' કહેવાય.

આવી ઉત્તમ દશાના મૂળમાં ગુરુ-તત્ત્વ પડ્યું છે : ગુરુની કૃપા પડી છે. તે જ એકડો છે; બાકીના બધાં મીંડા છે.

ઓ શિષ્યો ! મહેરબાની કરીને 'ગુરુ'ના માટે મનથી પણ નબળો વિચાર કરશો નહિ. એથી તમારું પારાવાર અહિત થશે.

એક સ્થળે સાચું કહ્યું છે કે, "શિષ્યોના જીવનનું કોઈ મંગલ હોય તો તે માત્ર ગુરુકૃપા છે."

**गुरुकृपा हि केवलं शिष्यं परं मंगलम् ।।**

અજૈન શાસ્ત્રોમાં ગુરુનો મહિમા બતાડતાં ઘણાં વિધાનો આવે છે. એક સ્થળે કહ્યું છે કે, "તમને એવી ખબર પડી કે તમારા ગુરુ મરણપથારીએ છે. તમે દોડ્યા. કાશ ! તમે જરાક મોડા પડ્યા. તમને તેમના મૃતકના દર્શન થયા. ભાઈ ! તો ય તમે તમારી જાતને ધન્ય માનજો.

અરે ! વધુ મોડા પડવાથી અગ્નિસંસ્કાર અપાઈ ગયો. તમે મૃતકની આગની જ્વાળાઓ જોઈ. ભાઈ ! તો ય તમારી જાતને ધન્ય માનજો.

એમ વધુ ને વધુ મોડા પડવાથી આગને બદલે ઠરી ગયેલી રાખનો સ્પર્શ થયો. તો ય તમે ધન્ય બની ગયા.

હવે જો આ વાત હોય તો જીવતા જાગતા ગુરુના દર્શનમાં, ચરણસ્પર્શમાં, સેવામાં તો કેટલી બધી ધન્યતા ગણાય ?

અફસોસ ! આપણે મૂર્તિપૂજક છીએ એટલે મૃત્યુ પામેલા ગુરુની મૂર્તિની જ પૂજા કરશું પરન્તુ જીવતા ગુરુની સેવાનો લાભ નહિ લઈ શકીએ.

ગુરુના અગ્નિસંસ્કાર વખતે સ્મશાનમાં બેઠેલા ગૂર્જરેશ્વર કુમારપાળને એ વિચાર આવ્યો કે, "હું રાજા હોવાથી ગુરુએ મારું અન્ન લીધું નહિ અને પાણી તો તેમના ચરણ પ્રક્ષાલનમાં ય વપરાયું નહિ. ધિક્કાર છે મને. હવે મને વિચાર આવે છે કે, "જો મેં રાજ છોડી દીધું હોત તો કેવું સારું થાત ! ગુરુ મારા ઘરે આવીને મને બધો લાભ આપત. પણ કેવો હું વૈભવવિલાસી લંપટ !"

મને ગુરુકૃપામાં પૂરી શ્રદ્ધા છે કેમકે તે પામ્યા પછીનાં ફળોનો મેં રસ ધરાઈને પીધો છે.

જો તમારી ઉપર 'મહાસંયમી' એવા મહાત્માની સ્મિત વેરતી નજર પડી જાય તો તમારો બેડો પાર માનજો. હવે તમારે સંયમજીવનની કષ્ટમય આરાધના ઝાઝી નહિ કરવી પડે. તમને ઝટપટ મોક્ષ પ્રાપ્ત થઈ જશે.

હાય ! ગ્રન્થકારશ્રી તો સાવ ઉચ્છૃંખલ શિષ્યનું વર્ણન કરે છે જેને ગુરુ ઠપકો દે તો રીસાઈ જાય છે, ગુરુ શિખામણ દે તો ગાંઠ મારીને અવસરે ગુરુની સખ્ત શબ્દોમાં ખબર લઈ નાંખે છે અને ગુરુએ સોંપેલુ કામ તો કદી કરતો જ નથી.

અરે, આ તે શિષ્ય છે કે કાળો ઝેરી સાપ ! ગુરુને ડંખીને તેમની પ્રસન્નતારૂપ પ્રાણને ખતમ કરી નાંખતો !

જે શિષ્યો આટલા બધા ઉચ્છૃંખલ હશે તેઓ નિશ્ચિતપણે ભારેકર્મી હશે. જો તેમનો આત્મા ખાનદાન (લઘુકર્મી) હોત તો તેની આ દશા સંભવિત નથી. હા, તે ય ગુરુની સામે જેમ તેમ વર્તી નાંખે ખરો, પણ એ પછી તેનો પશ્ચાત્તાપ અત્યન્ત તીવ્ર હોય. તળાવ ભરાઈ જાય તેટલા આંસુ વહી જતા હોય.

આથી જ પાત્રને નહિ પણ સુપાત્રને દીક્ષા આપવી જોઈએ. વળી દીક્ષા-ધર્મ એટલો બધો સસ્તો કે બજારુ નથી કે હાલતાંચાલતાં ગમે તેને તે આપી દેવાય.

જે સાધુઓએ આવી ભૂલ કરી છે : કોકના ગુરુ બની બેઠા છે તે તમામ ભરપેટ પસ્તાયા છે. ઉલ્લંઠ શિષ્યોએ તેમને ગીધની જેમ ફોલી ખાધા છે. બધી રીતે પરેશાન કર્યા છે. એવા ગુરુઓ આર્ત્તધ્યાનનો ભોગ બનીને તિર્યંચ ગતિ ભેગા–દીર્ઘકાળ માટે–થયા છે. જમાલિ, ગોશાલક, દત્ત, કૂલવાલક, કાલકાચાર્યના શિષ્યો વગેરે કેવા ઉલ્લંઠ હતા !

ગુરુને ત્રાસ આપનારા, તેમનો દ્રોહ કરનારા, કૃતઘ્ની શિષ્યો ઉપર ગુરુની એવી ગરમાગરમ હાય ઊતરે કે તેમનો ગુણવૈભવ સળગીને સાફ થઈ જાય. તેમનું પુણ્ય પણ બળીને ખાખ થઈ જાય.

આ ભવે તેઓ પાપી બને.

પરભવે તેઓ દુ:ખી બને.

કોઈ ગુરુતત્ત્વની આશાતના કરજો મા. કદાચ ગુરુના જીવનમાં પક્ષપાત, ખાવાની લાલસા, ઈર્ષ્યાદિક દોષો જોવા મળે તો તેમનામાં ગુરુતત્ત્વ (ગૌતમસ્વામીજી કે ચંદનબાળાજી)ની સ્થાપના કરી દેજો. તેમની આરાધના કરજો.

ગુરુ મલિન હશે તો ય ગુરુતત્ત્વ તો સર્વથા નિર્મળ છે.

ગમે તેમ, પણ ગુરુના હીલક બનવું નહિ. ગુરુહીલના એવું ભયાનક પાપ છે કે આ ભવમાં જ તેનું કાતીલ ફળ (દુ:ખ) મળે છે. કાં તે સાધુ રોગોથી ઘેરાઈ જાય છે; અથવા કોઈ ભયથી આક્રાન્ત બની જાય છે. અથવા ઘરબારી બની જાય છે; અરે, સાવ નાસ્તિક પણ બની જાય છે. જ્યારે મોક્ષ પામવા માટે જ દીક્ષા-ધર્મ સ્વીકારાયો છે ત્યારે શા માટે સંસારભ્રમણ વધારી મૂકનાર ગુરુદ્રોહ દીક્ષિત–જીવનમાં કરવો જોઈએ ?

સંભવ છે કે ગુરુના કેટલાક દોષો શિષ્યને ભડકાવતા હોય : સ્વચ્છંદી કે ઉલ્લંઠ બનાવતા હોય પણ તે વખતે ય મારે કહેવું છે કે શિષ્યે તે બધું સહતા શીખી જવું જોઈએ. સહવું એ જ સાધના છે. પરીષહાદિક ન સહાય તો ગુરુની સ્વભાવગત વિષમતાઓને સહર્ષ સહવી જોઈએ. આને સાધના બનાવી દઈને જોરદાર કર્મક્ષય કરવો જોઈએ.

હવે જો પોતાના પિત્તળ સ્વભાવના કારણે આ તૈયારી ન હોય તો તે સાધુએ - સારા સાધુઓ સુંદર સંયમ પાળે તે માટે પોતે ખસી જવું જોઈએ; યાવત્ ગૃહસ્થ બની જવું જોઈએ.

* * *

**उव्विलणसूअणपरिभवेहिं अइभणिअदुट्ठभणिएहिं ।**
**सत्ताहिया सुविहिया न चेव भिंदंति मुहरागं ।। 77 ।।**

**અર્થ :** ક્રોધાદિ દોષોનો નિગ્રહ કરવાના વિશિષ્ટ સત્વવાળા સુવિહિત મુનિઓ - તેમનો કઠોર વચનોથી તિરસ્કાર કરે, પોતાની ચાડી કરે, પરાભવ કરે કે અપમાન કરે, આડું-અવળું બોલે કે કઠોર વચનો કહે તો ય મોં બગાડતા નથી. (ઉપરથી એમની ઉપર કરુણા કરે છે).

**વિવેચન :** આ શ્લોકમાં મહાસત્વ ધરાવતા મહાત્માઓની વાત કરવામાં આવી છે. તેઓ બધા પરીષહોને જીતવામાં કાબેલ હોય છે. તેમની નિંદા-તર્જના વગેરે

થાય તો ય તે પ્રત્યે સાવ ઉદાસીન રહે છે. એની સામે કોઈ પ્રતિકાર કરતા નથી. બીજાઓનું પ્રતિકૂળ વર્તન સમતા સાથે સહવું એ તેમની સાધનાનો એક ભાગ હોવાથી તેમને દૂર કરવાની ઇચ્છા પણ કરતા નથી.

મણિઉદ્યોત મહારાજનું અસહ્ય વેદના કરાવતું પાઠું એટલું પ્રિય હતું કે દેવે તેને દૂર કરવાની આજ્ઞા માંગી તો ઘસીને ના પાડી. એવું સનત્કુમાર મુનિએ કર્યું.

ખંધક મુનિ ધારત તો સાચી વાત કરીને મરણાન્ત ઉપસર્ગમાંથી પાર ઊતરી જાત પરન્તુ તેમણે તે વાત કરી નહિ; કેમકે તેમને મરણાન્ત ઉપસર્ગ સર્વ મરણોનો અન્ત લાવી દેનારો હતો.

ગજસુકુમાલ મુનિએ પણ ચૂં કે ચા તો ન કરી પણ જીવ લેતા સસરાને પોતાના ઉપકારી તરીકે ગણી લઈને માફી આપી દીધી.

ક્યારેક મુનિઓને સમતા બાધિત બનતી હોય ત્યારે તેની જાળવણી કરવા માટે અપવાદ માર્ગનું સેવન કરવાની જ્ઞાનીઓએ રજા આપી છે; પરન્તુ મહામુનિઓ તેમ કરવું પસંદ કરતા નથી. તેઓ ઉત્સર્ગ માર્ગે ચાલીને બધી મુશ્કેલીઓનું વારણ કરી દે છે.

ઝાંઝરીયા મુનિએ ઝાંઝર પગેથી ન કાઢ્યું અને સુદર્શને અભયા રાણીના તોફાનોને ખુલ્લા ન પાડ્યા તેથી ઘણી મોટી શાસનહીલના થવાની હતી. પણ છતાં તેની ચિન્તા કર્યા વિના તેઓ ઉત્સર્ગમાર્ગે સ્થિર રહ્યા તો શાસનહીલના ટળી ગઈ અને મોટી શાસનપ્રભાવના થઈ.

મહાસંયમી મહાત્માઓનું 'સંયમ' એ છે કે તેમણે તમામ આફતોનો સમતા સાથે સ્વીકાર કરવો; સામનો નહિ કરવો. આમાં તેમને અપૂર્વ કર્મક્ષયનો જે લાભ થાય છે તેને તે છોડી શકતા નથી.

પરમાત્મા મહાવીરદેવ ઉપર ગોશાલક, ચંડકૌશિક, સંગમક, શૂલપાણિ, ગોવાળીયાના કેવા ઉપસર્ગો ત્રાટક્યા ! પણ પ્રભુએ તેમને સ્વીકાર્યા. અને.... અગિયાર લાખથી વધુ માસખમણો કરવા છતાં જે કર્મો ક્ષય પામતાં ન હતા તેમનો ક્ષય કર્યો.

આ ઉપરથી લાગે છે કે સંયમમાર્ગ શૂરવીરોનો માર્ગ છે; કાયરોનો કદાપિ નહિ. જેનાથી કશું ય સહન ન થતું હોય તેણે સાધુવેષ લેવો ન જોઈએ. તેવાએ શ્રાવકજીવનમાં રહીને ખૂબ જોરદાર પરમાત્મભક્તિ કરવી જોઈએ. એના દ્વારા મોહનીય કર્મનો ક્ષયોપશમ કરીને - સત્વની ભૂમિકા તૈયાર કરીને – સાધુ થવું જોઈએ.

ભૂમિકા બનાવ્યા વિના સાધુજીવનમાં કૂદી પડતાં તમામ આત્માઓ મુનિજીવનના મામુલી કષ્ટોથી ત્રાસી જાય છે. દીક્ષા લેવા બદલ જીવનભર પસ્તાયા કરે છે.

દુઃખની વાત છે કે વર્તમાનમાં સાધુવેષ ધારણ કરવાની બાબત સાવ સામાન્ય - બજારુ જેવી-બની છે. ગમે તેને સાધુ બનાવી દેતાં વાર લાગતી નથી. અરે, લાલચો - ખાવાપીવાની કે ધનાદિકની - આપીને પણ સાધુ બનાવી દેવાય છે. પોતાની આચાર્યપદવી થાય તે માટે ઘણી રમતો રમાય છે. આવું કરવાથી જિનાજ્ઞા સાથે રમત રમાઈને કિલષ્ટ અશુભ કર્મોનો બંધ થવા છતાં આ વાત ઉપર જરાય ધ્યાન આપ્યા વિના – રસ્તે ચાલતા માણસને પણ દીક્ષા અપાતી જોવા મળે છે.

આનાં પરિણામે શ્રમણસંઘમાં નેતૃત્વહીનતા અને યાદવી તથા શૈથિલ્ય પુષ્કળ ફેલાઈ ગયા છે. આ સ્થિતિમાં અભ્યુદયકાળની કોઈ આશા રાખી શકાય નહિ.

ગમે તેવો શિષ્ય ગમે તે રીતે ગુરુને કે મહાસંયમી મહાત્માઓને કટુ શબ્દોમાં બોલી દે કે ખખડાવી નાંખે તે શું ચલાવી લેવાય તેવી બાબત છે ? પણ હાલ કોઈ પાસે નેતૃત્વ નહિ હોવાથી શ્રમણ - સંસ્થાનું નાવ ભરદરિયે ડૂબું-ડૂબું થઈ રહ્યું છે. સારા સાધુઓ એ સ્થિતિને મોં વકાસીને જોઈ રહ્યા છે : તેથી ખૂબ ખિન્ન છે પણ તેઓ કાંઈ પણ કરી શકે તેમ નથી; કેમકે સાવ બેજવાબદાર માણસોના હાથમાં શ્રમણ-સંઘ ચાલી ગયો છે. આવા લોકોની સામે જે ગુરુજનો ક્ષમા ધારણ કરીને આત્મસાધના કરે તે મહાન છે. જેઓ મોં પણ ન બગાડે : ઉપરથી તેવા ઉલ્લંઠ સાધુઓ ઉપર કરુણા વરસાવે તે ખરેખર વંદનીય છે.

પણ અહીં એક વાત કહી દઉં કે અયોગ્ય આત્માઓને દીક્ષા આપવાથી જ આ અનિચ્છનીય સ્થિતિનું નિર્માણ થયું ને ? એટલે એ માટે જવાબદાર અને જોખમદાર તે શ્રમણશ્રેષ્ઠ વડીલો : ગણાચાર્યો ગણાય. તેઓ જરાય ઠપકાપાત્ર કહેવાય; કેમકે અન્તે તો તેમણે કરેલી અપાત્ર દીક્ષા, અપાત્ર પદવી, અપાત્રને પાટ-દાન વગેરે મુખ્ય કારણરૂપ છે.

આ કારણે જ્ઞાનીઓને પણ કુશિષ્યોના ગુરુ તરીકે ચારગુણ કે સોળગુણ પાપના બંધક કહ્યા છે તે એકદમ બરોબર લાગે છે.

આરાધક બનવું એ જુદી વાત છે.

સંચાલક બનવું એ જુદી વાત છે.

જિનશાસનના ગણાચાર્ય બનેલા મહાત્માઓ માત્ર સ્વલક્ષી સાધનાના આરાધક ન હોય. તેમણે મુખ્યત્વે તો જિનશાસનનું સફળ સંચાલન કરવાનું છે. જો તેમાં તે ઊણાં ઊતરે તો તેમની આરાધનાઓ પ્રશંસવા જેવી રહે નહિ. આ મુદ્દા ઉપર જિનકલ્પ લેવાને સુયોગ્ય આચાર્યને પણ–જો તેની પાછળ જૈનશાસનનો સંચાલક શિષ્ય તૈયાર થયો ન હોય તો–જિનકલ્પ લેવાનો નિષેધ કરવામાં આવ્યો છે.

સ્વલક્ષી આરાધના માત્ર સ્વકલ્યાણ કરે.

સર્વલક્ષી સંચાલન સર્વકલ્યાણ કરે.

જો તમારી પાસે પ્રચંડ પુણ્ય હોવાથી તમે જિનશાસનના સફળ અને અનન્ય સંચાલક બની શકો તેવી તમારી સ્થિતિ હોય તો તમારાથી ઘોર તપ વગેરે સ્વરૂપ આરાધનાઓ થઈ શકે નહિ.

જિનશાસનનું સફળ સંચાલન કરવા જોગા આત્માઓ મહાપુણ્યવાન્ હોય. તે વિરલા હોય. તેમને માત્ર સ્વારાધનામાં જોડી ન દેવાય. તેમની પરારાધનામાં જ સ્વારાધના સમાઈ જાય. તેવા વિરલ આત્માઓના દેહ, આરોગ્ય વગેરેની ખૂબ કાળજી જૈનસંઘે કરવી જોઈએ.

* * *

**माणंसिणो वि अवमाण वंचणा ते परस्स न करंति ।**
**सुहदुःक्खुग्गिरणत्थं साहू उयहिव्व गंभीरा ।। 78 ।।**

**અર્થ :** જે ઘણા બધા મોટા માણસોના માન-સન્માનને-તપ આદિના પ્રભાવથી – પામે છે. તેવા મહાત્માઓ બીજાઓનું અપમાન કરવાની ચાલ રમતા નથી. પોતાના સુખદુઃખ(પુણ્ય-પાપ)ની વિટંબણાઓનો ક્ષય કરવામાં તેઓ સમુદ્ર જેવા ગંભીર રહે છે.

**વિવેચન :** તપ વગેરે લબ્ધિઓ પ્રાપ્ત થવાથી ચરણોમાં દેવો આવીને પડે; કે રાજાઓ ઝૂકે તો ય તે મહાત્માઓને તેમની શક્તિઓનું અજીર્ણ થતું નથી. એટલે જ તેઓ બીજાઓને પોતાનાથી હીન ગણીને ઉતારી પાડવાની ચાલ કદી રમતા નથી.

સામાન્ય માણસ માટે પણ તે મહાત્માઓ હીન કક્ષાનું વર્તન કરતા નથી.

આવી ઉત્તમ સ્થિતિ પામવામાં મુખ્ય કારણ તેમની અન્તર્મુખ સાધના છે. આ સાધનાથી તેઓ ભૌતિક સુખ:દુખનો મૂલોચ્છેદ કરવા માંગે છે. એટલું જ નહિ પરન્તુ તેમના ઉત્પાદક પુણ્ય-પાપનો પણ નાશ કરવા માંગે છે. ટૂંકમાં તેમને

સંસારભ્રમણથી સર્વથા મોક્ષ પામવો છે. જ્યારે તેઓ આવી ઉગ્ર અને ઉત્તમ સાધના કરતા હોય ત્યારે તેમને બાહ્ય પરિબળો – શુભ કે અશુભ – તરફ નજર નાંખવાની પણ ફુરસદ ન હોય તે સહજ છે.

બાહ્ય પ્રતિકૂળ સંયોગો તેમને ત્રાસરૂપ નથી લાગતા પણ પુણ્ય-પાપ જનક કર્મો ત્રાસરૂપ લાગે છે. ભૌતિક સુખાદિ ત્રાસરૂપ લાગે છે. આથી તેમને જ ઉખેડી નાંખવામાં તેઓ લીન હોય છે.

વળી પોતાના સુખદુઃખની કથા કહેવામાં પણ તેમને રસ નથી. તેઓ પોતાની ઉપર આવી પડતાં સુખદુઃખને જરાય મહત્ત્વ આપતાં નથી. પોતાની સાધનામાં તેમને સુખ નડતું નથી (વિરાગથી ભોગવે છે માટે) અને દુઃખ કનડતું નથી (સમાધિથી ભોગવે છે માટે) એટલે આ અંગે બીજાને કશું કહેવાનું રહેતું નથી.

આ મહાત્માઓ સાગર જેવા ગંભીર હોય છે. એમને સાધના કરવાથી જે વિશિષ્ટ સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે તેને તેઓ જાહેરમાં બોલતા નથી. પણ જેમ સાગર ચૂપચાપ રત્નોને પોતાના ગહન પેટમાં સાચવી રાખે છે તેવું આ મુનિઓનું હોય છે.

"સુખે અનાસક્તિ અને દુઃખે સમાધિ" આ મહાત્માઓનાં જીવનસૂત્રો હોય છે.

આવા મહાત્માઓનું કોઈ અપમાન કરે, તેમની ઉપર મરણાન્ત કષ્ટ ઝીકે, તેમને જાનથી મારી પણ નાંખે તો ય તેઓ તે આત્માઓને કશું કરતા નથી. પોતાની પાસે દૈવીબળ - દેવસહાય - હોય તો તેના દ્વારા પેલા આત્માને પછાડતા નથી. કોઈ લબ્ધિ હોય તો તેનો ઉપયોગ કરતા નથી.

ખંધક મુનિએ હત્યા કરવા આવેલા મારાઓને 'ભાઈ' કહીને બોલાવ્યા. તેમનું કાર્ય સરળતાથી પાર પડે તે માટે પોતે શી રીતે સહાયક બનવું ? તે સવાલ પૂછ્યો.

ગજસુકુમાલજીએ સોમિલ સસરાનો કોઈ પ્રતિકાર ન કર્યો.

કીર્તિધર અને સુકોશલ (પિતા-પુત્ર) મુનિઓએ વાઘણને પોતાનો દેહ પ્રેમથી ધરી દીધો ! મેતાર્ય મુનિએ સોનીએ માથે બાંધેલી વાધરથી ખોપરી ફાટવા લાગી તો ય ચૂં કે ચા ન કર્યું !

કેટલાં દૃષ્ટાન્ત આપું. જેમને મોક્ષની જ લગન લાગી છે તે મહાત્માઓમાં દેહાસક્તિ - દેહભાવ સાવ ખતમ થયું હોય છે. દુશ્મન ઉપર પણ અસીમ કરુણા હોય છે એટલે તેઓ અપ્રતિકારને જ પોતાનું સૂત્ર બનાવે છે.

* * *

**मउआ निहुअसहावा हासदवविवज्जिआ विगहमुक्का ।**
**असमंजसमाइबहुअं न भणंति अपुच्छिआ साहू ।। 79 ।।**

**અર્થ :** મુનિઓ મૃદુ (નિરભિમાની), પ્રવૃત્તિની ધાંધલ-ધમાલ વિનાના, હાસ્ય : મશ્કરીથી રહિત, દેશકથા વગેરે વિકથાઓથી રહિત, લેશ પણ અસંગત વચન નહિ બોલનારા, તેમજ પૂછ્યા વિના યોગ્ય એવું પણ વધુ નહિ બોલનારા હોય છે.

**વિવેચન :** આ શ્લોકમાં સાચા મુનિનું બાહ્ય સ્વરૂપ બતાડ્યું છે.

જે મોક્ષ પામવા માટે જ સાધુ થયો છે તે જીવ આ શ્લોકોક્ત બધી વાતોથી યુક્ત હોય. આમાં જેટલી ખામી હોય તેટલો તે આત્મા સાધુત્વથી દૂર હોય.

દેવગુરુની કૃપા પામેલા, ગચ્છવાસમાં રહેલા મુનિમાં સ્વાધ્યાયાદિ દ્વારા વિશિષ્ટ શક્તિઓ (પુણ્યજનિત) અને વિશિષ્ટ ગુણો (પુણ્યાનુબંધજનિત) પ્રગટ થયેલાં હોય તો કોઈ આશ્ચર્ય નથી. પણ એ મુનિને સૌથી મોટી પ્રાપ્તિ તો અભિમાન - શૂન્યતાની હોય છે. ઘણી બધી વિશિષ્ટતાઓ પ્રાપ્ત થયા પછી પણ તેનું અભિમાન પેદા ન થાય એ બહુ આશ્ચર્યની અને ખૂબ આનંદની વાત કહેવાય.

સ્થૂલિભદ્રજી, બાહુબલિજી જેવા ધુરંધરોને પણ અહંકારે પટક્યા છે તો જ્યાં અહંકારનું નામોનિશાન નથી તે નાનકડો સાધુ પણ ઘણો મહાન છે.

ઉત્તમ મુનિઓ ધાંધલ-ધમાલ વિનાના હોય છે. બાહ્ય પ્રવૃત્તિઓમાં યથાશક્ય તે બિલકુલ પડતા નથી. આત્મામાં પલાંઠી મારીને બેઠા હોય છે. સાવ મૌન હોય છે. બધી ઇન્દ્રિયોના વ્યાપાર સદા માટે સ્થગિત હોય છે. બહુ દોડાદોડ કરે તે બહુ મોટો ! એ કલ્પના ખોટી છે. એકદમ નિષ્ક્રિય બનીને આત્મસાધના કરે તે મોટો કહેવાય. **stillness is strength.**

પરમાત્મા મહાવીરદેવ બેંતાલીસથી બોંતેર વર્ષની ઉંમરમાં ખૂબ સક્રિય જણાય છે. રોજ બે વાર દેશના આપતા. પણ એ વાત ન ભુલાવવી જોઈએ કે તેઓએ આ સક્રિયતાનું બળ ત્રીસથી બેંતાલીસ વર્ષની ઉંમર સુધીની સાધનાની નિષ્ક્રિયતામાંથી મેળવ્યું છે. એ સમયમાં પ્રભુ એવા તો ખોવાઈ ગયા કે તેમને ખોળવા માટે મગધપતિ શ્રેણિકને રોજ ભારે જહેમત કરવી પડતી હતી.

પ્રભુએ ખૂબ સક્રિય થવાનું હતું પરન્તુ તે માટે નિષ્ક્રિયતામાંથી જ તાકાત મેળવવાની હતી. શ્રમણોએ સૂક્ષ્મની તાકાત પ્રાપ્ત કર્યા બાદ જ જિનશાસનની

સેવારૂપ સ્થૂલમાં રસ લેવો જોઈએ. લાકડાની તલવારે યુદ્ધભૂમિ ઉપર લડવા માટે દોડી જવું એ બરોબર નથી.

ગ્રન્થકારશ્રીએ આ શ્લોકમાં સૂક્ષ્મનો સ્વામી શ્રમણ કેવો હોય ? તેનું સ્પષ્ટ દિગ્દર્શન આપ્યું છે.

જો કોઈ શ્રમણ ઉત્તમકોટિનો શ્રમણ બનવા ઇચ્છતો હોય તો તેણે આ શ્લોકમાં કહેલા ગુણોના સ્વામી બનવું જોઈએ.

(૧) તેણે અહંકારશૂન્ય બનવું જોઈએ.

(૨) તેણે નિષ્ક્રિયતાના - સૂક્ષ્મના સ્થિર સાધક બનવું જોઈએ.

(૩) તેણે 'મૌની' બનીને ઠઠ્ઠા-મશ્કરી વગેરેથી તથા ચાર પ્રકારની વિકથાઓથી છેટા રહેવું જોઈએ. વળી તેણે અસંગત વાણી ન બોલવી જોઈએ. જે કોઈ જેટલું પૂછે તેટલું જ જરૂર લાગે તો બોલવું જોઈએ. ટૂંકમાં યથાશક્ય વધુ મૌન ધારણ કરવું જોઈએ.

વાણીના મૌનને લીધે બોલવાથી જે સંક્લેશો અને સંઘર્ષો થતાં હોય છે તેમાંથી ઉગરી જવાય છે. બાકીની ચારે ય ઈન્દ્રિયોના પણ અવ્યાપારરૂપ મૌન રાખવું જોઈએ.

સાચા સાધુને 'મૌનીબાવા' કહી શકાય. બોલવાથી ઘણી બધી તન-મનની શક્તિઓ ક્ષીણ થાય છે. દેહમાંથી થતાં વીર્યપાતમાં જેટલી શક્તિ હણાય તેથી વધુ શક્તિનાશ વાક્પાતમાં થાય છે એમ સંતોએ કહ્યું છે.

**(वीर्यपातात् वाक्पातो बलीयान् ।)**

માંડ - મહાપુણ્યે - હાથમાં આવેલા સંયમજીવનને જો સફળ કરવું હોય તો આવી સાધના કરવી પડશે. લોકરંજન અને લોકાભિમુખતા ત્યાગવા પડશે.

વર્તમાનમાં કેટલાક મારા જેવા મુનિઓની 'શાસનસેવા' કરવાના નામ નીચે પરાર્થકરણની હાટડીઓ ખુલી છે.

જે મુનિઓ બહિર્મુખજીવન જીવતા હોય; બિન્ધાસ્ત રીતે શિથિલ હોય; ખાનપાનમાં પૂરા છૂટ્ટા હોય, આધાકર્માદિ દોષો પ્રત્યે લેશ પણ સૂગ ન હોય, બધી જાતના સાપ્તાહિકો, દૈનિક અખબારો વાંચતા હોય, દિવસમાં એકાદ કલાકનો પણ સ્વાધ્યાય કરતા ન હોય, મન્ત્રજાપ કરતા ન હોય, વૈજ્ઞાનિક સાધનોનો ઉપયોગ કરતા હોય, વિજાતીયના પરિચયમાં સુંવાળા હોય એવા મુનિઓ શી રીતે સ્વ-પરનું હિત કરી શકશે ? જેનું પોતાનું હિત સુરક્ષિત ન હોય તે પરનું હિત કરી શકે નહિ. આ જૈનશાસ્ત્રનો ન્યાય છે.

આવા - અમારા જેવા સાધુઓ - યુવામિલનો, શિબિરો ચલાવીને કે તપોવનો ઊભા કરીને જૈનસંઘનું ઠોસ હિત કરી શકે નહિ. ઊલટી, આ બધી પ્રવૃત્તિઓના ઓઠાં નીચે તેમનો શિથિલાચાર પોષાય એટલે આ પ્રવૃત્તિઓ જૈનશાસનના અહિતમાં પરિણમે.

જૈનશાસનનું સાચું હિત સાચા સાધુ બનવામાં છે. સાચું સાધુપણું સ્વરક્ષામાં– સ્વરક્ષાથી સર્વરક્ષામાં - સમાયેલું છે.

શાસ્ત્રોમાં 'સ્વરક્ષા'ને સિદ્ધ કરવા માટે ઘણી વાતો કરી છે. દીક્ષા લીધા પછી આ કામ કરવાને બદલે ઝટપટ પાટ, ઝટપટ શિષ્ય અને ઝટપટ પદવીના મોહમાં જૈનસંઘનો ખો નીકળી જાય છે. આવું મોટું અહિત કરવા માટે કાંઈ સાધુવેષ નથી. ભલા ! આવા ધંધા કરવા કરતાં સાધુધર્મ ન સ્વીકારવાથી ઓછું નુકસાન છે. જેણે પરહિત કરવું હોય તેણે તેના ઓઠાં નીચે ખાનપાન, માનપાનના કમીશનો ખાઈ લેવા કરતાં માત્ર સ્વહિતમાં લીન થવું જોઈએ.

પણ સબૂર ! આમાં કોઈ કમિશન મળતું નથી એટલે સ્વરક્ષા કોઈને પસંદ નથી. ખાલી ઓઠું લેવા પૂરતો સ્વરક્ષા શબ્દ વપરાતો હોય તેમ લાગે છે.

એવું લાગે છે કે ધર્મ માટે અત્યન્ત વિષમકાળ પસાર થઈ રહ્યો છે અન્યથા વાડ ચીભડાં ગળે તે ન્યાય બેઠો થઈ ગયો ન હોત.

* * *

**महुरं निउणं थोवं कज्जावडियं अगव्विअं अतुच्छं ।**
**पुव्विं मइसंकलियं भणंति जं धम्मसंजुत्तं ।। 80 ।।**

**અર્થ :** જો સાધુ બોલે તો મીઠું બોલે, સૂક્ષ્મ અર્થયુક્ત બોલે, કામ પૂરતું બોલે, અભિમાન વિના બોલે, અર્થગંભીર બોલે, પૂર્વે વિચાર્યા પછી બોલે, જે ધર્મથી યુક્ત હોય તે જ બોલે.

**વિવેચન :** મીરાંએ કહ્યું છે કે, "ભાઈઓ ! તમે કશું બોલો જ નહિ. અને જો તમારે બોલવું જ પડે તો તમે 'રાધેશ્યામ' જ બોલો".

***"બોલ મા, બોલ મા, બોલ મા રે....***
***રાધાકૃષ્ણ વિના બીજું બોલ મા.***

ગ્રન્થકારશ્રી કહે છે કે જરૂર પડે તો અવશ્ય બોલવું.

ન જ બોલવું તે વચનગુપ્તિ છે. નિરવદ્ય બોલવું તે ભાષાસમિતિ છે.

મૂંગા રહેવામાં મુશ્કેલી નથી પણ બોલવામાં બહુ સાવધાની રાખવી પડે.

દ્રૌપદીથી બોલાઈ ગયું, "આંધળાના સંતાનો આંધળા જ હોય ને ?" એમાં લાખો માણસોના ઢીમ ઢળી ગયા.

ઘરની સ્ત્રીએ, "પતિ ક્યારે આવશે ?" તે સવાલ કર્યો. મહારાજ સાહેબથી જવાબ દેવાઈ ગયો. પાંચ જીવોની હત્યા થઈ ગઈ.

"આ કેળું તમે ક્યાંથી વહોરીને લાવ્યા ?" એવા શેઠના સવાલનો જવાબ મહારાજ સાહેબથી દેવાઈ ગયો. એમાં શેઠનો ક્રોધ રૌદ્રધ્યાનને આંબી ગયો. મહારાજ તેમાં નિમિત્ત બની ગયા.

અંગ્રેજીમાં કહ્યું છે :

**Speech is silver Silance is Golden.**

શક્ય હોય ત્યાં સુધી બોલવું જ નહિ. બોલવું જ પડે તો મીઠું બોલવું અને સાવ ઓછું બોલવું.

જ્યારે ઝઘડો થાય છે ત્યારે મૂળ વાત આપણી તરફેણમાં હોય તો પણ તેની ઉપર જે બોલાચાલી થાય છે તેમાં ક્યાંક ને ક્યાંક ગુસ્સો વગેરે આવતાં ફસાઈ જવાય છે. હવે એ શબ્દો ઉપર ઝઘડો ચાલુ.થાય છે અને મૂળ સાચી વાત બાજુએ ઠેલાઈ જાય છે.

સો વાતની એક વાત – ન બોલો; સાવ ઓછું બોલો; મીઠું બોલો.

* * *

**सट्ठिं वाससहस्सा तिसत्तखुत्तोदयेण धोएणं ।**
**अणुचिन्नं तामलिणा अन्नाणतवुत्ति अप्पफलो ।। 81 ।।**

**અર્થ :** તામલી તાપસે સાઠ હજાર વર્ષ સુધી (છઠ્ઠને પારણે છઠ્ઠનો) તપ કર્યો. પારણામાં એકવીસ વાર ધોયેલી (અને સૂકવેલી) લીલ ખાતો.

આ બધો અજ્ઞાન તપ હતો એટલે તેનું વિશિષ્ટ ફળ ન મળ્યું. (જો તે તપ જિનાજ્ઞાયુક્ત તપ હોત તો તેને મોક્ષ મળી જાત.)

**વિવેચન :** તામલી તાપસ ગૃહસ્થજીવનમાં ખૂબ શ્રીમંત ગૃહસ્થ હતો. એક મધરાતે તેણે જાગીને પરલોકહિત કરવાનું વિચાર્યું. અને વળતે દિ' દંપતીએ સંન્યાસનો સ્વીકાર કરી લીધો.

તેણે ઘોર તપ કર્યો.

(૧) સાઈઠ હજાર વર્ષ સુધી.

(૨) છઠને પારણે છઠ.

(૩) સૂકવેલી-સત્ત્વહીન બનેલી લીલનું પારણું.

આ બધુ છતાં તેને મોક્ષની પ્રાપ્તિ ન થઈ. કેમકે તેના તપમાં જીવહિંસા હતી. જીવદયાની અજ્ઞાનતા હતી.

એવું સાંભળવા મળ્યું છે કે તામલીને મોક્ષનું લક્ષ તો હતું. તેથી જ દેવલોકમાંથી આવેલી દેવીઓએ પોતાના પતિનું પદ પામવા માટેનું નિયાણું કરવા જણાવ્યું ત્યારે તેમને ધુત્કારીને કાઢી મૂકી હતી. તેણે સ્પષ્ટ કહ્યું હતું કે, "મારું સંન્યાસજીવન મોક્ષ પામવા માટે છે. દૈવીસુખો પામવા નહિ."

એવું જાણવા મળે છે કે મિથ્યાદષ્ટિ તામલીને ઈર્યાસમિતિનું ચુસ્ત પાલન કરવા સાથે વનમાંથી પસાર થતાં મુનિઓને જોઈને ઉત્કટ અહોભાવ જાગ્યો હતો. એ વખતે તેને સમ્યગ્દર્શન પ્રાપ્ત થયું હતું. મતાન્તરે દેવભવમાં ઈન્દ્ર તરીકે જન્મ થતી વખતે સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થઈ હતી.

જિનાજ્ઞાના જે કટ્ટર પાલકો છે તેવા મુનિઓના ચારિત્રબળની બીજાઓને પમાડવાની કેવી જબરી તાકાત !

સાવ મૌન ! છતાં પરાર્થકરણ !

ગ્રન્થકાર કહે છે કે જે ધર્મ કરો તે સાવ જડતાથી ન કરતાં સમ્યક્ સમજણથી કરવો અને જીવદયાયુક્ત કરવો.

કદાચ ધર્મની સમજણ ન હોય પણ ધર્મમાં સદ્ભાવ તો હોવો જોઈએ.

કાં સમ્યક્જ્ઞાન અથવા સમ્યગ્દર્શન – આ બે સાથે રહેતા હોય છે.

ઉત્તમ કક્ષાના આત્માઓ મોક્ષ પામવા માટે સંસારત્યાગ કરે.

મધ્યમ કક્ષાના આત્માઓ પરલોકે સદ્ગતિ પામવા માટે સંસારત્યાગ કરે.

તામલી તાપસને મધ્યમકક્ષાનો આત્મા કહેવાય. મધ્યમને ઉત્તમ થતાં વાર ન લાગે. તામલીને મિથ્યાદષ્ટિ કહીને તિરસ્કારવો ન જોઈએ.

* * *

## તમારાં વહાલાં બાળકોને છેવટે ત્રણ વર્ષ માટે તો તપોવનમાં મૂકો જ દર જૂન માસથી શરૂ થતું સત્ર

ચારે બાજુ વિકૃતિના વાયરા વીંઝાઈ રહ્યા છે. ખૂબ જ નાની-દસથી ચૌદ વર્ષની વયથી જ બાળકોમાં ખરાબ સંસ્કારો પડવા લાગ્યા છે. ગંદુ કહેવાય તે બધું તેમના જીવમાં પેસવા લાગ્યું છે. સમાજ તરફ સૂક્ષ્મ નજર કરતાં આ અતિ કડવું દર્શન કોઈ પણ સંસ્કૃતિ પ્રેમીને થશે અને તે તીખી ચીસ પાડી દેશે. સંસારરસી જીવોની વહાલામાં વહાલી ચીજ તેમના સંતાનો ગણાય. જો તેમનું જ જીવન ગુલાબ ખીલ્યું ન ખીલ્યું ત્યાં જ કરમાવા લાગે; તેમાં દોષોના કીડા પડવા લાગે અને એકાએક કરમાઈ જાય તો એ માબાપોએ ક્યાં જવું ? ક્યાં રોવું ? શું આપઘાત કરી નાંખવો ?

પોતાના ઘરમાં કે ગમે તેવાં બોર્ડિંગ વગેરેમાં રાખીને બાળકોને શિક્ષણ આપી શકાશે, પરંતુ સંસ્કારો તો નહિ જ આપી શકાય. ઘરમાં માબાપો જ ટી.વી. વગેરેથી સમયની બરબાદી કરતાં ચક્કરોમાં જો ફસાયા હોય અને બોર્ડિંગોના સંચાલકોને જ બાળ-સંસ્કરણ માટેની કોઈ ગંભીરતા ન હોય તો સંસ્કાર ત્યાં શી રીતે મળશે ?

તપોવનમાં ધાર્મિક અને વ્યાવહારિક - બન્ને પ્રકારનું શિક્ષણ છે. એ શિક્ષણ પણ ઉંચી ગુણવત્તાવાળુંછે; પરંતુ તેની સાથોસાથ અહીં બાળકોના જીવનબાગમાં સુસંસ્કારોનાછોડોનું વાવેતર કરવાનું કાર્ય મુખ્યપણે નજરમાં રખાયછે. મોક્ષલક્ષ અને સદાચારપક્ષ અને તપોવનનું મુખ્ય તત્ત્વ છે. પ્રત્યેક બાળકને શારીરિક, શૈક્ષણિક, સામાજિક વગેરે રીતે સુવ્યવસ્થિત કરવાની સાથે તે માનસિક અને આધ્યાત્મિક રીતે અત્યન્ત સુંદર બનાવવાનું સૌથી પ્રધાન લક્ષ છે. તે વડીલોનો અને દેવગુરુનો ભક્ત બને; સહુનો મિત્ર બને, જાતનો પવિત્ર બને... અને એ બધું બનીને એ શૂરવીર બને; જેથી રાષ્ટ્રરક્ષા, સંસ્કૃતિરક્ષા અને ધર્મરક્ષાનો એ સબળ યોદ્ધો બને. એ જ આ તપોવનું એકમાત્ર લક્ષ છે. એનામાં ધાર્મિકતા,

માનવતા અને રાષ્ટ્રીયતા (રાષ્ટ્રદાઝ) જો લાવી ન શકાય તો તપોવનને નીચું જોવાનું થાય એવું તેના તમામ કાર્યકર-ગણનું મંતવ્ય છે.

જો આ બધી વિચારણામાં એ એના આધારે ગોઠવાયેલા તપોવનના માળખામાં મા બાપોને રસ પડતો હોય તો તેમનાં બાળકોને વિકૃતિઓના ઝંઝાવાતમાંથી ઉગારી લેવા માટે તપોવનમાં (ધોરણ પાંચથી બાર) કમસે કમ ત્રણ વર્ષ માટે તો મૂકવાં જ જોઈએ. બાળક તો નાદાન છે. એના ભાવીના ભવ્ય ઘડતરના આ કામમાં એને ક્યાંક અગવડતા પડે; એની ઘરેલું સ્વચ્છંદતાને અહીં પોષણ ન મળે તેથી તપોવનમાં દાખલ થવામાં અરુચિ બતાવે તો કઠણ કાળજાના બનીને પણ માબાપોએ બાળકોને સમગ્ર જીવનના હિતમાં તે ત્રણ વર્ષનું સંસ્કરણ તપોવમાં અપાવવાનો નિર્ણય કરવો જ જોઈએ.

## • યાદ રાખો •

**લાડમાં કે લાગણીમાં માબાપો તણાશે તો બાળકો જીવનને આરંભમાં એવું મોટું નુકસાન થઈ જશે જે**

**જીવનભરમાં ભરપાઈ થશે નહિ; જેનાથી આખું કુટુંબ 'ત્રાહિમામ્' પોકારી જશે.**

**ના... હવે શા માટે ક્રિશ્ચયાનિટીનો જ પ્રચાર કરવાની નેમવાળી કોન્વેન્ટ સ્કૂલમાં આપણાં બાળકો જાય ?**

**ધો. ૪ સુધી કોન્વેન્ટમાં ભણનારા બાળકોને તપોવનમાં જરૂર મૂકી શકાશે.**

**હવે તો માત્ર તપોવન એ જ આપણાં સંતાનોનો તરણોપાય.**

# કમલ પ્રકાશન (અમદાવાદ) મુખ્યત્વે બે વિભાગમાં કામ કરી રહ્યું છે : ૧. પુસ્તક વિભાગ - ૨. માસિક વિભાગ

## પુસ્તક વિભાગ

આજ સુધીમાં પૂજ્ય પં. શ્રી ચન્દ્રશેખરવિજયજીનાં કોડીબંધ પુસ્તકો અમે બહાર પાડી ચૂક્યા છીએ. કેટલાંક પુસ્તકોની તો ચારથી પાંચ આવૃત્તિઓ પણ અમે પ્રગટ કરી છે. ગુજરાતી ભાષામાં પ્રગટ થઈ ચૂકેલાં પુસ્તકોને હવે હિન્દી અને અંગ્રેજીમાં અનુવાદિત કરીને પ્રગટ કરવાનું કાર્ય પણ ચાલી રહ્યું છે.

આ પુસ્તકો મુખ્યત્વે જૈનદર્શનને યાવત્ ગૌરવવંતી આર્યસંસ્કૃતિને જગતની સમક્ષ અર્વાચીન ભાષામાં રજૂ કરે છે.

અમારાં બધાંય કાર્યો સારી રીતે ચાલતાં જ રહે અને વેગ પકડતાં રહે એ માટે અમને ઘણા મોટા આર્થિક સહકારની આવશ્યકતા છે. દાનવીરો તરફથી અમને સુંદર સહકાર મળી રહે તે માટે અમે **કમલ પ્રકાશન ટ્રસ્ટને પબ્લિક ટ્રસ્ટ બનાવ્યું છે.** અમે એ માટે સુંદર યોજના પણ કરી છે, જે નીચે મુજબ છે :

| દાન | પદ | લાભ |
|---|---|---|
| રૂ. ૩૦૦૧ | **શ્રુતભક્ત :** | સંસ્થાનાં ભૂત-ભાવિ તમામ **પ્રાપ્ય પ્રકાશનો ભેટ મળશે.** |
| રૂ. ૨૦૦૧ | **શ્રુતાનુરાગી :** | સંસ્થાનાં ભૂત-ભાવિ તમામ **પ્રાપ્ય પ્રકાશનો ભેટ મળશે.** |

ઉપર્યુક્ત તમામ દાતાઓની નામાવલી સંસ્થા તરફથી પ્રગટ થનારાં (સિરીઝ સિવાયનાં) પુસ્તકોમાં માત્ર **પ્રથમ આવૃત્તિમાં સંસ્થાના કુટુંબીજન તરીકે આવશે.**

દાનવીરો ! **'કમલ પ્રકાશન ટ્રસ્ટ'**ના નામથી આપની રકમ આજે જ ડ્રાફ્ટ કે મનીઓર્ડરથી મોકલી અમને આપનો અમૂલ્ય સહકાર આપશો એવી આશા રાખીએ છીએ.

*** પુસ્તક વિભાગમાં જ્ઞાન ખાતાની રકમ લેવામાં આવે છે.**

### : શ્રુત-સમુદ્ધારક :

(૧) શ્રી શાંતિદાસ ખેતસી ચેરીટેબલ ટ્રસ્ટ - મુંબઈ (૨) સ્વ. કપૂરચંદ નરભેરામ સુતરિયા - મદ્રાસ (૩) શ્રી રામજી શામજી વીરાણી અને શ્રીમતી સમરત રામજી વીરાણી ટ્રસ્ટ, રાજકોટ (૪) શ્રી પ્રવીણકુમાર દલીચંદ - મુંબઈ (૫) શ્રી જે. આર. શાહ - મુંબઈ (૬) શ્રી જીવતલાલ પ્રતાપશી - મુંબઈ. (૭) હીરસૂરીશ્વરજી જગદ્ગુરુ શ્વે. મૂ. પૂ. ત. જૈન સંઘ ટ્રસ્ટ - મુંબઈ (૮) શ્રી સંભવનાથ જૈન શ્વે. મૂ. પૂ. સંઘ વિજયવાડા (આંધ્ર).

# પુસ્તક વિભાગમાં અમારાં કુટુંબીજનો

## : શ્રુતરક્ષક :

